
શ્રી કલ્પસૂત્ર સચિત્રમ્



લેખક : અચલગચ્છ દીવાકર, તીર્થ પ્રભાવક, આચાર્યદેવશ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ. સા.



પરમતારક શ્રી અચલગચ્છ (વિધિપક્ષ) શણગાર જંગમ યુગ પ્રધાન

જગદ્ગુરૂ પૂજ્ય ભટ્ટારક

૧૦૦૮ પરમપૂજ્ય દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની

ચતુર્થ જન્મ શતાબ્દિની યાદગીરી નિમિત્તે



વીર સંવત ૨૫૦૩. વિ. સંવત ૨૦૩૩. જેઠ વદિ ૧૨.

રવિવાર તા. ૧૨-૬-૧૯૭૭ ના સવારના વિજય મુહૂર્તે

કલ્પસૂત્ર સચિત્રમ્

પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

भाषांतरकार प्रशस्ति

अचलाख्ये वरे गच्छे, संलीना वर संयमे ॥
आर्यरक्षित सूरीशा, बभुवुः सूरि सत्तमाः ॥१॥

तच्छिष्या जयसिंहाख्या, लक्षक्षत्रिय बोधकाः ॥
जेतारो दिक् पटादीनां, युगप्रधान सूरिपाः ॥२॥

तत्पट्टे धर्मघोषाख्याः, सूरयो बहु बोधकाः ॥
महेन्द्रसिंहसूरीशाः, तत्पट्टे श्रेष्ठसंयमाः ॥३॥

तच्छिष्याः अभवन् वर्याः, सिंह प्रभाख्य सूरयः ॥
अजित सिंह सूरीशा, स्तत्पट्टेऽमलसंयमाः ॥४॥

देवेन्द्र सूरयः शिष्याः धर्मप्रभाख्य सूरयः ॥
सिंह तिलक सूरीशा, महेन्द्र प्रभसूरयः ॥५॥

सूरीशा मेरु तुंगाख्याः, सूरयो जयकीर्तयः ॥
जयकेसरि सूरीशाः, सूरि सिध्धान्तसागराः ॥६॥

भावसागर सूरीशा, गुणनिधान सूरयः ॥
पट्टपट्टे क्रमेणैवं, सूरीशा धर्ममूर्तयः ॥७॥


तत्पट्टागतसद्गर्भाः सूरि कल्याण सागराः ॥
महाप्रभावका जाताः, कलिकाल कृपा परः ॥८॥

पट्टानुपट्टे तेषां च, सूरि गौतमसागराः ॥
त्यागीवरा बभुवुर्स्ते, तत्पट्टे नीति दिवाकराः ॥९॥

गुणसागर सूरीशाः गच्छाधीशा हि सांप्रति ॥
स्मरनि कल्पसूत्रस्य, भाषांतरो वर इ मैः ॥१०॥

वस्तु नेत्र च नेत्राब्दे, पछ्यां वैशाख शुक्लके, ॥
कच्छस्थ देवपुर्यां हि पूर्णीकृतः हितंकरः ॥११॥

देवपुर्यां पुनः पार्श्व— प्रतिष्ठाया महोत्सवः ॥
तदार्थेप्सतरो जातो, गुणाब्धिसूरि निश्रयाः ॥१२॥



શ્રી સુપાર્શ્વનાથસ્વામિ ભગવંત　　શ્રી વાસુપૂજ્યસ્વામિ ભગવંત　　શ્રી મહાવીરસ્વામિ ભગવંત

પ્રકાશક :

શ્રી મોરારજી નાનજી ગાલા
(રેતીવાલા)
હીરા ભુવન,
વિઠ્ઠલભાઈ પટેલ રોડ,
મુલુન્ડ, મુંબઈ–૪૦૦૦૮૦.

પ્રત : ૧૦૦૦
પ્રથમ આવૃત્તિ :
વિ. સં. ૨૦૩૧ : વીર સં. ૨૫૦૧



પ. પૂ. દાદાશ્રી ૧૦૦૮
કલ્યાણસાગર સૂરીશ્વરજી મ. સા.



પ. પૂ. મુનિમંડલાગ્રેસર દાદાશ્રી ૧૦૦૮
ગૌતમસાગરજી મ. સા.

પૂજ્યપાદ દાદા ગુરુદેવને સમર્પણ

જે પૂજ્યશ્રીનું જન્મ મારવાડ દેશના પાલી શહેરમાં થયેલ છે, છતાં અમો જેઓ કચ્છ ભૂમિના મહાન સદ્‌ભાગ્યથી કચ્છની જનતા ઉપર મહાન ઉપકાર કરવા બાલ્યવયમાં જ કચ્છમાં આવેલ, જેમણે યતિ સંસર્ગથી યતિદીક્ષા લીધી, પરંતુ પરમત્યાગની ભાવનાવાળા એવા જેમણે યતિપણાનો તરત ત્યાગ કરી, પાંચ મહાવ્રતો સ્વીકારી, ઉત્કૃષ્ટ પ્રકારના સંયમ અને તપને આચરી, પરમ વૈરાગ્યનાં ઉપદેશો આપી, અનેક આત્માઓને પરમત્યાગી સાધુ–સાધ્વીઓ બનાવી, ધર્મ પ્રચાર કરાવી, અચલગચ્છને સંરક્ષિત તથા સ્થિર બનાવીને વિકાસ સાધતું બનાવી જૈન શાસનની પરમ સેવા કરી છે, જેમણે જામનગર ભુજ, માંડવી વિગેરે સ્થળોએ મોટા જ્ઞાન–ભંડારો કરાવી, જ્ઞાન સેવા કરી છે, જેમણે જિન–પ્રતિષ્ઠાઓના ભાગવતી દીક્ષાઓના અને તપશ્ચર્યાના ઉજમણાઓ વિગેરેના અનેક મહોત્સવો કરાવી જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ રત્નત્રયીની પરમ આરાધનામાં લોકોને સ્થિર કર્યા છે, તેમજ જે પૂજ્ય દાદાશ્રીએ મને એક સામાન્ય આત્મામાંથી મહાન બનાવવા માટેના અનેક પ્રયત્નો કરી મારા પર અવર્ણનીય ઉપકારો કર્યા છે, એવા આ મારા પરમ ગુરુદેવ, કચ્છ હાલાર દેશોદ્ધારક, પરમત્યાગી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવશ્રી ગૌતમસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબના કરકમલમાં આ કલ્પસૂત્ર ભાષાંતર ગ્રંથ સમર્પિત કરી યત્કિંચિત ઋણ મુકત થવાનો હું પ્રયાસ કરું છું. તેઓશ્રીની કલ્પસૂત્રની વૃત્તિ રચી આપવાની મને ભલામણ હતી, એ વૃત્તિ રચવાની કાર્યવાહી અનેક પ્રવૃત્તિઓને કારણે હું પૂરી કરી શકયો નથી તે એ પૂજ્યશ્રીના આશીર્વાદથી હું એ કાર્ય પુરું કરી શકું એવી ભાવના રાખું છું.

લિ.

આ. ગુણસાગર સૂરિ.

મારી ભાવના

એવું એ શુભ પ્રભાત હતું, એવો એ મારા જીવનનો અનુપમ દિવસ હતો, કે જ્યારે પ્રકૃતિના સાજે મારા અંતરના ઊંડાણમાંથી આવી પડેલાં ગીતો સાથે મળી એક અપૂર્વ અણમોલ ગ્રંથની સંવાદિતા સર્જી દીધી.

ઉર એક સમુદ્ર છે, એમાં વિચારોની ભરતી અને ઓટ આવ્યા કરે છે. ભરતી વખતે કોઈવાર કલ્પના પણ ન કરી હોય એવાં ચિંતનના ઉમદાને પાણીદાર મોતી લઈ તે કિનારે ઠાલવે છે, અને આત્મ કિનારાને સમૃદ્ધ બનાવે છે.

તેની જેમ મને પણ શુભ વિચાર આવ્યો કે આપણા સમાજમાં અનેક ભાગ્યશાળીઓ દ્વારા ઘણાં પુસ્તકો છપાયાં છે. મારા દ્વારા પણ સમાજને હંમેશા પર્વાધિરાજ મહાપર્વમાં ઉપયોગી થાય તેવું સુંદર પુસ્તક છપાય તો વધારે સારું. તેથી મને શ્રી કલ્પસૂત્રનું નૂતન સમૃદ્ધ ભાષાંતર સચિત્ર છપાવવાની ઈચ્છા થઈ, એ ઈચ્છા મેં મુલુન્ડ અચલગચ્છના આગેવાન ભાઈઓ શ્રીયુત મોરારજીભાઈ, ટોકરશીભાઈ તેમજ પ્રતાપભાઈને જણાવી. તેઓએ કહ્યું "તમારી ઈચ્છાને અમો અનુમોદીએ છીએ અને એમાં અમો સંપૂર્ણ સહાયતા આપીશું". પણ એવું ભગીરથ કાર્ય કંઈ એકલાથી થોડું જ થાય છે? સંઘની સહાયતા અને ગુરુઓના આશિર્વાદ હોય તોજ પૂર્ણ થાય. સંઘની સહાયતા મળી, પછી અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવશ્રીને એ માટે પત્ર લખી શ્રી કલ્પસૂત્રનું નૂતન ભાષાંતર બનાવી આપવા અને એ મહાન સૂત્રને છપાવવાની વિનમ્રભાવે વિનંતિ કરીને આજ્ઞા માગી. ત્યારે વંદનીય ગુરુદેવની પત્ર દ્વારા પવિત્ર વાત્સલ્ય યુક્ત આશિર્વાદ ભરેલી સંમતિ અને આજ્ઞા મળી. પછી અમોએ આજ્ઞા તથા આશિર્વાદ પામીને કાર્યની શરૂઆત કરી. અમે કાર્ય કરતા ગયા પ્રેરણા મળતી ગઇ. પરમાત્માના જીવન પ્રસંગોના ભવ્ય નૂતન ચિત્રો તૈયાર કરાવતા ગયા, શ્લોકો બનાવતા ગયા, કામ વધતું ગયું, ધીરજ ખૂટતી ગઇ, નુકસાની પણ ઘણી સહન કરવી પડી. છતાં પણ તારક ગચ્છાધિપતિ ગુરુદેવના આશિર્વાદથી હિંમત ન હારતાં કામ કર્યે રાખ્યું. ઘણા સમયથી સેવેલ સ્વપ્ન આજે સિદ્ધ થયું છે. વર્ષોની મહેનત સફળ ગઇ. અંતે એકજ તાલાવેલી હતી કે કલ્પસૂત્ર છપાવવાનું કાર્ય ક્યારે પૂર્ણ થાય.

જૈન દર્શનના હાલમાં પિસ્તાલીશ આગમો છે. તેમાં ૭ છેદ સૂત્રોમાંનું આ ચોથું છેદ સૂત્ર છે તે પર્યુષણા કલ્પ એટલે કલ્પસૂત્ર છે.

પ્રત્યેક શ્રી પર્યુષણાપર્વાધિરાજ પર્વના દિવસોમાં જિનેશ્વરદેવના ધર્મમાં શ્રદ્ધા રાખનાર ચતુર્વિધ શ્રીસંઘ ગુરુમુખે આ કલ્પસૂત્રનું વાંચન અત્યંત ભક્તિથી એકાગ્ર બનીને શ્રવણ કરે છે.

આ ગ્રંથની રચના કરતાં અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને ખૂબજ પરિશ્રમ કરવો પડયો છે. ઘણા કામો, ઘણી જવાબદારી વચ્ચે રહીને આ કલ્પસૂત્રની પૂજ્યશ્રીએ રચના કરી છે, તે છતાં પણ રચના ખરેખર અજોડ બની છે. પૂજ્ય આચાર્ય સાહેબની આ સુંદર રચના જેમના હાથમાં આવશે તેઓને

એમ લાગ્યા વિના નહીં જ રહે કે આમાં પૂજ્ય આચાર્ય સાહેબે અથાગ પરિશ્રમ નથી કર્યો? શાસ્ત્ર માધુર્યથી જન્મેલા લયયુક્ત લાલિત્યથી આ ગ્રંથ પરિપૂર્ણ છે. શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુને સાતમે પાટે ચૌદ પૂર્વધર યુગપ્રધાન શ્રી ભદ્રબાહુસ્વામીએ નવમા પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વમાંથી ઉધ્ધરેલું મહામંગલકારી આ કલ્પસૂત્ર છે. ચિંતામણિ રત્નતુલ્ય, કલ્પવૃક્ષસમાન આ કલ્પસૂત્રનું સરલ ભાષાંતર રચવાનું પ્રયોજન એ છે કે બહુ ભણેલા કે પંડિત પુરુષો તો કલ્પસૂત્રના મૂળ અને સંસ્કૃત વ્યાખ્યાઓને સરળતાથી અનાયાસે સમજી શકે છે, પરંતુ સામાન્ય ભાષાજ્ઞાનવાળા શ્રદ્ધાળુ ભવ્યજીવોને તો કલ્પસૂત્રના રહસ્ય સરલ ભાષાંતરમાંથી સમજાય, અને તેમની ધર્મશ્રદ્ધા દૃઢ થાય.

આ રચના જોતાં તરતજ જણાઈ આવે છે કે રચયિતાએ દરેક શબ્દ આધાર સહિત મૂળ આગમને અનુસરીને પોતાના વાંચન, મનન, અને પરિપક્વ અનુભવથી સહેલી અને સાદી ભાષામાં ભવ્યજીવોના કલ્યાણનું લક્ષ રાખીને આ મહાનસૂત્રના ભાષાંતરની રચના કરી છે.

આ ગ્રંથની સરલ રચના અનેક કલ્પસૂત્રના પ્રકાશનો વચ્ચે આ પ્રકાશનને માનભર્યું સ્થાન અપાવે છે.

આ ગ્રંથના પ્રકાશન માટે પુરેપુરો તન, મન અને ધનથી સાથ આપનાર શ્રી મુલુન્ડ શ્વે. મૂ. જૈન સંઘના પ્રમુખશ્રી મોરારજીભાઈ નાનજી ગાલા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ટોકરશીભાઇ દામજી ધરમશી, માનદમંત્રી શ્રી પ્રતાપભાઇ ગોવિંદજી શાહ અને સંઘનાં શુભેચ્છક ધર્મપ્રેમી શ્રી શામજીભાઇ જખુભાઈ ગાલા કે જેઓ ધન્યવાદને પાત્ર છે તે ઉપરાંત આમાં જેમણે તન-મન અને ધનથી સહાયતા આપી છે તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

અચલગચ્છાધિપતિ, તીર્થપ્રભાવક પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી ૧૦૦૮ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે આ પવિત્ર ગ્રંથમાં જે બોધ, જ્ઞાન અને તત્ત્વનો રસથાળ પીરસ્યો છે તે ભવ્ય જીવો જાણે, ગ્રહણ કરે, અને આચરણમાં ઉતારે એજ શુભેચ્છા.

અંતમાં આ ગ્રંથમાં કયાંય કંઇપણ શાસ્ત્રકાર ભગવંતોના આશય વિરુદ્ધ લખાયું હોય તેમજ પ્રેસ દોષથી કે અમારા અનુપયોગથી જે કંઇ દોષો રહ્યા હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિદુક્કડં માગીએ છીએ. વાંચનાર મહાનુભાવો સુધારીને વાંચે એજ અંતરની અભિલાષા.

સંવત ૨૦૩૧ લિ.

જેઠ વદ ૭ ને

સોમવાર વીર સંવત ૨૫૦૧ સાધ્વી હરખશ્રીજી

મુલુન્ડ મુંબઇ નં. ૮૦ તા. ૩૦-૬-૧૯૭૫

નિવેદન.

[illegible] મ. સાહેબ તથા તેમના આજ્ઞાવર્તીની પ. પૂ. [illegible] થઈ અને તેઓએ મને વાત કરી–આ પુસ્તક [illegible] હતી.

પ. પૂ. [illegible] તૈયાર કરી અમને મોકલી આપ્યું. તેના ઉપરથી પ્રેસમાં મોકલવા [illegible] અમને મદદ કરી છે તે સર્વેનો અત્યંત આભારી છું.

[illegible] ચિત્રોમાં છપાવવાનું નક્કી થતાં પ્રેસના સંચાલકોએ આ ગ્રંથ છાપવા નવા ટાઈપો [illegible] નવા ટાઈપો આણી છતાં સુંદર છપાઈ કામ શરૂ કર્યું.

[illegible]

આ ગ્રંથને વધુ સુશોભિત બનાવવા ચિત્રો તૈયાર કરવાની જવાબદારી સર્વશ્રી હીરાચંદભાઈ, શ્રી ચંપાલાલભાઈ ભાઈ શ્રી આનંદને સોંપવામાં આવી. પૂ. મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ તેઓએ ચિત્રો તૈયાર કર્યા. શરૂઆતમાં આ ચિત્રો એક જ કલરમાં છપાવવાનું નક્કી કરેલ, પરંતુ પ. પૂ. આચાર્યદેવશ્રી તથા પૂ. સા. શ્રી ઉદયશ્રીજી મ. સાહેબની ઇચ્છાનુસાર મલ્ટી કલરમાં આ ચિત્રો છપાય તો ગ્રંથ વધુ રુચિકરમાન થાય. જેથી ચિત્રોમાં સુધારા વધારા કરી ચિત્રોને મલ્ટી કલરમાં છપાવવાનો નિર્ણય લીધો.

આ ગ્રંથની છપાઈ માટે પ. પૂ. સાધ્વી શ્રી ઉદયશ્રીજી મ. સાહેબ અનુમોદના કરતાં ભક્તજનોએ રકમ લખાવવા માંડી, તદુપરાંત તેઓશ્રીની પ્રેરણાથી ઘણા જૈન સંઘોએ પણ પોતાનો ફાળો આપ્યો છે. શ્રી ક. વી. ઓ. દે. જૈન સંઘ-મુંબઈ તરફથી રૂા. ૧૦,૦૦૦ ની માતબર રકમ મળેલ છે.

આ ગ્રંથના છપાઈ સમગ્ર ચિત્રો માટે ફાળો આપનાર સર્વે દાતાઓની નામાવલી આ ગ્રંથમાં અન્યત્ર પ્રગટ કરેલ છે.

આ ભગીરથ કાર્ય માટે મને સહકાર આપનાર સર્વ શ્રી શામજી જખુભાઇ ગાલા, શ્રી ટોકરશી દામજી ધરમશી અને શ્રી પ્રતાપ ગોવિંદજી શાહનો હું અત્યંત આભારી છું.

વ્યાકરણ શુધ્ધી તેમજ પ્રુફો તપાસવા બદલ પંડીત શ્રી નવીનચંદ્રભાઇ દોશીનો હૃદય પૂર્વક આભાર માનું છું.

આ ગ્રંથની કાળજી પૂર્વક સુંદર છપાઈ કરવા શ્રી જવાહીર પ્રિન્ટરીના શ્રી હરખચંદ જેઠુભાઇ શાહ અને શ્રી ડુંગરશી કાનજી દેઢીઆએ જે અંગત રસ લઈ જે મુદ્રણ કર્યું છે, તે બદલ તેઓશ્રીનો હાર્દિક આભાર માનું છું.

પરોક્ષ કે અપરોક્ષ રીતે જે ભાઇ–બહેનો કે સંઘોએ સહયોગ આપ્યો છે તે સર્વેનો અત્યંત આભારી છું.

પ. પૂ. ચંદ્રોદયાશ્રીજી મ. સાહેબ જેઓની નાદુરસ્ત તબીયત હોવા છતાં, પોતાના સ્વાધ્યાય ઉપરાંત ગુરૂઓની વૈયાવચ્છ અને અન્ય દૈનિક કાર્યો હોવા છતાં, આ ગ્રંથ માટે જે ચીવટ અને કાળજી ભરી મહેનત લીધેલ છે તે માટે તેઓશ્રીનો હું અત્યંત ઉપકારી છું. તેઓએ જો આટલી કાળજી લીધી ન હોત તો આ ગ્રંથના પ્રકાશન કાર્ય માટે ખૂબ જ મુસ્કેલીઓ ઉભી થાત.

અંતમાં........

આ ગ્રંથ પ્રકાશન કરવાની જે તક મને આપવામાં આવેલ છે તે માટે હું પ. પૂ. આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. સાધ્વી શ્રી હરખશ્રીજી મ. સા., પ. પૂ. સા. શ્રી રત્નશ્રીજી મ. સા., તથા પ. પૂ. સા. શ્રી ચંદ્રોદયાશ્રીજી મ. સા. ને હૃદય પૂર્વક પ્રણામ કરૂં છું.

અ ગ્રંથમાં શાસ્ત્ર વિરૂદ્ધ કાંઇ પણ લખાયું હોય અથવા કાંઇ પણ ભૂલચૂક રહેવા પામી હોય તો "મિચ્છામિ દુકકડમ્"

સંવત ૨૦૩૨

મોરારજી નાનજી ગાલા
પ્રકાશક.

શ્રી કલ્પસૂત્ર અંગે બે બોલ

શ્રી કલ્પસૂત્ર :–

ચૌદ પૂર્વધર–શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુ સ્વામીજી દ્વારા વિરચિત–અંગબાહ્ય ગણાતા–દશાશ્રુતસ્કંધ નામનો આગમ ગ્રંથ કે જેની ગણના છેદસૂત્ર અંતર્ગત કરવામાં આવી છે. તેના આઠમા અધ્યયન રૂપે વર્તતા "પજ્જોસવણ કપ્પ" નામના વિભાગને ગીતાર્થ પૂર્વાચાર્ય ભગવંતે આજથી લગભગ ૧૫૦૦ વર્ષ આસપાસમાં વિભક્ત કર્યો. અને એમ થવાથી શ્રી કલ્પસૂત્ર ગ્રંથના શ્રવણનો લાભ શ્રી ચતુર્વિધ જૈન સંઘને સુલભ બની શક્યો.

જૈનોમાં કલ્પસૂત્રનું સ્થાન :–

વૈદિક હિન્દુઓમાં ગીતાનું, બૌદ્ધોમાં ધમ્મપદનું, ખ્રિસ્તીઓમાં બાઇબલનું, પારસીઓમાં અવસ્તાનું, શીખોમાં ગુરુગ્રંથ સાહેબનું અને ઇસ્લામીઓમાં કુરાનનું જેવું સ્થાન છે તેનાથી પણ અત્યંત વિશિષ્ટ સ્થાન જૈનોમાં પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્રનું છે. પૂર્વાચાર્ય ભગવંતો એ આ ગ્રંથનો અસાધારણ મહિમા ગાયો છે. જેનું વર્ણન પ્રસ્તુત ગ્રંથની માંડણી [પીઠિકા]માં વિવક્ષીત હોઈ અત્રે અપ્રસ્તુત છે.

શ્રી કલ્પસૂત્રના મહિમાને સમજાવવાની ભાગ્યેજ જરૂર પડે. જૈનોમાં પરમ પવિત્ર અને મહામંગલકારી આ સૂત્રનો મહિમા ઉત્તરોત્તર એટલો વધ્યો છે કે એની ગણના સ્વતંત્ર આગમરૂપે નથી આમ છતાં આ સૂત્રે સ્વતંત્ર આગમ ગ્રંથ જેવું અને સર્વોત્કૃષ્ટ કોટીનું સ્થાન સંપાદિત કરી લીધું છે.

હસ્તપ્રતો :–

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં આ ગ્રંથરત્નનું અગ્રસ્થાન છે; એના પ્રતિકરૂપે જૈન જ્ઞાન ભંડારોમાં શ્રી કલ્પસૂત્ર (બારસા સૂત્ર)ની છેલ્લા છ કે સાત સૈકાઓમાં સાચા સુવર્ણથી આલેખાયેલી તેમજ કલાત્મક–હૃદયંગમ ચિત્રોથી ચિત્રિત બહુ મૂલ્ય હસ્તલિખિત પ્રતિઓની સંખ્યા સેંકડોની છે.

તેમજ શ્યામ શાહીથી લખાયેલી તેમજ ચિત્રોથી અલંકૃત પ્રતિઓની સંખ્યા હજારોની છે. કોઈપણ જૈન જ્ઞાન ભંડારમાં શ્રી કલ્પસૂત્ર કે તેનું પાનું ન હોય તો જાણે આશ્ચર્ય કહેવાય.

સૂત્ર પ્રત્યે જૈનોની શ્રદ્ધા :

આ કલ્પસૂત્ર પ્રત્યે જૈનો કેવી શ્રદ્ધા ધરાવે છે, તે વાત જૈનેત્તર ન્યાયાધીશો પણ જાણતા હોવાથી એ જૈનો વચ્ચેના કેસની પતાવટ કરાવવી હોય ત્યારે સાચું બોલાવવા માટે આ કલ્પસૂત્રને ન્યાયાલયમાં મંગાવી હાથમાં રાખી સત્ય બોલવા જણાવે છે.

શ્રી કલ્પસૂત્ર પર રચાયેલું સાહિત્ય :-

શ્રી કલ્પસૂત્રનો મહિમા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો હોઈ એને સામાન્ય જનસુલભ બનાવવા પૂજ્ય ગીતાર્થ આચાર્ય ભગવંતોએ આ સૂત્ર પર અનેક વિધ ટીકાઓ અવચુરીઓ રચી છે. બાલાવબોધોની હસ્તપ્રતો પણ પ્રાપ્ત છે

અચલગચ્છીય આચાર્ય કૃત ટીકાઓ વગેરે :-

(૧) પંદરમાં સૈકામાં થયેલા વિદ્વાન શિષ્ય મંડળીનાં ગુરુવર્ય અચલગચ્છાધિરાજ શ્રી મહેન્દ્રપ્રભસૂરિજીના પટ્ટધર ગચ્છાધિરાજ, મંત્રવાદી, પ્રભાવક આચાર્ય શ્રી મેરુતુંગસૂરિજીએ કલ્પસૂત્ર વૃત્તિ રચ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત છે. મૂળ હસ્તપ્રત આજે અનુપલબ્ધ રહી છે જે સોચનીય કહેવાય.

(૨) એજ મહેન્દ્રપ્રભસૂરિજીના શિષ્ય શાખાચાર્ય કવિ ચક્ર ચક્રવર્તિ આચાર્ય શ્રી જયશેખરસૂરિજી એ કલ્પસૂત્ર-સુખાવબોધ વિવરણ રચ્યાનાં ઉલ્લેખો ઉપલબ્ધ છે. શ્રી જયશેખરસૂરિજી કૃત સાહિત્ય આજે સારી સંખ્યામાં પ્રાપ્ય છે. શ્રી કલ્પસૂત્ર સુખાવબોધ વિવરણ જેવો અમુલ્ય ગ્રંથ સુલભ ન બને એ આપણા માટે દુઃખદ બીના કહેવાય. આશા છે કે આ ગ્રંથને કોઈ મહાનુભાવ શોધી પ્રકાશમાં આણે! પૂ. દાદા શ્રી ગૌતમસાગરજી મ. સા. એ આ સુખાવબોધ વિવરણની પ્રત શોધવા અંગે ઘણાં પ્રયત્નો કરેલાં.

(૩) શ્રી મેરુતુંગસૂરિજીનાં શિષ્ય આગમપ્રજ્ઞ આચાર્ય શ્રી માણિક્યશેખરસૂરિજીએ કલ્પસૂત્ર પર "[illegible]" નામની સંક્ષિપ્ત ટીકા રચેલ છે.

(૪) શ્રી મેરુતુંગસૂરિજીની વિદ્યમાનતામાં પંડિત ઉપ. શ્રી મહીમેરુગણીએ કલ્પસૂત્રાવચુરી રચેલ છે [illegible] ઉલ્લેખ ત્રિપુટી મહારાજના "જૈન પરંપરાનો ઈતિહાસ" ભા. ૨ પૃષ્ઠ, ૫૩૦ માં છે.

(૫) ગચ્છાધિરાજ શ્રી સિદ્ધાંતસાગરસૂરિજીના રાજ્યમાં આચાર્ય શ્રી ધર્મશેખરસૂરિજીના શિષ્ય આચાર્ય શ્રી ઉદયસાગરસૂરિજીએ "કલ્પસૂત્રાવચુરી" ૨૦૮૫ શ્લોક પ્રમાણ રચેલ છે. આ ઉલ્લેખ પ્રો. વેલણકરકૃત "જિનરત્નકોશમાં" છે.

(૬) અચલગચ્છાધિપતિ પૂ. દાદા શ્રી ગૌતમસાગરજી મ. સાહેબની પ્રેરણાથી કલ્પસૂત્ર [પ્રાકૃત-સંસ્કૃત-ગુજરાતી] ગ્રંથ બહાર પડેલ જેની પ્રતો વર્ષો પહેલાં ખલાસ થઇ જવા પામેલી.

(૭) પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સાહેબના શિષ્ય શાંતમૂર્તિ ગણાધિપતિ પૂ. મુનિ. શ્રી નીતિસાગરજીગણીનાં શિષ્ય સ્વ. પૂ. મુનિ શ્રી ધર્મસાગરજી મ. સાહેબે કલ્પસૂત્ર પર ભાષાંતર [વિવરણ સહિત] રચેલ છે. જેની મુદ્રિત પ્રતો વર્ષો પહેલાં ખલાસ થઇ ગયેલી.

પ્રસ્તુત ભાષાંતર ગ્રંથ:

પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે શ્રી કલ્પસૂત્ર ભાષાંતર ગ્રંથની વધારે આવશ્યકતા રહેવા પામી, આગળ મુદ્રિત પ્રતો ખલાસ થઈ ગયેલી પુનર્મુદ્રણ અંગે ઘણાં સમયથી વિચારણા ચાલુ રહેલી. અંતે અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ. સાહેબના આજ્ઞાનુવર્તિની સાધ્વીજી શ્રી હરખશ્રીજીની સતત પ્રેરણાથી અને કચ્છ નાના આસંબીઆના મુલુન્ડનિવાસી સુશ્રાવક શ્રી મોરારજીભાઈ નાનજી ગાલાના સતત પ્રયત્નોથી **શ્રી મુલુન્ડ અચલગચ્છ જૈન સમાજે આ કાર્ય હાથ ધર્યું.**

નૂતન ભાષાંતર ગ્રંથ તૈયાર કરવા સાધ્વીજી શ્રી હરખશ્રીજી વિ. સાધ્વીજીઓ તથા કેટલાક શ્રાવક-શ્રાવિકાઓની અતિ વિનંતી થતાં, અચલગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ. સાહેબે અનેક વિધ-શાસન-ગચ્છની પ્રવૃત્તિઓ વચ્ચે પણ પરિશ્રમપૂર્વક નૂતન ભાષાંતર ગ્રંથ તૈયાર કર્યું. જે ભાષાંતર વાંચકોનાં કરકમલમાં પ્રસ્તુત છે.

શ્રી કલ્પસૂત્ર લઘુવૃત્તિ:

અચલગચ્છાધિપતિ-ક્રિયોદ્ધારક-સુવિશુદ્ધ ચારિત્ર-મૂર્તિ પૂજ્ય દાદા ગુરુદેવ શ્રી ગૌતમસાગરજી મ. સાહેબની સતત ઇચ્છા હતી કે શ્રી કલ્પસૂત્ર પર અચલગચ્છીય આચાર્યકૃત સામાન્યજન સુલભ સંસ્કૃત ટીકા મળવી જોઇએ. પ્રયત્નોને અંતે સફળતા ન મળતાં પૂજ્ય દાદાશ્રીની સતત માંગણીથી અચલગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય દેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સાહેબે [તે વખતે પૂ. ઉપાધ્યાયજી શ્રી ગુણસાગરજી મ.] કલ્પસૂત્ર લઘુવૃત્તિ સંસ્કૃતમાં રચવાની શરૂઆત કરેલી. પૂજ્ય દાદાશ્રીનાં કાળધર્મ બાદ શાસન-ગચ્છની પ્રવૃત્તિઓમાં વૃધ્ધિ થતાં દૈવયોગે ઉપરોક્ત રચના અપૂર્ણ રહી જવા પામી.

પૂજ્ય આચાર્ય શ્રી લઘુવૃત્તિને ભાવિમાં પૂર્ણ કરવાની ઇચ્છા રાખી છે.

પૂજ્ય આચાર્યદેવશ્રીની સાહિત્ય સેવા :-

અનેકવિધ શાસન પ્રવૃત્તિઓ હોવા છતાં પૂજ્યશ્રીએ પ્રસંગોપાત નિમ્ન લિખિત સાહિત્યની રચના કરેલ છે:-

(૧) શ્રી પર્વકથા સંગ્રહ સંસ્કૃત ગદ્ય-પદ્ય.

(૨) ચતુર્વિંશતિ જિન સ્તુતિઓ તથા બીજ, પાંચમ આદિ પર્વ તિથિઓની સ્તુતિઓ. સંસ્કૃતમાં પદ્ય.

(૩) શ્રી સ્તવન ચોવીશી પ્રકીર્ણ સ્તવનો ગુર્જર પદ્ય.

(૪) શ્રી શ્રીપાલ ચરિત્ર સંસ્કૃત ગદ્ય

(૫) શ્રી કલ્પસૂત્ર લઘુવૃત્તિ. સંસ્કૃત (અપૂર્ણ.)

ઉપરોક્ત રચનાઓ સં. ૨૦૦૬ પહેલાં થયેલી છે.

(૬) શ્રી નવપદ પૂજા સં. ૨૦૧૨ માં પૂરી કરેલ છે.

(૭) શ્રી વીશસ્થાનક ચોઢાળીયો, દુહા, ચૈત્યવંદન તેમજ સ્તુતિ. ગુર્જર પદ્ય સં. ૨૦૨૬.

(૮) શ્રી જ્ઞાનપંચમીનો ચોઢાળીયો-ગુર્જર પદ્ય. સં. ૨૦૨૯.

(૯) શ્રી વર્ધમાન તપ સ્તવનો, ચૈત્યવંદન સ્તુતિ ગુર્જર પદ્ય. સં. ૨૦૨૬.

(૧૦) શ્રી નવાંગ પૂજાના દુહા વગેરે.

(૧૧) શ્રી મહાવીરાષ્ટક (સંસ્કૃત) ભૂજમાં રહીને ૨૦૩૧.

(૧૨) શ્રી યુગ પ્રધાન દાદાશ્રી જયસિંહસૂરિજી સ્તવના [illegible] સં. ૨૦૩૧.

(૧૩) શ્રી પર્વકથા ભાષાંતર (રચના તૈયાર થાય છે.)

(૧૪) શ્રી કલ્પસૂત્ર સચિત્ર ભાષાંતર.

(૧૫) શ્રી બારસાસૂત્ર.

પૂજ્યશ્રીએ જ્યારે જ્યારે બીજાઓ તરફથી વિનંતિઓ [illegible]

ઉપરોક્ત રચનાઓ સિવાય પૂજ્ય આચાર્યશ્રીની પ્રેરણા [illegible] સાગરસૂરિ પૂજા સંગ્રહ-બે પ્રતિક્રમણ-પંચપ્રતિક્રમણ તેમજ [illegible] વધારે નકલો પ્રસિધ્ધ થવા પામી છે.

આ કલ્પસૂત્રને સચિત્ર છપાવવા અને સર્વાંગ સુંદર બનાવવા માટે સાધ્વીજી શ્રી હરખશ્રીજીએ વર્ષોથી અથાગ પરિશ્રમ કરેલ છે. તેથી તેઓ શ્રી ધન્યવાદને પાત્ર બન્યા છે. તેમજ શ્રી મુલુંડ શ્વે મૂ. પૂ. જૈન સંઘના પ્રમુખશ્રી શ્રીયુત મોરારજીભાઇ નાનજી ગાલા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ટોકરશીભાઇ દામજી ધરમશી, માનદ્મંત્રી શ્રી પ્રતાપભાઇ ગોવિંદજી શાહ અને સંઘ શુભેચ્છક ધર્મપ્રેમી શ્રી શામજીભાઈ જખુભાઇ ગાલા વગેરેએ પણ અત્યંત પરિશ્રમ કરેલ છે. એટલે એ બધા અભિનંદનને પાત્ર બન્યા છે. તથા આ સૂત્ર છપાવવા માટે જેમણે જેમણે દ્રવ્ય સહાયતા આપી છે તેમજ જેમણે જેમણે બીજી પણ સહાય કરી છે તે સર્વે પણ અભિનંદનને પાત્ર છે. અંતમાં પૂજ્ય આચાર્ય દેવશ્રી શ્રી કલ્પસૂત્ર લઘુવૃત્તિની રચના શિઘ્ર નિર્વિઘ્ને પૂર્ણ કરે અને સ્વ. પૂજ્ય દાદા ગુરુદેવ શ્રી ગૌતમસાગરજી મ. સાહેબની ભાવના સફળ થાય એજ શુભેચ્છા !

સં. ૨૦૩૦, ચૈત્ર સુદ ૧૩
ભ. શ્રી મહાવીર દેવ જન્મ કલ્યાણક દિન,
બીદડા (કચ્છ)

લિ.
ગુરુ ચરણ કિંકર
મુનિ કલાપ્રભસાગર.

શ્રી ક. વિ. ઓ. દે. જૈન મહાજન તરફથી
આ ગ્રંથના પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦
અંકે રૂપિયા દસ હજાર મળેલ છે.



દીર્ઘસંયમી પરમપૂજ્ય સાધ્વીજી
હરખશ્રીજી મ. સા.



ૐ હ્રીઁ શ્રી પંચ પરમેષ્ઠિભ્યો નમો નમઃ શ્રી સિદ્ધચક્રાય નમો નમઃ
વિધિપક્ષ (અચલ) ગચ્છાધિપતિ શ્રી આર્યરક્ષિત કલ્યાણ ગૌતમ સૂરીશ્વરેભ્યો નમો નમઃ
અચલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વર કૃત

શ્રી કલ્પસૂત્રસ્ય ભાષાંતરઃ પ્રારભ્યતે :

नत्वा जिनेश्वरान् सर्वान्, सर्वांश्चापि गणाधिपान्
स्वपरश्रेयसे कुर्वे, कल्पसूत्रानुवादकम् ॥ १ ॥

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણંચ સવ્વેસિં, પઢમં હોઇ મંગલં ॥

શ્રી કલ્પસૂત્ર એ મોક્ષદાયક પરમ પવિત્ર આચારને પ્રતિપાદન કરનારું મહાન સૂત્ર છે.

આ મહાન સૂત્રમાં શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહેલ ઉત્કૃષ્ટ કોટીના આચારને એટલે ઉત્કૃષ્ટ કોટીના સંયમ અને તપને ઉત્કૃષ્ટ કોટીએ આચરી પોતાના આત્માને પરમાત્મા બનાવનારા શ્રી તીર્થંકર દેવોના પરમાત્મા બનવાની પ્રેરણા આપનારાં પવિત્ર જીવન ચરિત્રો છે, તથા શ્રી તીર્થંકર પરમાત્માએ કહેલા ઉચ્ચ કોટીના સંયમતપ જીવનને જીવનારા સ્વપર કલ્યાણ કરનારા આચાર્યદેવાદિ મહાન ગુરૂ દેવોના જીવન ચરિત્રો છે, તેમજ આત્માને પરમાત્માપદ અપાવનારી એવી શ્રી સાધુ ભગવંતોની આચાર પ્રણાલિકા એટલે સાધુ સમાચારી છે.

શ્રી કલ્પસૂત્ર નામમાં જે કલ્પ શબ્દ છે તેના અનેક અર્થો છે. પરંતુ આ સૂત્રમાં તેનો આચાર અર્થ ગ્રહણ કરેલ છે. આ આચાર મોક્ષ સાધક અવસ્થામાં રહેલ સાધુ ભગવંતોનો અનેક પ્રકારનો છે. છતાં આ સૂત્રની શરૂઆતમાં આ પ્રમાણે દશ પ્રકારનો કહેલ છે.

(१) आचेलक्य (२) औद्देशिक (३) शय्यातरपिंड (४) राजपिंड (५) कृतिकर्म (६) व्रत (७) ज्येष्ठ (८) प्रतिक्रमण (९) मास (१०) અને पर्युषण.

(૧) આચેલક્ય કલ્પ :–

ચેલ એટલે વસ્ત્ર, અચેલ એટલે વસ્ત્રનો અભાવ, અચેલના "અ"નો અર્થ શાસ્ત્રોમાં અલ્પ પણ કરેલ છે અને અહીં પણ અલ્પ અર્થ લેવાનો છે તેથી અલ્પ, (એટલે) પ્રમાણ યુક્ત શ્વેત જીર્ણપ્રાય વસ્ત્ર ધારણ કરવાનો આચાર તે 'આચેલકય કલ્પ' જાણવો.

પહેલાં અને છેલ્લા તીર્થંકરનો આચાર 'અચેલક' છે. મધ્યના બાવીશ તીર્થંકરોના સાધુઓનો આચાર 'અચેલક અને સચેલક' બન્ને પ્રકારનો છે. પહેલા શ્રી ઋષભદેવ પ્રભુના અને અંતિમ શ્રી મહાવીર પ્રભુના સાધુઓ જીર્ણપ્રાય શ્વેત અલ્પ વસ્ત્ર રાખે, નાભીથી ચાર આંગળ નીચો અને ઢીંચણથી ચાર આંગળ ઉંચો એવો સાડા ત્રણ હાથનો ચોલપટ્ટો (નીચેનો વસ્ત્ર) રાખે તથા સાડા ચાર હાથનો કપડો (ઉપરનો વસ્ત્ર) રાખે. એક વેંત ચાર આંગળની મુહપત્તિ રાખે, એથી વસ્ત્રો પહેર્યા છતાં અલ્પ વસ્ત્રને કારણે અર્ધું શરીર વસ્ત્ર વિનાનું રહેતું હોવાથી અચેલક કહેવાય છે. મધ્યના બાવીશ તીર્થંકરના સાધુઓ શ્વેત પ્રમાણ યુક્ત વસ્ત્ર રાખે તેથી અચેલક અને સંજોગવશાત્ રંગીન બહુ મૂલ્યવાળા વસ્ત્રો પણ વાપરી શકે તેથી સચેલક પણ કહેવાય છે. સરલ અને પ્રાજ્ઞ હોવાથી ચારિત્રમાં દોષ ન લાગે તે રીતે તેઓ આસક્તિ રહિતપણે વર્તી શકે છે તેથી એમને અચેલક કલ્પની મર્યાદા નથી. તીર્થંકરો જ્યારે દીક્ષા લે છે ત્યારે ઇન્દ્ર તેમના ખભા ઉપર દેવદુષ્ય વસ્ત્ર રાખે છે. તે વસ્ત્ર જ્યાં સુધી ખભા પર રહે ત્યાં સુધી તીર્થંકરો સચેલક કહેવાય છે, દેવદુષ્ય વસ્ત્ર દૂર થયે અચેલક કહેવાય છે. આ ચોવીશીમાં પહેલાં શ્રી ઋષભદેવ અને છેલ્લા શ્રી મહાવીરદેવને ઇન્દ્રદત્ત દેવદુષ્ય વસ્ત્ર કાંઈક અધિક એક વર્ષ પછી ઉતરી

ગયા બાદ અચેલકપણું હતું. મધ્યના બાવીશ તીર્થંકરોને દેવદુષ્ય વસ્ત્ર બે ઘડી આયુષ્ય બાકી રહેલ ત્યાં સુધી રહેલ હતું. તેથી તેઓ વસ્ત્ર રહેલ ત્યાં સુધી સચેલક અને પછી બે ઘડી અચેલક હતા.

(૨) ઔદ્દેશિક કલ્પ :—

સાધુ અથવા સાધ્વીજીઓના માટે કરેલ આહારાદિક ઔદ્દેશિક આહારાદિ કહેવાય. પહેલા અને છેલ્લા તીર્થંકરના વારાના સાધુ–સાધ્વીઓને કોઈ પણ સાધુ–સાધ્વીના નિમિત્તે બનાવેલ, આહાર પાણી વસ્ત્ર પાત્ર વિગેરે કલ્પતા નથી. મધ્યના બાવીશ તીર્થંકરોના વારાના સાધુ–સાધ્વીઓને જે સાધુ–સાધ્વીના નિમિત્તે આહારાદિ કર્યા હોય તેમને જ ન કલ્પે બીજા સાધુ–સાધ્વીઓને કલ્પે.

(૩) શય્યાતર કલ્પ –

જે મકાનમાં સાધુ કે સાધ્વી ઉતર્યા હોય તે મકાનનો માલિક શય્યાત્તર કહેવાય. તેનો આહાર, પાણી, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, ઓઘો, સોય, અસ્તરો, નેરણી અને કાન ખોતરણી એ બાર પ્રકારનો પિંડ સર્વ તીર્થંકરોના વારાના સર્વ સાધુ કે સાધ્વીઓને લેવો કલ્પે નહીં. શય્યાત્તરનો પિંડ લેવાથી જો તે રાગી બને તો સાધુ કે સાધ્વીઓના નિમિત્તે બનાવીને આહારાદિક વહોરાવે, તેથી છકાય જીવોની હિંસાનું પાપ સાધુ–સાધ્વીજીઓને લાગે, તાજો અને સારો આહારાદિ મળવાથી લાગતા પાપને ભૂલી જઈ સાધુ તેના આહારાદિ લેવાનું છોડે નહીં, આત્મભાન ભૂલી જાય. એ સાધુઓ દૂર ગયા હોય તો પણ સારા આહાર પાણીની લાલચે પાછા ત્યાં જ આવી રહ્યા કરે, એથી ઘણા મોટા દોષો ઉત્પન્ન થાય, જે સાધુ જીવન માટે યોગ્ય નથી. લોકમાં જે સાધુ સાધ્વીઓને રહેવા જગ્યા આપે તેમને આહારાદિ વસ્તુઓ પણ આપવી પડે, એવી અસર ઉત્પન્ન થાય તેથી સાધુ સાધ્વીઓને રહેવા જગ્યા મળવી પણ દુર્લભ થાય. એ દોષ પણ શય્યાત્તર પિંડ લેનારને લાગે છે તેથી શય્યાત્તર પિંડ લેવો નહીં. એ પિંડ ન લેવાથી સાધુઓની નિષ્પૃહતાની પ્રશંસા થાય છે. કોઈ ગામમાં સાધુને દાન આપનારનો એક જ ઘર હોય, સાધુ તેની માલિકીની જગ્યામાં ઉતરે, તો આખી રાત જાગરણ કરી

લેનાર સાધુએ દરરોજ સવાર સાંજ બે વખત વંદન કરવું જોઈએ. પુત્રે પહેલી દીક્ષા લીધી હોય અને પિતાએ પછીથી દીક્ષા લીધી હોય તો પુત્રસાધુને પિતાસાધુએ વંદન કરવું. પ્રધાને પહેલી દીક્ષા લીધી હોય અને રાજાએ પછીથી દીક્ષા લીધી હોય તો પ્રધાનસાધુને રાજાસાધુએ વંદન કરવું. આ બાબતમાં સાંસારિકપણાનું નાના મોટાપણું જોવાય નહીં. આ રીતે પહેલાં દીક્ષા લેનાર સાધ્વીજીને પછીથી દીક્ષા લેનાર સાધ્વીજીએ પણ વંદન કરવાનો વ્યવહાર જાણવો. પરંતુ સાધુ આજનો દીક્ષિત હોય તે સાધુને સો વર્ષની દીક્ષિત સાધ્વીજી પણ વંદન કરે એટલે સાધુઓને સાધ્વીજીઓ વંદન કરે, પરંતુ સાધ્વીજીઓને સાધુઓ વંદન કરે નહીં. જો સાધુઓ પણ સાધ્વીજીઓને વંદન કરતા થાય તો ઘણા દોષો ઉત્પન્ન થાય. સ્ત્રી જાતિને તુચ્છ કહેલ છે, તેથી તે અભિમાનમાં આવી જાય અને અશુભ કર્મ બાંધે. લોકમાં પણ નિંદા થાય કે પુરુષસાધુઓ સ્ત્રીસાધ્વીઓને પગે પડે છે વિગેરે.

આ કલ્પ સર્વ તીર્થંકરોના સાધુ સાધ્વીઓને માટે નિશ્ચયથી જાણવો.

(૬) વ્રત કલ્પ :–

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચથી વિરમવાની પ્રતિજ્ઞા કરવી તે પાંચ મહાવ્રતનો સ્વીકાર કહેવાય. પહેલા અને છેલ્લા તીર્થંકરના વારાના સાધુઓ, એ પાંચ મહાવ્રતનો સ્વીકાર કરે, મધ્યના બાવીશ તીર્થંકરના વારાના સાધુઓ ચોથા મૈથુન વિરમણવ્રતને પરિગ્રહ વિરમણવ્રતમાં જ સમજતા હોઈ તેઓ ચાર મહાવ્રતોનો સ્વીકાર કરે છે. કારણ કે જ્યાં સ્ત્રી ત્યાં પરિગ્રહ અને જ્યાં પરિગ્રહ ત્યાં સ્ત્રીનો સંભવ હોય છે, એટલે તેઓ સ્ત્રીને પરિગ્રહ સમજે છે. એ કારણે મૈથુન વિરમણવ્રતને પરિગ્રહ વિરમણવ્રતમાં સમાવિષ્ટ કરી લે છે, તથા રાત્રી ભોજન વિરમણવ્રત પણ ઉત્તર ગુણમાં ગણાતું હોવાથી એમને ચાર મહાવ્રત જ હોય છે, જ્યારે પહેલા અને અંતિમ તીર્થંકરના વારાના સાધુઓને રાત્રી ભોજન વિરમણ વ્રત

રાત્રી ભોજન વિરમણ પણ મૂલ ગુણમાં ગણવાનું હોય છે, તેથી એમને પાંચ મહાવ્રત સાથે છઠ્ઠું
વ્રત પણ હોય છે એટલે છ વ્રત થાય છે.

(૭) જ્યેષ્ટ કલ્પ :–

મધ્યના બાવીશ તીર્થંકરના વારાના સાધુઓ ગૃહસ્થપણું છોડી દીક્ષા લે ત્યારથી જ નાના મોટા ગણાય છે, જેઓ પહેલાં દીક્ષા લે તે મોટા અને જે પછી દીક્ષા લે તે નાના ગણાય છે. એમને મોટી દીક્ષાની મર્યાદા નથી. પહેલા અને અંતિમ તીર્થંકરના વારાના સાધુઓ મોટી દીક્ષા લીધા બાદ નાના મોટા ગણાય છે, એમને મોટી દીક્ષા અવશ્ય લેવાની હોય છે. જેની મોટી દીક્ષા પહેલી થાય તે મોટા અને જેની મોટી દીક્ષા પછી થાય તે નાનો ગણાય છે. જો પિતા, પુત્ર, રાજા, પ્રધાન, શેઠ, ચાકર, માતા અને પુત્રી સાથે દીક્ષા લે તો લોકરીતિએ, પિતા, રાજા, શેઠ અને માતા મોટા છે તેમને પહેલા દીક્ષા આપી મોટા કરે, એ ભણવામાં પણ હોશિયાર હોય તો ગુરુ એમને વડી દીક્ષા પહેલી આપી મોટા કરે. પરંતુ ભણવામાં એઓ મંદ હોય તો તેમને સમજાવી ભણવામાં કુશલ પુત્ર, પ્રધાન, ચાકર અને પુત્રીને વડી દીક્ષા પહેલી આપી મોટા કરે. જો પિતા, રાજા, શેઠ અને માતા સમજાવ્યા છતાં સમજે નહીં તો ગુરુ એમને જ વડી દીક્ષા પહેલી આપી મોટા રાખે.

(૮) પ્રતિક્રમણ કલ્પ :–

પહેલા અને અંતિમ તીર્થંકરના સાધુ–સાધ્વીઓને દોષ લાગે કે ન લાગે તો પણ દૈવસિક અને રાઇ પ્રતિક્રમણ સાંજે અને સવારે અવશ્ય કરવાના હોય છે, તેમજ પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ પણ અવશ્ય કરવાના હોય છે. મધ્યના બાવીશ તીર્થંકરોના વારાના સાધુ–સાધ્વીઓને દોષ લાગે તો સાંજે દૈવસિક અને સવારના રાઈ પ્રતિક્રમણ કરવાના હોય છે. દોષ ન લાગે તો દૈવસિક કે રાઇ પ્રતિક્રમણ કરવાના હોતા નથી, એ સાધુ સાધ્વીઓને પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ કરવાના હોતા નથી.

(૯) માસ કલ્પ :-

પહેલા અને અંતિમ તીર્થંકરના સાધુ–સાધ્વીઓને શેષ કાલના આઠ માસમાં એક ગામમાં ઉત્કૃષ્ટથી એક માસથી વધારે રહેવું કલ્પે નહીં, ચાતુર્માસનો એક અને આઠ માસના આઠ એમ નવ કલ્પ વિહાર એમના માટે કહેલ છે. ગામમાં એક દિવસ અને નગરમાં પાંચ દિવસ રહેવું એવો પાઠ પણ છે, જે જિનકલ્પી સાધુઓ માટે સંભવે છે. સ્થવીરકલ્પી સાધુ–સાધ્વીઓ એક માસથી વધારે રહેવાનું કરે તો ઘણા દોષો લાગવાનો સંભવ છે. લોકોમાં સન્માન ઓછો થઇ જાય છે. વધારે પરિચયથી ચારિત્ર જીવનથી પતન થઇ જવાનો સંભવ રહે છે. દેશ–પરદેશનું જ્ઞાન ન થાય, લોકોપકાર ન કરી શકાય એથી એક માસથી વધારે રહેવાની આજ્ઞા નથી. દુષ્કાળ, રોગ, વૃદ્ધાવસ્થાના કારણે વિહાર કરવાને અસમર્થ થવાય તો ઉપાશ્રય બદલાવે, છેવટ સંથારાની ભૂમિ બદલાવીને પણ આજ્ઞાને માન આપે. મધ્યના બાવીશ તીર્થંકરના સાધુ–સાધ્વીઓને નવ કલ્પ વિહારની મર્યાદા નથી, તેથી તેઓ દોષ ન લાગતો હોય અને લાભ ઘણો થતો હોય તો દેશેઉણાપૂર્વક્રોડ વર્ષ સુધી પણ એક જ ગામમાં એક જ સ્થળમાં રહી શકે છે, અને દોષ લાગતો હોય તો ચાતુર્માસમાં પણ વિહાર કરી શકે છે.

(૧૦) પર્યુષણ કલ્પ :-

વર્ષા કાલમાં એક સ્થાનમાં રહેવું તેને પર્યુષણ–વર્ષાવાસ કહેવાય છે. એ પર્યુષણ ગૃહસ્થ અજ્ઞાત અને ગૃહસ્થજ્ઞાત એમ બે પ્રકારે છે. આસાઢી પૂર્ણિમાથી ભાદરવા શુદિ પાંચમના સાંવત્સરિક પ્રતિક્રમણ કરેલ ન હોય ત્યાં સુધી ગૃહસ્થ પુછે કે, હે પૂજ્ય ! ચાતુર્માસ રહ્યા ? તેને સાધુ ક્ષેત્ર ફરસના કહે, અથવા પાંચ દિવસ રહેવાનું કહે, એમ પાંચ પાંચ દિવસ કહેતાં ભાદરવા શુદિ પાંચમના સાંવત્સરિક પ્રતિક્રમણ કરે એટલે શ્રાવકો જાણે કે હવે કાર્તિકપૂર્ણિમા સુધી સાધુઓ વર્ષાકાળ રહેશે, એ રીતે પચાસ દિવસ ગૃહસ્થ અજ્ઞાત અને સિત્તેર દિવસ ગૃહસ્થ જ્ઞાત પર્યુષણ જાણવા.

વળી જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે ભેદ પર્યુષણના કહ્યા છે. ભાદરવા શુદિ પાંચમે સાંવત્સરિક પડિક્કમણુ કર્યા પછી કાર્તિક શુદ પૂર્ણિમા સુધી સીત્તેર દિવસ સુધીનું જઘન્ય પર્યુષણ તથા અષાઢી પૂનમથી કાર્તિક પૂનમ સુધીનું ઉત્કૃષ્ટ પર્યુષણ ચાર માસનું જાણવું.

આ કાળમાં ગુરુદેવની આજ્ઞા પ્રમાણે ચાતુર્માસ કરવાનો વ્યવહાર ચાલે છે. લાભને કારણે ચાતુર્માસ પહેલા માસકલ્પ કરેલ હોય ત્યાંજ ચાતુર્માસ કરે અને ચાતુર્માસ થયા પછી પણ કારણે માસકલ્પ કરે એ રીતે છ માસ પણ ઉત્કૃષ્ટ રીતે એક સ્થાને રહેવાનું કારણે કરી શકાય. સ્થવિરકલ્પી માટે આ રીતનો આચાર છે. જિનકલ્પી માટે તો ઉત્કૃષ્ટ પર્યુષણ કલ્પ ચાર માસનો જાણવો. આ પર્યુષણ કલ્પ પ્રથમ અને અંતિમ તીર્થંકરોના શ્રમણ–શ્રમણીઓએ અવશ્ય કરવાનો છે. મધ્યના બાવીશ તીર્થંકરોના શ્રમણ–શ્રમણીઓ માટે નિયત નથી. તેઓ સરલ અને પ્રાજ્ઞપણાને કારણે દોષનો અભાવ અને લાભનું કારણ જાણે તો દેશેઉણાપૂર્વક્રોડ વર્ષ સુધી પણ એક સ્થાનકે રહી જાય અને દોષ જાણે તો ચાતુર્માસમાં પણ વિહાર કરી જાય. પ્રથમ અને અંતિમ તીર્થંકરના શ્રમણ–શ્રમણીઓ દુષ્કાલ, ભિક્ષા ન મળતી હોય, રાજપ્રકોપ થાય, અસાધ્ય રોગ થાય, તેનો ઉપાય ત્યાં ન હોય, જીવોની ઘણી ઉત્પત્તિના કારણે જીવોની ઘણી વિરાધના થતી હોય, સર્પોનો ઉપદ્રવ હોય એવા કારણે ચાતુર્માસમાં પણ વિહાર કરી શકે છે. વળી વાર્ષિક મહાપર્વને પણ પર્યુષણ મહાપર્વ કહેલ છે, કારણ કે, આ પર્વમાં આત્માની સમીપમાં વસવાનું છે. હંમેશનો આત્માની પાસે વાસ થઈ જાય તેવો પ્રયત્ન કરવાનો છે. પરભાવથી દૂર થઈ સ્વભાવમાં રમણુતા કરવાની છે. આત્મા પર લાગેલ કર્મમલને દૂર કરી આત્માને પરમાત્મા બનાવવા માટે ઉદ્યમશીલ બનવાનું છે. અજ્ઞાન દશાથી થએલ ભૂલોની ક્ષમાપના લઈ ભૂલોના પશ્ચાત્તાપ પૂર્વક શુદ્ધ થવાનું છે. બધા જીવોને મૈત્રી, કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થ ભાવે જોવાના છે. આ પર્યુષણ મહાપર્વ દર વર્ષે આસાઢી પૂનમથી પચાસમે દિવસે આવે છે. આ દશ કલ્પ પ્રથમ અને અંતિમ તીર્થંકરના શ્રમણ શ્રમણીઓ માટે નીયત કહેલા છે મધ્યના બાવીસ તીર્થંકર દેવોના શ્રમણ શ્રમણીઓ માટે કૃતિકમ કલ્પ,

શય્યાતરકલ્પ, વ્રતકલ્પ, જયેષ્ટકલ્પ એ ચાર કલ્પ નિયત છે. અને અચેલક, ઉદ્દેશિક, પ્રતિક્રમણ, રાજપિંડ, માસકલ્પ તથા પર્યુષણ એ છ કલ્પ અનિયત છે. બાવીશ જિનના સાધુઓ જેવો જ આચાર મહાવિદેહ ક્ષેત્રના સાધુઓનો જાણવો.

પ્રથમ તીર્થંકરના વારાના જીવો સરલ અને અવિકસિત બુદ્ધિવાલા હોય છે. અંતિમ તીર્થંકરના વારાના જીવો સરલતા વિનાના અને અવિકસિત બુદ્ધિવાલા હોય છે. મધ્યના બાવીશ તીર્થંકરોના વારાના જીવો સરલ અને વિકાસ પામેલી સમ્યગ્ બુદ્ધિવાલા હોય છે. એ કારણે પ્રથમ જિનેશ્વર, અંતિમ જિનેશ્વર અને મધ્યના બાવીશ જિનેશ્વરોના વારાના શ્રમણ-શ્રમણીઓના આચારમાં તરતમતા રહેલ છે. પ્રથમ જિનના વારાના જીવોને ધર્મનું જ્ઞાન ઋજુ જડપણાને કારણે પ્રત્યનથી થાય છે. અંતિમ જિનના વારાના જીવોને વક્ર જડપણાને કારણે ધર્મનું પાળવું દુષ્કર હોય છે. મધ્યના બાવીશ જિનના વારાના જીવોને ઋજુ પ્રાજ્ઞપણાને કારણે ધર્મનું સમજવું અને પાળવું સહેલું હોય છે. અહીં ઋજુજડ, ઋજુપ્રાજ્ઞ, વક્રજડની સમજ માટે દૃષ્ટાંત કહે છે.

પ્રથમ જિનના શ્રમણોને સ્થંડિલ ભૂમિએથી પાછા આવતાં વધારે સમય થવાથી ગુરુએ કારણ પુછ્યું, શ્રમણોએ માર્ગમાં થતા નટોના નૃત્યને જોવા ઉભા રહ્યા હતા એમ કહ્યું, ગુરુએ કહ્યું, સાધુઓથી નટોનું નૃત્ય ન જોવાય. શ્રમણોએ ક્ષમા માગી, ગુરુ આજ્ઞા સ્વીકારી. બીજી વાર એજ રીતે સમય લાગવાનું કારણ પુછતાં શ્રમણોએ કહ્યું, નટડીનું નૃત્ય જોવા ઉભા રહ્યા હતા, ગુરુએ કહ્યું, નટનું નૃત્ય જોવાની તમને ના કરી હતી તો નટડીનું નૃત્ય વિશેષ રાગનું કારણ હોવાથી સાધુઓથી જોવાય કેમ? શ્રમણોએ કહ્યું ગુરુદેવ! અમે એ સમજી ન શક્યા ભૂલની ક્ષમા આપો હવે આવું નહીં કરીએ.

બીજું દૃષ્ટાંત-પ્રથમ જિનના વારાના સાધુઓ પાસે કોઈ કોંકણ દેશના માણસે દીક્ષા લીધી. ઇરિયાવહિના કાઉસ્સગ્ગમાં કોઈ વખત તેમને વધારે સમય લાગ્યો, ગુરુએ વારનું કારણ પુછતાં તે

કોંકણિક સાધુએ કહ્યું, ગુરુદેવ! મેં જીવદયા ચિંતવી તેથી વાર લાગી, ગુરુએ કહ્યું, કેવી રીતે જીવદયા ચિંતવી? તેમણે કહ્યું, હું ગૃહસ્થ હતો ત્યારે સારી રીતે ખેતીનો ધંધો કરી ઘણું ધાન્ય ઉત્પન્ન કરતો, હમણાં મારા પુત્રો જે આળસુ થઈ ઉદ્યમ સાધ્ય ખેતીનું કાર્ય બરાબર નહીં કરતા હશે તો ધાન્ય કેમ ઉત્પન્ન થાશે? અને ધાન્ય ઉત્પન્ન નહીં થાય તો એ પુત્રોની કેવી દયા યોગ્ય કરુણ હાલત હશે વિગેરે જીવદયામાં મેં ચિંતવ્યું. ગુરુએ કહ્યું, ખેતીનો ધંધો પાપ વિના થતો નથી તેથી તમે ધર્મધ્યાન નથી કર્યું, દુર્ધ્યાન કર્યું છે, પાપ દયા ચિંતવી છે. આવું ચિંતન ન કરવું જોઇએ, શિષ્યે ભૂલની ક્ષમા યાચી. એ ઋજુજડના દૃષ્ટાંત જાણવા.

બાવીશ જિનના વારાના સાધુઓને સ્થંડિલ ભૂમિથી આવતાં વાર થઈ, ગુરુના પ્રશ્નથી તેમણે નટનું નૃત્ય જોવાનું કહ્યું, ગુરુએ કહ્યું, આપણાથી નટ નૃત્ય ન જોવાય એ જાણી પ્રાજ્ઞ પણાથી તેઓ સમજી ગયા કે નટ કે નટડી આદિ કોઇના નૃત્ય આપણાથી ન જોવાય. એ ઋજુ પ્રાજ્ઞનું દ્રષ્ટાંત જાણવું.

અંતિમ જિનના વારાના સાધુઓને બહારથી આવતાં સમય લાગવાનું કારણ પુછતાં, ગુરુને તેઓએ કહ્યું જે બહાર જાય તેમને સમય તો લાગે, ગુરુએ આગ્રહથી પુછતાં તેમણે નટનું નૃત્ય જોવા ઉભા રહ્યાનું કહ્યું, ગુરુએ કહ્યું, સાધુઓથી નટનું નૃત્ય જોવાય નહીં. ફરી બીજી વાર સમય લાગવાનું કારણ પુછતાં વાંકા ઉત્તર આપી અંતે નટડીનું નૃત્ય જોતાં વાર લાગવાનું કહ્યું, ગુરુએ કહ્યું, તમને નટનું નૃત્ય જોવાની ના કહી તો પછી વિશેષ રાગના કારણ રૂપ નટડીનું નૃત્ય શ્રમણોથી કેમ જોવાય? શ્રમણોએ કહ્યું, એમાં દોષ તમારો જ છે, તમારે પહેલેથી જ નટ નૃત્યની સાથે નટડીના નૃત્યનો નિષેધ કરવો હતો ને? તેમ તમોએ કરેલ નથી તેથી અમારો દોષ નથી. આ વક્રજડનું દ્રષ્ટાંત જાણવું.

બીજું દ્રષ્ટાંત કહેવાય છે.—એક વેપારીનો પુત્ર અવિનયી અને વક્ર જડ હતો. એના પિતાજી એને ઘણીવાર ઘણું સમજાવતા, તેમાં એમ પણ કહેતા કે માતા પિતા વિગેરે વડીલોની

સામે ન બોલવું જોઇએ. એક વખત માતા પિતા વિગેરે ઘરના બધા માણસો બહાર ગયા ત્યારે આજે હું ઠીક કરીશ, એમ વિચારીને ઘરના બારી બારણા બંધ કરીને બેસી ગયો. માતા પિતા વિગેરે પાછા ઘરે આવ્યા, દરવાજા ખખડાવ્યા, દરવાજો ઉઘાડવા મોટેથી સાદ કરી કહ્યું, છતાં તે પુત્રે ઉત્તર (પણ) ન આપ્યો, એટલે પિતા ભીંત ઉપર ચડી અંદર ગયા ત્યારે પુત્રને હસતો જોયો, પિતાએ પુત્રને ઉપાલંભ દીધો, ત્યારે પુત્રે કહ્યું કે તમે જ મને કહેલ હતું ને? વડીલોની સામે ઉત્તર ન દેવો. એ બીજું દૃષ્ટાંત વક્ર જડ વિષે જાણવું.

આ દૃષ્ટાંતો સર્વ શ્રમણોને માટે નહીં, પરંતુ અમુક શ્રમણોને માટે જાણવા. ઋજુ જડોને અને વક્ર જડોને ધર્મની આરાધનાનો સંભવજ હોતો નથી, આવું ઉત્સૂત્ર ભાષણ ન કરવું.

પ્રથમ જિનના શ્રમણોમાં જડપણું—અપ્રાજ્ઞપણું હોવા છતાં તેઓ સરલપણાને કારણે આજ્ઞાપાલક અને ભાવની વિશુદ્ધિવાલા હોવાથી ધર્મના આરાધક બની શકે છે. તેમજ અંતિમ જિનના શ્રમણો પણ અમુક વક્ર જડ હોવા છતાં ધર્મની આરાધના કરતા હોવાથી તેઓ ઋજુ પ્રાજ્ઞની અપેક્ષાએ ઓછા પ્રમાણમાં પણ ધર્મના આરાધક બની શકે છે. તેથી જે કોઈ એમ કહે છે કે આ કાળમાં ધર્મ નથી, સામાયિક નથી, વ્રતો નથી તેને શ્રમણ સંઘે શ્રમણ સંઘ બહાર કરવો એમ શાસ્ત્રોમાં કહેલ છે. ઋજુ જડનો કાલ છતાં ભગવાન શ્રી ઋષભદેવના શાસનમાં પણ ચતુર્વિધ સંઘ હતો, ધર્મ હતો, ધર્મ આરાધી ઘણા આત્માઓ મોક્ષે ગયા છે. ઘણા સદ્ગતિને પામ્યા છે. ભગવાન શ્રી મહાવીરદેવના શાસનમાં પણ ચતુર્વિધ સંઘ હતો, છે અને રહેશે. ઘણા આરાધક આત્માઓ ઘણી સુંદર ધર્મની આરાધના કરી ગયા છે, કરી રહ્યા છે અને કરતા રહેશે, તેથી વક્ર જડપણાને કારણે આ કાળમાં ધર્મ નથી એમ કદી કહેવું નહીં.

આ દશ પ્રકારનો કલ્પ—આચાર ત્રીજા વૈદ્યના ઔષધ સમાન ગુણકારી છે તે વાત કહે છે.

પાંચથી બાર ગુણવાળું ક્ષેત્ર ચાતુર્માસ માટે મધ્યમ ક્ષેત્ર કહેવાય. જો તેર ગુણવાળું ક્ષેત્ર ન મળે તો મધ્યમ ક્ષેત્રમાં ચાતુર્માસ કરવું, મધ્યમ ક્ષેત્ર પણ ન મળે તો આ રીતના ચાર ગુણવાળું ક્ષેત્ર જઘન્ય કહેવાય. (૧) સ્થંડિલ ભૂમિ નિર્દોષ હોય. (૨) સ્વાધ્યાય સુખેથી થઇ શકતું હોય. (૩) જિન ચૈત્ય હોય. (૪) અને આહાર પાણી સારી રીતે મળી શકતા હોય. એ ચાર ગુણવાળા ક્ષેત્રમાં સાધુ કે સાધ્વીઓએ ચાતુર્માસ કરવું. હાલનાં સમયમાં ગુરુ મહારાજે આદેશ આપેલ ક્ષેત્રમાં ચાતુર્માસ કરવું એ વ્યવહાર છે તેનું ઉલ્લંઘન ન કરવું.

નવ કલ્પી વિહાર કરનારા સાધુ ભગવંતો વર્ષા કાલમાં એક સ્થાને રહી ધર્મની ઘણી આરાધના કરે–કરાવે છે. જિનેશ્વરદેવોએ કહેલ ઉપદેશ આપી લોકોને ધર્મમાં જોડે છે. ધર્મમાં સ્થિર કરે છે. અનેક શાસન પ્રભાવનાના કાર્યો કરે–કરાવે છે. વર્ષા કાલ સિવાયના આઠ માસમાં પણ ગામો ગામ વિચરી તીર્થંકરદેવોએ કહેલ ઉપદેશ આપી અનેક ભવ્યાત્માઓને ધર્મ પમાડે છે. અનેક આત્માઓને સર્વવિરતિ આપી સાધુ બનાવી ઉદ્ધાર કરે છે. અનેક આત્માઓ કે જેઓ સર્વવિરતિ સ્વીકારવાને સમર્થ નથી થતા તેમને દેશવિરતિ આપી સર્વવિરતિની ભાવના જાગૃત રખાવે છે. એ શ્રમણો તીર્થંકર પરમાત્માઓના ઉપદેશ પ્રમાણે ઉપદેશ આપતાં કહે છે કે, હે ભવ્યાત્માઓ! આ અસાર સંસારમાં અજ્ઞાનપણે કર્મ કરી જીવો ચોર્યાસી લાખ જીવાયોનિઓમાં જન્મ મરણાદિ પામીને ચાર ગતિમાં અસહ્ય દુઃખોને સહન કરતાં છતાં ભટક્યા કરે છે. ધર્મ કર્યા વિના જીવોના ભવોનો અને દુઃખોનો અંત આવતો નથી. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં જીવો કેવા કેવા દુઃખો પામે છે તેનું થોડું વર્ણન સાંભળો.

નરક પૃથ્વી સાત છે, તેમાં પહેલી ત્રણ નરક અત્યંત ઉષ્ણ છે, છેલ્લી ત્રણ નરક અત્યંત શીતલ છે, વચ્ચેની ચોથી નરક ઉપરની અર્ધી ઉષ્ણ છે નીચેની અર્ધી શીતલ છે. નરકની ઉષ્ણતા અને શીતલતાથી નરકના જીવો ઘણાં જ દુઃખી રહે છે. નરકની ઉષ્ણતા અને શીતલતા એટલી ભયંકર હોય છે કે, ત્યાં લોઢાનો પર્વત લઈ જવામાં આવે એ નરકની ઉષ્ણ અને શીતલ ભૂમિને સ્પર્શ્યા વિના ઓગળી જાય છે, અથવા તો શીર્ણ–વિશીર્ણ થઈ જાય છે. આ ક્ષેત્ર વેદના ઉપરાંત પરસ્પર નારકી

વારંવાર છેદન, ભેદન, છૂંદન, કુટ્ટન, પાચન, ભક્ષણ, ક્ષાર મેલન, જવાલન વિગેરેથી દુ:ખિત થઈ મરે છે. અનંતકાળ સુધી ફરી ફરી એમાં જ ઉત્પન્ન થઈ આવા દુ:ખો ભોગવી મરે છે.

બેઇન્દ્રિયમાં કરમીયા, ગંડોલા, ઇયળ, પુરા, અલસીયા, ચલિતરસના, અથાણાના અને ચાર મહાવિગઈ આદિના જીવો રૂપે થઈ પગથી કચડાઈ, પક્ષિઓથી ભક્ષણ કરાઈ, માણસોથી ભક્ષણ કરાઈ, પાણીથી દવા વિગેરેથી પીડાઈને મરે છે.

તેઇન્દ્રિયમાં જૂ, માંકડ, કીડીઓ, કુંથુઆ વિગેરે થઈ મસળાઈ, ગરમ પાણીથી, પગથી, ખાવાની વસ્તુઓમાં પડી જવાથી, અનાજ સાથે પીસાઈ, રંધાઈ જવાથી અતિ દુ:ખી થઈ મરે છે.

ચૌરિન્દ્રિયમાં મધમાખી, ભમરા, મચ્છર, ડાંસ, વિચ્છિ, માખી, પતંગીયા, તીડ વિગેરે જીવો લોકોથી સ્વાર્થ ખાતર અનેક પ્રકારોથી કે દવા વિગેરેના પ્રયોગોથી પીડાઈ મરે છે.

તિર્યંચ પંચેન્દ્રિયમાં માછલા વિગેરે જલચર જીવો થઈ પરસ્પર ખવાય છે. મચ્છીમારો પકડીને વેચે છે, ચીરે છે, રાંધે છે. ખાય છે. સ્થલચરોમાં શિકારીઓ વડે હરિણાદિના શિકાર થાય છે, ચીરાય છે, રંધાય છે, ખવાય છે. સિંહ, વાઘ, ચિત્તા વિગેરે હિંસક પ્રાણીઓ મૃગલા, ઘેટા, બકરા, ઉંદર વિગેરેને મારી ખાય છે, લોહી ચૂસી જાય છે, યજ્ઞમાં કે દેવ–દેવીઓને બલિદાનના બાનાથી કાપવામાં આવે છે, ખાવામાં આવે છે. ખેચર જીવોમાં હિંસક પક્ષિઓ ચકલા, પારેવા, પોપટ, તેતર વિગેરે પક્ષીઓને પકડી, મારીને ખાઈ જાય છે. શિકારીઓ પક્ષિયોને પકડીને મારે છે. જન્મતાં જ ઇંડા અવસ્થામાં છૂટથી ફોડી ખવાય છે. શસ્ત્ર, જલ, અગ્નિ વિગેરેથી સદા ભયભીત રહે છે. આવા અનેક પ્રકારે તિર્યંચ પંચેન્દ્રિયો અગણિત તીવ્ર દુ:ખોથી પીડાય છે.

મનુષ્યપણું પામીને પણ ઘણા જીવો અનાર્ય દેશોમાં ઉત્પન્ન થઈ કે, આર્ય દેશોમાં પણ અનાર્ય એવા કસાઈ, શિકારી, મચ્છીમાર, ચંડાલ વિગેરે હલકી જાતોમાં ઉત્પન્ન થઈ હિંસા, અસત્ય, ચોરી,

મહાવ્રતધારી બનીને બેંતાલીશ દોષ રહિત આહાર પાણી લાવી ગુરુ મહારાજની તથા આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગણી, ગણાવચ્છેદક, પ્રવર્તક, તપસ્વી, બાલ, વૃદ્ધ વિગેરે મહાવ્રતધારીઓની સેવા ભક્તિ કરૂં. વૈયાવચ્ચ કરૂં. વળી એ ભાગ્ય ક્યારે જાગશે કે, હું મહાવ્રતધારી બની સમસ્ત જૈનાગમોનું અધ્યયન કરી જગતના જીવોને સતત ઉપદેશ આપતો રહી સર્વ જીવોને શાસનના રસિયા બનાવું ? વળી કમભાગ્યે જ્યાં સુધી ચારિત્ર ન લઈ શકું ત્યાં સુધી ચારિત્ર ગ્રહણની તીવ્રભાવના રાખીને ક્યારે સંઘપતિ બની હું શત્રુંજય, સમેત્તશિખરાદિ મહાતીર્થોની યાત્રા હજારો અને લાખો સાધર્મિકોને કરાવીશ? વળી ક્યારે એ મહાતીર્થોનો જીર્ણોદ્ધાર કરાવવા અને નવીન જિનાલયો બંધાવીને પૃથ્વીને જિનમંદિરોથી અલંકૃત કરવા ભાગ્યશાળી બનીશ ? તેમજ જૈનાગમોને લખી લખાવી સાચવવા માટે જ્ઞાનભંડારો કરવાની વિશ્વવ્યાપી કાર્યવાહી ક્યારે કરીશ ? વળી ક્યારે હું જિનેશ્વર-દેવની પૂજા, આંગી, ભાવના કર્યા ઉપરાંત સત્પાત્ર એવા સાધુ–સાધ્વીજીઓની સમર્પણ ભાવનાથી સતત આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, વસતિ, ઔષધ વગેરેથી પ્રશંસા પાત્ર ભક્તિ કરતો રહી આત્માને ધન્ય ધન્ય બનાવીશ? મારા સાધર્મિક બંધુઓ ધર્મશ્રદ્ધા પ્રાપ્ત કરે, ધર્મજ્ઞાન મેળવતા રહે અને ધર્મ આચરણ કરતા રહે એવી બધી વ્યવસ્થા હું ક્યારે કરીશ ? અને આર્થિક રીતે સિદાતા સાધર્મિકોને ક્યારે સહાય આપતો રહીશ, તથા દીન દુ:ખીઓના દુ:ખ ટાળવા યોગ્ય વ્યવસ્થા ક્યારથી કરતો રહીશ, એવું ભાગ્ય મારૂં ક્યારે જાગશે? એ અને એવી બીજી ભાવના ભાવવી શક્તિ મળે ત્યારે ભાવનાઓ પ્રમાણે ઉપરોક્ત કાર્યો અને પરઉપકાર કરી છૂટવું એવી રીતે ભાવધર્મની આરાધના કરવી. એથી પરમાત્મા થવાય છે, પરમપદ પ્રાપ્ત થાય છે.

આવો સતત ઉપદેશ આપતા એવા સાધુઓએ વર્ષાકાલમાં જીવરક્ષાના કારણે એક ક્ષેત્રમાં રહેવું જોઇએ. સાધુઓને વીશ વિશ્વા દયા પાળવાની હોય છે. સવા વિશ્વા દયા પાળનાર શ્રાવકોએ પણ દેશ પરદેશ જવા આવવાનો ચાતુર્માસમાં સંયમ રાખવો જોઇએ. આ માટે શ્રીકૃષ્ણ જેવા મહારાજાનું દૃષ્ટાંત વિચારવું જોઇએ.

અવધિજ્ઞાનથી હકીકત જાણી ધરણેન્દ્રે ત્યાં આવી અમૃત સિંચનથી બાળકને મૂર્છા રહિત ચેતનવંતો બનાવી બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું. આયુધ હાથમાં રાખી શેઠને ઘરે આવી અપુત્રીયાનું ધન લેતા રાજપુરુષોને અટકાવ્યા એ જાણી રાજા ત્યાં આવી કહેવા લાગ્યો કે, અમારા રાજ્યમાં અપુત્રીયાનું ધન રાજા લઈ લે એવી પરંપરા છે, તો તે લેતાં તું કેમ અટકાવે છે! ધરણેન્દ્રે કહ્યું, રાજન્! શેઠનો પુત્ર જીવતો છે. રાજાએ કહ્યું બતાવો, એથી ધરણેન્દ્રે જમીનમાંથી શેઠના પુત્રને જીવતો કાઢી બતાવ્યો એ જોઈ જનતા વિસ્મય પામી. ભૂપાલે કહ્યું, તમે કોણ છો? અને આ બાળક કોણ છે? ધરણેન્દ્રે કહ્યું, હું નાગરાજા ધરણેન્દ્ર છું. આ બાળકના અઠ્ઠમતપના પ્રભાવથી મારું આસન કંપવાથી હું અહીં આવેલ છું. નૃપતિએ કહ્યું,બાલ્યવયમાં આણે અઠ્ઠમતપ કેમ કર્યું? ધરણેન્દ્રે કહ્યું, પૂર્વભવમાં એ વાણિયાનો પુત્ર હતો. બાળપણમાં એની માતા મરણ પામી, તેથી એના પિતાએ બીજી પત્ની કરી. ઓરમાન માતા એ બાળકને અપરાધ વિના અપરાધ જણાવીને ખુબ દુઃખ દેતી હતી. બાળકે ઘણા દુઃખની વાત પોતાના જૈન ધર્મી મિત્રને કહી. તેને શાન્તવન આપતાં મિત્રે કહ્યું કે, ભાઈ! ધર્મ કર્યા વિના જીવને સુખ મલતું નથી. તેં પૂર્વ ભવમાં ધર્મ કરેલ નહીં હોય તેથી તને દુઃખ મળે છે. એ સાંભળી મિત્ર પાસેથી સમજ મેળવી તે બાળક ધર્મ કરવા લાગ્યો. પર્વ તિથિઓમાં ઉપવાસ કરવા લાગ્યો. બીજી તિથિઓમાં નવકારસી, પોરિસી, સાઢપોરિસી, એકાસણ વગેરે તપ કરવા લાગ્યો, પછી પર્યુષણ મહાપર્વ સમીપમાં હતા ત્યારે પર્યુષણમાં હું અઠ્ઠમ તપ કરીશ એવો સંકલ્પ તેણે કર્યો અને રાતે ઝુંપડીમાં સૂઈગયો, ત્યારે સમીપમાં અગ્નિ લાગી. તે બાળકની ઓરમાન માતાએ જાગીને એ બાળક સૂતો હતો એ ઝૂંપડી પર તે અગ્નિના કણીયા નાખી દીધા, ઝુંપડી બળી ગઈ, બાળક શુભ ધ્યાનથી મૃત્યુ પામી અહીં શ્રીકાન્ત શેઠને ઘરે ઉત્પન્ન થયો છે. પર્યુષણ પર્વની અઠ્ઠમતપની લોકવાણી સાંભળવાથી એ બાળક જાતિ સ્મરણજ્ઞાન પામ્યો. પછી અઠ્ઠમતપ કરવાથી મુર્છા પામ્યો. તેને મૃત્યુ પામેલો જાણી પૃથ્વીમાં દાટયો. બાળકના તપના પ્રભાવથી મેં અત્રે આવી એને સચેતન કર્યો છે.

હે પૃથ્વીપાલ! એ બાળક મહાપ્રભાવક પુરુષ થાશે. આ ભવમાં જ કેવલજ્ઞાન પામીને મોક્ષે જાશે. એને તમો સારી રીતે સાચવજો. તમારા પર પણ મોટા ઉપકાર કરનારો થાશે. એમ જણાવી પોતાના

[illegible] માં પહોંચાડી ધરણેન્દ્ર પોતાને સ્થાનકે ચાલ્યો ગયો. ધરાપાલ એ [illegible] ઉત્સવપૂર્વક તેને ઘરે પહોંચાડી પોતાને સ્થાને ગયો. લોકોએ શેઠનું [illegible] નાગકેતુ નામ કર્યું. અનુક્રમે વૃદ્ધિ પામેલ નાગકેતુ જિતેન્દ્રિય બની [illegible] કરવા લાગ્યો. એક વખત વિજયસેન નૃપતિએ કોઇક પુરુષ પર ખોટો આરોપ દઈ તેને મારી નખાવ્યો. તે પુરુષ મૃત્યુ પામી વ્યંતર દેવ થયો. તેણે જ્ઞાનથી રાજાની આ દુષ્ટ ક્રિયા જાણી તેથી ક્રોધિત થઈ રાજા સહિત નગરનો વિનાશ કરવા માટે આકાશમાં આવી નગર પ્રમાણ મોટી શિલા વિકુર્વી લોકોને ભય પમાડી નીચે આવી પૃથ્વીપતિને સિંહાસન ઉપરથી લાત મારીને નીચે પાડી રુધિર વમતો કરી દીધો. પછી તે દેવે કહ્યું કે, હે ભૂપતિ! તેં મને ચોરીનું ખોટું કલંક દઈ મારી નખાવ્યો છે તેનું ફળ તને આપું છું તે ભોગવ. આ પ્રમાણે દેવનું કૃત્ય જોઈ, નાગકેતુએ વિચાર્યું, કે મારાથી મારા જીવતે શ્રીસંઘનો અને જિનાલયનો નાશ કેમ જોવાય? તેથી તે નવકાર મહામંત્રને સ્મરણમાં લેતો જિનપ્રાસાદ ઉપર ચડે છે, પડતી શિલાને અટકાવી, દેવનો તિરસ્કાર કરે છે. તે સમયે નાગકેતુની તપ:શક્તિને સહન ન કરી શકવાથી શિલાને સંહરી લઇ તે દેવ નાગકેતુ પાસે આવી પોતાનો અપરાધ ખમાવી સ્વસ્થાને ચાલ્યો ગયો. આ પ્રસંગથી લોકોમાં નાગકેતુની ઘણી પ્રશંસા થઈ. પૃથ્વીપતિએ પણ નાગકેતુને ઘણું આદરમાન આપી સત્કાર કર્યો. કોઇક સમયે જિનપૂજા કરતાં નાગકેતુને પુષ્પોમાંથી નીકળેલા તંબોલી સર્પે દંશ દીધો. એ સર્પનું વિષ આખા શરીરે વ્યાપી ગયું. નાગકેતુ શુભ ધ્યાનથી ક્ષપક શ્રેણીને પામી કેવલજ્ઞાન પામ્યાં. શાસનદેવીએ મુનિવેશ આપ્યો તે ધારણ કરી પૃથ્વીપીઠ પર વિચરતા અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડતા નાગકેતુ કેવલી અંતે મોક્ષમાં ગયા.

આ નાગકેતુનો વૃતાંત સાંભળી જે જીવો છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપ કરતાં છતાં કલ્પસૂત્ર સાંભળે છે તે જીવો પ્રાયે આઠ ભવમાં મોક્ષે જાય છે. આ કલ્પસૂત્ર પાપનો નાશ કરનાર, મનોવાંછિત પૂરનાર, ઘનઘાતિ કર્મને ટાળનાર છે. આ કલ્પસૂત્ર વાંચનાર, વાંચનારને સહાય કરનાર, કલ્પસૂત્રના અક્ષરે અક્ષર સાંભળનાર અને વિધિ સહિત એનું આરાધન કરનાર પ્રાયે આઠ ભવમાં મોક્ષે જાય છે.

મહાવીરદેવ કહે છે કે, હે ગૌતમ! જિનશાસનને વિસ્તારવામાં એક ચિત્તવાળા બનીને પ્રભાવના અને પૂજા કરવામાં તત્પર બનીને જે માણસો આ કલ્પસૂત્રને એકવીશ વાર સાંભળે છે તે માણસો આ સંસાર સમુદ્રને તરી જાય છે. કલ્પસૂત્ર સાંભળીને ધર્મની દરેક પ્રકારની આરાધનામાં જોડાઈ જવાની જીવોને વૃત્તિ થાય છે અને ધર્મમાં જોડાઈ જાય છે. તેથી તેઓ સંસાર સમુદ્રને તરી જાય છે.

આ કલ્પસૂત્ર પ્રત્યાખ્યાન પ્રવાદ નામના નવમાં પૂર્વમાંથી ચૌદપૂર્વધારી યુગ પ્રધાન શ્રી ભદ્રબાહુસ્વામિએ ઉદ્ધરેલ શ્રી દશાશ્રુત સ્કંધનું આઠમું અધ્યયન છે. "પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ" એ ઉક્તિ પ્રમાણે શ્રી કલ્પસૂત્ર અત્યંત વિશ્વાસપાત્ર મહાપુરુષનું બનાવેલ હોવાથી અત્યંત માનનીય છે.

અહીં ચૌદ પૂર્વના નામ અને પ્રમાણ કહે છે.—પહેલો **ઉત્પાદપૂર્વ** અંબાડી સહિત એક હાથી જેટલી મશીની શાહીથી લખાય, બીજો **આગ્રાયણીપૂર્વ** બે હાથી જેટલી મશીની શાહીથી લખાય, ત્રીજો **વીર્યપ્રવાદપૂર્વ** ચાર હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, ચોથો **અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વ** આઠ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, પાંચમો **જ્ઞાનપ્રવાદપૂર્વ** સોળ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, છઠ્ઠો **સત્યપ્રવાદપૂર્વ** બત્રીશ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, સાતમો **આત્મપ્રવાદપૂર્વ** ચોસઠ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, આઠમો **કર્મપ્રવાદપૂર્વ** એકસો અઠયાવીશ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, નવમો **પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ** બસો છપ્પન હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, દશમો **વિદ્યાપ્રવાદપૂર્વ** પાંચસોબાર હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, અગીયારમો **કલ્યાણપ્રવાદપૂર્વ** એક હજાર ચોવીશ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, બારમો **પ્રાણાવાયપ્રવાદપૂર્વ** બે હજાર અડતાલીશ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, તેરમો **ક્રિયાવિશાલપૂર્વ** ચારહજારછન્નુ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, ચૌદમો **લોકબિંદુસારપૂર્વ** આઠ હજાર એકસો બાણું હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય, એ ચૌદ પૂર્વને લખાવતાં સોળ હજાર

૬૯૫. આગમો ચ્યારી હાથી પ્રમાણ મશીની શાહી જોઈએ. આ ચૌદ પૂર્વ પહેલાં કોઈએ લખ્યા નથી લખાતા નથી અને લખાશે પણ નહીં, પરંતુ એમને લખાવવાનું પ્રમાણ કેવલી ભગવંતોએ કહેલ છે.

શ્રીકલ્પસૂત્ર પહેલા ભાદરવા શુદિ પાંચમના સાંવત્સરિક પ્રતિક્રમણ બાદ મધ્ય રાત્રીએ શ્રી ગુરુમહારાજ ઉભા રહીને મુખ પાઠથી કહેતા તેને બધા સાધુઓ કાઉસ્સગ્ગમાં રહીને શ્રવણ કરતા, બીજે દિવસે ભાદરવા શુદિ છઠ્ઠના ગુરુમહારાજ સાધ્વીજીઓને સંભળાવતા. શ્રી મહાવીરદેવના નિર્વાણથી ૯૮૦ વર્ષે પુસ્તકો લખાયાં ત્યારે આ કલ્પસૂત્ર પણ લખાણું. ૯૯૩ માં વર્ષે આનંદપુરમાં (વડનગર) ધ્રુવસેન રાજાનો એક જ પુત્ર હતો તે પર્યુષણ પહેલાં મૃત્યુ પામ્યો. "કોઈક પ્રતમાં કુમારને દાહજ્વર ઉત્પન્ન થયેલ એમ જણાવેલ છે." રાજા પુત્રના શોકને લીધે ઉપાશ્રય આવતો નહીં તેથી બીજા શ્રેષ્ઠિઓ પણ આવતા નહીં, એ જાણી ગુરુમહારાજે રાજસભામાં આવી નરપતિને કહ્યું, હે ધરાપાલ! તમારા દુઃખથી આખું નગર શોકાતુર બનેલ છે. શરીર, પરિવાર, સમૃદ્ધિ એ બધું નાશવંત છે, આયુષ્ય અસ્થિર છે, સંસાર અસાર છે, જન્મ્યો તેનું મરણ થવાનું જ છે તેથી હે પૃથ્વીપાલ! તમારે શોક કરવો જોઈએ નહીં, તમો પર્યુષણા મહાપર્વના ભાદરવા શુદિ પાંચમના દિવસે ઉપાશ્રયે આવો તો નવમા પૂર્વમાંથી ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુસ્વામિએ ઉદ્ધરેલ મહામંગલકારી એવું શ્રીકલ્પસૂત્ર વાંચી સંભળાવું. નૃપતિએ કહ્યું, મારે પુત્રના મરણનો શોક નિવારવાનો છે વળી ઈન્દ્ર મહોત્સવ પાંચમના દિવસે છે, તેથી છઠ્ઠના દિવસે કે, ચોથના દિવસે આવું. ગુરુ મહારાજે ચોથના દિવસે આવવાનું કહ્યું. ગુરુ વચનથી રાજા ઉપાશ્રયે આવ્યો, એટલે ગુરુ મહારાજે શ્રી સંઘ સમક્ષ શ્રીકલ્પસૂત્ર વાંચી સંભળાવ્યું. તે દિવસથી રાજાની વિનંતિથી દર વર્ષે પર્યુષણ પર્વમાં શ્રી સંઘ સમક્ષ શ્રીકલ્પસૂત્ર વાંચવાની પ્રવૃતિ ચાલુ થઈ, તેમજ ત્યાર પછી બીજા વર્ષથી કારણ વિના પણ ચોથના પર્યુષણ કરવાનું કેટલાક આચાર્યોએ ચાલુ રાખ્યું. જ્યારે કેટલાક આચાર્યો પૂર્વની રીતે પાંચમના જ પર્યુષણ પર્વ કરતા કરાવતાં રહ્યા છે. ભાદરવા શુદિ પાંચમ જેમ જૈન શાસનમાં માનનીય છે. તેમ અન્ય ધર્મમાં પણ ભાદરવા શુદિ પાંચમ, ઋષિપંચમી ...

એ ઋષિપંચમીની કથા કહે છે.

પુષ્પાવતી નગરીમાં ઇન્દ્રદત્ત બ્રાહ્મણે પિતાનો શ્રાદ્ધનો દિવસ સાચવવા એનો પિતા જ મરીને એને ત્યાં બળદ થયો હતો, તેને જ તે દિવસે ઘાંચીને ત્યાં ભાડે આપ્યો, અને ભાડાના પૈસાથી સામગ્રી લઈ બ્રાહ્મણોને નોતર્યા. ઘરે ખીર બનાવી, એ ખીરમાં ઘરની વળીઓમાંથી જતા સાપના મુખમાંથી ઝેર પડતું હતું તેને કુતરીએ જોયું. એજ બ્રાહ્મણની માતા મરીને એ કુતરી થઈ હતી, તેણીએ પોતાનું ઘર જોયું તેથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, એ કુતરીએ વિચાર્યું કે, જો આ ખીર બ્રાહ્મણો ખાશે તો તેમનું ચોક્કસ મરણ થાશે, પુત્ર અને પુત્રવધૂ પણ મરી જશે, એટલે ઘણો અનર્થ થાશે. એમ વિચારી કુતરીએ વહુના દેખતાંજ ખીરમાં પોતાનું મુખ નાખ્યું. તે જોઈ અત્યંત ગુસ્સે થયેલી વહુએ મુશળ પ્રહાર કરી કુતરીની કેડ ભાંગી નાખી, કુતરી ચીસો પાડતી ગાય બાંધવાની જગ્યાએ જઈને પડી ગઇ. બ્રાહ્મણે તે ખીર કાઢી નાખી બીજી ખીર રાંધી બ્રાહ્મણોને જમાડ્યા, એ રીતે પિતાનો શ્રાદ્ધનો દિવસ સાચવી પોતે જમીને આખા દિવસનો થાકેલો તે ગાય બાંધવાની જગ્યા પાસે ખાટલો નાખી તે પર સૂતો. ઘાંચી આખો દિવસ બળદને ચલાવી ભૂખ્યા તરસ્યા થાકેલા એવા તે બળદને ત્યાં બાંધી ગયો. પછી કુળદેવીના અંગ પ્રવેશથી વાચા પામેલા તે બન્નેમાંથી કુતરીએ બળદને કહ્યું, આજે શ્રાદ્ધ તો આપણું હતું, અને મિષ્ટાન ભોજન તો બ્રાહ્મણોને મળ્યું, વધારામાં આ પાપી પુત્રવધૂએ મુશલ મારીને મારી કેડ પણ ભાંગી નાખી છે, એની મને ઘણી પીડા થાય છે, બળદે કહ્યું, આ પાપી પુત્રે આજે આપણું જ શ્રાદ્ધ કરવા ઘાંચીને ત્યાં મને ભાડે આપ્યો, ઘાંચી આખો દિવસ ફેરવીને ભૂખ્યા તરસ્યા એવા મને અહીં બાંધી ગયો, આ પુત્રે મારી પૂછા પણ નથી કરી. આ રીતની કુતરી-બળદની વાતો સાંભળી બ્રાહ્મણે વિચાર્યું કે આ તો મારા માતા પિતા છે. પછી તેણે કુતરીને ખીર ખવરાવી અને બળદને ચારો પાણી આપ્યો અને માતાપિતાની સદ્ગતિ થાય તે માટે તીર્થયાત્રાઓ કરી. એ વિષે કોઈ મોટા ઋષિને પુછ્યું, ઋષિએ કહ્યું, આ બન્ને જીવે ભાદરવા શુદિ પંચમીના દિવસે અપ્રસ્તાવે કામ ક્રીડા કરી છે, એ પાપથી તારા માતા પિતા તિર્યંચપણાને પામ્યા છે. હવે તું ભાદરવા શુદિ પાંચમે



શ્રી શ્રમણ ભગવાન મહાવીર દેવ.


મોટા મહોત્સવપૂર્વક શ્રીકલ્પસૂત્રની પોથી કોઇ ભાવિકને ઘરે લઈ જઈ ત્યાં ચંદરવા પુંઠીઆ વગેરેથી શણગારેલ સ્થાનમાં ઉંચા સ્થળે પધરાવી રાત્રીએ ધર્મ જાગરણ કરાવવું. બીજે દિવસે ભાદરવા શુદિ એકમના સવારના મોટા સમારોહપૂર્વક શ્રી કલ્પસૂત્રનો વરઘોડો ગામમાં ફેરવી ગુરુ મહારાજ પાસે આવી શ્રીકલ્પસૂત્ર વાંચવા માટે ગુરુશ્રીને સમર્પવું અને વિધિપૂર્વક સાંભળવું. ગુરુવર્ય શ્રી માંગલિક કરી પ્રારંભમાં મંગલરૂપ આ ગાથા દરરોજ કહીને શ્રી કલ્પસૂત્ર વાંચે.


पुरिम चरिमाण कप्पो, मंगलं वध्धमाण तित्थंमि ॥
इह परिकहिया जिणगण हराइ थेरावली चरित्तं ॥ १ ॥

અર્થ—પ્રથમ અને અંતિમ જિનેશ્વરોના સાધુઓનો આચાર અંતિમ શ્રીવર્ધમાનસ્વામીના શાસનમાં મંગલ રૂપ છે. આ આચારનો નિર્દેશ કરનાર કલ્પસૂત્રમાં ત્રણ અધિકાર છે. પ્રથમ અધિકારમાં ચોવિશ તીર્થંકરોના જીવન ચરિત્રો છે, બીજા અધિકારમાં ગણધરો અને સ્થવિરોનું વર્ણન છે, ત્રીજા અધિકારમાં ચોસઠ આલાવાવાલી અઠાવીશ પ્રકારની સાધુ સમાચારી છે.

પ્રથમ અધિકારમાં સમીપના ઉપકારી ચરમ તીર્થપતિ ભગવાન શ્રીમહાવીરદેવ છે, તેથી તેમનું ચરિત્ર પ્રથમ કહેલ છે. શ્રી કલ્પસૂત્ર સર્વ વિઘ્નોની શાન્તિ માટે મહા મંગલરૂપ છતાં તેની શરૂઆતમાં મહા મંગલકારી શ્રી પંચ પરમેષ્ઠિ મહા મંત્રરૂપ શ્રી નવકાર મહામંત્રનો ઉચ્ચાર કરીને શ્રી કલ્પસૂત્રની શરૂઆત કરાય છે.

ઇતિ માંડણી





શ્રી શ્રમણ ભગવાન મહાવીરદેવનું પ્રથમ ચ્યવન કલ્યાણક [દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવવું]

તે કાળ અને તે સમયને વિષે શ્રમણ ભગવાન શ્રીમહાવીરદેવ ગ્રીષ્મ ઋતુનો ચોથો માસ, આઠમું પખવાડિયું એટલે આષાઢ શુકલ પક્ષ, એ પક્ષની છઠ્ઠની રાત્રીએ, સર્વ વિમાનોમાં અત્યંત શ્રેષ્ઠ, શ્વેત કમલ સમાન, મહાવિજયવંત, વીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા એવા દશમાં પ્રાણત નામના દેવલોકના પુષ્પોત્તર નામના વિમાનથી દેવ આયુષ્ય પૂર્ણ થયે, દેવગતિ નામ કર્મનો ક્ષય થયે, અને વૈક્રિય શરીરમાં રહેવાનો સમય પૂર્ણ થયે છતે, એટલે દેવસંબંધી શરીરને ત્યજીને આ જંબુદ્વીપમાં દક્ષિણાર્ધ ભરતમાં આ અવસર્પિણી કાળમાં સુષમ સુષમ નામનો ચાર કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળો પહેલો આરો પુરો થયા પછી સુષમ નામનો ત્રણ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળો બીજો આરો પુરો થયા બાદ, સુષમ દુષમ નામનો બે કોડા કોડી સાગરોપમની સ્થિતિવાળો ત્રીજો આરો પુરો થયો, ત્યારબાદ પણ બેંતાલીસ હજાર વર્ષ ઓછા એવા એક કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળો ચોથો આરો ઘણો વ્યતીત થયો, એટલે ચોથા આરાને પૂરો થવાને પંચોતેર વર્ષ અને સાડા આઠ માસ બાકી હતા ત્યારે ઇક્ષ્વાકુ વંશના કાશ્યપ ગોત્રીય એકવીશ તીર્થંકરો થઈ ગયા, અને હરિવંશના ગૌતમ ગોત્રવાળા બે તીર્થંકરો પણ થઈ ગયા, એટલે પૂર્વે ત્રેવીશ તીર્થંકરો આગળ થઈ ગયા હતા, એવા સમયે ચોવીશમા તીર્થંકર મહાવીર થાશે એમ પૂર્વના તીર્થંકરોથી નિર્દિષ્ટ એવા ભગવાન શ્રી મહાવીર બ્રાહ્મણકુંડ ગ્રામ નામના નગરમાં કોડાલગોત્રવાળા ઋષભદત્ત નામના બ્રાહ્મણની જાલંધર ગોત્રવાળી દેવાનંદા નામની બ્રાહ્મણી પત્નીની કુક્ષીમાં મધ્યરાત્રીના સમયે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે દેવ સંબંધી ભવ, આહાર અને શરીરનો ત્યાગ થવાથી ગર્ભપણે ઉત્પન્ન થયા. અહીં કાલચક્રનું પ્રમાણ કહે છે.

જૈન શાસ્ત્રોમાં વીશ કોડાકોડ સાગરોપમ પ્રમાણ કાળને એક કાળચક્ર કહેલ છે. એના ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ બે ભેદ છે. જે કાળમાં સમયે સમયે સમસ્ત પદાર્થોના વર્ણાદિગુણોની વૃદ્ધિ થાય તે દશ કોડાકોડી સાગરોપમ કાળ પ્રમાણવાળો ઉત્સર્પિણી કાળ કહેવાય, જે કાળમાં સમયે સમયે સમસ્ત પદાર્થોના વર્ણાદિ ગુણોની અનુક્રમથી હાનિ થાય તે દશ કોડાકોડી સાગરોપમ કાળપ્રમાણવાળો અવસર્પિણી કાળ કહેવાય. એ બન્નેના છ છ આરા છે, એટલે બાર આરના એ ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળને

એક કાળચક્ર કહેવાય છે. એ કાળચક્ર વીશ ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણનું છે. અવસર્પિણી કાળના છ આરાનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે છે. પહેલો આરો ચાર ક્રોડાકોડી સાગરોપમ કાલનો છે, એ સુષમ સુષમ નામના પહેલા આરાના મનુષ્યો ત્રણ ગાઉના શરીરવાળા, ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, બસો છપ્પન પાંસલીયોવાળા હોય છે, ત્રણ દિવસનાં આંતરે તેમને ભૂખ લાગે ત્યારે તુવેરની દાળ પ્રમાણ ભોજન કરી અત્યંત તૃપ્ત થનારા હોય છે. દશ પ્રકારના કલ્પવૃક્ષો તેમને મનવાંછિત આપનારા હોય છે. એ મનુષ્યો અત્યંત સુખી હોય છે. આયુષ્યના લગભગ અંત સમયે તેઓ પુત્ર પુત્રીરૂપ એક યુગલને જન્મ આપી, ઓગણપચાસ દિવસ એ યુગલને પાળીને મૃત્યુ પામી સ્વર્ગે જાય છે. પહેલા આરાના અંતે ઘટતું જતું આયુષ્ય બે પલ્યોપમનું અને શરીર પ્રમાણ બે ગાઉનું રહે છે. યુગલીઆના વાંછિત પુરનારા દશ કલ્પવૃક્ષોનું સ્વરૂપ કહે છે. એક કલ્પવૃક્ષ ઘર આપે છે, બીજું જ્યોતિ આપે છે. ત્રીજું આભૂષણ આપે છે, ચોથું ભોજન આપે છે, પાંચમું પાત્ર આપે છે, છઠ્ઠું વસ્ત્ર આપે છે, સાતમું વિવિધ પ્રકારના નિવાસસ્થાન આપે છે, આઠમું વાજિંત્ર આપે, નવમું પુષ્પમાલા આપે છે અને દશમું કલ્પવૃક્ષ દીપકની જ્યોત આપે છે.

યુગલીયાઓ કોમળ મનવાળા, સરલ પ્રકૃતિવાળા, ઉપશાંત રાગદ્વેષવાળા અને અત્યંત સંતોષવાળા હોય છે.

સુષમ નામનો ત્રણ ક્રોડાકોડી સાગરોપમના પ્રમાણવાળો બીજો આરો છે. એ બીજા આરાના મનુષ્યો ઉત્કૃષ્ટ બે ગાઉના શરીર પ્રમાણવાળા, બે પલ્યોપમના આયુષ્યવાળા અને એકસો અઠાવીશ પાંસલીયોવાળા હોય છે. બે બે દિવસને આંતરે બોરપ્રમાણ આહાર કરી સંતુષ્ટ થનારા હોય છે. અંતે એક યુગલને જન્મ આપી ચોસઠ દીવસ પાલન કરી મૃત્યુ પામી સ્વર્ગે જાય છે. આ બીજા આરાના અંતે મનુષ્યોનું ઘટતું જતું આયુષ્ય એક પલ્યોપમનું અને શરીર પ્રમાણ એક ગાઉનું હોય છે.

સુષમ દુષમ નામનો બે ક્રોડાક્રોડ સાગરોપમના પ્રમાણવાળો ત્રીજો આરો હોય છે. એ આરાના મનુષ્યો ઉત્કૃષ્ટથી એક ગાઉના શરીર પ્રમાણવાળા અને એક પલ્યોપમના આયુષ્યવાળા તેમજ ચોસઠ

પાંસલીઓવાળા હોય છે. એક એક દિવસના આંતરે આમળા પ્રમાણ આહાર કરી સંતુષ્ટ થનારા હોય છે. અંતે એક પુત્રપુત્રી રૂપ યુગલને જન્મ આપી તેનું ઓગણએંસી દિવસ પાલન કરી, મૃત્યુ પામી સ્વર્ગમાં જાય છે. આ ત્રીજા આરાના અંતે મનુષ્યોનું ઘટતું જતું આયુષ્ય ક્રોડપૂર્વનું અને શરીર પ્રમાણ પાંચસો ધનુષ્યનું રહે છે. આ ત્રીજા આરાનો પલ્યોપમનો આઠમો ભાગ જ્યારે બાકી રહે ત્યારે પ્રથમ કુલકરનો જન્મ થાય છે. અને ચોર્યાસી લાખ પૂર્વ ત્રણ વર્ષ અને સાડાઆઠ માસ બાકી રહે ત્યારે પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે. તથા પ્રથમ ચક્રવર્તી પણ એ આરામાં થાય છે.

દુષમ સુષમ નામનો ચોથો આરો બેંતાલીશ હજાર વર્ષ ઓછા એવા એક કોડાકોડી સાગરોપમના પ્રમાણવાળો હોય છે. એ ચોથા આરાના મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડપૂર્વનું અને શરીરમાન પાંચસો ધનુષ્યનું હોય છે. આરાને અંતે ઘટતું જતું આયુષ્ય એકસો વર્ષથી કાંઇક અધિક તથા શરીર પ્રમાણ સાત હાથનું રહે છે. આ આરામાં ત્રેવીશ તીર્થંકરો, અગીઆર ચક્રવર્તીઓ, નવ વાસુદેવો, નવપ્રતિ વાસુદેવો અને નવ બળદેવો થાય છે. આ ચોથા આરામાં યુગલિક ધર્મ હોતો નથી, એથી મનુષ્યો રુચિ પ્રમાણે ભોજન કરનારા અનેક પુત્રપુત્રીઓના માતાપિતા થનારા અને કર્મ પ્રમાણે ચારે ગતિમાં જનારા તેમ કર્મક્ષય કરીને મોક્ષે પણ જનારા હોય છે. આ આરામાં છ સંઘયણ અને છ સંસ્થાન જીવોને હોય છે.

દુષમ નામના એકવીશ હજાર વર્ષના પ્રમાણવાળા, આ પાંચમા આરાના મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકસો વર્ષથી કાંઇક અધિક હોય છે, અને શરીર પ્રમાણ સાત હાથનું હોય છે. ઘટતાં ઘટતાં આરાના અંતે આયુષ્ય વીશ વર્ષનું રહે છે. શરીર પ્રમાણ એક હાથનું રહે છે. આ પાંચમાં આરામાં જન્મેલ કોઈ પણ મનુષ્ય મોક્ષમાં એ કાળમાં જઈ શકતો નથી. કર્મ પ્રમાણે ચારે ગતિમાં જીવો ઉત્પન્ન થાય છે.

દુષમ દુષમ નામના એકવીશ હજાર વર્ષના પ્રમાણવાળા છઠા આરાના મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીશ વર્ષનું અને અંતે સોળ વર્ષનું હોય છે. શરીર પ્રમાણ પ્રારંભમાં એક હાથનું અને આરાના અંતે મુઠી વાળેલા હાથનું હોય છે. આ છઠા આરાના મનુષ્યો અત્યંત તાપ અને અત્યંત શીતને સહન ન

તપસ્યાવંત ભગવાન શ્રી મહાવીરદેવ ગર્ભપણે આવ્યા ત્યારે, દેવલોકથી જ તેમની સાથે ત્રણ જ્ઞાન હતાં. તેથી પ્રભુ હું ચ્યવવાનો છું એમ જાણતા હતા, ચ્યવવાનો કાળ અતિ સૂક્ષ્મ એક સમયનો જ હોવાથી હું ચ્યવી રહેલ છું એમ તે ચ્યવન કાળને જાણતા નથી, પરંતુ પછી હું ચ્યવ્યો છું એમ પ્રભુ જાણે છે.

દેવો જ્યારે ચ્યવવાના હોય તેથી આગળ છ માસથી દેવોની માળાઓ કરમાય છે, કલ્પવૃક્ષો કંપતાં જણાય છે, લક્ષ્મી તેમજ લજ્જાનો નાશ થાય છે, વસ્ત્રો રંગરહિત શોભા વિનાનાં થાય છે, દીનપણું આવે છે, તંદ્રા થાય છે. કામરાગ તથા શરીરનો નાશ થતો રહે છે. આંખોમાં ચક્કર આવે છે, શરીરમાં ધ્રૂજારી છૂટે છે, ઉદ્વેગ થાય છે. એ અને એવા બીજા ભાવો પણ થાય છે. પરંતુ અતિશય પુણ્યશાળીપણાને કારણે શ્રી તીર્થંકરોના જીવોને આ ભાવો પ્રાયે થતા નથી.

ભગવાન શ્રી મહાવીરદેવ પણ પ્રકૃષ્ટ પુણ્યના પ્રતાપે ઉપરોક્ત ભાવોની અસરમાં આવ્યા ન હતા. હવે પ્રભુ જાલંધર ગોત્રવાળી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં જે રાત્રીએ આવ્યા તે રાત્રીએ દેવાનંદા પોતાની શય્યામાં, નહીં અતિ નિદ્રા લેતી, નહીં અતિ જાગતી એવી અલ્પ નિદ્રાવાળી છતી જેનું સ્વરૂપ આગળ કહેવાશે એવા પ્રશંસા યોગ્ય, શુભ સમૃદ્ધિના કરનારા, કલ્યાણકારી, ઉપદ્રવોને શાંત કરનારા, ધનને આપનાર, દુરિતો–પાપોને શમાવનાર, મહામંગલકારી, સુંદર એવાં ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગી ગઈ.

એ ચૌદ સ્વપ્નો આ પ્રમાણે : ૧ હાથી, ૨ બળદ, ૩ સિંહ, ૪ લક્ષ્મીદેવી, ૫ પુષ્પમાળા, ૬ ચંદ્ર, ૭ સૂર્ય, ૮ ધ્વજા, ૯ કળશ, ૧૦ પદ્મ સરોવર, ૧૧ ક્ષીર સમુદ્ર, ૧૨ દેવવિમાન અથવા ભવન, ૧૩ રત્નોનો ઢગલો, ૧૪ ધૂમાડા વિનાનો અગ્નિ એ ચૌદ સ્વપ્નો જાણવાં. આમાં બારમાં સ્વપ્નામાં વિમાન અને ભવન એ બે કહ્યા તેમાં એમ જાણવું કે મહાવીરની જેમ સ્વર્ગથી આવતા તીર્થંકરની માતા વિમાન જુએ છે અને શ્રેણિકાદિની જેમ નરકથી આવતા તીર્થંકરની માતા ભવન એટલે ઘર જુએ છે.

મહામંગલકારી વખાણવા યોગ્ય ચૌદ મહાસ્વપ્નો જોઇને દેવાનંદા બ્રાહ્મણી અત્યંત હર્ષ પામી, સંતુષ્ટ થઈ. તેનું મન આનંદિત અને પ્રીતિયુક્ત થયું. તેનું હૈયું હર્ષથી પ્રફુલ્લિત થઈ જાણે કદંબના ફૂલ મેઘધારાથી ખીલી ઊઠ્યાં હોય તેમ વિકસિત રુંવાટાવાળું થયું, આ સ્વપ્નાઓને સંભારતી [illegible] શય્યામાંથી ઊઠીને ત્વરા વિનાની, ચંચલતા વિનાની, ભય વિનાની, એવી રાજહંસ જેવી ગતિથી ચાલતી છતી જ્યાં પોતાના પતિ ઋષભદત્ત બ્રાહ્મણ છે, ત્યાં આવે છે, અને ઋષભદત્ત બ્રાહ્મણનો જય થાઓ, વિજય થાઓ એવા શબ્દોથી વધાવે છે. આમાં જે જય શબ્દ છે, તે વૃદ્ધિને અને બીજાઓથી પરાભવિત ન થવાપણાને સૂચવનાર છે. અને વિજય શબ્દ છે, તે બીજાઓના ઇર્ષ્યા અદેખાઇના નાશને સૂચવનારો છે, અથવા સ્વદેશમાં જય થાઓ અને પરદેશમાં વિજય થાઓ એમ, સૂચવનાર છે. જયવિજયથી વધાવીને ભદ્રાસન ઉપર બેસી થાક ઊતરી જવાથી શાન્ત અને સ્વસ્થ થઈ બે હાથના દશ નખ એકઠા થાય એ રીતે અંજલી જોડી મસ્તક પર ભમાડી મસ્તક નમાવી દેવાનંદા બ્રાહ્મણી આ પ્રમાણે કહેવા લાગી. હે દેવાનુ પ્રિય સ્વામિન! હું આજે અર્ધનિદ્રા અવસ્થામાં શય્યામાં હતી ત્યારે હું આવા પ્રકારનાં ઉદાર હાથી વૃષભથી અગ્નિ શિખા સુધીનાં અત્યંત શોભાવાળાં ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગી ગઈ છું. તો હે દેવાનુ પ્રિય! એ ઉદાર કલ્યાણકારી એવાં ચૌદ મહાસ્વપ્નોનું શું કલ્યાણકારી ફળ અને વૃત્તિવિશેષ થાશે તે કહો! અહીં ફળ એટલે પુત્ર વગેરે અને વૃત્તિ એટલે આજીવિકાના ઉપાયો વગેરે સમજવા.

પછી તે ઋષભદત્ત બ્રાહ્મણ દેવાનંદા પાસેથી ચૌદ મહાસ્વપ્નોની વાત જાણી હૃદયમાં ધારીને અત્યંત હર્ષિત થયા, સંતુષ્ટ થયા, અત્યંત આહ્લાદિત થયા, મેઘ ધારાથી સિંચિત કદંબવૃક્ષનું પુષ્પ જેમ વિકસિત થાય તેમ વિકસિત રુંવાટાવાળા બન્યા અને સ્વપ્નોના વિચારમાં ઊતરે છે. પોતાની સ્વાભાવિક મતિ અને બુદ્ધિ વિજ્ઞાનથી તે સ્વપ્નોના અર્થને વિચારીને દેવાનંદા બ્રાહ્મણીને આ પ્રમાણે કહે છે. અહીં ભવિષ્યના નહીં પ્રાપ્ત થયેલા વિષયને જાણે તે મતિ કહેવાય, વર્તમાન કાલના પ્રાપ્ત થયેલા વિષયને જાણે તે બુદ્ધિ કહેવાય, અને ભૂત તથા ભવિષ્યના વિષયને જાણે તે વિજ્ઞાન કહેવાય એમ જાણવું.

ઋષભદત્ત બ્રાહ્મણ કહે છે કે હે દેવાનુપ્રિયે! તેં મનોહર સ્વપ્નો જોયાં છે. કલ્યાણ ને કરનાર, આરોગ્યને કરનાર, સંતોષ, દીર્ઘાયુ, ઉપદ્રવનો નાશ અને ઇચ્છિત વસ્તુઓને પ્રાપ્ત કરાવનાર સ્વપ્નો તેં જોયાં છે, તેથી હે દેવાનુપ્રિયે! એ સ્વપ્ન દર્શનથી ધનનો લાભ, પુત્રનો લાભ, ભોગોનો લાભ, અને સુખનો લાભ તમને થાશે. હે દેવાનુપ્રિયે! તું નવ માસ અને સાડાસાત અહોરાત્રી પૂર્ણ થયે પુત્રરત્નને જન્મ આપીશ.

કેવા પુત્રને જન્મ આપીશ તે કહે છે. સુકોમલ હાથ પગવાળા, સંપૂર્ણ પાંચે ઇન્દ્રિયવાળા, શુભ લક્ષણો, શુભ વ્યંજનો, અને શુભ ગુણોવાળા પુત્રને તું જન્મ આપીશ. અહીં લક્ષણોની વાત કહે છે— શ્રી તીર્થંકર અને ચક્રવર્તીના શરીર ઉપર છત્ર, ચામર, પતાકા વગેરે એકહજાર આઠ લક્ષણો હોય છે, વાસુદેવ અને બલદેવના શરીર ઉપર એકસો આઠ લક્ષણો હોય છે. બીજા ભાગ્યશાળીઓને બત્રીશ લક્ષણો હોય છે.

બત્રીશ લક્ષણો આ પ્રમાણે છે: ૧ છત્ર, ૨ કમળ, ૩ ધનુષ્ય, ૪ રથ, ૫ વજ્ર, ૬ કાચબો, ૭ અંકુશ, ૮ વાવ, ૯ સ્વસ્તિક, ૧૦ તોરણ, ૧૧ સરોવર, ૧૨ સિંહ, ૧૩ વૃક્ષ, ૧૪ ચક્ર, ૧૫ શંખ, ૧૬, હાથી, ૧૭ સમુદ્ર, ૧૮ કલશ, ૧૯ મહેલ, ૨૦ મત્સ્ય, ૨૧ જવ, ૨૨ યજ્ઞનો થાંભલો, ૨૩ સ્તૂપ, ૨૪ કમંડલ, ૨૫ પર્વત, ૨૬ ચામર, ૨૭ દર્પણ, ૨૮ બળદ, ૨૯ ધ્વજા, ૩૦ લક્ષ્મીનો અભિષેક, ૩૧ ઉત્તમ પુષ્પમાલા, ૩૨ મોર આ પ્રમાણેનાં બત્રીશ લક્ષણો મોટા ભાગ્યવાન અને ધનવાન જીવોને હોય છે.

બીજી રીતે બત્રીશ લક્ષણો આ પ્રમાણે છે: જેના નખ, પગ, હાથ, જીભ, હોઠ, તાલુ અને આંખોના ખૂણા એ સાત રાતા હોય, તે પુરુષ ભાગ્યશાળી જાણવો, તે સાત અંગવાળી લક્ષ્મીને ભોગવે છે. જેની કાંખ, છાતી, ગરદન, નખ, નાક અને મુખ એ છ ઊંચા હોય તો તે મનુષ્ય સર્વ પ્રકારે ઉન્નતિવાળો થાય છે. દાંત, ચામડી, કેશ, આંગળીઓના પર્વ, અને નખ એ પાંચ જેના પાતળા સૂક્ષ્મ હોય તે

મનુષ્ય ઘણો ધનવાન થાય છે. નેત્ર. સ્તનનું અંતર, નાક, ગળાનો મણિયો અને ભૂજાઓ એ પાંચ જેના લાંબા હોય તેનું આયુષ્ય લાંબુ હોય, ઘણું ધન પામે અને પરાક્રમી થાય, લલાટ, છાતી અને મુખ જેનાં એ ત્રણ પહોળાં હોય તે રાજા થાય, ગરદન, સાથળ અને પુરુષ ચિહ્‌ન જેના એ ત્રણ નાનાં હોય તે રાજા થાય. સ્વર, નાભિ અને સત્વ એ ત્રણ જેના ગંભીર હોય તે પૃથ્વીનો સ્વામી થાય, અથવા પ્રધાન થાય, એ બીજી રીતે બત્રીશ લક્ષણ કહ્યાં. વળી જે પુરુષમાં જેવાં લક્ષણો હોય તે પુરુષનો તેવો આચાર પણ હોય, માણુસમાં જેવું રૂપ હોય પ્રાયે તેવી સંપત્તિ હોય, જેવો સ્વભાવ હોય તેવા ગુણ પણ પ્રાયે હોય.

કેટલીક બીજી વિગત પણ લક્ષણોની કહે છે: પદ્મ, વજ્ર, અંકુશ, છત્ર, શંખ અને મત્સ્ય જેના પગમાં હોય તે લક્ષ્મીપતિ થાય. જેના નખ ચીકણા તાંબાના જેવા વર્ણવાળા હોય તે સુખી થાય. જેના ચળકતા, ઉજ્જ્વલ, ચીકણા, પરસ્પર મળેલા એવા બત્રીસ દાંત હોય તે રાજા થાય. એવા જેના એકત્રીશ દાંત હોય તે ભોગી થાય, એવા જેના ત્રીશ દાંત હોય તે મધ્યમ સ્થિતિનો થાય, એવા જેના ત્રીશથી પણ ઓછા દાંત હોય તે સામાન્ય કોટીનો થાય છે. જે પુરુષ અત્યંત ઠીંગણો, અત્યંત લાંબો, અત્યંત જાડો, અત્યંત દુબળો, અત્યંત કાળો, અત્યંત ગૌર વર્ણવાલો હોય, એ છ પુરુષો સત્વશાલી હોય છે.

માણસોને જમણી બાજુએ જમણા આવર્તો હોય તો તે શુભ સૂચવનારા છે. અને ડાબી બાજુએ ડાબા આવર્તો હોય તો તે અતિ અશુભ સૂચવનારા છે. જમણી બાજુ ડાબા આવર્ત અને ડાબી બાજુ જમણા આવર્ત હોય તો તે મધ્યમ ફળ સૂચવનારા છે. જેમના હાથનું તળિયું લાલ હોય તે ધનવાન હોય, લીલું હોય હોય તે દારૂડિયો હોય, પીળું હોય તે પરસ્ત્રી લંપટ હોય, અને કાળું—મલિન હોય તે નિર્ધન હોય. જેના હાથનું તળિયું ઊંચું હોય તે દાતાર હોય, ઊંડું હોય તે નિર્ધન હોય, વાટકા જેવું ગોળ તથા ઊંડુ હોય તે ધનવંત હોય. હાથની આંગળીઓ પાતળી અને સીધી હોય તો સારી જાણવી.

આયુષ્ય રેખાના પલ્લવો (નાની રેખાઓ) જો આયુષ્ય રેખાની સન્મુખ નીકળે તો તે સંપત્તિને સૂચવનારા છે. એ જો આંગળીઓ તરફ નીકળે તો વિપત્તિને સૂચવનારા છે. જેને મણિબંધથી ઊર્ધ્વ

રેખા નીકળીને અંગુઠાની સન્મુખ આવે તો તેને સુખનો, ધનનો, અને રાજ્યનો લાભ થાય, એ રેખા જો તર્જની સન્મુખ આવે તો રાજા થાય અથવા રાજા સરખો થાય, એ રેખા જો મધ્યમા સન્મુખ આવે તો આચાર્ય અથવા સેનાપતિ થાય, એ રેખા જો અનામિકા સન્મુખ આવે તો ઘણા ધનવાળો સાર્થવાહ થાય, અને જો એ રેખા કનિષ્ઠિકા સન્મુખ જાય તો લોકોમાં પ્રતિષ્ઠા પામે, જેની છાતી વિશાળ હોય તે ધન તથા ધાન્યનો ભોગી થાય, જેનું મસ્તક વિશાળ હોય તે ઊત્તમ રાજા થાય, જેની કમર વિશાળ હોય તેને ઘણા પુત્રો તથા સ્ત્રીઓ હોય, જેના પગ વિશાળ હોય તે હંમેશાં સુખી હોય, જેના હાથમાં એક પણ રેખા ન હોય અથવા ઘણીજ રેખાઓ હોય તે પુરુષનું આયુષ્ય અલ્પ હોય, તે નિર્ધન અને દુ:ખી હોય છે. જેની અનામિકા આંગળીના વેઢાથી કનિષ્ઠિકા આંગળી કંઈક ઊંચી હોય તે પુરુષ ધનવાન થાય છે. તેમજ તેને માતાનો પક્ષ વિપુલ હોય છે. જેના મણિબંધથી બાપની રેખા, કરભથી દ્રવ્ય રેખા અને આયુષ્યની રેખા પૂરી હોય છે, તે પુરુષનું ગોત્ર, ધન અને આયુષ્ય સંપૂર્ણ હોય છે, અથવા આયુષ્ય રેખા જેટલી આંગળીઓને ઉલ્લંઘે તેટલી પચ્ચીશી આયુષ્યના વર્ષની જાણવી. તથા જેના અંગૂઠાના મધ્ય ભાગે જવ હોય તે પુરુષ વિદ્યાવંત અને યશસ્વી હોય છે. અને તે પુરુષનો શુક્લ પક્ષમાં જન્મ હોય છે. જેની આંખો લાલ હોય તેનું પડખું સ્ત્રી છોડે નહીં, જેનાં નેત્રો પીળાં હોય તેને ધન છોડે નહીં, જેની ભુજાઓ લાંબી હોય તેને ઐશ્વર્ય છોડે નહીં, જેના હાથ પગમાં છત્ર, કમલ, અંકુશ, શંખ, મત્સ્ય વગેરે હોય છે તે મોટા લક્ષણવાલો હોય છે. જેના નખ રાતા હોય તેને ધન સુખ ઘણું હોય. જેના નખ શ્વેત હોય તે ભિક્ષુક હોય, જેના નખ લૂખા હોય તે અનાચારી હોય છે.

શરીરમાં મુખ પ્રધાન છે, મુખમાં પણ નાક પ્રધાન છે, નાકથી પણ નેત્ર શ્રેષ્ઠ છે. માટે જેનાં નેત્ર જેવાં હોય તેવો તેનો આચાર હોય છે. જેવું નાક હોય તેવું તેનું સજ્જનપણું હોય, જેવું રૂપ હોય તેવું ધન હોય, જેવું શીલ હોય તેવા ગુણો હોય, વગેરે લક્ષણો જાણવાં. લક્ષણો પુરુષોના જમણા ભાગમાં અને સ્ત્રીઓના ડાબા ભાગમાં સારાં હોય તે સારું ફળ આપનારાં જાણવાં. વળી સારા કે ખરાબ લક્ષણોમાંથી જે વધારે બળવાન હોય તેનું ફળ મળે છે.

વ્યંજન જન્મ્યા બાદ શરીરમાં પ્રગટ થાય છે. તે મસા, તલ અને લસણ રૂપ જાણવા. એ વ્યંજન પુરુષને જમણી બાજુ હોય તો સારાં અને સ્ત્રીને ડાબી બાજુ હોય તો સારાં જાણવા. સૌભાગ્યતા, ઔદાર્યતા અને ધીરતા વગેરે ગુણો જાણવા.

હે દેવાનંદા ! તું શ્રેષ્ઠ લક્ષણોવાળા, શ્રેષ્ઠ વ્યંજનોવાળા, અને શ્રેષ્ઠ ગુણોવાળા પુત્રને જન્મ આપીશ, તથા માન અને ઉન્માન પ્રમાણ યુક્ત સુંદર પુત્રને તું જન્મ આપીશ, માન એટલે પુરુષ પ્રમાણ જલથી ભરેલ કુંડીમાં પચ્ચીશ વર્ષનો પુરુષ બેસે ત્યારે દ્રોણ પ્રમાણ જલ બહાર નીકળી જાય તો તે પુરુષ માનોપેત પ્રમાણ યુક્ત જાણવો, તથા છ સરસવનો એક જવ, ત્રણ જવની એક ચણોઠી, ત્રણ ચણોઠીનો એકવાલ, સોળવાલનો એક ગદ્દિયાણો, દશ ગદ્દિયાણાનો એક પલ, દોઢસો પલનો એક મણ, દશમણની એક ધડી, અને દશ ધડીનો એક ભાર થાય. આવા અર્ધા ભારથી જે તોળાય તે પુરુષ ઉન્માનોપેત જાણવો. જે પુરુષનું શરીર પોતાની એકસો આઠ આંગળનું હોય તે ઉત્તમ પુરુષ જાણવો, તેમાં બાર આંગળનું મુખ હોય બાકીનું શરીર છન્નું આંગળનું હોય એમ સમજવું, જેનું શરીર છન્નું આંગળ પ્રમાણ હોય તે પુરુષ મધ્યમ જાણવો. તથા જેનું ચોર્યાશી આંગળનું શરીર હોય તે હીન પુરુષ જાણવો. શ્રીતીર્થંકર દેવોનું શરીર પોતાના આંગળ પ્રમાણે એકસોવીશ આંગળનું હોય છે. કારણ કે તેમના મસ્તક ઉપર બાર આંગળની શિખા હોય છે. હે દેવાનંદા ! તું સર્વ રીતે સુંદર, સૌમ્ય, ચંદ્ર જેવી કાન્તિવાલા, શ્લાઘનીય, પ્રિયદર્શનવાળા દેવકુમાર જેવા શ્રેષ્ઠ પુત્રને જન્મ આપીશ.

એ તારો પુત્ર આઠ વર્ષનો થાશે, ત્યારે તેને ભૂતકાલ અને ભવિષ્યકાલનું જ્ઞાન પરિણમશે અનુક્રમે યુવાવસ્થાને પામશે ત્યારે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એ ચાર વેદ અને પાંચમા ઇતિહાસ પુરાણ તથા છઠ્ઠા નિઘંટુ શબ્દકોશનો અંગોપાંગ અને રહસ્ય સહિત પારગામી થશે. ચાર વેદોના ધારક, પાર પામનાર અને ભૂલી ગયેલાઓને સંભારી આપનાર થશે. છ અંગનો જ્ઞાતા,

ષષ્ટિતંત્રમાં વિશારદ થશે. સાંખ્ય, ગણિત, આચાર શાસ્ત્રોમાં નિપુણ હશે. વ્યાકરણ, કાવ્ય, ન્યાય, છંદ, વ્યુત્પતિશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને બીજા પણ અનેક બ્રાહ્મણ સબંધી, પરિવ્રાજક સબંધી શાસ્ત્રોમાં અતિ નિપુણ થાશે.

તેથી હે દેવાનુપ્રિયે દેવાનંદા! તેં ઉતમ, કલ્યાણકારી, આરોગ્યકારી, દીર્ઘઆયુષ્યકારી, મંગલકારી એવાં મહાન સ્વપ્નો જોયાં છે એમ કહી ઋષભદત્ત બ્રાહ્મણ વારંવાર તેની અનુમોદના કરે છે.

એ પછી દેવાનંદા બ્રાહ્મણી પોતાના સ્વામી પાસેથી સ્વપ્નાનો અર્થ સાંભળીને હર્ષિત થઈ, પ્રસન્ન થઈ અને હર્ષથી ભરેલા હૃદયવાળી થઈ છતી દશ નખ એકઠા થાય એ રીતે આવર્ત કરી અંજલી જોડીને ઋષભદત્ત બ્રાહ્મણને આ રીતે કહેવા લાગી. હે દેવાનુપ્રિય સ્વામિન્! આપે જે સ્વપ્નોનો અર્થ કહ્યો તે તેમજ છે, સર્વથા સત્ય છે, સંદેહ રહિત છે, ઇચ્છિત છે, પ્રતીચ્છિત છે. આપે કહેલ એ સ્વપ્નોના અર્થ મેં માન્ય રાખેલ છે. એમ કહી તે સ્વપ્નોના અર્થનો સ્વીકાર કરી તે દેવાનંદા ઋષભદત્ત બ્રાહ્મણની સાથે મનુષ્ય સંબંધી ઊત્તમ ભોગોને ભોગવતી છતી રહે છે.

તે કાલ અને તે સમયને વિષે શક્ર નામના સિંહાસન ઉપર બેસનાર, દેવોનો ઇંદ્ર, દેવોનો રાજા, હાથમાં વજ્રને ધારણ કરનાર, અસુરોના પુરોનો નાશ કરનાર માટે પુરંદર, કાર્તિકશેઠના ભવમાં શ્રાવકની પાંચમી પડિમાને એકસો વખત વહન કરેલ તેથી શતક્રતુ કહેવાયો. તે કથા આ પ્રમાણે છે. પૃથ્વી ભૂષણ નગરમાં પ્રજાપાલ રાજા હતો. ત્યાં કાર્તિક નામે શેઠ હતો, તે શેઠ નવ તત્ત્વનો જાણ, સમ્યક્ત્વ સહિત બારવ્રતનો ધારણ કરનાર, સુદેવગુરુ ધર્મનો પરમ આરાધક હતો. તેણે શ્રાવકની પાંચમી પડિમાને એકસોવાર વહન કરી હતી. અહીં શ્રાવકની અગીઆર પડિમા કહે છે. (૧) "પહેલી પડિમામાં એક માસ સુધી શુદ્ધ સમકિત પાળવું. (૨) બીજીમાં બે માસ સુધી પૂર્વની ક્રિયા સહિત બાર વ્રત ધારણ કરે પાળે. (૩) ત્રીજીમાં પૂર્વની ક્રિયા સહિત ચૌદ નિયમ ધારે અને બે વખત સામાયિક કરે (૪) ચોથીમાં ચાર માસ સુધી પૂર્વની ક્રિયા સહિત પર્વ તિથિએ રાત દિવસનો પૌષધ કરે. (૫) પાંચમીમાં પાંચ માસ

સુધી પૂર્વની ક્રિયા સહિત પૌષધની રાતે ચારે પહોર કાઉસ્સગ્ગ કરવો અને ધર્મધ્યાન શુકલ ધ્યાન કરવું (૬) છઠ્ઠીમાં છ માસ સુધી પૂર્વની ક્રિયા પૂર્વક મન, વચન, કાયાથી અતિચાર રહિત શુદ્ધ શિયલ પાળે. (૭) સાતમીમાં સાત માસ સુધી પૂર્વની ક્રિયા સહિત સચિત્ત વસ્તુનો ત્યાગ કરે (૮) આઠમીમાં આઠમાસ સુધી પૂર્વની ક્રિયા સહિત આરંભ ત્યાગ કરે. (૯) નવમીમાં નવમાસ સુધી પૂર્વની ક્રિયા સહિત પોતા માટે બીજાને આરંભનો ઉપદેશ કરે નહીં (૧૦) દશમીમાં દશમાસ સુધી પૂર્વની ક્રિયા સહિત પોતાના માટે ઉદ્દેશીને થયેલો આહાર વાપરે નહીં (૧૧) અગીઆરમીમાં પૂર્વની ક્રિયા સહિત સાધુઓની જેમ આચરણ કરે" આ અગીઆર પડિમાઓ કહી તેમાં બીજી પડિમામાં બાર વ્રત પાળે એમ કહેલ છે. તીર્થંકર પરમાત્માઓએ કહ્યું છે કે જેઓ સર્વ વિરતિને નથી સ્વીકારી શકતા તેઓ દેશવિરતિ રૂપ બારવ્રતનો સ્વીકાર કરે. ભગવાને કહેલ એ સમ્યકત્વ સહિત બાર વ્રતનું સંક્ષેપથી અહીં વર્ણન કરાય છે.

સમ્યકત્વ—રાગદ્વેષ રહિત અનંતગુણવાળા શ્રીઅરિહંત પરમાત્માઓ તથા સર્વ કર્મ મુક્ત બનેલા અનંત ગુણવાળા શ્રીસિદ્ધ પરમાત્માઓને સંસાર તારક દેવ તરીકે માનવાની. અને શ્રી અરિહંત પરમાત્માઓએ કહ્યા પ્રમાણે સર્વવિરતિરૂપ સાધુ ધર્મને પાળનારા આચાર્યોને, ઉપાધ્યાયોને, અને સાધુઓને સંસાર તારક ગુરુ તરીકે માનવાની તથા શ્રીવીતરાગસર્વજ્ઞે કહેલ પરમપદ અપાવવાની શક્તિ ધરાવનારા ધર્મને તારક ધર્મ તરીકે માનવાની પ્રતિજ્ઞા કરી. એ રીતે એ સુદેવ, સુગુરુ, અને સુધર્મને સારી રીતે આરાધવા. એ સિવાયના અન્ય દેવોને અન્ય ગુરુઓને અને અન્ય ધર્મને કુદેવ, કુગુરુ અને કુધર્મ સમજી ન માનવા રૂપ સમ્યકત્વનો સ્વીકાર કરી પાળવું. એનાં (૧) શંકા—જિનેશ્વરદેવોએ કહેલ તત્ત્વોમાં શંકા, (૨) કાંક્ષા—અન્ય ધર્મની અભિલાષા કરવી અથવા સર્વ ધર્મની અભિલાષા કરવી અથવા સર્વ ધર્મને સમાન ગણવા (૩) ધર્મનું ફળ મળશે કે નહીં એનો સંદેહ રાખવો અથવા સાધુ સાધ્વીઓના મલિન શરીર વસ્ત્રાદિ દેખી દુગંચ્છા કરવી (૪) અન્ય ધર્મ

કે અન્ય ધર્મીઓની પ્રશંસા કરવી (૫) અન્ય ધર્મ કે અન્ય ધર્મીઓનો, નાસ્તિકોનો પરિચય કરવો, એ સમ્યકત્વને મલિન કરનારા પાંચ અતિચારો કહ્યા છે તે આચરવા નહિ.

(૧) પહેલા પ્રાણાતિપાતવિરમણવ્રતમાં કોઈ પણ અપરાધ વિનાના ત્રસ જીવોને મારી નાખવાની બુદ્ધિથી મારવા નહીં. ધંધો રોજગાર કરતાં કે રસોઈ આદિ કામકાજ કરતાં જીવ વિરાધના થાય, તેની આ વ્રતમાં જયણા; ત્રસ જીવો તે બે ઇન્દ્રિયવાળા—અળસિયા, કૃમી, પોરા વગેરે. ત્રણ ઇન્દ્રિયવાળા—કીડી, મંકોડા, માંકડ, જૂં, ઇયળ, ધનેડાં વિગેરે. ચાર ઇન્દ્રિયવાળા વીંછી, ભમરા, માખી, મચ્છર, ડાંસ, મકકડ, વાંદા વગેરે. પાંચ ઇન્દ્રિયવાળા—મનુષ્ય, પશુ, પક્ષી, મત્સ્યાદિ એવા ત્રસ એટલે હાલતા ચાલતા જીવોને અપરાધ વિના મારી નાખવાની બુદ્ધિથી મારી નાંખવા નહીં. એવી પ્રતિજ્ઞા કરી તેને પાળતા રહેવું. એ વ્રતમાં (૧) બંધે—મનુષ્ય તથા પશુ આદિ જીવોને ગાઢ બંધનથી બાંધવા. (૨) વહે—જીવોને આકરો પ્રહાર કરી ઘાયલ કર્યા હોય કે વધ થઈ ગયો હોય. (૩) છવિચ્છેએ—જીવોના નાક, કાન, પૂંછડાં વગેરે અંગોને કાપ્યાં હોય. (૪) અઇભારે—બળદ, ઘોડા, ઊંટ વગેરે ઉપર અતિભાર નાખી ચલાવ્યા હોય. (૫) ભત્તપાણવુચ્છેએ પોતાના આશ્રિત મનુષ્યો અને પશુઓને સમય પ્રમાણે ખોરાક પાણી આપ્યા ન હોય અથવા ખાવા પીવાનું આપ્યું ન હોય. એ પાંચ અતિચાર દોષ પહેલા વ્રતમાં લગાડવા નહીં.

(૨) બીજા સ્થૂલમૃષાવાદવિરમણવ્રતમાં અહીં જણાવ્યા પ્રમાણેના પાંચ મોટા ખોટા બોલવાની પ્રતિજ્ઞા કરવી અને તે પાળવી. (૧) કન્નાલીએ—કન્યાઆદિ બે પગવાળા માટે સારાને ખરાબ અને ખરાબને સારા કહી સગપણ વિવાહ આદિ કાર્ય કરવા (૨) ગોવાલીએ—ગાય વિગેરે ચાર પગવાળા માટે વેંચાણ આદિના પ્રસંગે થોડા દૂધવાળાને વધારે દૂધવાળા કહેવા, ખરાબને સારા કહેવા (૩) ભૂમાલીએ—પારકી જમીન મકાનાદિને પોતાના કહેવા. (૪) નાસાવહારે—પારકી ચીજ વસ્તુ કે દાગીના વિગેરે થાપણ પોતાની પાસે હોય, છતાં મારી પાસે નથી એમ કહેવું. (૫) કુડસખિજ્જે—લાંચ લઈ અથવા દ્વેષબુદ્ધિથી ખોટી સાક્ષી આપવી. એ પાંચ મોટા ખોટા ન બોલવા માટે પ્રતિજ્ઞા લઈ પાળવી.

શકાય તેવું, ગોળ, ઘી આદિ તોળી શકાય તેવું, કાપડ, જમીન આદિ માપી શકાય તેવું; હીરા, માણેક, મોતી, રૂપાનાણું આદિ પરીક્ષા કરવા જેવું એમ એ ચાર પ્રકારનું ધન (૫) ચોવીશ પ્રકારનું ધાન્ય (૬) ઘડયા વિનાનું સોનું રૂપું, (૭) ઘડેલ સોનું, રૂપું દાગીના વગેરે, (૮) બે પગવાળા દાસ, દાસી, નોકર ચાકર વગેરે, (૯) ચાર પગવાળા ગાય, ભેંસ, ઘોડા વગેરે, એ નવ પ્રકારના પરિગ્રહનું પ્રમાણ કરી પ્રતિજ્ઞા લઇને પાળવી. એ વ્રતમાં–(૧) ક્ષેત્ર–ઘર–દુકાન આદિ કરેલ પ્રમાણથી વધારે રાખ્યાં હોય, (૨) ઘડેલ અથવા ઘડયા વિનાનું સોનું, રૂપું, આભૂષણ, સિક્કા વગેરે ધારેલ પ્રમાણથી વધારે રાખ્યા હોય, (૩) ચારે પ્રકારનું ધન તથા ઘઉં, મગ, અડદ વગેરે ચોવીશ પ્રકારનું ધાન્ય ધારેલ કરતાં વધારે રાખેલ હોય, (૪) બે પગવાળાં દાસ, દાસી વગેરે તથા ચાર પગવાળાં ગાય, ભેંસ વગેરે ધારેલથી વધારે રાખ્યાં હોય, (૫) તાંબુ, કાંસું, લોખંડ વગેરે હલકી જાતની ધાતુ ધારેલથી વધારે રાખી હોય, એ પાંચ અતિચાર દોષ પાંચમાં વ્રતમાં લગાડવા નહીં.

(૬) છઠ્ઠું દિશિવ્રત:–ત્રણ પ્રકારે ધારવું. ઊંચે આકાશમાં, તથા નીચે પાતાળમાં અને તિર્છું જમીન ઉપર વધારેમાં વધારે કેટલું જવું આવવું તેનું પ્રમાણ કરી પ્રતિજ્ઞા લઈ પાળવી. એ વ્રતમાં (૧) ઉંચે પ્રમાણથી વધારે જવાયું હોય, (૨) નીચે પ્રમાણથી વધારે જવાયું હોય, (૩) ભૂમિ ઉપર તિર્છું પ્રમાણથી વધારે જવાયું હોય, (૪) એક દિશામાં જવાનું ઘટાડી બીજી દિશામાં પ્રમાણથી વધારે જવાયું હોય, (૫) લીધેલ પ્રમાણ વિસ્મૃત થવાથી પ્રમાણથી વધારે જવાયું હોય એ પાંચ અતિચાર દોષ છઠ્ઠા વ્રતમાં લગાડવા નહીં.

(૭) સાતમા ભોગોપભોગ વ્રતમાં–એકવાર વપરાય એવી ભોગ વસ્તુઓનો અને વારંવાર વપરાય એવી ઉપભોગ વસ્તુઓનો નિયમ કરવાનો છે. એ વ્રત ભોજનથી અને કર્મથી એમ બે પ્રકારે છે તેમાં ભોજન પ્રકારના ચૌદ નિયમો દરરોજ દિવસના અને રાત્રિના ધારીને પાળવાના છે. તે ચૌદ નિયમો કહે છે (૧) સચિત્ત વનસ્પતિ, પાણી વગેરેનું વજન અને સંખ્યાથી પ્રમાણ, (૨)

(૧૨) બે પગવાળા અને ચાર પગવાળા વગેરેને આંક, ડાંભ દેવા, કાન, કંબલ, પૂછડાં, મુસ્કનો છેદ કરવો તે નિર્લંછન કર્મ, (૧૩) ઘર, જંગલ, ખેતર, ઘાસ વગેરેને આગ લગાડવી તે દવાગ્નિકર્મ (૧૪) સરોવર, દ્રહો, તલાવ, કૂંડ, ઝરા વગેરેને સુકવી નાખવા તે સરાદિશોષણકર્મ (૧૫) અના ચારી, દુરાચારી, મનુષ્યો તથા કૂતરા બિલાડા, કૂકડા વગેરે હિંસક પ્રાણીઓ પોષવા તે અસતિપોષણ કર્મ અને બીજાં પણ ઘણાં પાપ કાર્યો કરવાં એ પંદર કર્માદાનનાં કામો શ્રાવકોએ ન કરવાં જોઇએ છતાં જેના વિના ચાલે નહીં તે સિવાયનાને નહીં આચરવાની પ્રતિજ્ઞા લઇને પાળવી જેથી ઘણાં પાપોથી બચી જવાય છે.

(૮) આઠમું અનર્થદંડવિરમણવ્રત:– એટલે પોતાની અને કુટુંબીઓની જરૂરત સિવાય બીજાને અર્થે વ્યર્થ દોષજનક પ્રવૃતિ કરવી તે અથવા પ્રયોજન વિના પાપ લાગે તેવી પ્રવૃત્તિ કરવી તે અનર્થદંડ એના ચાર પ્રકાર છે (૧) આર્તધ્યાન, રૌદ્રધ્યાન ધરવું, વૈર, કલહ, રીસ, શ્રાપ, ગાળ, કર્કશવચન વગેરનું ધ્યાન ધરવું તે અપધ્યાનાચરિત (૨) ઝીલવું, છાંટવું, હિંચવું, જુગાર, શરત, વાદ, હાસ્યરસ, નાટક, ગીત, ખેલ કરવા, મલ્લ, પાડા, કૂતરા, કૂકડા આદિને યુધ્ધ કરાવવું, રોગ શ્રમવિના આખી રાત સૂઇ રહેવું, ફૂલ, ફળ, પાંદડા, ઘાસ વગેરેને તોડતા જવું. દેરાસર–ઉપાશ્રયમાં તાંબુલ ખાવા આદિ દશ આશાતના કરવી એ પ્રમાદાચરિત્ત [૩] શસ્ત્રો, મુશલ, ઘંટી, કોશ, કોદાળી, પાવડો, અગ્નિ વિગેરે હિંસાજનક શસ્ત્રાસ્ત્રો આપવાં તે હિંસા પ્રદાન, [૪] ખેત્રખેડો, ગાડું ચલાવો દુકાન કરો, વાડી બાગબગીચા બનાવો, ચૂલો લગાવો, ઘાસ ઉખેડો, ઝાડી કાપો, વાછરાડાઓને સમરાવો, પુત્ર–પુત્રીઓને પરણાવો વગેરે જે કહેવું તે પાપોપદેશ, એ પ્રકારના અનર્થદંડ કરતાં અટકવું, અને યોગ્ય પ્રતિજ્ઞા લઇને પાળવી, એ વ્રતમાં વિષય વાસના વધે તેવી વાતો કરવી. (૨) ભાંડ ચેષ્ટા

નેત્ર મુખ અને મસ્તકના વિકારો કરી લોકોને હસાવવા (૩) બહુ બોલકા બની વાચાલપણે મર્મ બોલવા, અઘટિત વાતો કરવી (૪) ઉખલ, મુશલ, ઘંટી, ઘાણી, ધનુષ્ય, બાણ વગેરે હિંસાજનક વસ્તુઓનો સંગ્રહ રાખવો (૫) ઉપભોગ અને પરિભોગની વસ્તુઓ જરૂર કરતાં ઘણી વધારે રાખવી એ પાંચ અતિચાર દોષ આઠમાવ્રતમાં લગાડવા નહીં.

(૯) નવમું સામાયિકવ્રત:–એટલે જેમાં સમભાવની સાધના થાય, અથવા જેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ મહાન ગુણોનો લાભ થાય તે વ્રત. એમાં પાપ કાર્યોનો ત્યાગ અને નિષ્પાપ એટલે પુણ્ય કાર્યોનું આરાધન કરવાનું. એ વ્રતમાં (૧) મનથી દુર્ધ્યાન કરવું, (૨) વચનથી પાપકારી બોલવું, (૩) કાયાથી પુંજ્યા પ્રમાર્જ્યા વિના પાપ દોષ લાગે તે રીતે વર્તવું, (૪) સામાયિક ન કરવું (૫) અસાવધાનપણે સામાયિક કરવું. એ પાંચ અતિચાર દોષ નવમાવ્રતમાં લગાડવા નહીં.

[૧૦] દશમું દેશાવગાસિકવ્રત:– એમાં દશદિશાનું પરિમાણ જે છઠ્ઠા દિશિવ્રતમાં કરેલ હોય તે દરરોજ સંક્ષેપીએ તથા વ્રતોતણા નિયમ સંક્ષેપીએ એવી પ્રતિજ્ઞા લઇ પાળીએ. એ વ્રતના [૧] ધારેલ ભૂમિ બહારથી વસ્તુ મંગાવવી, [૨] ધારેલ ભૂમિ બહાર વસ્તુ મોકલવી [૩] સાદ કરી ખોંખારો કરી ધારેલ ભૂમિ બહારથી વસ્તુ મંગાવવી [૪] રૂપ દેખાડી ધારેલ ભૂમિ બહારથી વસ્તુ મંગાવવી [૫] કાંકરા આદિ કોઇ વસ્તુ ફેંકી પોતાપણું જણાવવું. એ પાંચ અતિચાર દોષ દશમાવ્રતમાં લગાડવા નહીં.

[૧૧] અગીઆરમું પૌષધવ્રત :– ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ ચાર પ્રકારે છે. [૧] ચાર પ્રકારના આહારનો સર્વથી અથવા દેશથી ત્યાગ કરવો [૨] સર્વથા સ્નાનાદિ શરીર સુશ્રુષા અને શોભાનો ત્યાગ કરવો [૩] સર્વથા મૈથુનનો ત્યાગ કરવો [૪] સર્વથા પાપકારી સાંસારિક વ્યાપારાદિ વ્યવહારનો ત્યાગ કરવો. એ ચાર પ્રકારે પ્રતિજ્ઞા લઈ આઠ પહોરનો અથવા ચાર પહોરનો પૌષધ કરવો. એ વ્રતમાં [૧] શય્યા, ઉપાશ્રય, સંથારો, સંથારાની ભૂમિની પ્રતિલેખના–દૃષ્ટિ નિરીક્ષણ કરેલ ન હોય

[૨] એને સારી રીતે પોંજ્યા પ્રમાર્જ્યા ન હોય [૩] મલ મૂત્ર ત્યાગ કરવાની ભૂમિની દષ્ટિ નિરીક્ષણા પ્રતિલેખના કરી ન હોય [૪] અથવા એને સારી રીતે દિવસે પોંજી પ્રમાર્જી ન હોય, [૫] પૌષધનો ઉપવાસ, પારણાની મંત્રણા કરી સારી રીતે પાળેલ ન હોય, એ પાંચ અતિચાર–દોષ પૌષધવ્રતમાં લગાડવા નહીં.

[૧૨] બારમું અતિથિ સંવિભાગ વ્રત :–એટલે તિથિપર્વા દિલૌકિક વ્યવહારનો ત્યાગ કરી ભોજન સમયે ભિક્ષાર્થે જે આવે તે અતિથિ એટલે સાધુમુનિરાજ તેમને દાન આપવું તે. એમાં ન્યાયથી કમાવેલ દ્રવ્યથી ઉત્પન્ન થયેલ, પોતાના માટે તૈયાર કરેલ પદાર્થોને દેશકાળને જોઇને શુદ્ધ શ્રદ્ધાથી શ્રેષ્ઠ સત્કારપૂર્વક પશ્ચાતકર્માદિ દોષ રહિતપણે ઉત્કૃષ્ટ ભક્તિથી પોતાના આત્મા પર ઉપકાર કરવાની બુદ્ધિથી ઉત્તમ સાધુ–મુનિરાજને દાન આપવું–એ વ્રતમાં [૧] ન દેવાની બુદ્ધિથી સચિત્ત વસ્તુ પર દાન દેવા યોગ્ય અચિત્ત વસ્તુ મૂકી હોય, [૨] દેવા જેવી અચિત્ત વસ્તુને સચિત્તવસ્તુવાળી વસ્તુથી ઢાંકી હોય [૩] ગોચરીનો–સમય વીતી ગયા બાદ આમંત્રણ આપવું (૪) દેવા યોગ્ય આપણી વસ્તુને બીજાની કહેવી. (૫) ઈર્ષ્યા, અભિમાન કે ક્રોધથી આપવું. એ બારવ્રતમાં આ પાંચ અતિચાર–દોષ લગાડવા નહીં.

અંત સમયે આહાર પાણીના ત્યાગ રૂપ સંલેખના વખતે પાંચ અતિચાર–દોષ લગાડવા નહીં. (૧) ધર્મના પ્રભાવથી મને ઋદ્ધિ, સમૃદ્ધિ, સિદ્ધિ આ ભવમાં પ્રાપ્ત થાય તો ઠીક. (૨) ધર્મના પ્રભાવે પરલોકમાં મને ઈન્દ્ર ચક્રવર્તી આદિની સમૃદ્ધિ પ્રાપ્ત થાઓ (૩) સન્માન સત્કારાદિ જોઇને વધારે જીવું તો ઠીક (૪) ક્ષુધા તરસ આદિ સહન ન થવાથી હવે જલદી મરી જાઉં તો ઠીક (૫) ધર્મના પ્રભાવથી આવતા ભવમાં વિષય કામ ભોગાદિ મળે તો સારૂં. આ પાંચ પ્રકારની આશંસા વાંછા સંલેખના કરવી તે દોષ છે, માટે એવી આશંસા વાંચ્છા કરવા રૂપ પાંચઅતિચારદોષ લગાડવા નહિં.

અહિં બીજી પડિમાના પ્રસંગમાં શ્રાવકના બાર વ્રતનું સંક્ષિપ્ત વર્ણન કર્યું. સાથે ત્રીજી પડિમામાં પાળવાના ચૌદ નિયમોનું પણ વર્ણન થયું. આ ચૌદ નિયમ સાથે દરરોજ માટે સચિત્ત નામના નિયમમાં

કરી કાળધર્મ પામી શેઠ સૌધર્મ દેવલોકમાં ઇન્દ્ર થયા. ગૈરિક તાપસ પણ મરણ પામી સૌધર્મેન્દ્રના ઐરાવણ હાથી તરીકે ઉપયોગમાં આવે એવો દેવ થયો. જ્યારે આ ઇન્દ્ર કાર્તિકનો જીવ છે એમ તે હાથીએ જાણ્યું, ત્યારે તે ભાગવા લાગ્યો. ઇન્દ્ર તેને પકડી તેના ઉપર ચડી બેઠો. હાથીએ ઇન્દ્રને ભય પમાડવા બે રૂપ કર્યાં એટલે ઇન્દ્રે પણ બે રૂપ કર્યાં. હાથીએ ચાર રૂપ કર્યાં ત્યારે ઇન્દ્રે પણ ચાર રૂપ કરી અવધિજ્ઞાનથી જોયું તો તાપસનો જીવ આ હાથી થયો છે એમ જાણ્યું. પછી ઇન્દ્રે તિરસ્કાર કર્યો ત્યારે હાથીએ લાચાર થઈ પોતાનું મૂળ રૂપ ધારણ કર્યું. ઇન્દ્રના શતક્રતુ નામ માટે કાર્તિક શેઠની કથા કહી.

વળી એ ઇન્દ્ર સહસ્રાક્ષ કહેવાય છે, કારણ કે તેના પાંચસો દેવ પ્રધાનો હોય છે. તેમની હજાર આંખો ઇન્દ્રનું જ કાર્ય કરતી હોય છે તેથી એક હજાર આંખવાળો કહેવાય છે, વળી ઇન્દ્રને મોટા મોટા મેઘો વશ હોવાથી ઇન્દ્ર મઘવાન કહેવાય છે, પાક નામના રાક્ષસને શિક્ષા કરનાર હોવાથી ઇન્દ્ર પાક-શાસન કહેવાય છે, દક્ષિણ બાજુના અર્ધા લોકનો અધિપતિ હોવાથી ઇન્દ્ર દક્ષિણ લોકાધિપતિ કહેવાય છે, ઐરાવણ વાહનવાળો એવો તે ઇન્દ્ર બત્રીશલાખ વિમાનોનો અધિપતિ છતો પોતાને સ્થાને રહેલ છે. વળી તે ઇન્દ્ર દેવતાઓનો સ્વામી હોવાથી દેવેન્દ્ર કહેવાય છે, વળી તે ઇન્દ્ર રજ વિનાનાં સ્વચ્છ વસ્ત્રને ધારણ કરનારો, યથાયોગ્ય સ્થાને માળા મુગટને ધારણ કરનારો, આમતેમ ડોલતા, મનોહર ચિત્રવાળા, સુવર્ણનાં બે કુંડલોથી ઘસાતા બે ગાલવાળો, છત્ર વગેરે રાજચિહ્નોની મોટી સમૃધ્ધિવાળો, મોટી કાંતિવાળો મોટા બળવાળો, મોટા યશવાળો, મોટા મહિમાવાળો, અતિશય સુખી, દેદીપ્યમાન શરીરવાળો, પગ સુધી લટકતી પાંચ વર્ણનાં પુષ્પોની વનમાળાને ધારણ કરનારો, એવો છતો ઇન્દ્ર સૌધર્મ દેવલોકમાં, સૌધર્માવતંસક નામના વિમાનમાં, સુધર્માનામની સભામાં, શક્ર નામનાં સિંહાસન પર બેઠો છતો, બત્રીશ લાખ વિમાનોના, ચોર્યાશી હજાર સામાનિક દેવો કે જેઓ ઇન્દ્ર જેવા આયુ, શક્તિ અને જ્ઞાનાદિ સમૃધ્ધિને ધારણ કરનારા છે. તેઓમાં તથા મહત્તર સમાન પૂજ્ય મંત્રી તુલ્ય એવા તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવોના, સોમ, યમ, વરુણ, કુબેર નામના ચાર લોકપાલના તેમજ સોળ હજાર દેવીઓના


પરિવાર વાળી પદ્મા, શિવા, શચી, અંજૂ, અમલા, અપ્સરા, નવમિકા અને રોહિણી એ નામની આઠ મુખ્ય ઇન્દ્રાણીઓના, તથા બહારની મધ્યની અને અંદરની એમ ત્રણ પર્ષદાઓના, તેમજ ગંધર્વ નાટક, ઘોડા, હાથી, રથ, પાયદલ, બળદ એવી સાત સેનાઓના, તથા સાત સેનાપતિઓના વળી ચારે દિશાઓના, પ્રત્યેક દિશાને આશ્રીને ચોર્યાશી ચોર્યાશી હજાર આત્મરક્ષક દેવોના મળી ત્રણ લાખ છત્રીશ હજાર આત્મરક્ષક દેવોના, તેમજ બીજા ઘણા સૌધર્મવાસી દેવદેવીઓના એ પ્રમાણે સર્વ પરિવારના અધિપતિપણાના કાર્યને, રક્ષણકાર્યને, અગ્રેસરપણાને, નાયકપણાને, પોષકપણાને, અત્યંત મોટાપણાને, આજ્ઞાથી મોટા એવા સેનાપતિપણાને, અધિકારી પુરુષોથી કરાવતો પળાવતો છતો ઇન્દ્ર રહે છે.

તથા મોટા સ્વરવાળા નાટક, અખંડિત ગાયનની સાથે વાગતી વીણા અને હસ્ત તાલ તથા ત્રુટિત નામે વાજિંત્ર, મનોહર અને મેઘસમાન ધ્વનિવાળું માદલ વાજીંત્ર, મનોહર પડહના વાગવાના શબ્દો વડે, તથા બીજા પણ ઉત્તમપ્રકારના વાજિંત્રના શબ્દો વડે દિવ્ય એવા દેવલોકના ભોગવવા યોગ્ય, અનુભવવા યોગ્ય વિષયોને અનુભવતો એવો ઇન્દ્ર આ લાખ યોજનના સંપૂર્ણ એવા જંબુદ્વીપને જોતો છતો રહે છે.

આવા સમયે આ જંબુદ્વીપના દક્ષિણાર્ધભરતક્ષેત્રના બ્રાહ્મણકુંડ ગ્રામ નામના નગરમાં કોડાલસ ગોત્રવાળા ઋષભદત્ત બ્રાહ્મણની જાલંધર ગોત્રવાળી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં ચરમતીર્થપતિ ભગવાન શ્રી મહાવીર દેવને ગર્ભપણે ઉત્પન્ન થયેલા દેખે છે. દેખીને હર્ષિત થયો, સંતુષ્ટ થયો, ચિત્તમાં આનંદિત થયો, મનમાં પ્રસન્ન થયો, ઘણા ચિત્તસંતોષને પામ્યો, હર્ષને કારણે વિકસિત હૃદયવાળો થયો, મેઘધારાથી સિંચિત કદંબ પુષ્પની જેમ વિકસિત રોમકૂપવાળો થયો, પ્રફુલ્લિત ઉત્તમ કમલ સમાન મુખ અને નેત્રવાળો થયો. પ્રભુને ગર્ભને વિષે આવેલા જોઈ પ્રભુદર્શનથી અધિક ઉત્કંઠાવાળો થવાથી કંપતા ઉત્તમ કંકણ, બાજુબંધ, મુકુટ, કુંડલ અને હાર વડે શોભતી છાતીવાળો તેમજ મોતીમય ઝૂમણાના ઝૂલવાથી ડોલતા આભૂષણોને ધારણ કરનારો એવો તે ઇન્દ્ર આદરપૂર્વક ઉતાવળી ગતિથી

એકદમ સિંહાસનથી ઊઠે છે. ઊઠીને પાદપીઠ પર પગ મૂકીને નીચે ઊતરે છે, ઊતરીને વૈડુર્યરત્ન, શ્રેષ્ઠરિષ્ટરત્ન, અંજનરત્ન વગેરે અનેક રત્નોથી જાણે નિષ્ણાત કારીગરે તૈયાર કરેલ હોય એવી ઝળહળતા ચંદ્રકાંતાદિ મણિઓ અને કર્કેતનાદિ રત્નો વડે સુશોભિત એવી પગમાં પહેરવાની પાદુકાને ઉતારીને એકસાડી ઉતરાસંગ કરી અંજલી પૂર્વક બે હાથ જોડી શ્રી તીર્થંકર પ્રભુ સન્મુખ સાત આઠ પગ જાય છે, જઇને ડાબો ઢીંચણ ઊંચો કરે છે, એટલે જમીનને અડાડયા વિના ઊભો રાખે છે, તથા જમણા ઢીંચણને જમીન પર સ્થાપે છે અને પોતાનું મસ્તક ત્રણ વખત ભૂમિ પર અડાડીને ઊંચો થાય છે, એટલે કેડથી ઉપરના અર્ધા શરીરથી ઊંચો થાય છે, પછી કંકણ અને બાજુબંધથી અક્કડ થયેલી બે ભુજાઓને વાળીને બન્ને હાથની દશ આંગળીઓ સાથે મેળવીને અંજલી કરી મસ્તક ઉપર ભમાડીને, નીચે જણાવ્યા પ્રમાણે તે ઇન્દ્ર અરિહંત પરમાત્માઓને નમસ્કાર કરવા નમોત્થુણં કહે છે. તે નમોત્થુણંના શબ્દોના અર્થો અહીં કહે છે.

નમસ્કાર થાઓ, કર્મરુપી શત્રુઓને હણનારા અરિહંતોને, તથા જ્ઞાનાદિગુણોવાળા ભગવંતોને, એ અરિહંત પરમાત્માઓ કેવા છે તો કે પોતપોતાના તીર્થની અપેક્ષાએ ધર્મની આદિ કરનારા, તીર્થની સ્થાપના કરનારા, તીર્થ એટલે શ્રમણ પ્રધાન ચતુર્વિધસંઘ અથવા પ્રથમ ગણધર તે રૂપ તીર્થને સ્થાપનારા, બીજાના ઉપદેશ વિનાજ સ્વયંબોધ પામેલા, સંસારમાં રહેવા છતાં પરોપકારી, શુભક્રિયા-વાળા, દીનતા રહિત, કરેલા ઉપકારને જાણનારા, દેવગુરુની ભક્તિવાળા, તથા ગંભીર આશય અને અત્યંત ઉદારદિલ હોવાથી ગુણ સમૃદ્ધિને કારણે પુરુષોમાં ઉત્તમ, વળી કર્મરૂપી શત્રુઓને જીતવા અત્યંત ક્રૂર, પરિષહો અને ઉપસર્ગોને સહન કરવામાં અત્યંત શૂરવીર હોવાથી પુરુષોમાં સિંહ. જેમ કમલ કાદવમાં ઉત્પન્ન થાય અને પાણીથી વધે, છતાં કાદવ અને પાણીથી ઉપરજ રહે છે, તેમ ભગવાન પણ કર્મરૂપ કાદવમાં ઉત્પન્ન થાય અને ભોગરૂપ પાણીથી વધે છતાં કર્મોથી અને ભોગોથી અલગ થઈ જાય છે. તેથી પુરુષોમાં પુંડરિકકમલ જેવા, ગંધહસ્તીના ગંધથી બીજા હસ્તિઓ જેમ ભાગી જાય છે તેમ તીર્થંકરો જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં પાસેના પ્રદેશોમાંથી રોગ દુર્ભિક્ષ વગેરે ઉપદ્રવો નાશી જાય છે,



ઇન્દ્ર મહારાજા શક્ર સ્તવ વડે સ્તુતિ કરે છે.

વિંધ્યાચલ પર્વતની ભૂમિમાં તું ચાર દાંતવાળો લાલ રંગનો, સાતસો હાથણીઓનો સ્વામી હાથી થયો. ક્યારેક ત્યાં પણ તને પૂર્વની પેઠે દાવાનલ જેવામાં આવ્યો તેથી તેં જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વભવ જોયો. પછી તેં દાવાનલથી બચવા માટે એક યોજન પ્રમાણ ભૂમિને વૃક્ષો અને ઘાસ વિનાની બનાવી તે ભૂમિમાં વરસાદનાં કારણે કે બીજા કારણે ઘાસ વેલડી વગેરે ઊગતાં તેને ઉખેડીને તે ભૂમિને તું હંમેશાં સાફ રાખતો.

કોઇક વખતે મોટો દાવાનલ લાગ્યો. તેના ભયથી સર્વે વનવાસી પ્રાણીઓ બચવા માટે ભાગીને તે સાફ યોજન પ્રમાણ ભૂમિમાં આવીને ઊભાં રહ્યાં. તું પણ ત્યાં જલદી આવીને ઊભો રહ્યો. જીવોથી તે ભૂમિ ચિક્કાર ભરાઈ ગઇ, જરા પણ કોઇને ઊભા રહેવા જગ્યા ન રહી. આ વખતે તને શરીરે ખંજવાળ થતાં તેં ખંજવાળવા એક પગ ઊંચો કર્યો ત્યારે બીજી જગ્યામાં સંકડાશથી પીડાતો એક સસલો તારા પગની જગ્યાએ આવી ઊભો. પછી શરીર ખંજવાળીને પગ નીચે મૂકતી વખતે ત્યાં રહેલ સસલો તને જણાયો, તેથી દયા લાવી તેં તારો પગ ઊંચો જ રહેવા દીધો. અઢી દિવસે દાવાનલ શમ્યો ત્યારે બધાં પ્રાણીઓ ત્યાંથી ચાલ્યાં ગયાં. તેં અઢી દિવસ સુધી દયા લાવી પગ અદ્ધર રાખ્યો, તેથી તારો પગ ઝલાઇ ગયો હોવાથી પગને નીચે મૂકતી વખતે તું પડી ગયો. ત્યાર પછી પણ ત્રણ દિવસ સુધી ભૂખ્યો તરસ્યો છતાં પણ દયા ભાવ ટકી રહેવાથી સો વર્ષનું આયુષ્ય ભોગવી મરણ પામીને તું મગધ દેશના રાજા શ્રેણિકની ધારિણી રાણીથી ઉત્પન્ન થયેલ પુત્ર થયો છે. "હે મેઘકુમાર ! તેં તિર્યંચના ભવમાં જીવોને બચાવવાની ભાવનાથી એક યોજન ભૂમિને સાફ રાખવાનો અવિરત પ્રયત્ન ઘણા સમય સુધી ચાલુ રાખ્યો. તારા પોતાના બચવા માટે એક યોજન ભૂમિ ન જોઇએ, પરંતુ બીજા જીવોને બચાવી લેવાની વૃત્તિ પણ એમાં રહી જ હતી. એની સાક્ષી એ કે કોઈ પણ જીવોને તારી તૈયાર કરેલ ભૂમિમાંથી ભગાડવાનો તેં પ્રયત્ન કે વિચાર પણ કર્યો નહિ તથા સસલાને બચાવવા અઢી દિવસ સુધી ખૂબ કષ્ટ વેઠી તેં પગ ઊંચે જ રાખ્યો, તેમ પડી ગયા બાદ પણ ત્રણ દિવસ ભૂખ્યો તરસ્યો રહ્યો. છતાં [illegible] ન આવ્યો કે મેં આ [illegible] જીવોને અહીં ઊભા [illegible] દીધા તેથી હું આવી

દુ:ખી અવસ્થામાં આવી પડયો અને મરણ આવ્યું ત્યાં સુધી પણ એ દયાવૃત્તિ ટકાવી રાખી. તેં તિર્યંચપણામાં જીવદયા ધર્મ ખાતર આટલાં બધાં કષ્ટ સહન કરવાં ચાલુ રાખ્યાં તો આ માનવઅવતારમાં છકાય જીવોની દયા પાળનારા જગતવંદનીય એવા સાધુ મહાત્માઓના પગની રજથી આટલું બધું દુ:ખ લગાડે છે તે શું બરાબર છે? પ્રભુના આવા ઉપદેશથી પ્રતિબોધ પામેલા મેઘમુનિ જાતિસ્મરણ જ્ઞાન પામી એવો અભિગ્રહ કરે છે કે આજથી મારી બે આંખો સિવાય આખા શરીરે ગમે તેવાં કષ્ટો આવે તો મારે તે સમભાવે સહન કરવાં, એ માટે બીજા કોઈ ઉપર ગુસ્સો કરવો નહીં તેમ જ દોષ દેવો નહીં. હે પ્રભુ! આપે મને પૂર્વભવો યાદ કરાવી ઉન્માર્ગે જતા રથને સારથી જેમ સન્માર્ગે લાવે તેમ સન્માર્ગે લાવી મારા પર અવર્ણનીય ઉપકાર કરેલ છે. એમ કહી અભિગ્રહ લઈ ઉગ્ર તપ કરી નિર્દોષ ચારિત્ર પાળી અંતે એક માસનું અણસણ કરી સમાધિ પૂર્વક કાલ કરી વિજય નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મેઘ મુનિનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ મોક્ષે જાશે.

ઇતિ મેઘકુમાર કથા.

પ્રથમ વ્યાખ્યાન પૂર્ણ થયું.



[illegible] પણ રહ્યો. સાતસો હાથણીઓનો સ્વામી હાથી થયો. [illegible] વિચારમાં આવ્યો તેથી તેં જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વભવ [illegible] યોજન પ્રમાણ ભૂમિને વૃક્ષો અને ઘાસ વિનાની બનાવી તે [illegible] ઘાસ વેલડી વગેરે ઊગતાં તેને ઉખેડીને તે ભૂમિને તું હંમેશાં [illegible].

[illegible] વખતે મોટો દાવાનલ લાગ્યો. તેના ભયથી સર્વે વનવાસી પ્રાણીઓ બચવા માટે ભાગીને તે એક યોજન પ્રમાણ ભૂમિમાં આવીને ઊભાં રહ્યાં. તું પણ ત્યાં જલદી આવીને ઊભો રહ્યો. જીવોથી તે ભૂમિ ચિક્કાર ભરાઈ ગઈ, જરા પણ કોઈને ઊભા રહેવા જગ્યા ન રહી. આ વખતે તને શરીરે ખંજવાળ આવતાં તેં ખંજવાળવા એક પગ ઊંચો કર્યો ત્યારે બીજી જગ્યામાં સંકડાશથી પીડાતો એક સસલો તારા પગની જગ્યાએ આવી ઊભો. પછી શરીર ખંજવાળીને પગ નીચે મૂકતી વખતે ત્યાં રહેલ સસલો તને જણાયો, તેથી દયા લાવી તેં તારો પગ ઊંચો જ રહેવા દીધો. અઢી દિવસે દાવાનલ શમ્યો ત્યારે બધાં પ્રાણીઓ ત્યાંથી ચાલ્યાં ગયાં. તેં અઢી દિવસ સુધી દયા લાવી પગ અદ્ધર રાખ્યો, તેથી તારો પગ ઝલાઈ ગયો હોવાથી પગને નીચે મૂકતી વખતે તું પડી ગયો. ત્યાર પછી પણ ત્રણ દિવસ સુધી ભૂખ્યો તરસ્યો છતાં પણ દયા ભાવ ટકી રહેવાથી સો વર્ષનું આયુષ્ય ભોગવી મરણ પામીને તું મગધ દેશના રાજા શ્રેણિકની ધારિણી રાણીથી ઉત્પન્ન થયેલ પુત્ર થયો છે. "હે મેઘકુમાર! તેં તિર્યંચના ભવમાં જીવોને બચાવવાની ભાવનાથી એક યોજન ભૂમિને સાફ રાખવાનો અવિરત પ્રયત્ન ઘણા સમય સુધી ચાલુ રાખ્યો. તારા પોતાના બચવા માટે એક યોજન ભૂમિ ન જોઈએ, પરંતુ બીજા જીવોને બચાવી લેવાની વૃત્તિ પણ એમાં રહી જ હતી. એની સાક્ષી એ કે કોઈ પણ જીવોને તારી તૈયાર કરેલ ભૂમિમાંથી ભગાડવાનો તેં પ્રયત્ન કે વિચાર પણ કર્યો નહિ તથા સસલાને બચાવવા અઢી દિવસ સુધી ખૂબ કષ્ટ વેઠી તેં પગ ઊંચે જ રાખ્યો, તેમ પડી ગયા બાદ પણ ત્રણ દિવસ ભૂખ્યો [illegible] રહ્યો. ક્યાંય વિચાર ન આવ્યો કે મેં આ બધા જીવોને અહીં ઊભા રહેવા દીધા [illegible]

દુઃખી અવસ્થામાં આવી પડયો અને મરણ આવ્યું ત્યાં સુધી પણ એ દયાવૃત્તિ ટકાવી રાખી. તેં તિર્યંચપણામાં જીવદયા ધર્મ ખાતર આટલાં બધાં કષ્ટ સહન કરવાં ચાલુ રાખ્યાં તો આ માનવઅવતારમાં છકાય જીવોની દયા પાળનારા જગતવંદનીય એવા સાધુ મહાત્માઓના પગની રજથી આટલું બધું દુઃખ લગાડે છે તે શું બરાબર છે? પ્રભુના આવા ઉપદેશથી પ્રતિબોધ પામેલા મેઘમુનિ જાતિસ્મરણ જ્ઞાન પામી એવો અભિગ્રહ કરે છે કે આજથી મારી બે આંખો સિવાય આખા શરીરે ગમે તેવાં કષ્ટો આવે તો મારે તે સમભાવે સહન કરવાં, એ માટે બીજા કોઈ ઉપર ગુસ્સો કરવો નહીં તેમ જ દોષ દેવો નહીં. હે પ્રભુ! આપે મને પૂર્વભવો યાદ કરાવી ઉન્માર્ગે જતા રથને સારથી જેમ સન્માર્ગે લાવે તેમ સન્માર્ગે લાવી મારા પર અવર્ણનીય ઉપકાર કરેલ છે. એમ કહી અભિગ્રહ લઈ ઉગ્ર તપ કરી નિર્દોષ ચારિત્ર પાળી અંતે એક માસનું અણસણ કરી સમાધિ પૂર્વક કાલ કરી વિજય નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મેઘ મુનિનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ મોક્ષે જાશે.

ઇતિ મેઘકુમાર કથા.

પ્રથમ વ્યાખ્યાન પૂર્ણ થયું.



... સસલો પ્રાણીઓના સ્વામી હાથી થયો. ... તેથી તેં જાતિસ્મરણ જ્ઞાન વડે પૂર્વભવ ... પ્રમાણ ભૂમિને વૃક્ષો અને ઘાસ વિનાની બનાવી તે ... વગેરે ઊગતાં તેને ઉખેડીને તે ભૂમિને તું હંમેશાં ... રાખતો.

... તેના ભયથી સર્વે વનવાસી પ્રાણીઓ બચવા માટે ભાગીને ... યોજન પ્રમાણ ભૂમિમાં આવીને ઊભાં રહ્યાં. તું પણ ત્યાં જલદી આવીને ઊભો રહ્યો. જીવોથી ... જરા પણ કોઈને ઊભા રહેવા જગ્યા ન રહી. આ વખતે તને શરીરે ... તેં ખંજવાળવા એક પગ ઊંચો કર્યો ત્યારે બીજી જગ્યામાં સંકડાશથી પીડાતો એક સસલો તારા પગની જગ્યાએ આવી ઊભો. પછી શરીર ખંજવાળીને પગ નીચે મૂકતી વખતે ત્યાં ... સસલો તને જણાયો, તેથી દયા લાવી તેં તારો પગ ઊંચો જ રહેવા દીધો. અઢી દિવસે દાવાનલ શમ્યો ત્યારે બધાં પ્રાણીઓ ત્યાંથી ચાલ્યાં ગયાં. તેં અઢી દિવસ સુધી દયા લાવી પગ અદ્ધર રાખ્યો, તેથી તારો પગ ઝલાઈ ગયો હોવાથી પગને નીચે મૂકતી વખતે તું પડી ગયો. ત્યાર પછી પણ ત્રણ દિવસ સુધી ભૂખ્યો તરસ્યો છતાં પણ દયા ભાવ ટકી રહેવાથી સો વર્ષનું આયુષ્ય ભોગવી મરણ પામીને તું મગધ દેશના રાજા શ્રેણિકનો ધારિણી રાણીથી ઉત્પન્ન થયેલ પુત્ર થયો છે. "હે મેઘકુમાર ! તેં તિર્યંચના ભવમાં જીવોને બચાવવાની ભાવનાથી એક યોજન ભૂમિને સાફ રાખવાનો અવિરત પ્રયત્ન ઘણા સમય સુધી ચાલુ રાખ્યો. તારા પોતાના બચવા માટે એક યોજન ભૂમિ ન જોઈએ, પરંતુ બીજા જીવોને બચાવી લેવાની વૃત્તિ પણ એમાં રહી જ હતી. એની સાક્ષી એ કે કોઈ પણ જીવોને તારી તૈયાર કરેલ ભૂમિમાંથી ભગાડવાનો તેં પ્રયત્ન કે વિચાર પણ કર્યો નહિ તથા સસલાને બચાવવા અઢી દિવસ સુધી ખૂબ કષ્ટ વેઠી તેં પગ ઊંચે જ રાખ્યો, તેમ પડી ગયા બાદ પણ ત્રણ દિવસ ભૂખ્યો ... રહ્યો. ત્યાંય વિચાર ન આવ્યો કે મેં આ બધા જીવોને અહીં ઊભા રહેવા દીધા તેથી હું આવી

દુઃખી અવસ્થામાં આવી પડયો અને મરણ આવ્યું ત્યાં સુધી પણ એ દયાવૃત્તિ ટકાવી રાખી. તેં તિર્યંચપણામાં જીવદયા ધર્મ ખાતર આટલાં બધાં કષ્ટ સહન કરવાં ચાલુ રાખ્યાં તો આ માનવઅવતારમાં છકાય જીવોની દયા પાળનારા જગતવંદનીય એવા સાધુ મહાત્માઓના પગની રજથી આટલું બધું દુઃખ લગાડે છે તે શું બરાબર છે? પ્રભુના આવા ઉપદેશથી પ્રતિબોધ પામેલા મેઘમુનિ જાતિસ્મરણ જ્ઞાન પામી એવો અભિગ્રહ કરે છે કે આજથી મારી બે આંખો સિવાય આખા શરીરે ગમે તેવાં કષ્ટો આવે તો મારે તે સમભાવે સહન કરવાં, એ માટે બીજા કોઈ ઉપર ગુસ્સો કરવો નહીં તેમ જ દોષ દેવો નહીં. હે પ્રભુ! આપે મને પૂર્વભવો યાદ કરાવી ઉન્માર્ગે જતા રથને સારથી જેમ સન્માર્ગે લાવે તેમ સન્માર્ગે લાવી મારા પર અવર્ણનીય ઉપકાર કરેલ છે. એમ કહી અભિગ્રહ લઈ ઉગ્ર તપ કરી નિર્દોષ ચારિત્ર પાળી અંતે એક માસનું અણસણ કરી સમાધિ પૂર્વક કાલ કરી વિજયનામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મેઘ મુનિનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ મોક્ષે જાશે.

ઇતિ મેઘકુમાર કથા.

પ્રથમ વ્યાખ્યાન પૂર્ણ થયું.




શ્રી કલ્પસૂત્ર વ્યાખ્યાન. ૨

તીર્થંકરોને ધર્મસારથી તરીકે વર્ણવ્યા. વળી એ ભગવંતો કેવા છે તો કે જેમ ચક્રવર્તી ત્રણ સમુદ્ર અને ચોથા હિમવંત પર્વત એ ચારેના અંત સુધી પોતાના ચક્રથી પોતાની આજ્ઞા પ્રવર્તાવે છે તેમ તીર્થંકરો પણ નરકાદિ ચારે ગતિનો ધર્મચક્ર વડે અંત કરનારા હોવાથી ધર્મને વિષે શ્રેષ્ઠ ચક્રવર્તી સમાન, સંસાર સમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓને દ્વીપ સમાન, અનર્થોનો પ્રતિકાર કરી રક્ષણ કરનારા, કર્મોના ઉપદ્રવોથી દુઃખિત થયેલાઓને શરણ આપનારા, દુઃખોથી મૂંઝાયેલાઓ માટે ગતિરૂપ, સંસારકૂપમાં પડતા જીવો માટે આધારરૂપ, અન્યથી હણાય નહીં એવા કેવળજ્ઞાન અને કેવળ દર્શનને ધારણ કરનારા, છદ્મસ્થ એટલે અસર્વજ્ઞ અવસ્થા જેમની ચાલી ગઈ છે એવા, રાગ—દ્વેષને જીતેલા, ઉપદેશથી બીજા પ્રાણીઓને રાગ—દ્વેષથી જીતાડનારા, સંસાર સમુદ્રને તરી જનારા, અન્ય ભવ્યાત્માઓને સંસાર સાગરથી તારનારા, જીવાદિ સર્વ તત્ત્વોને જાણનારા, અન્ય જીવોને તત્ત્વોનો બોધ કરાવનારા, પોતે કર્મ બંધનોથી મુક્ત થયેલા, બીજાઓને કર્મ બંધનોથી મુક્ત કરનારા, કેવળજ્ઞાનથી ત્રણે લોકના સકલ પદાર્થોને દ્રવ્ય અને પર્યાયથી પણ જાણનારા, કેવળદર્શનથી ત્રણે લોકના સકલ પદાર્થોને દ્રવ્ય અને પર્યાયથી જોનારા તથા ઉપદ્રવ રહિત, અચલ, રોગરહિત, અનંત, અક્ષય, પીડા રહિત, જ્યાંથી પાછું આવવાનું જ નથી એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા, સર્વ ભયોને જીતનારાં એવા પ્રકારના મહાન ગુણોને ધારણ કરનારા સર્વ જિનેશ્વરો છે. તે સર્વ જિનેશ્વરોને મારા નમસ્કાર થાઓ.

એ રીતે ઇન્દ્ર સર્વ તીર્થંકરોને નમસ્કાર કરીને હવે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવને નમસ્કાર કરવા કહે છે, નમસ્કાર થાઓ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુને, પહેલાંના તીર્થંકરોએ કહેલા અને સિદ્ધિગતિ નામના સ્થાનને પામવાની ઇચ્છાવાળા એવા ભગવંત શ્રી મહાવીરને, અહીં રહેલો એવો હું ત્યાં રહેલા એટલે બ્રાહ્મણ કુંડગ્રામમાં ઋષભદત્ત બ્રાહ્મણની દેવાનંદા નામની બ્રાહ્મણીસ્ત્રીની કુક્ષિમાં ગર્ભ પણે રહેલા ભગવંતને હું વંદન કરું છું. ત્યાં રહેલા ભગવંત, અહીં રહેલા મને જુઓ. એમ

કહી વંદન-નમસ્કાર કરીને ઈન્દ્ર પૂર્વ સન્મુખ સિંહાસન ઉપર બેઠો, પછી તે દેવેન્દ્રને અંતરમાં ચિંતન સ્વરૂપ આવા પ્રકારનો મનોગત વિચાર આવ્યો કે, એ થયું નથી, થતું નથી અને થશે પણ નહીં. જે અરિહંત ભગવંતો, ચક્રવર્તીઓ, બલદેવો અને વાસુદેવો-શૂદ્રકુલોમાં અધમકુલોમાં, અલ્પ કુટુંબવાળાં કુલોમાં, નિર્ધન કુલોમાં, લોભી કુલોમાં, ભીખ માગનારાં કુલોમાં, બ્રાહ્મણ કુલોમાં જન્મ્યા હોય, જન્મતા હોય કે, જન્મશે, એવું કદાપિ બનતું નથી. પરંતુ નિશ્ચયથી અરિહંતો, ચક્રવર્તીઓ, બલદેવો અને વાસુદેવો, શ્રી ઋષભદેવે સ્થાપિત કરેલા ઉગ્ર કુલોમાં અથવા ગુરુ સ્થાને સ્થાપિત કરેલા ભોગ કુલોમાં કે મિત્રસ્થાને સ્થાપિત કરેલા રાજ્ય કુલોમાં અથવા પ્રભુના જ ઇક્ષ્વાકુકુલોમાં કે પ્રજાલોક તરીકે સ્થાપિત કરેલ ક્ષત્રિય કુલોમાં અથવા હરિવર્ષ ક્ષેત્રના યુગલિયાના પરિવાર રૂપ હરિવંશ કુલોમાં અથવા બીજા એવા જ કોઈ વિશુદ્ધ જાતિવંશકુલોમાં જન્મ્યા છે, જન્મે છે અને જન્મશે.

ત્યારે પ્રભુ આ બ્રાહ્મણ કુલમાં કેમ આવ્યા ? તો કહે છે કે લોકમાં એવા પણ આશ્ચર્યકારી ભાવો અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ વ્યતીત થયે છતે થાય છે. આ અવસર્પિણીમાં પણ દશ આશ્ચર્યકારી ભાવો થયા છે. તે કહે છે. (૧) તીર્થંકરના ગર્ભનું હરણ થયું તે. (૨) ચમરેન્દ્રનો સૌધર્મ દેવલોકમાં ઉત્પાત થયો તે (૩) શ્રી વીર ભગવંતની પ્રથમ દેશના નિષ્ફલ ગઇ તે (૪) ચંદ્ર અને સૂર્યનું મૂળ વિમાનથી પ્રભુને વંદનાર્થે આવવું થયું તે. (૫) મહાવીરદેવને કેવલી બન્યા પછી પણ ઉપસર્ગ થયો તે. (૬) શ્રી કૃષ્ણનું અમરકંકા ગમન તે. (૭) મલ્લીનાથ તીર્થંકર સ્ત્રી રૂપે થયા તે. (૮) હરિવંશ કુલની ઉત્પત્તિ થઇ તે. (૯) અસયંતીની પૂજા થઇ તે. (૧૦) અને એક સમયમાં એકસોને આઠ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સિદ્ધ થયા તે. આ દશ આશ્ચર્યોમાં શ્રી ઋષભદેવ પ્રભુના તીર્થમાં એકસો આઠ સિદ્ધ થયા. શ્રી સુવિધિનાથ પ્રભુના તીર્થમાં અસયંતીઓની પૂજા પ્રવર્તી. શ્રી શીતલનાથ પ્રભુના તીર્થમાં હરિવંશ કુલની ઉત્પત્તિ થઈ. શ્રી મલ્લીનાથ પ્રભુના તીર્થમાં પ્રભુ પોતેજ સ્ત્રી તીર્થંકર થયા. શ્રી નેમનાથ પ્રભુના તીર્થમાં શ્રી કૃષ્ણ વાસુદેવ અમરકંકા ગયા. બાકીનાં પાંચ આશ્ચર્યો શ્રી વીર પ્રભુના તીર્થમાં થયાં. અહીં આ દશ આશ્ચર્યોની વિગત કહે છે.



પ્રથમ સાધ્વીજી ચંદનબાળા તથા સાધ્વી મૃગાવતીજીની સુંદર સાધના

કેવલીપણે વિચરતો જગતના જીવોનું કલ્યાણ કરતો રહીશ. પરંતુ તું તો પિત્તજ્વરના વ્યાધિથી પીડાતો છતાં સાત દિવસમાં છદ્મસ્થપણે જ મૃત્યુ પામીશ. પછી પ્રભુએ ગૌતમાદિ મુનિવરોને કહ્યું કે, આ ગોશાલાને સારી રીતે સમજાવો. જેથી તેની સદ્‌ગતિ થાય. ગૌતમાદિ મુનિવરોએ ગોશાલાને ઘણા સદ્‌બોધનાં વચનો કહ્યા, પરંતુ તેથી ગોશાલો વધારે ક્રોધે ભરાયો અને મુનિઓને હેરાન કરવા અનેક ઉપાયો કરવા લાગ્યો, પણ શરીરમાં પ્રવેશેલ તેજોલેશ્યાના કારણથી તેના પ્રયત્નો નિષ્ફલ ગયા અને તેને તેજોલેશ્યાથી અત્યંત દાહ થવા લાગ્યો. પછી તેણે શીતોપચાર કરવા માંડ્યા તેથી દાહ વધવા લાગ્યો, ત્યારે ગોશાલાએ વિચાર્યું કે, "મહાવીરનું વચન નિષ્ફલ નહીં જાય" એટલે ખેદ કરતો પોતાના પાપોને અને ઉન્માર્ગ પ્રરૂપણાનો પારાવાર પશ્ચાત્તાપ કરતો જીવો પોતાના શિષ્યોને અને અનુયાયીઓને બોલાવીને કહેવા લાગ્યો કે, "પ્રભુ મહાવીર સાચા જિન છે, સાચા તારક છે, મહાવીરનો માર્ગ સન્માર્ગ છે." તમો બધા મહાવીરને શરણે જાઓ. મેં ઉત્સૂત્રભાષી, ઉન્માર્ગ પ્રરૂપક બનીને પોતાના આત્માને, શિષ્યોને અને અનુયાયીઓને ઉન્માર્ગે ચડાવીને ભારે પાપો કર્યાં છે. હાય! હું આ પાપોથી કેમ છૂટીશ? પાપી એવા મારા મૃત્યુ બાદ મારા શરીરને તમો બન્ને પગે દોરડાં બાંધી આખા નગરમાં શેરીએ શેરીએ ઢસડીને મારાં પાપોને જાહેર કરવા પૂર્વક, માથે થૂંકવા પૂર્વક ફેરવજો વગેરે કહી પશ્ચાત્તાપથી પૂર્ણ હૃદયવાળો ગોશાલો મૃત્યુ પામી પશ્ચાત્તાપ અને શુભ ભાવનાના પ્રભાવે બારમા દેવલોકમાં ગયો. એના અનુયાયીઓએ ગોશાલાના શરીરને મકાનમાં જ નગરીની શેરીઓ કલ્પીને ઢસેડયો, અને વચન પાળવાનો વિધિ પતાવ્યો.

પ્રભુ પાસેથી ગોશાલાની બારમા દેવલોકની ગતિની વાત જાણીને ગૌતમસ્વામીએ કહ્યું, હે ભગવન્! તીર્થંકરની આવી ઘોર આશાતના કરનારને બારમો દેવલોક? પ્રભુએ કહ્યું કે, મારા કહેલ વચન પ્રમાણે એને પિત્તજ્વરાદિથી થતો દાહ શમ્યો નહીં, પણ વધવા લાગ્યો. તેથી એને પારાવાર પશ્ચાત્તાપ થવાથી શુભ ભાવ સાથે મૃત્યુ થવાથી બારમું દેવલોક મળ્યું. પરંતુ આશાતના અને ઉત્સૂત્ર પ્રરૂપણા આદિના ફળ તો એને અત્યંત ભયંકર કોટીના ભોગવવાં જ પડશે. તે ગોશાલો બારમા

નરકમાં ગયો, ત્યાંથી નીકળી કૃમીથી ભરેલ કોઢ રોગવાળો કુંભાર થયો. ત્યાં પચાશ વર્ષ સુધી કૃમી રોગથી પીડાતો અકામ નિર્જરાથી દેવ થયો. પછી રાજા થઈ પાપ કરી સાતમી નરકે ગયો. એવી રીતે મનુષ્ય, તિર્યંચ અને નરક ગતિમાં દુઃખો ભોગવતો ચિરકાલ સુધી ભટકીને તે ગોશાલો થયો. પૂર્વ ભવમાં જિન પ્રવચનના દ્વેષથી થયેલ ઉન્માર્ગ સ્થાપવાની વૃત્તિથી તેમજ ગણધર અને પ્રત્યેક બુદ્ધ તરફના અભાવથી થયેલ સુદેવ, સુગુરુ અને સુધર્મ ઉપરના દ્વેષથી ઉગ્ર કર્મ બંધાયાં, તેથી ગોશાલાના ભવ પહેલાં પણ ઘોર દુઃખો ચિરકાલ સુધી ભોગવ્યાં. અને પછી પણ ગાઢ મિથ્યાત્વના કારણે પૂર્વના અભ્યાસથી તીર્થંકર, ગુરુઓ અને ધર્મનો પ્રત્યનીક બન્યો અને ચિરકાલ સુધી ઉગ્ર દુઃખો ભોગવ્યાં. પ્રભુના મુખથી ગોશાલાનો વૃત્તાંત સાંભળી ઘણા આત્માઓએ પ્રતિબોધ પામી દીક્ષા સ્વીકારી. ઘણા દેશવિરતીધર બન્યા.

હવે પ્રભુ ઉપર ગોશાળે મૂકેલ તેજોલેશ્યાથી પ્રભુના શરીરે રક્ત અતિસાર તથા પિત્તજ્વર થવાથી શરીર કૃશ થઈ ગયું. છતાં પ્રભુએ કોઈ પણ જાતનું ઔષધ લીધું નહીં. પ્રભુના ઉગ્ર વ્યાધિથી લોકોમાં એવી વાતો થવા લાગી કે, ગોશાલાની તેજોલેશ્યાથી પ્રભુનું છ માસમાં મૃત્યુ થઈ જશે. આ વાત સિંહમુનિના કાને આવવાથી સિંહમુનિ એકાંતે જઈ મોટેથી રુદન કરવા લાગ્યા. જ્ઞાનથી [illegible] પ્રભુએ સિંહમુનિને બોલાવ્યા અને કહ્યું કે, અરે ભદ્ર! લોકોની વાતો સાંભળીને તું શા માટે [illegible] છે. હું હજી સોળ વર્ષ સુધી કેવલીપણે વિચરતો રહીશ. તીર્થંકરોને આવા ગોશાળાના કે [illegible] ઉપસર્ગો મૃત્યુ પમાડી શકતા નથી. તું ચિંતા ન કર. સિંહમુનિએ કહ્યું. હે પ્રભુ! આપનું કહેવું સત્ય જ છે, છતાં આપના શરીરને જોઈને મને અને બીજાઓને પણ ઘણો પરિતાપ થાય છે. આપ વીતરાગ છો, આપને શરીરની જરૂર નથી. પરંતુ આપના આ શરીરની આખા વિશ્વને ઘણી જ જરૂર છે. માટે અમારા મનની અને બીજા બધા આપના અનુયાયીઓના મનની શાંતિ માટે આપ ઔષધ લો. આપને આવી સ્થિતિના પીડિત જોવાને અમે ક્ષણવાર પણ સમર્થ નથી. પ્રભુએ એ વાત સ્વીકારીને

ઘર માટે અને ઘોડા માટે બીજોરાપાક બનાવ્યો છે તે તું લઈ આવ. પછી સિંહમુનિ તે ઔષધ લઈ આવ્યા. દેવતાઓએ રેવતી શ્રાવિકાના ઘરે સુવર્ણ વૃષ્ટિ કરી. પ્રભુએ સિંહમુનિએ લાવેલા સૂઝતા ઔષધનું સેવન કર્યું. એ ઔષધથી પ્રભુનું શરીર સારું થઈ જવાથી પ્રભુના અનુયાયીઓમાં આનંદ પ્રવર્ત્યો.

કેવલજ્ઞાન પામ્યા પછી પણ પોતાના માટે બનાવેલ ઔષધને લાવવાની ના કહેનાર પ્રભુના શાસનના વ્યવહારને અધ્યાત્મની વાતો કરીને ધાર્મિક વ્યવહારને ઉડાડનારા ધ્યાનમાં લે તો સારું. શ્રીવીર પ્રભુને કેવલી થયા પછી ગોશાલાએ ઉપસર્ગ કર્યો તે પાંચમું આશ્ચર્ય જાણવું.

(૬) છઠ્ઠું આશ્ચર્ય નવમા શ્રી કૃષ્ણ વાસુદેવને દ્રૌપદી માટે અમરકંકા જવું પડયું તે છે. એક વખત નારદ મુનિ પાંડવોની ભાર્યા દ્રૌપદી પાસે આવ્યા. નારદને અસંયતી જાણીને દ્રૌપદીએ કાંઇ સત્કાર કર્યો નહીં. તેથી ગુસ્સે થયેલા નારદે તેને દુઃખી કરવા ધાતકી ખંડના ભરતક્ષેત્રમાં અમરકંકા નગરીમાં પદ્મોત્તર રાજા પાસે આવી દ્રોપદીના સૌંદર્યનું તેની પાસે વર્ણન કર્યું તે સાંભળી કામાંધ બનેલા તે રાજાએ પોતાના મિત્રદેવ મારફતે દ્રૌપદીનું હરણ કરાવ્યું. પાંડવોની માતા કુંતાજીએ શ્રી કૃષ્ણને દ્રૌપદીનું હરણ થયાની વાત જણાવી શોધ કરી આવવા ફરમાવ્યું. શ્રી કૃષ્ણને નારદ પાસેથી દ્રૌપદીના સમાચાર મેળવી લવણ સમુદ્રના અધિષ્ઠાયક એવા સુસ્થિત દેવનું આરાધન કર્યું, તેથી બે લાખ યોજનના લવણ સમુદ્રમાંથી દેવસહાયથી પાંડવો સાથે શ્રી કૃષ્ણ અમરકંકા આવ્યા. ત્યાં નરસિંહ રૂપ કરી પદ્મોત્તર રાજાને જીતીને દ્રૌપદીને લઇ પાંડવો સાથે પાછા લવણ સમુદ્ર માર્ગે જવા લાગ્યા, ત્યારે શ્રી કૃષ્ણે પોતાનો શંખ વગાડયો. તેનો અવાજ સાંભળી ધાતકી ખંડમાંના કપીલ વાસુદેવે ત્યાં રહેલ શ્રી મુનિસુવ્રત સ્વામીને પૂછી જંબૂદ્વીપના ભરત ક્ષેત્રના શ્રી કૃષ્ણ વાસુદેવને આવેલા જાણી તેને મળવા માટે સામે શંખ વગાડી શ્રી કૃષ્ણને બોલાવ્યા. પરંતુ ઘણા દૂર નીકળી જવાથી શ્રી કૃષ્ણ પાછા ન આવ્યા.

(૭) સાતમું આશ્ચર્ય–તીર્થંકરો હંમેશાં પુરુષો જ હોય છે. પરંતુ આ અવસર્પિણીમાં મિથિલા નગરીમાં કુંભપ્રજાપાલનાં પુત્રી મલ્લિકુમારીએ ઓગણીસમાં તીર્થંકર થઈ તીર્થ પ્રવર્તાવ્યું તે. એ

તીર્થંકર આગલા ત્રીજા ભવમાં મહાબલ નામના મહારાજા હતા. તેમને બાલપણથી છ રાજાઓ મિત્ર હતા. એ છ રાજાઓની સાથે મહાબલ રાજાએ દીક્ષા લીધી. સાતે જણાનો એ નિર્ણય થયો હતો કે, આપણે બધાએ એક સરખી તપશ્ચર્યા સાથે જ કરવી. પરંતુ એ છ થી વધુ લાભ મેળવવાની ભાવનાથી મહાબલમુનિ પારણાને દિવસે માથું દુઃખે છે. પેટમાં દુઃખે છે, કે, અરુચિ થઇ ગઈ છે. એવાં બહાનાં આજે પારણું કરતા નહીં. એમ પોતાનું તપ વધારતા. પરંતુ માયા કરવાથી સ્ત્રી થવાનું કર્મ બાંધ્યું. અને વીશસ્થાનક તપની વિશિષ્ટ આરાધના કરવાથી તીર્થંકર નામ કર્મ બાંધ્યું. ચોર્યાસી લાખ પૂર્વના આયુષ્યવાળા એ સાતે મુનિઓ ચોર્યાસી હજાર વર્ષ સુધી ચારિત્ર પાળી અંતે અણસણ કરી કાળ કરી વૈજયંત નામના અનુત્તર વિમાનમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાબલ રાજાનો જીવ મિથિલા નગરીના કુંભરાજાની પ્રભાવતી રાણીથી ચૌદ સ્વપ્ન સૂચિત પુત્રી તરીકે અવતર્યો. ચોસઠ ઇન્દ્રોએ ઓગણીસમાં તીર્થંકર તરીકે તેમનો જન્મ મહોત્સવ કર્યો. મલ્લિકુમારી એમનું નામ રાખવામાં આવ્યું. દેવાંગનાઓથી પણ અત્યંત અધિક રૂપ મલ્લિકુમારીનું હતું. એ રૂપની વાત સર્વત્ર ફેલાઇ હતી. વૈજયંતથી ચ્યવીને છએ મિત્રો જુદા જુદા દેશના મહારાજાઓ થયા અને તેમણે મલ્લિકુમારીની અદ્‌ભુત સૌંદર્યની કીર્તિ સાંભળીને તેને પરણવા માટે દૂતો મોકલી કુંભરાજા પાસે માગણી કરી. મલ્લિકુમારીએ પોતાના પૂર્વભવના મિત્ર રાજાઓને અશોકવાડીમાં બોધ થાશે, એમ અવધિજ્ઞાનથી જાણીને તે વાડીનાં મહેલમાંના ઓરડામાં રત્નપીઠ ઉપર પોતાની સુવર્ણમય પ્રતિમા બનાવરાવીને સ્થાપન કરી. એ પ્રતિમાના બધા અંગોપાંગો કેશ વગેરે મલ્લિકુમારી જેવાં જ અત્યંત રમણીય બનાવી પ્રતિમા અંદર પોલી રાખી. માથે એક છિદ્ર કરાવી તે ઉપર સુવર્ણ કમળનું ઢાંકણું રખાવ્યું. પ્રતિમાવાળા ખંડને છ દ્વાર કરાવ્યાં. પાછળની ભીંતમાં એક સાતમું દ્વાર કરાવ્યું. પછી દરરોજ આહારનો એક એક કોળીઓ પ્રતિમામાં ઉપરના છિદ્રમાંથી નાખીને મલ્લિકુમારી ભોજન કરવાં લાગ્યાં. કુંભરાજાએ માંગણી ન સ્વીકારવાથી ગુસ્સે થયેલા છ રાજાઓ મોટા સૈન્ય સાથે યુદ્ધ કરવા માટે મિથિલા આવ્યા. એ રાજાઓને ભક્તિથી મલ્લિકુમારીને આપવાની વાત ... તેઓને પ્રતિમાવાળા રૂમના છ દરવાજાની સામેના રૂમોમાં

બેસાડી દેવામાં આવ્યા. રૂપ જોઈ તેઓ અત્યંત મોહિત થયા. ત્યાર બાદ મલ્લિકુમારીએ પ્રતિમાની ઉપરનું ઢાંકણું છૂપી રીતે કાઢી નાખ્યું. તેથી અત્યંત દુર્ગંધ નીકળવા લાગી. એ દુર્ગંધ સહન ન થવાથી છ રાજાઓએ મોઢું ફેરવી નાખ્યું, ત્યારે પ્રગટ થઇ મલ્લિકુમારીએ શરીરના સડન, પડન વિધ્વંસણ વગેરે ધર્મો સમજાવ્યા. સારી વસ્તુઓ પણ જેના સંસર્ગથી દુર્ગંધમય થઈ જાય છે, એવા આ શરીર ઉપર રાગ કરવો શું ઉચિત છે? આપણે સાતે પૂર્વભવમાં મિત્ર રાજાઓ હતા. સાતેએ સાથે દીક્ષા લઇ ખૂબ આરાધના કરી અંતે દેવલોકમાં ગયા. આ સાંભળી છએ રાજાઓને જાતિ સ્મરણજ્ઞાન થયું, અને વૈરાગ્ય પામ્યા. પછી મલ્લિકુમારીના કહેવાથી પોતપોતાના રાજ્યમાં ગયા. જ્યારે મલ્લિનાથે દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી તીર્થની સ્થાપના કરી તેઓ તીર્થંકર થયાં ત્યારે છએ રાજાઓએ દીક્ષા લીધી. શ્રેષ્ઠ આરાધના કરી મોક્ષે ગયા. શ્રી મલ્લિનાથ સ્ત્રી તીર્થંકર થયા એ સાતમું આશ્ચર્ય જાણવું.

(૮) આઠમું આશ્ચર્ય—હરિવંશકુલની ઉત્પત્તિ. કૌશાંબી નગરીના રાજા સુમુખે વીરા નામના માણસની પત્ની વનમાલાને ઉપાડી પોતાના અંતઃપુરમાં રાખી. પોતાની સ્ત્રીના વિરહથી વીરો ગાંડો થઈ ગયો. રસ્તામાં જે કોઈ મલે તેને વનમાલા, વનમાલા બોલતો ભમવા લાગ્યો. કોઈ વખતે દુઃખી થઈ ગયેલા વીરાને જોઈ રાજા અને વનમાલા પોતાના અકાર્યનો પશ્ચાત્તાપ કરવા લાગ્યાં. એ સમયે ઓચિંતી વીજળી પડવાથી તે બન્ને મૃત્યુ પામી હરિવર્ષ ક્ષેત્રમાં યુગલિકપણે ઉત્પન્ન થયા. વીરો પણ તે બન્નેને મૃત્યુ પામેલા જાણી અરે! એમને પાપ લાગ્યું, એમ કહીને ડાહ્યો થઈ ગયો. પછી વૈરાગ્યથી તપ કરી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં કિલ્બિષિક દેવપણે થયો. એ દેવ વિભંગ જ્ઞાનથી તે બન્નેને યુગલિયાનું સુખ ભોગવતા જોઈ આ બન્ને હવે પછી પણ અહીંથી મૃત્યુ પામી દેવતા થાશે. તેથી મારા શત્રુ એવા એમને દુર્ગતિના દુઃખમાં નાખું. એમ વિચારીને તેણે પોતાની શક્તિથી તે બન્નેના શરીરોને નાના કરી તેમને ભરતક્ષેત્રમાં લાવી રાજ્ય પર સ્થાપી સાતે વ્યસન શીખવ્યાં. તેથી વ્યસની એવા તે હરિ અને હરિણી મૃત્યુ પામી નરકમાં ગયા. તેના વંશમાં જે માણસો થયા તે હરિવંશના કહેવાયા. આમાં યુગલિયાને ભરતક્ષેત્રમાં લાવવા, શરીર સંકોચાવવું અને તેમનું નરકમાં જવું એ બધું આશ્ચર્યરૂપ છે.

... પાપકર્મનો ... કાળમાં આરંભ
... શ્રમણ ... ના મનના ... માં ...

... ભાવનાવાળા જીવોને આઠ શિષ્ય ન થાય તે
... ... શ્રી ... ના ... પુત્રમુનિઓ તથા
... ... ભાવનાવાળાં એક સમયમાં શિષ્ય થયાં છે
...

... નામકર્મ અને ગોત્રકર્મના ઉદયથી ભગવાન શ્રી મહાવીરદેવ
... સત્તાવીશ ભવની અપેક્ષાએ ભગવાને એ નીચ ગોત્રકર્મ ત્રીજા ભવમાં
... છે. તેનો વૃત્તાંત આ પ્રમાણે છે.

સત્તાવીશ ભવમાંથી પહેલા ભવમાં ભગવાનનો જીવ નયસાર નામે ગ્રામાધ્યક્ષ હતો. તે એક વખત લાકડાં લેવા માટે વનમાં ગયો હતો ત્યાં બપોરના ભોજન સમયે બધા સાથેના માણસો જમવા બેઠા, તેમને ભોજન પીરસાયું ત્યારે નયસારને વિચાર આવ્યો કે ઘરે તો કોઈ પણ અતિથિનો લાભ મળી જાય પણ આજે અહીં કોઈ અતિથિનો લાભ મલી જાય તો સારું. આવા દાનના શ્રેષ્ઠ વિચારથી અતિથિને જોવા માટે દિશા વિદિશામાં નજર ફેરવી રાહ જોઈ. એટલામાં એના ભાગ્યથી જાણે ખેંચાઈને આવતા હોય તે રીતે ત્યાં આવતા કેટલાક ઉત્તમ પાત્ર સ્વરૂપ જૈન સાધુ મહારાજો નજરે ચડયા. નયસારનો આત્મા આનંદથી નાચી ઊઠયો. નયસારે સામે જઈ વંદન કરી સાધુ મહારાજોને આહારનો લાભ આપવા વિનંતી કરી. તેનો સ્વીકાર કરી મુનિરાજોએ સાથે જઈને આહારનો લાભ આપ્યો. નયસારે ખૂબ જ ભક્તિથી વહોરાવીને કહ્યું, આપ આવી ભયંકર અટવીમાં કેમ આવી ચડયા? સાધુઓએ કહ્યું, અમે ... સાર્થથી ... પડી ગયા. રસ્તો ન મળવાથી આ બાજુ ચડી આવ્યા.

નયસારે કહ્યું, આપશ્રી કષ્ટમાં આવી ગયા એ ઠીક ન થયું, પરંતુ અમારા ભાગ્ય ઉઘડી ગયાં. તેથી આવા જંગલમાં પણ આપ જેવા મહાત્માઓનો અમને લાભ મળી ગયો. હે પૂજ્ય! આપ ગોચરી વાપરી લ્યો અને અમે પણ ભોજન કરી લઇએ. પછી આપને હું માર્ગ બતાવવા સાથે ચાલીશ. પછી મુનિરાજોએ યોગ્ય સ્થળે ગોચરી વાપરી લીધા બાદ જમીને નયસાર મુનિરાજો સાથે માર્ગ બતાવવા ચાલ્યો. આ કોઈ ઘણો યોગ્ય આત્મા છે એમ જાણી મુનિરાજોએ નયસારને આત્મલક્ષી યોગ્ય ઉપદેશ આપ્યો. આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મનો કર્તા છે, આત્મા કર્મનો ભોક્તા છે, આત્માને મોક્ષ છે અને આત્માને મોક્ષ પ્રાપ્ત કરવાના એટલે આત્માને પરમાત્માપદ પ્રાપ્ત કરવા માટેના સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રરૂપ શ્રેષ્ઠ ઉપાયો પણ આ જગતમાં છે, વગેરે વિસ્તારથી સમજાવ્યું. તે સાંભળીને નયસાર તીર્થંકરપદ પ્રાપ્ત કરવાના બીજ સ્વરૂપ સમ્યક્ત્વને પામી ગયો. મુનિરાજો નયસારના બતાવેલ માર્ગે ચાલ્યા ગયા. નયસારે ત્યારથી શ્રાવકની કરણીમાં જોડાઇને આત્માને પવિત્રતાને માર્ગે વાળી દીધો. અંતે મૃત્યુ પામી કરેલ પુણ્યના યોગે પ્રથમ દેવલોકમાં દેવ થઈ દેવ સુખો ભોગવી આયુષ્ય પૂર્ણ કરી ભરત ચક્રવર્તીનો પુત્ર મરિચિ થઇ વૈરાગ્ય પામી શ્રી ઋષભદેવ પાસે દીક્ષા લીધી. અગિયાર અંગનો અભ્યાસ કર્યો. ક્યારેક ઉનાળામાં તાપ સહન ન થવાથી મરિચિને વિચાર આવ્યો કે આ સંયમ પાળવો અત્યંત દુષ્કર છે. મારાથી તે પાળી શકાય તેમ નથી. તેમ પાછા ગૃહસ્થ થઇ જવું એ પણ ઠીક નહીં. તો હવે મારાથી પાળી શકાય તેવો માર્ગ નક્કી કરી એ પ્રમાણે ચાલવું. સાધુપણું પાળી શકાતું નથી તો સાધુના વેશમાં રહેવું એ પણ ઉચિત નથી. આ સાધુઓ ત્રણ દંડથી રહિત છે, પણ હું ત્રણ દંડ યુક્ત છું, તેથી મને ત્રિદંડનું ચિહ્ન હો. આ સાધુઓ દ્રવ્ય અને ભાવથી મુંડિત છે, હું તેવો નથી તેથી મારું મસ્તક શિખાયુક્ત અથવા ક્ષૌર મુંડિત હો. આ સાધુઓ સર્વ પ્રાણીઓની હિંસાથી નિવૃત થયેલા છે, મારાથી એમ પાળી શકાય તેમ નથી તેથી મારે સ્થૂલ હિંસાથી નિવૃત્તિ હો, આ સાધુઓ સદા શીલવ્રતથી સુગંધિત છે, હું તેવો નથી તેથી મારે શરીરે ચંદનાદિ સુગંધી દ્રવ્યોનું વિલેપન હો. આ સાધુઓ મોહ વિનાના છે, હું મોહ યુક્ત

પામેલા માણસોને સાધુઓના જ શિષ્યો બનાવવા લાગ્યો. ક્યારેક મરિચિના શરીરે રોગ ઉત્પન્ન થયો. માંદા પડેલા તેની સેવા એના અવિરતિપણાને કારણે કોઈ પણ સાધુ કરતા નહીં. તેથી મરિચિને વિચાર આવ્યો કે આ સાધુઓ મારા પરિચિત છે. મેં ઘણાંને પ્રતિબોધથી એમની પાસે મોકલી દીક્ષિત કર્યા. છતાં તેઓ મારી માંદગીમાં પણ મારી કોઇ સેવા કરતા નથી. અરે! મેં આ ખોટો વિચાર કર્યો. એ સાધુઓ મહાસંયમી છે. હું પણ જો સયંમી હોત તો મારી તેઓ આ સમયે સુંદર સેવા કરત. પરંતુ મેં તો ચારિત્ર મૂકી દીધું છે તો અસંયમી એવા મારી તેઓ સેવા કેમ કરે? મારાથી એઓ મારી સેવા કરે એ વિચારણા પણ કરાય નહીં, મારે આવા માંદગીના પ્રસંગે સેવા કરે તેવો એક શિષ્ય બનાવી લેવો જોઇએ. પછી ધીરેધીરે મરિચિ નીરોગી થઇ ગયા. ત્યારબાદ પણ ઉપદેશ શક્તિથી પ્રતિબોધ પામનારાને સાધુઓ પાસે મોકલી તેમના જ શિષ્યો બનાવતા રહ્યા. મરિચિ આચાર પતિત થયા હતા, પણ ત્યાં સુધી તેઓ વિચાર પતિત અને શ્રદ્ધા પતિત થયા ન હતા. પરંતુ પછી કપિલ નામનો રાજકુમાર મરિચિ પાસે આવી દેશનાથી પ્રતિબોધ પામ્યો. એટલે સાધુઓ પાસે ચારિત્ર ગ્રહણ કરવા મરિચિએ કહ્યું. પરંતુ કપિલે કહ્યું, હું તો તમારા દર્શનનું વ્રત લઇશ. મરિચિએ કહ્યું કે' હે કપિલ! તે સાધુઓ ત્રણ દંડ રહિત છે હું ત્રણ દંડ સહિત છું, વગેરે વિગત સમજાવીને કહ્યું, એટલે જ હું તને ત્યાં મોકલું છું. પરંતુ ભારેકર્મી કપિલ સાધુઓના ચારિત્રથી વિમુખ બનીને કહેવા લાગ્યો કે શું તમારા દર્શનમાં ધર્મ નથી? મરિચિ પણ કપિલના અતિ આગ્રહને જોઇ આ મારો લાયક શિષ્ય થાશે. એમ વિચારીને કહે છે "હે કપિલ, જૈન માર્ગમાં પણ ધર્મ છે અને મારા માર્ગમાં પણ ધર્મ છે." પછી મરિચિ પાસે જ કપિલે દીક્ષા લીધી અને મરિચિનો શિષ્ય થયો. મરિચિએ કરેલ આ ઉત્સૂત્ર ભાષણથી લગભગ કોડાકોડી સાગરોપમ જેટલો સંસાર વધારી નાખ્યો. પોતાના આ કર્મની આલોચના પણ તેણે લીધી નહીં. અંતે ચોર્યાસી લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામી પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવતા થયો, ત્યાં દેવસુખો ભોગવી આયુષ્ય પૂર્ણ કરીને ત્યાંથી ચ્યવી પાંચમા ભવમાં કોલ્લાક સંનિવેશમાં કૌશિક નામે બ્રાહ્મણ થયો. પૂર્વ જન્મના વિરાધકપણાથી

અત્યંત વિષયાસક્ત તેમજ ધનની અત્યંત લોલુપતાવાળા અને નિશંકપણે અત્યંત પાપાચરણ કરતો મરિચિનો જીવ એંશી લાખ પૂર્વનું આયુષ્ય એવીજ પ્રવૃત્તિપૂર્વક પૂર્ણ કરી આયુષ્યના છેલ્લા ભાગે પૂર્વ સંસ્કારથી ત્રિદંડીપણાનો સ્વીકાર કરી મૃત્યુ પામે છે. આ ભવમાં લગભગ આયુષ્ય પાપાચરણમાં પસાર કરવાથી એ પછીના ઘણાંજ ભવો પશુ, પક્ષીપણાના દુર્ગતિ ભ્રમણરૂપે મેળવીને ઘણો કાળ ભટકી, અકામ નિર્જરાના યોગે એ આત્માના વચ્ચેના ક્ષુલ્લક ભવો સત્યાવીશ ભવની ગણત્રીમાં લીધા ન હોવાથી સત્યાવીશ ભવની ગણત્રીએ છઠ્ઠા ભવમાં બોંતેરલાખ પૂર્વના આયુષ્યવાળા પુષ્પમિત્ર નામના બ્રાહ્મણ થાય છે. આયુષ્યના અંતે ત્રિદંડી બની અંતે મૃત્યુ પામી પહેલા દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થાય છે. આઠમા ભવમાં ચૈત્ય સંનિવેશમાં ચોસઠલાખ પૂર્વના આયુષ્યવાળા અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ થયા, અંતે ત્રિદંડી થઈ મૃત્યુ પામી નવમા ભવે ઇશાન નામે બીજા દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળા દેવ થાય છે. ત્યાંથી ચ્યવી દશમા ભવે મંદર-સંનિવેશમાં છપ્પનલાખ પૂર્વના આયુષ્યવાળા અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ થાય છે. અંતે ત્રિદંડી બની મૃત્યુ પામી અગીયારમા ભવે ત્રીજા સનતકુમાર દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળા દેવ થાય છે. ત્યાંથી ચ્યવી બારમા ભવે શ્વેતાંબી નગરીમાં ચુંમાલીશલાખ પૂર્વના આયુષ્યવાળા ભારદ્વાજ બ્રાહ્મણ થયા. અંતે ત્રિદંડી થઇ મૃત્યુ પામીને તેરમા ભવે ચોથા માહેંદ્ર દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવીને ચૌદમા ભવે કેટલાક ભવો ભમીને રાજગૃહ નગરમાં સ્થાવર નામે ચોવીશલાખ પૂર્વના આયુષ્યવાળા બ્રાહ્મણ થયા અંતે ત્રિદંડી થઇ મૃત્યુ પામી પંદરમા ભવે પાંચમાં બ્રહ્મદેવલોકમાં મધ્યમ આયુષ્યવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવીને સોળમા ભવે રાજગૃહ નગરમાં વિશ્વનંદી રાજાના ભાઈ વિશાખાભૂતિ યુવરાજનો પુત્ર વિશ્વભૂતિ થયા. કોઈ વખતે વિશ્વભૂતિ પોતાના અંતઃપુર સહિત પુષ્પ કરંડક ઉદ્યાનમાં ક્રીડા કરતા હતા ત્યારે રાજપુત્ર વિશાખાનંદી ત્યાં આવ્યા. એને થયું કે હમણાં જ્યાં સુધી વિશ્વભૂતિ અંદર છે ત્યાં સુધી મારાથી ઉદ્યાનમાં જઈ શકાશે નહીં. એટલે [illegible] પુષ્પ લેવા ત્યાં આવી. તેણે અંદર વિશ્વભૂતિ છે જાણીને [illegible] આ વખતે રાણી

પાછા ફરી રાણીને એ વાત જણાવી. રાણીને ગુસ્સો આવ્યો અને રાજાને કહ્યું કે યુવરાજ પુત્ર બગીચામાં પોતાની સ્ત્રીઓ સાથે આનં ... 'કુમાર વિલખા થઇ બહાર ઉભા હોય, તેમ રાજરાણીને ફૂલ મેળવવાં મુ ... ર છે? રાજાએ આ વાત સાંભળી કપટથી વિશ્વભૂતિને ઉદ્યાન બહાર લાવ ... સેંહ સામંત ઉદ્ધત બની પ્રજાને ત્રાસ આપે છે તેથી હું તેને વશ કરવા ... દ્યાન બહાર આવી વિશ્વભૂતિએ રાજાને વિનયથી નમીને કહ્યું, આવા આવા સામાન્ય સામંત ઉપર આપ જેવા સમર્થ રાજાએ યુદ્ધ કરવા જવું યોગ્ય નથી, હું જાઉ છું. એમ કહીને તે ત્યાં ગયો, પણ પુરુષસિંહ સામંતની તેવી કોઈ પ્રવૃત્તિ જણાઈ નહીં. એટલે સન્માન સત્કારપૂર્વક પાછા ફરી વિશ્વભૂતિ પુષ્પકરંડક ઉદ્યાને આવ્યા. ત્યાં પરિવાર સહિત વિશાખાનંદીને ક્રીડા કરતા જાણી પોતાની સાથે કપટ રમાયાની વિગત જણાઇ આવી, તેથી રાજા અને રાજકુમાર ઉપર ગુસ્સો આવ્યો, પાસે રહેલ કોઠાના વૃક્ષને એક મુષ્ટિ પ્રહાર કરી વૃક્ષના બધાં ફળો પાડી નાખી વિશાખાનંદીના દ્વાર પાળને કહ્યું કે કુલ મર્યાદા અને વડીલો તરફની ભક્તિ મને અટકાવે છે નહીં તો આ વૃક્ષના ફળોની જેમ વિશાખાનંદી અને તેના પરિવાર રૂપ તમારા બધાનાં મસ્તકો ધડથી નીચે પાડી દેત. પછી વિશ્વભૂતિએ સંસાર આવો જ છે, પરિણામે ઘણો દુઃખ આપનાર છે વગેરે વિચારી ત્યાં કોઇને પણ જણાવ્યા વિના સંભૂતિ મુનિરાજ પાસે જઇને ચારિત્ર લઇ લીધું. રાજા અને યુવરાજને ખબર પડતાં જ ત્યાં આવ્યા. રાજાએ અપરાધની વારંવાર ક્ષમા માગી રાજ્ય સ્વીકારવાનું કહ્યું, પરંતુ વિશ્વભૂતિ મુનિપણામાં સ્થિર થઇ ગયા. એથી રાજા વગેરે સ્વસ્થાને ગયા. વિશ્વભૂતિમુનિ છઠ્ઠ, અઠ્ઠમ, ચાર, પાંચ આઠ, પંદર વગેરે ઉપવાસ કરતા માસક્ષમણ વગેરેની તપસ્યામાં જોડાઇ ઉગ્ર તપ–સયંમથી આત્માને પવિત્ર બનાવતા કર્મોને અને શરીરને શોષવા લાગ્યા. યોગ્યતા જાણી ગુરુએ આજ્ઞા આપવાથી તેઓ એકાકીપણે સતત આત્મસાધના કરતા વિચરવા લાગ્યા. માસક્ષમણને પારણે કોઇ વખત મથુરા નગરીમાં ભિક્ષા માટે ફરતા વિશ્વભૂતિ મુનિવર સમીપમાંથી જતી ગાયનું પાસું લાગવાથી પડી ગયા, આ જ સમયે રાજપુત્ર વિશાખાનંદી પરણવા માટે ત્યાં આવેલ

... કોકાંના પાકા ફળ પાડી દેનાર એવા ... મને સાધુતાના માર્ગ ભૂલી ગુસ્સામાં આવી ... ઉછાળી દીધી. અને પોતાનું હજી એવું જ બળ ... ન અટકતા તેમણે એવું નિયાણું કર્યું કે' મારા ... માટે. અને એ દુર્ધ્યાનની આલોચના કર્યા વિના એક ... માં અને સાતમા મહાશુક્ર દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી ... પ્રજાપતિ રાજાની મૃગાવતીરાણીથી ત્રિપૃષ્ઠ નામે ... પ્રજાપતિ રાજાને ભદ્રારાણીથી અચળ નામે બળદેવ પુત્ર થયો. એ રાણીથી મૃગાવતી ... તે યુવાન વયે અત્યંત સૌંદર્યયુક્ત હતી. એ પોતાના પિતાને નમસ્કાર કરવા આવી. તે પુત્રીના સૌંદર્યને જોઈ રાજા કામાતુર થયો. રાજાએ નગરના મોટા માણસોને બોલાવીને સભામાં પૂછ્યું કે રાજ્યમાં જે જે ઉત્તમ વસ્તુઓ હોય તેનો માલિક કોણ ? પ્રજાએ કહ્યું કે તેનો માલિક રાજા જ હોય. આ રીતે લોક સંમતિ મેળવી પોતાની પુત્રી મૃગાવતીને ગાંધર્વ વિવાહથી પોતેજ પરણ્યો. એ મૃગાવતીથી ત્રિપૃષ્ઠ વાસુદેવ પુત્ર થયો. સાત સ્વપ્ન સૂચિત અને ચોર્યાસીલાખ વર્ષના આયુષ્યવાળા ત્રિપૃષ્ઠ વાસુદેવે બાલ્યવયમાંજ પ્રતિ વાસુદેવના શાલિના ખેતરમાં વિઘ્ન કરનારા સિંહને શસ્ત્રવિના હાથથીજ ચીરી નાખ્યો. પછી અનુક્રમે યુદ્ધમાં પ્રતિ વાસુદેવને મારીને વાસુદેવપણું પ્રાપ્ત કર્યું. કોઈ વખતે શય્યામાં સૂતા સૂતા એ વાસુદેવે પોતાના શય્યાપાલકને આજ્ઞા કરી કે આ ગાયકો ગાઈ રહ્યા છે તેમને જ્યારે હું નિદ્રાધીન થાઉં ત્યારે ગાયન કરતાં અટકાવજે, અને તેમને વિસર્જન કરજે. એમ કહ્યા પછી વાસુદેવ તરત નિદ્રાધીન થઈ ગયા. ગીત ગાનમાં રસિક બનેલા શય્યાપાલકે વાસુદેવની આજ્ઞા ભૂલી જઈ ગાયકોને ગીત ગાતા અટકાવ્યા નહીં. થોડી વાર પછી જાગી ગયેલા વાસુદેવે ગીત ગાનને ચાલુ રહેલો જોઈ શય્યાપાલકને કહ્યું કે અરે પાપી! મારી આજ્ઞાથી પણ તને સંગીત વધારે પ્રિય છે ? ... શય્યાપાલકના કાનમાં તપાવેલું સીસું રેડાવ્યું. ...

ત્રિપૃષ્ઠ–વાસુદેવના ભવમાં આ કાર્યથી કાનમાં ખીલા ઠોકાવવાનું ફળ આપનાર કર્મ બાંધ્યું. આ રીતે આ ભવમાં બીજાં પણ અનેક દૂષ્કર્મો કરીને મહાવીરના જીવે ઓગણીશમા ભવમાં સાતમી નરકમાં ઉત્પન્ન થઇ તેત્રીશ સાગરોપમ સુધી અત્યંત આકરાં દુઃખો ભોગવ્યાં. અહીં એ વિચારવાનું છે કે મહાવીર પ્રભુનો જીવ પણ વાસુદેવ બન્યા પછી સાતમી નરકમાં ગયો. એ વાત જૈન શાસ્ત્રો કહે છે.

જે વાસુદેવો કે પ્રતિવાસુદેવો થાય છે તે મરીને નિયમા નરકમાં જાય છે એવો શાશ્વત નિયમ છે એથી આવતી ચોવિશીમાં થનાર અમમ નામના બારમા તીર્થંકર ભગવાનનો જીવ પણ વાસુદેવના ભવ પછી નરકમાં ગયેલ છે અને હાલ નરકમાં છે એમ સમજવું.

હવે ત્રિપૃષ્ઠના ભવ પછી સાતમી નરકમાં જઈ ત્યાં અત્યંત દુઃખો ભોગવી અસહ્ય દૂઃખો ભોગવીને મહાવીરનો જીવ સિંહ થયો. વીસમો સિંહનો ભવ પૂરો કરી એકવીસમા ભવમાં ચોથી નરકમાં ગયા. ત્યાં દુઃખો અનુભવી ત્યાંથી નીકળી અનેક ભવો ભટકીને બાવીશમા ભવમાં મનુષ્ય થઈ શુભાશુભ કર્મો ઉપાર્જન કરીને ત્રેવીશમા ભવમાં મહાવિદેહમાં મૂકા નામે રાજધાનીમાં ધનંજય રાજાની ધારિણી રાણીથી ચૌદ સ્વપ્ન સૂચિત પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થયા. ચોર્યાશીલાખ પૂર્વના આયુષ્યવાળા એ ચક્રવર્તીએ પોટ્ટિલાચાર્ય પાસે અંતે દીક્ષા લઈ એક ક્રોડ વર્ષ સુધી ચારિત્ર પાળી ચોવીશમા ભવમાં સાતમા મહાશુક્ર નામના દેવલોકમાં દેવ થયા. ત્યાં સત્તર સાગરોપમ સુધી દેવસુખોને ભોગવી પચ્ચીશમા ભવે આ ભરતક્ષેત્રની છત્રિકા નગરીમાં જિતશત્રુરાજાની ભદ્રારાણીથી પચ્ચીશ લાખ વર્ષના આયુષ્યવાળા નંદન નામે પુત્ર થયા. ચોવીશ લાખ વર્ષ રાજ્ય સુખમાં રહીને રાજ્ય ત્યાગ કરી પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લીધી. આ ભવમાં નંદનમુનિ તરીકે એક લાખ વર્ષ સુધી માસખમણને પારણે માસખમણ કરી વીશ સ્થાનક તપની ભવ્ય આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. અહીં ભવ્ય આરાધનાથી તીર્થંકરપદ અપાવનારા શ્રી વીશસ્થાનક પદોનું સંક્ષિપ્ત વર્ણન કરાય છે.

(૭) સાતમા સાધુપદમાં :—ગૃહસ્થપણાનો ત્યાગ કરીને જગતભરના સર્વ છકાય જીવોને કુટુંબરૂપ માની રક્ષણ કરનારા, પાંચ મહાવ્રતોને પાળનારા, મોક્ષ સાધના કરનારા, પંદરે કર્મભૂમિના સર્વ સાધુઓ કે જેઓ સર્વ જીવો માટે તીર્થરૂપ છે તેમની આરાધના કરવી.

(૮) આઠમા જ્ઞાનપદમાં :—અરિહંતથી સાધુ સુધીના ગુણવંતોની આરાધના ઉપરનાં પદોમાં કહી, એ રીતે આત્મિકગુણો પણ આરાધનીય છે. મિથ્યાત્વ ગયા પછી આત્મામાં જે સમ્યગજ્ઞાન ગુણ પ્રગટ થાય છે તેની આરાધના કરવી.

(૯) નવમા દર્શનપદમાં :— મિથ્યાત્વ ગયા પછી આત્મામાં જે ઉપશમ ક્ષાયોપશમિક અને ક્ષાયિકાદિ સમ્યક્ત્વ દર્શનગુણ પ્રગટ થાય છે તેની આરાધના કરવી.

(૧૦) દશમા વિનયપદમાં :—વિનય ધર્મનું મૂળ છે. તેથી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ગણી, સ્થવિર, કુલ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન અને જ્ઞાની એ તેરની આશાતના ન કરવી, ભક્તિ કરવી, બહુમાન કરવું, ગુણગાન કરવાં એમ ચાર પ્રકારે વિનય કરી આરાધના કરવી.

(૧૧) અગિયારમા ચારિત્રપદમાં :—પાંચ મહાવ્રતોના સ્વીકાર અને પાલન સાથે ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયોને ઘટાડવા, પરભાવ રમણતા ટાળી સ્વભાવમાં રમણતા કરવી. અન્ય જીવોને પણ ચારિત્ર પાળતા કરવા એ રીતે ચારિત્રપદની આરાધના કરવી.

(૧૨) બારમા બ્રહ્મચર્યપદમાં :—સર્વ વ્રતોમાં મુકુટ સમાન બ્રહ્મચર્યને મન, વચન, કાયાથી કરણ કરાવણ અને અનુમોદનની રીતે, નવ કોટિએ શુદ્ધ રીતે પાળવું. અને બીજા જીવો પણ બ્રહ્મચર્ય પાળતા થાય તે રીતે આરાધના કરવી.

(૧૩) તેરમા ક્રિયાપદ કે ધ્યાનપદમાં :— ધ્યાનક્રિયાની વિશેષતા છે. પૌદ્ગલિક પદાર્થોને મેળવવાની, સાચવવાની, વધારવાની વિચારણા તથા એ પદાર્થો અને સંબંધીઓનો વિયોગ થાય તો શોક, સંતાપ કરવો, એમનો સંયોગ થાય તો આનંદિત થવું, એ આર્તધ્યાન કહેવાય. એ ધ્યાન ત્યાજ્ય છે, એ પદાર્થો અને સંબંધીઓના નિમિત્તથી ગુસ્સો કરી કોઇને મારવાના કે દુઃખી કરવાના

વિચારો કરવા તે રૌદ્રધ્યાન કહેવાય. એ ધ્યાન ત્યાજ્ય છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ગુણોની અને એ ગુણમય સુદેવગુરુધર્મની આરાધનાની ભાવના એ ધર્મ ધ્યાન કહેવાય. એ ધ્યાન આદરણીય છે. શ્રુતજ્ઞાનના આલંબનથી કે એ વિના પણ ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યો અને એના પર્યાયોના ચિંતનમાં એકાગ્ર બની આત્માને આત્મામાં સ્થિર કરવો એ શુક્લ ધ્યાન છે. એ ધ્યાન આદરણીય છે. આર્ત–રૌદ્ર ધ્યાનને તજી ધર્મ–શુક્લ ધ્યાન કરવું તથા શુભ ધ્યાનપૂર્વક જિનેશ્વરોએ કહેલ ક્રિયા કરી એ પદ સેવવું.

(૧૪) ચૌદમા તપપદમાં:–આત્માને પરમાત્મા બનાવવો હોય તો તપની અનિવાર્ય જરૂર છે. તેથી અણસણ, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ છ પ્રકારે બાહ્ય તપ તથા પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ (ત્યાગ) એ છ પ્રકારે અભ્યંતર તપ એ બાર પ્રકારે તપની આરાધના કરવી.

(૧૫) પંદરમા દાનપદ કે પ્રથમ ગણધરપદમાં:–મન, વચન, કાયાની શુદ્ધિથી અત્યંત ભક્તિપૂર્વક સત્પાત્રોરૂપ મહાવ્રતધારી તપસ્વીઓ વગેરે શ્રમણોને દાન આપીને તથા પ્રથમ ગણધર કે ગણધરપદની આરાધના કરીને એ પદ આરાધવું.

(૧૬) સોળમા વૈયાવચ્ચ પદ કે જિનપદમાં:–જિન, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, સાધુ, સંઘ, કુલ, ગણ એ દશેની અન્ન, પાણી, ઔષધ, વસ્ત્ર, પાત્ર, આસન, વસતિ, સંવાહનાદિ વડે વિશુદ્ધ ભાવ ભક્તિથી વૈયાવચ્ચ કરવી.

(૧૭) સત્તરમા સંયમ પદ કે સમાધિ પદમાં:–આત્માને સમાધિમય સંયમમાં સ્થિર કરવો, ઉત્કૃષ્ટ કોટિએ સત્તર પ્રકારનું સંયમ પાળવું તથા શ્રમણપ્રધાન ચતુર્વિધસંઘનાં સર્વે પ્રકારનાં વિઘ્નોને દૂર કરી ઉત્તરોત્તર સંયમ ધર્મમાં સ્થિર બનતા રહે તેમ કરી સમાધિ પ્રાપ્ત કરવી.

(૧૮) અઢારમા અભિનવજ્ઞાન પદમાં:–ગુરુ નિશ્રામાં રહી પ્રમાદ તજીને નિત્ય નવીન નવીન શ્રુતજ્ઞાનનો અભ્યાસ ...

(૧૯) ઓગણીશમા શ્રુતપદમાં :—શ્રુતજ્ઞાન તથા શ્રુતજ્ઞાનીની અનન્ય ભક્તિ કરવી. શ્રી તીર્થંકરોએ અર્થથી કહેલ અને ગણધરોએ દ્વાદશાંગીરૂપે બનાવેલ તેમજ શ્રુતજ્ઞાનીઓએ અને સ્થવિરોએ રચેલ એવા તારક શ્રુતજ્ઞાનને લખાવવું, જ્ઞાન ભંડારોમાં સુરક્ષિત બનાવવું, પોતે અભ્યાસ કરવું, અન્યોને અધ્યાપન કરાવવું, શ્રુતજ્ઞાનની ભાવનાનો પ્રચાર કરવો વગેરેથી એ પદની આરાધના કરવી. આ શ્રુતજ્ઞાનના જેટલા અક્ષર ભણાય તેટલા હજાર વર્ષો સ્વર્ગ સુખ પ્રાપ્ત થાય છે.

(૨૦) વીશમા તીર્થપદમાં :—તીર્થંકર અરિહંતોની, તીર્થંકર કેવલી, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓની તથા તીર્થરૂપ શ્રમણ પ્રમુખ ચતુર્વિધ સંઘની અને તીર્થરૂપ જિન પ્રવચનની અનન્ય આરાધના કરવી, તથા જે ભૂમિમાં જિનેશ્વરોનાં કલ્યાણકો થયાં છે, સાધુ આદિનો મોક્ષ થયો છે એવા સમેતશિખર, શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, ચંપાપુરી, પાવાપુરી, વગેરે તીર્થોની અનન્ય સેવા, ભક્તિ, યાત્રા, આરાધના કરી તેમજ શાસનની પ્રભાવના કરી એ તીર્થપદની આરાધના કરવી. આ વીશસ્થાનક જાણવાં. એની વિશિષ્ટ પ્રકારની આરાધના કરી તીર્થંકરનામકર્મ બાંધી અંતે એક માસની સંલેખના કરી કાળ કરી નંદનમુનિરાજનો જીવ દશમા પ્રાણત દેવલોકમાં ગયો. ત્યાં પુષ્પોત્તરાવતંસક વિમાનમાં વીશ સાગરોપમ સુધી દેવસુખ ભોગવી ત્યાંથી ચ્યવી મરિચિના ભવમાં જે કુલ મદ કરેલ હતો તેનાથી બંધાયેલ નીચગોત્રકર્મ અવશેષ રહ્યું હતું, તેના ઉદયથી ભગવાનનો જીવ સત્યાવીશમા ભવમાં દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં આવ્યો.

સૌધર્મેન્દ્રે વિચાર્યું કે, નીચ ગોત્ર કર્મના ઉદયે અરિહંતો, ચક્રવર્તીઓ, બલદેવો, અને વાસુદેવો શૂદ્રકુળોમાં, અધમકુળોમાં, તુચ્છકુળોમાં, દરિદ્રકુળોમાં, કંજૂસના કુળોમાં, ભિક્ષુક કુળોમાં અને બ્રાહ્મણ કુળોમાં ગર્ભપણે આવ્યા છે, આવે છે અને આવશે. પરંતુ એ કુળોમાં ક્યારે પણ જન્મ્યા નથી, જન્મતા નથી અને જન્મશે પણ નહીં.

હવે આ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં કોડાલ ગોત્રવાળા ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા જાલંધર ગોત્રવાળી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભપણે

૬૯૫. ઉત્પન્ન થયેલા છે. માટે ભૂતકાળના, વર્તમાનકાળના અને ભવિષ્યકાળના ઇન્દ્રોનો એ આચાર છે કે અરિહંત ભગવંતોને તેવા પ્રકારના શૂદ્રકુળોમાંથી, અધમકુળોમાંથી, તુચ્છકુળોમાંથી, દરિદ્રકુળોમાંથી, ભિક્ષુકકુળોમાંથી, કંજુશકુળોમાંથી કે બ્રાહ્મણકુળોમાંથી લઇને તેવા પ્રકારના ઉગ્રકુળોમાં, ભોગકુળોમાં, રાજન્યકુળોમાં, જ્ઞાતકુળોમાં, ક્ષત્રિયકુળોમાં, ઇક્ષ્વાકુ–કુળોમાં, હરિવંશકુળોમાં કે તેવા પ્રકારના વિશુદ્ધ જાતિવંશકુળોમાં તેમજ રાજ્યલક્ષ્મી ભોગવનારા કુળોમાં મૂકવાનો ઇન્દ્રનો આચાર છે. માટે મારે પણ આ પુણ્યકાર્ય કરવું જોઇએ. તેથી હું દેવાનંદા–બ્રાહ્મણીની કુક્ષિમાંથી લઇને આ ભરતક્ષેત્રમાં ક્ષત્રિયકુંડગ્રામનગરમાં શ્રી ઋષભદેવના ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયોમાં કાશ્યપગોત્રી સિદ્ધાર્થ ક્ષત્રિયની પત્ની વાસિષ્ટગોત્રવાળી ક્ષત્રિયાણી ત્રિશલારાણીના ઉદરમાં ગર્ભપણે મુકાવું. અને જે ત્રિશલા ક્ષત્રિયાણીનો પુત્રીરૂપ ગર્ભ છે, તે ગર્ભને દેવાનંદાના ઉદરમાં ગર્ભપણે મુકાવું. એમ વિચારીને પાયદલ સૈન્યના અધિપતિ હરિનૈગમેષિદેવને બોલાવીને ઇન્દ્રે આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિય હરિનૈગમેષિન્! અરિહંતો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો, કયારે પણ શૂદ્રકુળોમાં, અધમકુળોમાં, કૃપણકુળોમાં, દરિદ્રકુળોમાં, તુચ્છકુળોમાં, ભિક્ષુકકુળોમાં, બ્રાહ્મણકુળોમાં ગર્ભપણે આવ્યા છે, આવે છે, અને આવશે... પરંતુ તેઓ તે કુળોમાં જન્મ્યા નથી જન્મતા નથી અને જન્મશે પણ નહીં. એવા ઉત્તમ પુરુષોનો જન્મ તો ઉગ્રકુળોમાં, ભોગકુળોમાં, રાજન્યકુળો વગેરે ઉત્તમ જાતિ કુળવંશોમાં જ થયેલ છે, થાય છે અને થશે...

તો પછી ભગવાન બ્રાહ્મણકુળમાં કેમ આવ્યા? તો કે અનંતી ઉત્સર્પિણી, અવસર્પિણી... આશ્ચર્યકારી એવો પણ બનાવ બને છે. શેષ રહેલા નામ–ગોત્ર કર્મના ઉદયથી આવા ઉત્તમ પુરુષો... હીનકુળોમાં ગર્ભપણે આવ્યા છે, આવે છે અને આવશે. પરંતુ એવા હીનકુળોમાં આવા ઉત્તમ પુરુષો જન્મ્યા નથી, જન્મતા નથી અને જન્મશે પણ નહીં. તો હે દેવાનુપ્રિય હરિનૈગમેષિન્! તું શ્રમણ–ભગવાન શ્રી મહાવીર પ્રભુને આ જંબુદ્વીપના ભરતક્ષેત્રના બ્રાહ્મણ–કુંડગ્રામનગરમાં જઇ ત્યાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી લઇને ક્ષત્રિયકુંડગ્રામનગરમાં જઇ ત્યાં જ્ઞાતવંશના ક્ષત્રિયોમાં કાશ્યપ ગોત્રવાળા ક્ષત્રિય સિદ્ધાર્થ રાજાની પત્ની વાસિષ્ઠ ગોત્રવાળી ત્રિશલારાણીના



ઇન્દ્ર મહારાજાનો સંશય.

ઉદરમાં ગર્ભપણે સ્થાપિત કર. અને ત્રિશલા ક્ષત્રિયાણીના પુત્રીરૂપ ગર્ભને દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાં મૂક. ઇન્દ્રોનો આ રીતે કરવાનો આચાર છે. તેથી તને આ રીતે કરવાનું કહેલ છે. તું જલદી આ કાર્ય કરી આવ. અને કામ કરી આવ્યાના મને સમાચાર આપ. ઇન્દ્રનો આવો આદેશ સાંભળીને અત્યંત ખુશ થયેલ સેનાપતિ હરિનૈગમેષીદેવ તે ઇન્દ્રની આજ્ઞાને અંજલી જોડી મસ્તકે ભમાડી વિનયથી સ્વીકારીને ઇશાન ખૂણામાં આવે છે. ત્યાં વૈક્રિય સમુદ્ઘાતથી પોતાનું ઉત્તરવૈક્રિય શરીર બનાવવા પ્રયત્ન કરી સંખ્યાતાયોજન પ્રમાણ દંડ કરે છે. એટલે દંડતુલ્ય આત્મપ્રદેશોને કર્મ પુદ્ગલસહિત શરીરથી બહાર કાઢે છે. પછી [૧] કર્કેતનરત્નોનાં [૨] વજ્રરત્નોનાં [૩] વૈડૂર્યરત્નોનાં [૪] લોહિતાક્ષરત્નોના, [૫] મસારગલ્લરત્નોનાં [૬] હંસગર્ભરત્નોનાં [૭] પુલકરત્નોનાં [૮] સૌગંધિકરત્નોનાં [૯] જ્યોતિરસરત્નોનાં [૧૦] અંજનરત્નોનાં [૧૧] અંજનપુલક રત્નોનાં [૧૨] જાતીયરૂપરત્નોનાં [૧૩] સુભગરત્નોનાં [૧૪] અંકરત્નોનાં [૧૫] સ્ફોટક રત્નોનાં [૧૬] રિષ્ટરત્નોનાં, એવાં સોળ જાતિનાં રત્નોનાં અત્યંત અસાર પુદ્ગલોને તજીને સારવાળાં ઉત્તમ પુદ્ગલોને ગ્રહણ કરે છે. વળી બીજીવાર વૈક્રિયસમુદ્ઘાત વડે પ્રયત્ન કરી ઉત્તરવૈક્રિયરૂપ બનાવે છે. પોતાના મૂળરૂપથી અલગ પવિત્ર પુદ્ગલોનાં ઉત્તરવૈક્રિય શરીરથી હરિનૈગમેષીદેવ, પોતાની ઉત્કૃષ્ટી વેગવાળી, ચપળ, અત્યંતતીવ્ર, જયવાળી, પ્રચંડ, શીઘ્ર, વિઘ્નનાશિની એવી દિવ્યદેવગતિથી નીચે ઉતરતો ઉતરતો તિર્ચ્છા અસંખ્ય દ્વીપસમુદ્રોના મધ્ય મધ્ય ભાગોથી આવતો જ્યાં જંબૂદ્વીપનાં ભરતક્ષેત્રમાં બ્રાહ્મણ-કુંડગ્રામ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણના ઘરમાં તેની પત્ની દેવાનંદા બ્રાહ્મણી છે. ત્યાં આવીને અવ-સ્વાપિની નિદ્રા પરિવાર સહિત દેવાનંદાને આપીને પ્રભુને નમસ્કાર કરી અપવિત્ર પુદ્ગલોને દૂર કરી પવિત્ર પુદ્ગલોને ફેલાવે છે. પછી "ભગવાન મને આજ્ઞા આપો" એમ કહીને પીડા રહિત એવા શ્રી વીર પ્રભુને પીડા ન થાય એ રીતે દિવ્ય પ્રભાવથી હાથમાં લઇને ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાને ઘરે ત્રિશલાક્ષત્રિયાણી પાસે આવી પરિવાર સહિત ત્રિશલાક્ષત્રિયાણીને અવસ્વાપિની નિદ્રા આપી

અશુભ પુદ્‌ગલોને દૂર કરી શુભ પુદ્‌ગલોને ફેલાવી, સુગંધમય બનાવી પ્રભુને પીડા રહિતપણે દિવ્ય પ્રભાથી ત્રિશલાના ઉદરમાં ગર્ભપણે સ્થાપિત કરે છે. અને ત્રિશલાના ગર્ભને લઈને દેવાનંદાના ગર્ભપણે સ્થાપિત કરે છે. પછી તે દેવ જે દિશામાંથી આવ્યો હતો, તે દિશામાં ઉત્કૃષ્ટી, ચપળ, તીવ્ર, જયવાળી, પ્રચંડ, શીઘ્ર, દેવતાને યોગ્ય એવી દિવ્યગતિ વડે ઊંચે ઊંચે જતો સૌધર્મદેવલોકમાં સૌધર્માવતંસક વિમાનમાં શક્રસિંહાસન ઉપર દેવેન્દ્ર, દેવરાજા બેઠા હતા, ત્યાં આવીને ઇન્દ્રને "આપની આજ્ઞાપ્રમાણે હું કાર્ય કરી આવ્યો છું" એમ કહે છે.

ઇન્દ્રને ત્રિશલારાણીના ઉદરમાં પ્રભુને મૂકવાની કેમ ઇચ્છા થઈ તે કહે છે. પૂર્વભવમાં ત્રિશલાનો જીવ દેરાણી અને દેવાનંદાનો જીવ જેઠાણી હતો. બન્ને એકજ ઘરમાં સાથેજ રહેતી હતી. લોભવશ બની જેઠાણીએ દેરાણીનો રત્નકરંડિયો ચોરી લીધો. દેરાણીના શોધવાથી મળ્યો નહીં. ત્યારે દેરાણી જેઠાણીનો કજીઓ થયો, પણ જેઠાણીએ રત્નકરંડિયો આપ્યો નહીં, તેના ઉદયથી જે કર્મ બંધાયું તે કર્મ દેવાનંદાને ઉદયમાં આવ્યું, તેથી ઇન્દ્રને પણ દેવાનંદાની કુક્ષિમાંથી પુત્ર રત્નરૂપી ગર્ભને બીજે ક્યાંય લઈ જવાની ઇચ્છા ન થતાં ત્રિશલાના ઉદરમાં ગર્ભપણે મૂકવાની ઇચ્છા થઈ.

તે કાળ અને તે સમયને વિષે મહાવીર પ્રભુ ત્રણજ્ઞાનયુક્ત હતા. તેથી મને બીજે લઈ જવાશે એમ જાણે છે, પરંતુ લઈ જવાતાં પ્રભુ જાણતા નથી. અત્યંત અલ્પ સમય હોવાને કારણે, તથા લઈ જવાયા છે એમ પ્રભુ જાણે છે. અહીં દેવે દિવ્યશક્તિથી એવી કુશળતાથી લઈ જવાનું કાર્ય કર્યું કે ભગવાન જાણતા હોવા છતાં ન જાણવા જેવું થયું.

જે રાત્રે પ્રભુ દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલારાણીના ઉદરમાં મુકાયા તે રાત્રીએ થોડી નિદ્રા લેતી એવી દેવાનંદાએ મનોહર, કલ્યાણકારી, ધન્ય, માંગલિક એવાં ચૌદ મહાસ્વપ્નોને ત્રિશલા ક્ષત્રિયાણીએ હરણ કર્યાં એવું સ્વપ્નું જોયું. પછી દેવાનંદા જાગી ગઈ. એ ગજ, વૃષભ વગેરે આગળ કહ્યા પ્રમાણેના ચૌદ સ્વપ્નો જાણવા.



રાત્રીના છેલ્લા પહોરે ત્રિશલામાતાએ ચૌદ સ્વપ્નો નિહાળ્યાં.

[illegible] ચાર દાંતવાળો. ઊંચો અને વરસ્યા બાદના મેઘ, [illegible] ચંદ્રનાં કિરણ, પાણીનાં બિન્દુઓ તથા રૂપાના મોટા પર્વતસમાન [illegible] આવ્યા છે, એવા ઝરતા મદજળવાળા કપાળના મૂળ [illegible] સરખા શ્રેષ્ઠ પ્રમાણવાળો હતો અને જળસહિત મહામેઘની [illegible] સર્વ લક્ષણના સમૂહવાળો, વળી શ્રેષ્ઠ સાથળોવાળો [illegible] તેમજ [illegible] ત્રિશલારાણીએ સ્વપ્નામાં જોયો.

પછી બીજા સ્વપ્નમાં વૃષભને જોયો. એ વૃષભ ઉજ્જવલ કમળ પત્રના સમૂહથી અધિક કાન્તિવાળો હતો. તથા કાન્તિના સમૂહના વિસ્તારથી દશે દિશાઓને શોભાવતો હતો. ઉત્કૃષ્ટ શોભાના સમૂહની પ્રેરણાથી ઉછળતા તેજસ્વીપણાને લીધે શોભતા એવા મનોહર સ્કંધવાળો હતો. તથા સૂક્ષ્મ, નિર્મળ અને સુકુમાર રૂવાંટાની ચમકતીકાન્તિવાળો હતો. વળી દૃઢ, મજબૂત, માંસયુક્ત હોવાથી એ વૃષભ પુષ્ટ હતો, ઉત્તમ હતો, યોગ્યસ્થાને સર્વ અવયવો રહેલ હોવાથી અત્યંત સુંદર હતો. તથા મજબૂત ગોળાકાર અને અત્યંત શ્રેષ્ઠ અણીદાર એવાં શિંગડાવાળો હતો, તેમજ સરસ ઉપદ્રવોને શાન્ત કરનારા સમાન શોભતા એવા દાંતવાળો હતો, તથા અગણિત ગુણવાળો અને મંગલમય સુખવાળો હતો, એવા બળદને ત્રિશલારાણીએ જોયો.

પછી ત્રીજા સ્વપ્નામાં સિંહને જોયો. એ સિંહ મોતીની માળાઓનો સમૂહ, ક્ષીરસાગર, ચંદ્રના કિરણો, પાણીના બિન્દુઓ અને રૂપાના મોટા પર્વત જેવો ઉજ્જવલ વર્ણવાળો હતો, અને મનોહર હોવાથી જોવાલાયક, મજબૂત, સુંદર, પોંચાવાળો હતો. ગોળ પુષ્ટ અને એક બીજાને અડીને રહેલી ઉત્તમ તીક્ષ્ણ દાઢોથી શોભતા મુખવાળો હતો, વળી સારી રીતે સિંચેલા જાતિવંત કમલની સમાન કોમળ પ્રમાણયુક્ત શોભતા એવા મનોહર બે હોઠવાળો હતો, રાતા કમલની પાંખડી સમાન સુકુમાર [illegible] કરતી એવી સુંદર જીભવાળો હતો અને સોનું ગાળવાના

પાત્રમાં મૂકીને તપાવેલા શ્રેષ્ઠ સુવર્ણ સરખી ગોળ ફરતી વિજળી જેવી ચમકતી બે આંખવાળો હતો, તથા વિશાળ, પુષ્ટ અને ઉત્તમ જાંઘવાળો હતો અને પરિપૂર્ણ નિર્મળ કાંધવાળો હતો. તથા કોમળ, ઉજ્જવલ, સૂક્ષ્મ, અને ઉત્તમ લક્ષણવાળો હતો. તેમજ લાંબા ખાંધ ઉપર રહેલી કેસરાલવાળોથી શોભતો અને ઊંચું કરેલ, વાકું વાળેલ, ગોળાકાર કરેલ તથા શોભા પામે તેમ પછાડાતાં પુંછડાવાળો હતો, વળી એ સિંહ મનની ક્રુરતા વિનાનો, સુંદર આકૃતિવાળો, લીલા સહિત ગતિવાળો, મજબૂત અને તીક્ષ્ણ નખની અણીઓવાળો, મુખની શોભા કરનારી રાતી કોમળ વૃક્ષના નવા પાંદડા જેવી મનોહર લાંબી જીભવાળો હતો. એવા આકાશમાંથી ઉતરતા અને પોતાના મુખમાં પ્રવેશ કરતા સિંહને ત્રિશલારાણી જુએ છે.

(૪) પછી પૂર્ણચંદ્ર જેવા મુખવાળી ત્રિશલારાણીએ લક્ષ્મીદેવીને દીઠી. જે લક્ષ્મીદેવી ઉંચા હિમવંત પર્વતના ઉપર રહેલ પદ્મદ્રહના કમળ ઉપર રહેવાવાળી હતી, મનોહર રૂપવાળી અને સારી રીતે સ્થાપન કરેલ સુવર્ણના બે કાચબાની ઉપમાવાળા બે ચરણવાળી હતી. તથા અતિ ઊંચા પુષ્ટ અંગુષ્ઠાદિકમાં જાણે લક્ષ્મીદેવીએ પોતે જ લાખ આદિથી રંગેલા હોય નહીં એવા માંસયુક્ત સૂક્ષ્મ રાતા, ચીકણા નખોવાળી હતી. કમલ પત્રની જેવા સુકોમળ હાથ પગવાળી, ઉત્તમ કોમળ એવી આંગળીઓવાળી તથા કુરુવિંદાવર્ત આભૂષણ વડે સુશોભિત, પ્રથમ જાડી અને પછી ઓછી જાડી એવી હાથીની સૂંઢ જેવી શોભતી બે જંઘાવાળી હતી, ગુપ્ત ઢીંચણવાળી હતી. ઉત્તમ હાથીની સૂંઢસમાન પુષ્ટ સાથળવાળી હતી. સુવર્ણના કંદોરાને ધારણ કરનારી મનોહર વિશાલ કેડવાળી હતી, તથા તેલમાં ઘૂંટેલા જાતિવંત અંજન, ભમરા અને મેઘના સમૂહ સમાન શ્યામ સીધી આંતરા વિનાની, સૂક્ષ્મ, સુભગ, વિલાસવાળી, મનોહર, કોમળ, એવા સરસવ આદિના પુષ્પોથી પણ કોમળ સુંદર રૂંવાટાની પંક્તિવાળી હતી. વળી એ લક્ષ્મીદેવી નાભિ મંડલના સુંદર વિશાળપણાથી વખાણવા લાયક આગળના કેડના નીચેના ભાગવાળી હતી, તથા હથેળીમાં આવી શકે એવા વખાણવા યોગ્ય ત્રણ રેખાવાળા કેડના મધ્ય ભાગવાળી હતી. અને વિવિધ પ્રકારના ચંદ્રકાન્ત વગેરે મણિઓ, સુવર્ણ, વૈડુર્યઆદિકરત્નો અને

[illegible] પાનાનાં આભૂષણો અને આંગળી વગેરે [illegible] હતી. મોતીઓ વગેરેની માળાથી શોભતા [illegible] રત્નરૂપ ઉજ્જવલ સુવર્ણ કલશોને [illegible] પાનાનાં આભૂષણો તેમજ નેત્રને સુખકારી એવા [illegible] શોભતી હતી. તથા હૃદયમાં રહેલ સુવર્ણમાળાથી [illegible] મુખના કુંડળી સમાન ખભા ઉપર અડીને રહેલ બે [illegible] વિરાજિત હતી તથા કમળ સરખા નિર્મળ [illegible] નેત્રવાળી હતી. અને કાન્તિવાળા બે હાથવડે ગ્રહણ કરેલા કમલોથી ઝરતા [illegible] હતી. લીલાથી પવન કરવા માટે વીંઝાતા પંખાવડે શોભતી હતી. તથા સારી રીતે [illegible] નિર્મલ અર્થાત્ છૂટા, કાળા, ઘાટા અને સુકોમળ લટકતા કેશવાળી હતી. વળી પદ્મદ્રહના કમલ ઉપર નિવાસ કરનારી અને હિમવંત પર્વતના શિખર ઉપર ઐરાવણાદિક દિગ્ગજોની લાંબી અને પુષ્ટ એવી સૂંઢોથી અભિષેક કરાતી તથા ઐશ્વર્યાદિકથી યુક્ત એવી લક્ષ્મીદેવીને ત્રિશલારાણીએ ચોથા સ્વપ્નમાં જોઈ. અહીં લક્ષ્મીદેવીના નિવાસસ્થાન રૂપ જે કમળ છે તેનું વર્ણન કરે છે.


ભરતક્ષેત્રના છ ખંડને છેડે ઉત્તર દિશામાં એક સુવર્ણમય ચુલહિમવંત નામે પર્વત છે, તે એકસો યોજન ઊંચો, એક હજાર બાવન યોજન અને બાર કલા પહોળો છે. એ હિમવંત પર્વત ઉપર દશ યોજન ઊંડો, પાંચસો યોજન પહોળો અને એક હજાર યોજન લાંબો વજ્રમય તળિયાવાળો, પદ્મદ્રહ નામે દ્રહ છે. પાણીથી સંપૂર્ણ ભરેલા એવા એ દ્રહમાં પાણીથી બે કોશ ઊંચું, એક યોજન પહોળું, એક યોજન લાંબું, દશ યોજનના નીલ રત્નમય નાલવાળું, વજ્ર રત્નમય મૂળવાળું, અરિષ્ટ રત્નમય કંદવાળું, રાતાસુવર્ણના બહારના પાંદડાવાળું, પીતસુવર્ણમય અંદરના પાંદડાવાળું એક કમળ છે. તેમાં સુવર્ણમય કર્ણિકા છે. એટલે મધ્યની ડોડી છે. તે કર્ણિકા બે ગાઉ લાંબી તથા પહોળી અને એક

ઉ લાંબી, અર્ધો

ગાઉ પહોળું અને એક ગાઉથી કાંઇક ઓછું એટલે ચૌદસો ચાલીશ ધનુષ્ય ઉંચું એવું લક્ષ્મીદેવીનું ભવન છે. તે ભવનના પૂર્વ, દક્ષિણ અને ઉત્તર દિશામાં પાંચસો ધનુષ્ય ઉંચા અઢીસો ધનુષ્ય પહોળાં એવા ત્રણ બારણાં છે. તે ભવનના મધ્યભાગમાં અઢીસો ધનુષ્યના પ્રમાણવાળી રત્નમય પીઠિકા છે, તેના ઉપર લક્ષ્મીદેવીની શય્યા છે. હવે એ મુખ્ય કમળની ચારે બાજુ લક્ષ્મીદેવીના આભૂષણોથી ભરપૂર, ગોળ આકારવાળા અને મુખ્ય કમળથી અર્ધા પ્રમાણવાળા એકસો આઠ કમળો પ્રથમ વલયમાં છે.

બીજા વલયમાં વાયવ્ય, ઇશાન અને ઉત્તર દિશામાં ચાર હજાર સામાનિક દેવોના ચાર હજાર કમળો છે. પૂર્વ દિશામાં ચાર મહત્તર દેવોના ચાર કમળો છે. અગ્નિ ખૂણામાં ગુરુસ્થાને રહેલા અભ્યંતર સભાના દેવતાઓના આઠ હજાર કમળો છે. દક્ષિણ દિશામાં મિત્રસ્થાને રહેલા મધ્યમ પર્ષદાના દેવોના દશ હજાર કમળો છે. નૈઋત્ય ખૂણામાં નોકર સ્થાને રહેલા બાહ્ય પર્ષદાના દેવોના બાર હજાર કમળો છે, તથા પશ્ચિમ દિશામાં હાથી, ઘોડાં, રથ, પાયદળ, પાડા, ગંધર્વ અને નાટયરૂપ સાત કટકના નાયકોનાં સાત કમળો છે. ત્રીજા વલયમાં લક્ષ્મીદેવીના અંગરક્ષક સોળ હજાર દેવોના પ્રત્યેક દિશામાં ચાર ચાર હજાર કમળો છે. ચોથા વલયમાં અભ્યંતર આભિયોગિક દેવોના વસવાના બત્રીશ લાખ કમળો છે. પાંચમા વલયમાં મધ્યમ આભિયોગિક દેવતાના ચાલીશ લાખ કમળો છે. છઠ્ઠા વલયમાં બાહ્ય આભિયોગિક દેવોના અડતાલીશ લાખ કમળો છે. મૂળ કમળ સહિત સર્વ કમળોની સંખ્યા એક ક્રોડ, વીશ લાખ, પચ્ચાશ હજાર, એકસોને વીશ થાય છે. એ બધાં કમળો શાશ્વતાં છે, અને પૃથ્વીકાયિક છે. પરંતુ વનસ્પતિકાયિક કહેવાય છે. એ કમળો મુખ્ય કમળથી માંડીને અનુક્રમે અર્ધા અર્ધા પ્રમાણનાં જાણવાં. સર્વે કમળોમાં વસતા દેવો, લક્ષ્મીદેવીના સેવકો જાણવા. લક્ષ્મીદેવી ભવનપતિ માંહેની દેવી જાણવી. એ પ્રમાણે લક્ષ્મીદેવીનું વર્ણન જાણવું.

ઇતિ દ્વિતીય વ્યાખ્યાન



[illegible] વ્યાખ્યાન. ૩

[illegible] સ્વપ્નામાં ત્રિશલારાણીએ ફૂલની માળા દીઠી. જે [illegible] હતી. અત્યંત મનોહર હતી, તથા ચંપા, અશોક, પુન્નાગ, [illegible] કોરંટ, ડમરાના પાન, નવમાલિકા, [illegible] ચંદ્રવિકાસી કમલ, પાટલ, મચકુંદ, અતિમુક્ત, અને આંબો [illegible] દિશાઓને સુવાસિત કરતી, છએ ઋતુઓમાં થનારા સુગંધી [illegible] દેદીપ્યમાન, મનોહર, રાતા પીળા વગેરે ઘણા રંગની બનાવટથી [illegible] હતી. તથા મધુર શબ્દો કરતા ષટ્પદ ભમરા અને ભમરીઓનાં સમૂહો અંદર છૂપાઇ [illegible] જુદા જુદા ભાગોમાં શ્રવણ કરાતા અવાજેવાળી હતી. એવી ફૂલમાળાને આકાશ પ્રદેશથી [illegible] ત્રિશલારાણીએ જોઈ.

પછી છઠ્ઠા સ્વપ્નામાં ત્રિશલારાણીએ પૂર્ણચન્દ્રને જોયો, જે ચંદ્ર ગાયના દૂધના ફીણ, પાણીના બિંદુઓ, રૂપાના ઘડા જેવો શ્વેત હતો, વળી મનોહર તથા હૃદયને અને આંખોને પ્રીતિ કરનારો હતો. તેમજ સોળ કળાઓથી પૂર્ણિમાના ચંદ્ર જેવો પૂર્ણ હતો, તથા ગાઢ અંધકારથી વ્યાપ્ત વનની ઝાડીરૂપ ગુફાઓને પ્રકાશમય બનાવનાર હતો, પ્રમાણભૂત શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષની મધ્યે રહેલ પૂર્ણિમાને વિષે શોભાયમાન કળાવાળો હતો. તથા ચંદ્રવિકાસી કમળોના વનોને વિકસ્વર કરનાર હતો, રાત્રિની શોભાને કરનાર હતો, તથા રાખ વગેરેથી માંજેલ કાચના તળીઆ સરખો હતો, હંસની જેવા મનોહર રંગવાળો હતો. ગ્રહ વગેરે જ્યોતિષ મંડલના મુખના આભૂષણ સરખો હતો, અંધકારનો દુશ્મન અને કામદેવના બાણના ભાથારૂપ હતો, સમુદ્રના પાણીને વધારનારો અને પ્રિયજનના વિયોગને [illegible] એવા મનુષ્યને કિરણોથી સંતપ્ત કરનાર હતો, શાંત અને મનોહર આકૃતિવાળો હતો, [illegible]

[illegible] હતો, ફરીથી આના

મનને પ્રસન્ન કરનાર પતિ હતો, ચન્દ્રિકાથી શોભતો હતો. એમ વાદળા વગેરેથી નહીં ઢંકાયેલ એવા પૂર્ણ ચંદ્રને ત્રિશલારાણીએ જોયો.

પછી ત્રિશલારાણીએ સાતમા સ્વપ્નમાં સૂર્યને જોયો. એ સૂર્ય અંધકારના સમૂહને નાશ કરનાર હતો, તેજથી અતિશય જાજવલ્યમાન રૂપવાળો હતો, રાતા અશોકવૃક્ષ, પ્રફુલ્લિત એવા કેસુડાનાં ફૂલો, પોપટનું મુખ અને અર્ધી ચણોઠી એ સર્વ પદાર્થો જેવા રાતા વર્ણવાળો હતો, વળી એ સૂર્ય કમલના વનને પ્રફુલ્લ કરનારો હતો, ગ્રહાદિક જ્યોતિષ ચક્રની ગતિના લક્ષણને મેષ આદિ રાશિથી જણાવનારો હતો, આકાશ પ્રદેશને દીવાની માફક પ્રકાશિત કરનારો હતો, બરફના સમૂહનો નાશ કરનારો હતો, ગ્રહોના સમૂહનો મોટો નાયક હતો, રાત્રિનો નાશ કરનારો હતો, ઉદય–અસ્ત સમયે એક મુહૂર્ત સુધી સુખે જોઈ શકાય એવો અને એ સિવાયના સમયે બરાબર જોઇ ન શકાય એવો હતો. રાત્રિને વિષે ઉધ્ધત એવા ચોર અને લંપટો વગેરેને ભગાડનારો હતો. શીતને હરનારો, અને હંમેશાં મેરુપર્વતને પ્રદક્ષિણા કરનારો હતો, વિશાળ મંડલવાળો તથા પોતાના હજાર કિરણોથી ચંદ્ર અને તારાઓના તેજને દાબી દેનારો હતો, એ જાતના સૂર્યને રાણીએ જોયો. અહીં સૂર્યનાં એક હજાર કિરણો કહ્યાં છે. તે સામાન્ય રીતે કહ્યાં છે, પરંતુ માસ ભેદથી ઓછાં વધારે કિરણો હોય છે તે કહે છે. ચૈત્રમાં બારસો, વૈશાખમાં તેરસો, જેષ્ઠમાં ચૌદસો, આષાઢમાં પંદરસો, શ્રાવણમાં ચૌદસો, ભાદરવામાં ચૌદસો, આસોમાં સોળસો, કાર્તિકમાં અગિયારસો, માગશરમાં એકહજાર ને પચાશ, પોષમાં એકહજાર, માઘમાં અગિયારસો, ફાગણમાં એકહજાર ને પચાસ કિરણો સૂર્યનાં હોય છે.

ત્રિશલારાણીએ આઠમા સ્વપ્નમાં ધ્વજ જોયો, જે ધ્વજ ઉત્તમ જાતિના સોનાના દંડના અગ્રભાગે રહેલો હતો, અત્યંત સમૂહરૂપ નીલા, રાતા, પીળા અને શ્વેતવર્ણવાળા તથા સુકોમલ અને પવનથી આમ તેમ ઉછળતાં મોરપીછાંઓથી બનાવેલ વાળવાળો હતો તથા અતિશય શોભતા સ્ફટિક મણિ, શંખ, અંકરત્ન, મોગરાનાં શ્વેતપુષ્પ, પાણીનાં બિંદુઓ, અને રૂપાના ઘડા જેવા ઉજ્જવલ વર્ણવાળો હતો, ઉપરના ભાગમાં ચીતરેલો અને જાણે આકાશતલના મંડળને ભેદવાને તૈયાર થયેલ ન હોય! એવો

મનોહરસિંહના ચિત્રથી શોભતો હતો. વળી જે ધ્વજ સુખકારી, સુકોમલ પવનથી હલાવેલ વેલડીની જેમ ફરકતો હતો, તથા જે અતિશય મોટા પ્રમાણુવાળો અને માણસોને જોવા યોગ્ય રૂપવાળો હતો. એવા ધ્વજને ત્રિશલારાણીએ સ્વપ્નમાં જોયો.

પછી નવમા સ્વપ્નમાં ત્રિશલારાણીએ પૂર્ણ કુંભને જોયો. તે કુંભ ઉત્તમ જાતના સોનાના સરખા અતિશય ચમકતા સ્વરૂપવાળો હતો, શુદ્ધ જલથી ભરેલ હોવાથી કલ્યાણુને સૂચવતો હતો, દેદીપ્યમાન શોભાવાળો અને કમળોના સમૂહથી ચારે તરફથી શોભતો હતો, સંપૂર્ણ એવા સર્વે જાતિના મંગલોના પ્રકારોને પ્રાપ્ત કરાવનારો હતો, ઉત્તમ રત્નોથી ચારે તરફ અત્યન્ત શોભતા કમળ પર રહેલ હતો, તથા નેત્રોને આનંદ આપનાર દેદીપ્યમાન તેજવાળો હતો. તેથી સર્વ દિશાઓને તે પ્રકાશિત કરતો હતો, વખાણુવા લાયક લક્ષ્મીના મંદિર સમાન હતો, સર્વ પ્રકારના અમંગલોથી રહિત હતો, મનોહર પ્રકાશ યુક્ત અને શોભાની લક્ષ્મીથી શ્રેષ્ઠ હતો, તથા જેના કંઠમાં સર્વ ઋતુઓનાં સુગંધી ફૂલોની ગુંથેલી માળા હતી એવો સુવર્ણનો પૂર્ણ કલશ સ્વપ્નમાં ત્રિશલારાણીએ જોયો.

પછી ત્રિશલારાણીએ દશમા સ્વપ્નમાં પદ્મસરોવર દીઠું. તે પદ્મસરોવર ઉગતા સૂર્યનાં કિરણો વડે વિકસ્વર થયેલા હજાર પાંખડીવાળા કમળો વડે અત્યંત સુગંધી હતું, રાતા પીળા રંગનાં પાણીવાળું હતું, મગરમચ્છ આદિ પાણીના જીવોના સમૂહથી ચારે બાજુ વપરાતા પાણીવાળું હતું, અત્યંત વિસ્તારવાળું હતું, સૂર્ય વિકાસી કમળો, ચંદ્ર વિકાસી કમળો, રાતાં કમળો, મોટાં કમળો, અને શ્વેત કમળોની અતિ વિસ્તૃત શોભાના સમૂહથી જાણે જાજવલ્યમાન ન થયું હોય ! એવા ચકચકિત થઈ રહેલા મનોહર રૂપ અને શોભાવાળું હતું, પ્રસન્ન હૃદયવાળા ભમરાઓના સમૂહ અને મદોન્મત્ત થયેલ ભમરીઓના સમૂહથી ચુંબન કરાતાં કમળોવાળું હતું. કલહંસ, બગલા, ચક્રવાક, રાજહંસ, સારસ વગેરે ગર્વિષ્ઠ એવાં પક્ષિઓના સમૂહનાં જોડલાંઓથી સેવન કરાતા પાણીવાળું હતું, કમલિનીઓની પાંખડીઓ ઉપર શોભી રહેલા પાણીના બિન્દુઓના સમૂહથી આશ્ચર્યકારી હતું, હૃદયને

આનંદ દેનાર, આંખોને મનોહર અને બીજા બધા તળાવોમાં શ્રેષ્ઠ પૂજનીક હોવાથી અત્યંત મનોહર હતું, એવા પદ્મસરોવરને ત્રિશલાદેવીએ સ્વપ્નમાં જોયું.

પછી અગિયારમા સ્વપ્નમાં, શરદ્ચન્દ્રવદના એવી ત્રિશલારાણીએ ક્ષીરસમુદ્રને જોયો, જે ક્ષીરસમુદ્ર ચંદ્રકિરણોના સમૂહ સમાન શોભાવાળા મધ્યભાગવાળો હતો, ચારે દિશાઓમાં વૃદ્ધિ પામતા પાણીના સમૂહવાળો હતો, ચપલ અને ચંચલ એવા અતિશય ઊંચા મોટા પ્રમાણવાળા તરંગોથી વારંવાર એકત્ર થઇને જુદા પડી જતા પાણીવાળો હતો, જેના તરંગો અત્યંત ઉગ્ર પવનથી પછડાયેલા અને ચંચલપણે ઉપરાઉપરી દોડતા અને સ્પષ્ટપણે નાચતા હોય એવા દેખાતા હતા, વળી જે વારિધિના તરંગો અત્યંત ભય પામેલાની જેમ આમતેમ દોડતા હોય એવા લાગતા હતા, તથા દુઃખે સહન થઈ શકે એવા મોટા તરંગો, અને જુદી જુદી જાતના તરંગો પરસ્પર અથડાવાથી કિનારા સન્મુખ આવી ભટકાઇને પાછા ફરવાથી અત્યન્ત ચળકતા અને મનોહર દેખાતા હતા. તથા જે સમુદ્ર મોટા મગરમચ્છો, માછલાં, તિમિતિમિંગલ, વિરુદ્ધ અને તિલિતિલિક વગેરે અનેક પ્રકારના જલચર જીવોના પૂંછડાના આઘાતથી ઉત્પન્ન થયેલા કપૂર સમાન સફેદ ફીણના ઢગલાવાળો હતો. વળી જે સમુદ્ર ગંગા વગેરે મહાનદીઓના આવતા વેગવાળા પાણીના પ્રવાહો વડે ઉત્પન્ન થયેલ ગંગાવર્ત નામે ઘુમરીમાં પડવાથી ઊંચે ઉછળતા અને પાછા નીચે તેમાંજ પડતા અને એજ કારણે ઘુમરીમાં ભમવાથી સ્વભાવે કરીને ચંચળ દેખાતા પાણીવાળો હતો. એવા ક્ષીરસમુદ્રને ત્રિશલારાણીએ સ્વપ્નમાં જોયો.

પછી બારમા સ્વપ્નમાં ત્રિશલારાણીએ દેવવિમાનને દીઠું. જે દેવવિમાન નવા ઉદય પામેલા સૂર્યના સરખી કાન્તિવાળું અને ચમકતી શોભાવાળું હતું, ઉત્તમ જાતિના સોના અને મોટા મણિઓના સમૂહથી શ્રેષ્ઠ તેજવાળા એક હજારને આઠ થાંભલાઓથી દેદીપ્યમાન હોવાથી આકાશને પ્રકાશમાન કરનાર હતું. સુવર્ણના પતરાંઓમાં લટકેલાં મોતીઓથી અતિશય શ્વેત બનેલ હતું, જાજ્વલ્યમાન લટકતી દીવ્ય ગુંથેલી ફૂલોની માળાઓવાળું હતું. વૃક, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષીઓ, સર્પો, કિન્નરો,

વૃત્તિ વિશેષ મળશે? આ રીતે ત્રિશલા રાણી પાસેથી સ્વપ્નોના વૃત્તાંતને જાણીને સિદ્ધાર્થ રાજા સંતોષ પામ્યા. સંતોષથી પૂર્ણ હૃદયવાળા થઇ મેઘની ધારાથી સિંચાયેલા કદંબવૃક્ષના પુષ્પની જેમ ઉલ્લાસ પામેલા રૂંવાટાવાળા થયા. તે સ્વપ્નોને ચિત્તમાં ધારણ કરીને અને સાચા અર્થની વિચારશક્તિમાં લીન થઇને, પોતાની સ્વાભાવિક મતિપૂર્વકના બુદ્ધિવિજ્ઞાને કરીને તેઓ તે સ્વપ્નોના અર્થનો નિશ્ચય કરે છે. પછી ત્રિશલારાણીને તે ઇષ્ટ એવી કલ્યાણકારી, પ્રમાણયુક્ત, મધુર, સુશોભિત એવી વાણીથી બોલતા બોલતા, આ પ્રમાણે કહેવા લાગ્યા.

હે દેવાનુપ્રિયે! તેં કલ્યાણકારી ઉદાર સ્વપ્નો જોયાં છે. હે દેવાનુપ્રિયે! તેં ઉપદ્રવને હરનારાં, ધનની પ્રાપ્તિ કરાવનારાં, મંગલ કરનારાં, શોભાવાળાં તથા આરોગ્ય, ચિદાનંદ, દીર્ઘાયુ તેમજ કલ્યાણ, મંગલ અને વાંછિત વસ્તુની પ્રાપ્તિ કરાવનાર સ્વપ્નો જોયાં છે. એ સ્વપ્ન દર્શનથી હે દેવાનુપ્રિયે! તને મણિ, સુવર્ણાદિ ધનનો લાભ થાશે, શબ્દાદિ પાંચે ઇન્દ્રિયોના વિષયોનો લાભ થાશે, પુત્રનો લાભ થાશે, સુખનો લાભ થાશે, તથા સાત અંગવાળા રાજ્યનો લાભ થાશે. ખરેખર એ પ્રમાણે હે દેવાનુપ્રિયે! નવ માસ અને સાડાસાત રાત્રિદિવસ વ્યતીત થયે છતે શ્રેષ્ઠ પુત્રને તું જન્મ આપીશ. જે પુત્ર આપણા કુલમાં ધ્વજ સમાન, આપણા કુલમાં દીપક સમાન, આપણા કુલમાં કોઇથી પરાભૂત ન થાય તેવા અચલ પર્વત સમાન, કુલમાં મુકુટ સમાન, કુલમાં તિલક સમાન, કુલની કીર્તિ ફેલાવનાર, કુલનો નિર્વાહ કરનાર, કુલમાં સૂર્ય સમાન, કુલનો આધાર, કુલની વૃદ્ધિ કરનાર, તથા ચારે દિશામાં કુલના યશને વિસ્તારનાર, કુલના આશ્રયરૂપ વૃક્ષ સમાન, અને કુલની અત્યંત વૃદ્ધિ કરનાર, સુકોમલ હાથપગવાળા, લક્ષણોથી એટલે હાથપગની રેખાઓ વગેરેથી અને વ્યંજનોથી એટલે તલ, મસા વગેરેથી યુક્ત હશે, સંપૂર્ણ પાંચે ઇન્દ્રિય સહિત શરીરવાળો, શરીરનું માન અને ઉન્માન—ઊંચાઇ જેની બરાબર હશે એવો તથા જે પુત્ર શોભાયુક્ત સર્વ અવયવોથી સુંદર શરીરવાળો, ચન્દ્ર સમાન મનોહર આકૃતિવાળો અને જે પ્રિય, મનોહર, દર્શનીય, સુંદર રૂપવાળો હશે એવા પુત્રને તું જન્મ આપીશ.

હે દેવાનુપ્રિયે! તે પુત્ર બાળક અવસ્થાને ઓળંગીને પરિણામ પામેલા વિજ્ઞાનવાળો થાશે. એટલે ...ની કળાઓ એવા આવડી જાણી લેશે, તથા યૌવન વયને પામ્યો છતો પોતે સ્વીકારેલ વાતને સંપૂર્ણ

૯૫. કરનાર એવો શૂરવીર થશે, યુધ્ધમાં મહાન શત્રુઓને જીતવામાં સમય એવા પરાક્રમવાળો અટલ પરાજિત કર્યા વિના પાછો નહિ ફરે એવો થાશે. તે હાથી, ઘોડા, રથ, પાયદળ વગેરે મોટી સેના અને વાહનવાળો એવો રાજ્યનો અધિપતિ રાજા થશે.

તેથી હે દેવાનુપ્રિયે ! તેં પ્રશસ્ત સ્વપ્ન જોયાં છે. એમ બેત્રણવાર સ્વપ્નોનાં વખાણ કરે છે. પછી તે ત્રિશલારાણી સિધ્ધાર્થ રાજા પાસેથી આ પ્રમાણેનાં સ્વપ્નોના અર્થને સાંભળીને અને તે અર્થ હૃદયમાં ધારી હર્ષ પામીને, સંતોષ પામીને યાવત્ હર્ષથી પૂર્ણ હૃદયવાળી થઇને હથેળીમાં દશનખ એકબીજા સાથે મેળવી મસ્તક ઉપર અંજલી કરીને આ પ્રમાણે કહેવા લાગી "હે સ્વામિન્ ! એ અર્થ એમજ છે તમે કહો છો તેમજ છે, યથાર્થ છે. સંદેહ રહિત છે, જે રીતે ઇચ્છેલ હતો તેમજ છે, તમારા મુખથી પડતાંજ એ અર્થને મેં ગ્રહણ કરેલ છે, વાંછેલો અને પ્રતિવાંછેલો એ અર્થ તમો કહો છો તે સત્ય છે." એવું બોલીને ત્રિશલારાણીએ સ્વપ્નોને સારી રીતે સ્વીકારે છે. પછી સિધ્ધાર્થ રાજાથી આજ્ઞા પામેલ ત્રિશલારાણી વિવિધ પ્રકારના મણિરત્નમય અને આશ્ચર્યકારી એવા ભદ્રાસનેથી ઊઠીને નહિ અતિ શીઘ્ર તેમ નહિ અતિ ચપલ, ભ્રાંતિ રહિત, વિલંબ રહિત, એવી રાજહંસ સમાન ગતિથી ચાલતી, જ્યાં પોતાની શય્યા હતી ત્યાં આવીને આ પ્રમાણે બોલે છે. ઉત્તમ શ્રેષ્ઠ અને મંગલ કરનારાં એવાં આ સ્વપ્નો બીજાં પાપ સ્વપ્નોથી વિનાશ ન પામે એ રીતે વિચારીને દેવ ગુરુ ધર્મ સંબંધી મંગળ કરનારી શ્રેષ્ઠવાર્તાઓથી પોતે જાગતી અને સખીઓને જાગરણ કરાવતી હું રહું. રાણી ધર્મ જાગરણમાં સખીઓને કહે છે કે આ જગતમા તીર્થંકર પરમાત્માઓ જેવા જીવો પર ઉપકાર કરનાર કોઇ નથી. એ ઉપકારીઓએ દુર્ગતિમાં પડતા જીવોને બચાવવા માટે ઘણા ઉપદેશો આપ્યા છે. તેમાં દુઃખદાયી ભયંકર સંસારમાં પણ સુખની ભાવનાથી આસક્ત બનેલ જીવોને સમજાવીને સમજપૂર્વક બચાવવા જિનેશ્વરોએ અનિત્યાદિ બાર અને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ કહેલ છે. સખીઓએ કહ્યું, દેવી! તીર્થંકરોએ કહેલ એ બાર અને ચાર ભાવનાનું સ્વરૂપ અમને આપ સમજાવશો તો અમારા ઉપર મોટો ઉપકાર થશે, રાણીએ કહ્યું, તમને એ સાંભળવા ઇચ્છા છે તો સાવધાન થઇને

સાંભળો. એ ભાવનાઓમાં પોતે પોતાના આત્માને સંબોધીને જાગ્રત કરવાનો છે અને તે આ રીતે તેમને ભાવવાની છે.

પહેલી અનિત્યભાવના—અરે આત્મન્! તારું આ સુંદર શરીર સંધ્યાનાં વાદળાંના રંગ જેવું ક્ષણભંગુર છે. યુવાનીની સુંદરતા પણ ક્ષણવારમાં ચાલી જનારી છે, આયુષ્ય વાયુના તરંગો જેવું ચંચલ છે, સંપત્તિઓ વિપત્તિઓ લાવનારી છે, સર્વ ઇન્દ્રિયનાં વિષય સાધનો સંધ્યાના રંગ જેવાં ક્ષણિક છે, મિત્ર, સ્ત્રી, સ્વજન, સંબંધીઓનું સુખ પણ સ્વપ્નમાં મળતાં સુખ જેવું ક્ષણિક છે, કારણ કે સ્વપ્ન પૂરું થતાં તે સુખ પૂરું થઈ જાય છે તેવું છે. તો આ સંસારમાં એવી કઈ વસ્તુ છે કે જે આનંદ આપનારી થાય? સવારમાં જે પદાર્થો સુંદર દેખાય છે તેજ પદાર્થો સાંજ સુધીમાં વિનાશ પામતા જેવાય છે. એ પદાર્થો ઉપર અરે મૂઢ! શું પ્રીતિ કરી શકાય? પૂર્વ પુણ્યથી મળી ગયેલ વૈભવો, સત્તા અને કુટુંબ પરિવારને જોઇને અરે મૂઢ જીવ! તું ધર્મઉદ્યુક્ત થા નહિ. એ બધું વીજળીના ઝબકારા જેવું ક્ષણિક છે. યુવાની કૂતરાની પૂંછડી જેવી કુટિલ મતિવાળી છે, એને વશ બનેલ જીવો અત્યંત નિંદ્ય ન કરવાનું કરી તેનાં ભયંકર પરિણામ ભોગવે છે. સંસારનું વધારેમાં વધારે કાળ ચાલતું સુખ અનુત્તર વિમાનવાસી દેવોનું હોય છે. તે તેત્રીશ સાગરોપમ સુધી ચાલતું સુખ પણ ખૂટી જાય છે. તો પછી આ સંસારની કઈ વસ્તુ સ્થિર છે? હે જીવ! તું જેમની સાથે નાનપણમાં રમ્યો છે, જેમને તેં ઘણા વખાણ્યા છે, અને જેમની સાથે ઘણી પ્રેમવાર્તાઓ કરી છે, તે બધાં રાખમાં મળી ગયાં અને તું નિશ્ચિંતપણે બેઠો છે. તારા પ્રમાદીપણાને ધિક્કાર થાઓ. અરે જીવ! આ જમરાજ નિરંતર સ્થાવર અને જંગમ જીવોનું ભક્ષણ કરી રહ્યો છે. એક એક સમયમાં અનંત અનંત જીવોનું ભક્ષણ કરે છે, મુખમાં નાખેલા જીવોને ચાવતા એવા જમરાજને તેના હાથમાં રહેલા એવા આપણને મોઢામાં નાખતાં કેટલી વાર લાગશે? હે આત્મન્! એ યમરાજ તને મોઢામાં ન નાખે ત્યાં સુધીમાં તું તારા જ્ઞાન-દર્શન ચારિત્ર સ્વરૂપમાં રમણ કર, બીજી ઉપાધિઓને હવે છોડી દે.

તથા અત્યંત બળથી મદોમત્ત બનેલા સ્વર્ગવાસી દેવો અને ઇન્દ્રો પણ યમરાજના મુખમાં સપડાઇ ચવાતા છતાં દીન મુખવાળા બને છે. તેઓ શરણ માટે દશે દિશા તરફ દયાજનક નજર ફેરવે છે. પરંતુ તેમને યમરાજાના મુખમાંથી બચાવવા કોઈ સમર્થ નથી. આ જીવ મદ, વિલાસ, અહંકાર વગેરે ત્યાં સુધીજ બતાવી શકે છે કે જ્યાં સુધી તેને યમરાજાના કટાક્ષ બાણોએ વીંધ્યો નથી, જ્યારે યમરાજ આ જીવને પોતાને આધીન બનાવે છે ત્યારે આ જીવનો પ્રતાપ નાશ પામી જાય છે. ઉદય પામેલ તેજ ઝાંખું પડી જાય છે. ધીરજ ઉદ્યમાદિ નાશ પામી જાય છે. પુષ્ટ શરીર અશક્ત થઇ જાય છે. કુટુંબીઓ એનું ધનાદિ પડાવી લઈ જાય છે, એવી અશરણ સ્થિતિ આ જીવની થઈ જાય છે. હે જીવ! તું જૈન ધર્મનું શરણ લે, અને પવિત્ર એવા ચારિત્રનો સ્વીકાર કર, ચારિત્રધારીઓનો સત્સંગ કર કારણ કે, તારા પર પ્રીતિ રાખતો એવો પણ કુટુંબ પરિવાર મરણદશાવશ પડેલા તને બચાવી શકશે નહિ. હાથી ઘોડા, રથ અને – પદાતિઓથી રક્ષાતા તથા અસ્ખલિત બળને ધારણ કરતા એવા મહાન રાજાઓને પણ નાના માછલાને જેમ માછીમાર પકડી લઈ જાય તેમ યમરાજા ઉપાડી જાય છે, બિચારા તે રાજાઓને પણ કોઈ બચાવી શકતું નથી, તો તને કોણ બચાવશે? વળી જો આ જીવ બચવા માટે વજ્રના ઘરમાં છુપાઈ જાય, મોઢામાં ઘાસના તરણા લે, દેવાધિષ્ઠિત એવા મંત્રવિદ્યા અને ઔષધિઓને ઉપયોગમાં લે કે રસાયણ વાપરે, પ્રાણાયમથી લાંબા સમય સુધી પવનને રોકી રાખવાની ક્રિયા કરે કે મોટા પર્વતો પર ચડી જાય કે, ભાગીને સમુદ્રની પેલે પાર ચાલ્યો જાય તો પણ તેને મરણ મૂકતું નથી. તેને જરા અવસ્થા પણ છોડતી નથી, રોગો પણ મૂકતા નથી, અને કોઈ બચાવી પણ શકતું નથી. માટે હે જીવ! તું ચેતી જા, જ્ઞાન,–દર્શન–ચારિત્ર–તપરૂપ તથા દાન શીલતપભાવ રૂપ ચાર અંગવાળા ધર્મને આરાધ. એ ધર્મનું શરણું સ્વીકાર. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીકથિત ધર્મ એ ચારનું શરણ સ્વીકાર. જેથી તું અનાથ મટી સ્વયં નાથ બની જઇશ અને મોક્ષના શાશ્વત સુખનો સ્વામી બનીશ.

૬૯૫. **ત્રીજી સંસાર ભાવના**–હે જીવ! આ અનાદિ સંસારમાં અનંતાનંત વખત જન્મમરણ પામીને અનંત પુદ્ગલ પરાવર્તન સુધી અનંત, અસહ્ય દુઃખોથી પીડાતો તું ભટકયો છે. હે જીવ! આ સંસાર અત્યંત ભયંકર છે. આ સંસાર જન્મ, જરા, મરણ, રોગ, શોક, વિયોગ, ચિંતા, અરતિ વગેરેથી તને ભવોભવ પીડનાર છે. આ સંસારમાં એક ચિંતા ગઈન હોય ત્યાં બીજી ચિંતા આવી જાય. એક દુઃખ ગયું ન હોય ત્યાં સુધીમાં બીજાં દુઃખો આવીને આક્રમણ કરે છે. આ સંસારમાં ક્યારેક આ જીવ પિતાનો પણ પિતા કે દાદો થાય છે. ક્યારેક પુત્રનો પુત્ર અને તેનો પણ પુત્ર બને છે. ક્યારેક પત્નીનો પણ પુત્ર થાય છે કે ભાઇ, ભત્રિજો થાય છે. ક્યારેક તેની પત્ની તેનો પતિ થાય છે. અને પતિ, પત્ની થાય છે. માતા પણ પત્ની બને છે અને પત્ની પણ માતા બને છે. શેઠ નોકર બને છે, નોકર શેઠ થાય છે. આવા અનેક વિચિત્ર સંબંધો આ જીવ અનંતીવાર પામ્યો છે. ધર્મ કર્યા વિના આ જીવ આ સંસારમાં નરકાદિમાં ભટક્યાજ કરે છે. અનંત દુઃખોવાળા આ સંસારથી છૂટી જવા માટે હે જીવ! તું ભવોભવ સર્વવિરતિનો સ્વીકાર કરી, પાળ, જેથી તારો સંસાર છૂટી જાય.

ચોથી એકત્વ ભાવના—હે જીવ! તું જ્ઞાન–દર્શન–ચારિત્ર ગુણવાળો છો. એકલોજ છો. બાકીનું ધન, પરિગ્રહ, પરિવાર તારું નથી, એ બધું જંજાળ રૂપ છે. એના ઉપર તારે મમત્વ રાખવું ન જોઈએ. હે જીવ! આ જગતમાં તારું કોણ છે? તેનો તું તત્ત્વથી વિચાર કર. જીવ એકલોજ જન્મે છે. એકલોજ મરણ પામે છે, એકલોજ પરભવમાં જાય છે, અને પોતાનાં કરેલ કર્મોને જીવ એકલો જ ભોગવે છે. પોતાના આત્માની નથી એવી વસ્તુઓને પોતાની માની વર્તનાર આત્મા નરકાદિ દુર્ગતિ-ઓમાં એકલોજ અનંતકાળ સુધી અનંતાં દુઃખોને ભોગવતો છતો દુઃખી દુઃખી થઈ જાય છે. એ દુઃખોથી છૂટવા માટે હે જીવ! તારા પોતાના જ જ્ઞાન–દર્શન ચારિત્ર ગુણોમાં રમણુતા કર, જેથી મુક્તિ સુખ પામે.

પાંચમી અન્યત્વ ભાવના—હે જીવ! સ્ત્રી, પુત્ર, બંધુ, બહેન, માતાપિતા વગેરે કુટુંબીઓ અને ધન, મકાન વગેરે પરિગ્રહ તારાથી અન્ય છે. તું તેમનાથી અન્ય છે. દુર્ગતિમાં પડતા એવા તને તેઓ બચાવવા સમર્થ નથી. બચાવવાના પણ નથી. તું દુર્ગતિમાં જાશે ત્યારે ...

આવવાના પણ નથી, હે જીવ! જેમના માટે તું [illegible] ઇચ્છે છે, જેને જોઇને તું ખુશી થાય છે, એ બધા સંસારી સંબંધીઓ તારાથી અન્ય છે, તારૂં કોઈ નથી. માટે એમનામાં આસક્ત બની તું તારૂં બગાડ નહિ, તું તારા આત્માની મિલ્કત રૂપ જ્ઞાન–દર્શન–ચારિત્રમાં આસક્તિ રાખી એમને પોષ. એ તારું ભલું કરશે.

છઠ્ઠી અશુચિભાવના—હે જીવ! આ શરીર મળ, મૂત્ર, માંસ, રુધિર, ચરબી, વીર્ય, પરૂ વગેરેથી ભરેલું અત્યંત અપવિત્ર છે. ગમે તેવી સારી, મનને લલચાવે એવી ખુશબૂ મીઠાઇ વગેરે વસ્તુઓને આ શરીરમાં નાંખીને તરત વમન કરી કાઢીએ તો થોડી વારમાં અપવિત્ર એવા આ શરીરના સંસર્ગથી એ સુગંધી વસ્તુઓ પણ પાસે ઊભી ન શકીએ એવી દુર્ગંધ યુક્ત થઇ જાય છે. એ શરીરના પુરુષના નવ અને સ્ત્રીના બાર ભાગમાંથી મળ, મૂત્ર, વીર્ય, પરૂ, શ્લેષ્મ વગેરે અશુચિ વસ્તુઓ ઝર્યા કરે છે. એવું અશુચિમય આ શરીર છે. વળી જે શરીરના એક એક રોમમાં પોણા બે બે રોગોનો ઉદ્ભવ થતો હોઈ સાડાત્રણ કરોડ રોમવાળું આ શરીર તદ્દન રોગ વ્યાપ્ત છે. એ રોગોની અસહ્ય વેદનાઓ શરીરને કારણે જીવને ભોગવવી પડે છે. તેથી હે જીવ! તું આ શરીર ઉપર મોહ રાખ નહિ, આ શરીરને બાવીસ અભક્ષ્યોથી અને બત્રીશ અનંત કાયોથી પોષ નહિ, તથા એને મિષ્ટાન્ન અને રસ વિગઇઓથી પણ પોષ નહિ. આ શરીર મારફત તો તું મહાવ્રતોનું પાલન અને ઉગ્ર તપ કરી કર્મ ખપાવી મોક્ષને મેળવ.

સાતમી આશ્રવ ભાવના—હે જીવ! તું કર્માશ્રવોને તારી પાસે આવવા દેજે નહિ. એ કર્માશ્રવોજ જીવને અનંતાનંત કાળ સુધી નરકાદિ ગતિઓમાં ભટકાવી અનંતાનંત દુઃખોથી પીડે છે. તેથી એ કર્માશ્રવોને આવતા અટકાવવા મિથ્યાત્વ, અવિરતિ, કષાય, ઇન્દ્રિય, યોગ અને પચ્ચીશ ક્રિયાઓ ઉપર વિજય–મેળવવા સતત પ્રયત્ન કરતો થઈ જા. તું જો મનને, વચનને અને કાયાને સતત સત્સંગમાં જોડી દેશે તો મિથ્યાત્વાદિ ઉપર વિજય મેળવી કર્માશ્રવોને અટકાવીને શાશ્વત સુખને મેળવી શકીશ.

આઠમી સંવર ભાવના:—હે જીવ! તું સંસારમાં અનાદિ અનંતકાળ રખડાવી અત્યંત અસહ્ય દુઃખોથી પીડનાર એવા કર્માશ્રવોનાં દ્વારોને બંધ કરવા સંવરમય જીવન બનાવ. એટલે તું પાંચ

સમિતિઓને આચર. ત્રણ ગુપ્તિઓને ધારણ કર, બાવીશ પરિષહોને જીત, દશ પ્રકારના યતિધર્મને પાળ, બાર પ્રકારની ભાવનાઓને ભાવ. અને પાંચ પ્રકારના ચારિત્રોને જીવનમાં આણ. એ રીતના સત્તાવન પ્રકારના સંવરતત્ત્વ સાધી તારા આત્મામાં આવતા નવા કર્માશ્રવોને અટકાવ. એ રીતે કરવાથી તું કર્મ મુક્ત બની શાશ્વત સુખનો ભોક્તા બની શકશે.

નવમી નિર્જરા ભાવના—હે જીવ! તેં અનાદિકાળથી મિથ્યાત્વ અને અજ્ઞાન વશ બનીને જે અનંતકાળ સુધી અનંત અસહ્ય દુઃખ આપનારાં કર્મો બાંધ્યા છે, તે કર્મોની સકામ નિર્જરા કર. અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, અને સંલીનતા એ છ પ્રકારનું બાહ્યતપ કરી, અને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ એ છ પ્રકારનું અભ્યંતર તપ કરી એ બાર પ્રકારના તપથી સકામ નિર્જરા કરી એ પુરાણા કર્મોને નિર્જરાવી, નાશ કરી નાખ. એ વિના તું અનંત દુઃખ પરંપરાથી છૂટી શકીશ નહિ. એ તપ એવી મહાન શક્તિ ધરાવે છે કે એ તપ કઠિનમાં કઠિન એવાં નિકાચિત કર્મોનો પણ નાશ કરી દે છે. તે અનેક સિદ્ધિઓ અને અનેક લબ્ધિઓને પણ પ્રાપ્ત કરાવી દે છે. અસાધ્ય કાર્યોને પણ સાધી દે છે, અને જીવને સર્વ કર્મોથી સદાને માટે મુક્ત કરી સિદ્ધ પરમાત્મા બનાવી દે છે. માટે હે જીવ ! તું સતત અપ્રમત્ત બની બાર પ્રકારનું તપ કરી કર્મોને નિર્જરી નાખ.

દશમી લોકસ્વરૂપ ભાવના—હે જીવ ! આ લોક ચૌદ–રાજલોક પ્રમાણ અને ત્રણ ભુવન સ્વરૂપ છે. નીચે સાત રાજલોક છે. તેમાં એક એક રાજલોકને આંતરે સાત નરક પૃથ્વીઓ છે. દરેક નરક પૃથ્વીની નીચે અનુક્રમે ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશ છે. સાતમી નરક પૃથ્વી સર્વ નરક પૃથ્વીઓથી નીચે છે, તે સાત રાજલોક પ્રમાણ લાંબી, પહોળી અને ગોળાકાર છે. તેના ઉપર એક રાજલોક ઊંચે છઠ્ઠી નરક છે, તે છ રાજલોક લાંબી, પહોળી અને ગોળાકાર છે. એજ રીતે એક એક રાજલોકને આંતરે ઉપર ઉપર ક્રમશ પાંચમી પાંચ, ચોથી ચાર, ત્રીજી ત્રણ, બીજી બે, અને પહેલી એક રાજલોક પ્રમાણ લાંબી, પહોળી, ગોળાકાર નરક પૃથ્વીઓ છે. એ સાતે નરકોમાં પાપ કરીને

દુઃખો ભોગવતા રહે છે. પહેલી નરક પૃથ્વીના આંતરામાં દશ પ્રકારના ભવનપતિ દેવો રહે છે. તે ઉપર તિર્ચ્છાલોક છે. તેમાં નીચે આઠ પ્રકારના વ્યંતરો, અને તેની ઉપર આઠ પ્રકારના વાણવ્યંતર દેવો રહે છે. તેના ઉપર પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે. તેમાં મનુષ્યો રહે છે. તેઓ વિશિષ્ટ પ્રકારે ધર્મની આરાધના કરીને મોક્ષે પણ જઈ શકે છે, અને ધર્મ ન કરનારા ચારે ગતિમાં દુઃખોને સહન કરતા ભટકે છે. ત્યાં ત્રીશ અકર્મભૂમિનાં ક્ષેત્રો અને છપ્પન અંતર્દ્વીપ છે. તેમાં યુગલિક વ્યવહારવાળા મનુષ્યો રહે છે. મનુષ્યના જન્મ મરણાદિ જ્યાં થાય છે તેનું અઢીદ્વીપ પ્રમાણ ક્ષેત્ર—એક રાજલોક પ્રમાણ લાંબા પહોળા અને ગોળાકાર એવા તિર્ચ્છાલોકમાં છે. એ તિર્ચ્છાલોકની મધ્યમાં થાળીના આકારે એક લાખ યોજનનો જંબુદ્વીપ છે. તેને ફરતાં વલયાકારે એક એકથી દ્વિગુણિત પ્રમાણવાળા અસંખ્ય અસંખ્ય દ્વીપો અને સમુદ્રો છે. તે એક પછી એક, એક બીજાને વીંટળાઈને રહેલા છે. તે તિર્ચ્છાલોકના અંત ભાગમાં અર્ધારાજ પ્રમાણનો સ્વયંભૂરમણ સમુદ્ર અલોકને સ્પર્શીને રહેલો છે. તેમાં બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિન્દ્રિય ને તિર્યંચપંચેન્દ્રિય જીવો જન્મ મરણાદિ કરે છે. તિર્ચ્છાલોક સમભૂતલા પૃથ્વીથી ઉપર અને નીચે નવસો નવસો યોજનનો છે. તેમાં ઉપરના નવસો યોજનમાં ઉપરના જે એકશોદશ યોજન છે, તેમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા એમ પાંચ પ્રકારના ચર અને સ્થિર જ્યોતિષી દેવો રહે છે. ઉપરનો ઉર્ધ્વલોક કાંઈક ઓછો સાત રાજલોક પ્રમાણ છે. તેમાં નીચેથી ઉપર ક્રમશ બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાનો છે. તેમાં વૈમાનિક દેવો ઉત્પન્ન થાય છે. તેના ઉપર સિદ્ધશિલા છે. તેથી ઉપર એક યોજન પર ચૌદ રાજલોકનો અંત ભાગ છે, તેમાં કર્મક્ષય કરી મોક્ષ પામેલા અનંતા સિદ્ધ પરમાત્માઓ રહે છે. કેડે હાથ રાખી પગ ઘણા પહોળા કરી ઉભા રહેલા પુરુષ જેવી ગોળાકાર આકૃતિવાળા આ ચૌદરાજલોકમાં ગતિસહાયક ધર્માસ્તિકાય, સ્થિરતા સહાયક અધર્માસ્તિકાય અને અવકાશ દેનાર આકાશાસ્તિકાય છે, તથા જીવાસ્તિ-કાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ એમ છ દ્રવ્યો સદાકાળ રહે છે. આ ચૌદરાજલોકમાં સર્વસ્થાને ચોર્યાશી

લાખ જીવયોનિઓ રહેલી છે, તેમાં અનંતવાર જન્મ મરણાદિ લેતો આ જીવ અનંત દુ:ખોને ભોગવતો અત્યંત દુ:ખી દુ:ખી થઇ ગયેલ છે. હે જીવ! તને એ દિવસ ક્યારે આવશે કે તું જૈન ધર્મને આરાધી, ધર્મમય જીવન વિતાવી, સર્વ કર્મોને ખપાવી ચૌદ રાજલોકને અંતે સિદ્ધ પરમાત્મા થઇને બિરાજીશ?

અગિયારમી બોધિ દુર્લભ ભાવના—હે જીવ! તું અનાદિ કાળથી મિથ્યાત્વને વશ બની પાંચે ઇન્દ્રિઓના વિષયોપભોગોને સુખનું સર્વસ્વ માની, એમાંજ રાચ્યો માચ્યો રહી અનંત ભવો કરી અનંત દુ:ખોનો ભોક્તા બની ગયો. તેં તને પોતાને ઓળખવાનો ક્યારે પણ પ્રયત્ન કરેલ નથી, તેથી સર્વ દુ:ખથી મુક્ત કરનાર દુર્લભ એવા બોધિરત્નને પામ્યો નથી. મિથ્યાત્વીઓના જ સંસર્ગમાં રહી તેમની કુયુક્તિઓથી ભ્રામિત થઇ તું બોધિરત્નને પમાડનાર એવા સદ્ગુરુઓ વગેરેના સંસર્ગથી દૂર રહ્યો છે. તો તને દુર્લભ એવું બોધિરત્ન કેમ પ્રાપ્ત થાય? અને બોધિરત્ન વિના સર્વદુ:ખથી મુક્તિવાળો મોક્ષ તને કેમ પ્રાપ્ત થાય? તેથી હે જીવ! તું સદ્ગુરુઓનો સતત સત્સંગ કરી દુર્લભ એવા બોધિરત્નને મેળવ. જેથી તને સહેલાઇથી મોક્ષ પ્રાપ્ત થાય.

બારમી ધર્મભાવના:—હે જીવ! તું ઉપકારી એવા જિનેશ્વરદેવોએ કહેલ દેશવિરતિ અને સર્વવિરતિ સ્વરૂપ ધર્મને તથા દાન, શીલ, તપ અને ભાવધર્મને તેમજ સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્ર તથા ક્ષમા, મૃદુતા, સરલતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, નિષ્પરિગ્રહતા અને બ્રહ્મચર્યરૂપ દશ પ્રકારના યતિધર્મને આરાધી જીવન સફલ બનાવ. એ ધર્મ મળવો અત્યંત દુર્લભ છે, એ ધર્મની આરાધનાના પ્રતાપે જ જીવ સર્વ સંપત્તિઓ, સર્વ લબ્ધિઓ, સર્વ સિદ્ધિઓ, સર્વ સત્તાઓ અને સર્વ પદવીઓને પામે છે. અરિહંત અને સિદ્ધ પરમાત્મા પણ બને છે. તથા સર્વ દુ:ખથી મુક્ત બની શાશ્વત સુખને જીવ પ્રાપ્ત કરે છે. તેથી હે જીવ! તું એ રીતે ધર્મઆરાધનામય જીવન બનાવી શાશ્વતકાળ સુધી સુખી થા. આ બાર ભાવનાનું સ્વરૂપ જણાવી રાણીએ આ રીતે જિનેશ્વરોએ કહેલ બાર ભાવનાનું સ્વરૂપ ભાખ્યું.

૬૯૫.

પહેલી મૈત્રી ભાવના :—હે જીવ ! [illegible]
પતિ, પત્ની, પુત્ર, પુત્રી વગેરેના સંબંધો અનંતીવાર કર્યા છે તેથી જગતના બધા જીવો તારા કુટુંબીઓ થઈ ગયા છે, એ સત્ય જાણીને તેમના હિત માટે અને તેમને શાશ્વત સુખ અપાવવા માટે પ્રયત્ન કર. તારા તરફથી કોઈ પણ જીવનું અહિત ન થઈ જાય, તેની ચિંતા રાખી તેમની સાથે અખંડિત મૈત્રી જાળવી રાખ. ૩

બીજી પ્રમોદ ભાવના :—હે જીવ! તું "સવિજીવ કરું શાસનરસી" ની ભાવના કેળવી અત્યંત કઠોર સાધના કરી કેવળ જ્ઞાન મેળવી ઉપદેશથી જગતના જીવોનો ઉદ્ધાર કરનારા અરિહંત પરમાત્માઓના તથા સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભગવંતોના ગુણોની સ્તવના કરી આનંદ અનુભવ. દાન, શીલ, તપ અને ભાવ ધર્મની સદા આરાધના કરનારા, અને તીર્થોના તથા જિનાલયોના નિર્માણ અને ઉદ્ધાર કરનારા, જિન પ્રતિમાજીઓના નિર્માણ અને પ્રતિષ્ઠાઓ કરાવનારા, તીર્થયાત્રા કરનારા, કરાવનારા સાધર્મિક વાત્સલ્ય કરનારા, અને જૈનાગમોના લખાણ, રક્ષણ, તથા પ્રચારાદિ કરનારા એવા શ્રાવક શ્રાવિકાઓના ગુણોની સ્તવના કરી આનંદ અનુભવ, ગુણીઓના ગુણ ગાઇ અને સુખીઓના સુખને જોઇને આનંદ અનુભવ.

કરુણા ભાવના.:—હે જીવ! તું ચારે ગતિમાં અસહ્ય અનંત દુ:ખોથી રીબાતાં પ્રાણીઓ ઉપર કરુણા લાવી, તેમનાં દુ:ખો ટાળવા પ્રયત્ન કર. અન્ન, પાણી, વસ્ત્ર, ઔષધાદિ દ્રવ્ય વસ્તુઓ આપી અપાવીને તેમના આ ભવ પૂરતાં દુ:ખમાં સહાયક બન. દુ:ખોનાં કારણ ભવોભવ ભટકાવનારાં એવાં કર્મોનો નાશ કરવા માટે બધા જીવો જૈન શાસનના આરાધક બની જાય તેવા પ્રયત્નો કરી જીવોનાં દુ:ખો ટાળનારો થા.

માધ્યસ્થ્ય ભાવના :—આ જગતમાં જીવો ભિન્ન ભિન્ન કર્મોવાળા હોઈ ભિન્ન ભિન્ન રુચિવાળા હોય છે, તેથી તેમને ઉપદેશ આપ્યા છતાં પણ ઘણા પોતાની મરજીએ વર્તે છે. એમની પ્રવૃત્તિઓ હૃદયને અતિશય દુ:ખ થાય હૃદયને ભેદી નાખે એવી પણ હોય છે. તેમને સમજાવ્યા છતાં પોતાની દુષ્ટ એવી

આવ્યા અને હાથ જોડી અંજલિ કરીને આપની આજ્ઞા પ્રમાણે બધું તૈયાર કર્યું છે એવી ખબર આપી.

રાત્રિ પૂર્ણ થયે છતે બીજે દિવસે સૂર્ય વિકાસી કમળો વિકસિત થયાં અને ચંદ્રવિકાસી કમળો કરમાઇ ગયાં. એટલે સૂર્ય ઉદય પામ્યો, ત્યારે પ્રભાતના સમયે એ સૂર્ય રાતા અશોક વૃક્ષની કાંતિ જેવો, કેસુડાના ફૂલ જેવો, પોપટની–ચાંચ જેવો, ચણોઠીના અર્ધ લાલ ભાગ જેવો, બપોરીઆના ફૂલ જેવો, પારેવાના પગ તથા આંખો જેવો, ક્રોધિત કોયલની આંખો જેવો, જાસુદના પુષ્પના સમૂહ જેવો, હિંગલાના સમૂહ જેવો, અને એવી બીજી બધી રાતી વસ્તુઓ જેવો લાલ રંગવાળો દેખાતો હતો. વળી રક્તવર્ણથી શોભતો એવો એ સૂર્ય પદ્મદ્રહ વગેરે સ્થાનોમાં રહેલા કમળવનોને વિકસ્વર કરનારો, એક હજાર કિરણોવાળો, દિવસને કરનારો અને તેજથી ચમકતો હતો, તે ઉદય પામેલા સૂર્યનાં કિરણોના પ્રતાપે અંધકારનો નાશ થયો. તેના બાલ આતપ–તડકાથી જાણે જીવલોક પૂર્ણ લાલ રંગનો થયો ત્યારે સિધ્ધાર્થ રાજા શય્યાથી ઊઠયા. પછી બાજોઠ પર પગ રાખી નીચે ઉતરી જ્યાં મલ્લ યુધ્ધ કરવાની શાળા છે તે સ્થાને ગયા. ત્યાં અનેક પ્રકારની કૂદવું, બાહુ વગેરેને મરોડવું, મલ્લયુધ્ધ કરવું એવી મહેનતવાળી કસરતોને કરી સિધ્ધાર્થ રાજા થાકી ગયા ત્યારે આખા શરીરે અને શરીરના બધા અવયવોને પ્રીતિ ઉપજાવનારાં તેલો ચોળીને મર્દન કરવામાં આવ્યા, જે તેલો સૂંઘવા યોગ્ય, સુગંધથી બહેકતાં, જઠરને તેજ કરનારાં, બળને વધારનારાં, માંસની વૃધ્ધિ કરનારાં, વીર્યને વધારનારાં, બધી ઇન્દ્રિયોને તથા બધાં ગાત્રોને સુખમય કરનારાં, સોવાર અને હજારવાર પકાવેલાં એવા શતપાક અને સહસ્રપાક વગેરે અનેક જાતનાં ઉત્તમ સુગંધવાળાં હતાં. એવાં તેલોથી તે સિધ્ધાર્થ રાજાને આખા શરીરના અવયવે નિપુણ માણસોએ માલિશ કર્યું. જે માણસો હાથેપગે સુકોમળ તળિયાવાળા હતા, તેલ લગાડવામાં, તેલની માલિશ કરવામાં, અને માલિશ કરેલ તેલને પરસેવા વાટે બહાર કાઢી નાખવામાં શરીરને જે ફાયદાઓ થાય તે બધું બરાબર જાણનારા હતા, સમયના જાણકાર હતા. કોઇપણ કાર્ય શીઘ્રતાથી કરી આપનારા, તથા મર્દન કરનારાઓમાં અગ્રેસર હતા. શરીરે પુષ્ટ, બુધ્ધિવાળા, વિવેકવાળા, થાકે નહીં

એવા મનોહર વીરવલયને ધારણ કરનારા થયા. વધારે શું કહીએ એ રાજા સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવા અલંકૃત થયા. જેમ કલ્પવૃક્ષ પત્ર, પુષ્પ, ફળોથી અત્યંત શોભિત થાય તેમ મુકુટ વગેરે અલંકારોથી અલંકૃત થયેલા અને કોરંટ વૃક્ષના ફુલોની માળાઓથી અત્યંત શોભતા એવા છત્રને ધારણ કરેલા થયા, વળી ઉજ્જવલ શ્રેષ્ઠ ચામરોથી વિંઝાતા એવા જેમને જોવાથી માણસો જય જય શબ્દ કરતા હતા એવા સિધ્ધાર્થ રાજા જ્યારે સ્નાનઘરથી રાજ્યસભામાં જવા નીકળ્યા ત્યારે કેવા કેવા પુરુષોથી પરિવરેલ હતા તે કહે છે. અનેક ગણનાયકો, દંડનાયકો, માંડલિક રાજાઓ, ઇશ્વરો, યુવરાજો, પાટવી કુમારો, તલવરો–રાજાએ ખુશી થઇને જેમને તલવાર આપેલ હોય એવા રાજપુરુષો, મંડળના માલિકો, કૌટુંબિકો–કુટુંબના વડિલો, મંત્રિઓ, મહામંત્રિઓ, જ્યોતિષિઓ, પ્રતિહારો, અમાત્યો, સેવકો, રાજાની પાસે બેસનારા પીઠમર્દકો, કર ભરનારા નગરજનો, વ્યાપારીઓ, શ્રીદેવીની છાપવાળા સુવર્ણનો પટ મસ્તક પર પહેરનારા શ્રેષ્ઠિજનો, મોટા મોટા સાર્થવાહો, સેનાપતિઓ, દૂતો, અને સંધિપાલો વગેરેથી પરિવરેલા સિધ્ધાર્થ રાજા હતા. અહીં સંધિપાલકની કથા કહેવાય છે.


દેશોની સરહદોને જાણે તે સંધિપાલકો. સરહદ માટે રાજ્યો વચ્ચે કલહ થાય ત્યારે સંધિ કરી આપે છે. કૌશાંબી નગરીમાં જિતશત્રુ રાજા હતો તે રાજાને કોઈ પુરુષે કહ્યું કે, બીજા બધા અધિકારીઓ બરાબર કામ કરે છે, પરંતુ સંધિપાલક તો બેસીને ખાય છે. તે સાંભળી રાજાએ સંધિપાલકને કહ્યું કે, તમો બેસીને ખાઓ છો પણ કાંઈ કરતા નથી આ સાંભળીને સંધિપાલકે કહ્યું કે હે રાજન્ ! અમે જે કરીએ તે બીજા ન કરી શકે અમે શત્રુને મિત્ર અને મિત્રને શત્રુ કરી દઇએ અને બીજા પણ બુધ્ધિનાં મોટાં મોટાં કાર્યો કરીએ એટલે ફોગટનું ખાતા નથી. રાજાએ તેની પરીક્ષા માટે એક સીવેલ ડાબલો આપીને તેને કહ્યું, અરિમર્દન રાજા અમારો શત્રુ છે તેને આ આપજે અને મિત્રાચારી કરાવી આવજે. સંધિપાલક તે લઇને અરિમર્દન રાજા પાસે પહોંચ્યો અને સભામાં નમસ્કાર કરી ભેટણું આપ્યું. રાજાએ તેને ખોલી જોયું તો તે ડાબલામાંથી એક સોનાની ડાબલી નીકળી તેને

આચાર કરી, રાજસભાને યોગ્ય માંગલિક એવા શ્વેત ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો શરીરે પહેરી તથા કિંમતી અલંકારોથી અલંકૃત થઈ, માંગલિક માટે શ્વેત સરસવ અને દુર્વા મસ્તક ઉપર પાઘડીમાં રાખીને પોતપોતાનાં ઘરોમાંથી નીકળે છે.

પછી નગરના મધ્ય મધ્ય ભાગમાંથી પસાર થઈ, મહેલોમાં મુકુટ સમાન એવા સિદ્ધાર્થ રાજાના શ્રેષ્ઠ મહેલના મુખ્ય દરવાજા પાસે આવીને વિચાર વિનિમય કરીને કહેવા લાગ્યા કે, આપણામાંથી કોઈ એકને નેતા બનાવવો, કારણ કે, નિર્નાયક ટોળું પરસ્પર લડવા માંડે, માટે ક્યાંય પણ જય પામે નહિ. તેથી આપણે પરસ્પર સ્વપ્નાંનો અર્થ વિચારીને કોઈ એકને નેતા કરી તેના મુખથી સ્વપ્નાનો અર્થ રાજા સમક્ષ કહેવો. પરંતુ દરેકે જુદો જુદો અર્થ કહેવો નહીં. જેથી આદરણીય બનશું. જે સમુદાયમાં સર્વ માણસો આગેવાન થવા માગતા હોય, સર્વ પોતાને મહાપંડિત માનતા હોય, અને સર્વ મોટાઈ મેળવવા ઇચ્છતા હોય તે સમુદાય છિન્નભિન્ન થઇ જાય છે. હાંસીપાત્ર થાય છે, અને દુઃખી થાય છે.

આ ઉપર પાંચસો સુભટોનો વૃત્તાંત કહેવાય છે.

કોઇ વખતે આસપાસથી ભેગા થયેલા પાંચસો બહાદુર લડવૈયા સુભટો નોકરીની ઇચ્છાથી કોઇ રાજા પાસે આવ્યા. રાજાએ મંત્રીની સલાહથી તેમની પરીક્ષા કરવા બધાને એકજ પલંગ આપ્યો. પાંચસોમાંથી પલંગ પર કોણ સૂવે એ બાબત વાંધો પડયો, એક કહે હું સૌથી મોટો છું, પલંગ પર સૂવાનો મારો અધિકાર છે. બીજો કહે મારૂં કુટુંબ ખાનદાન છે મારા બાપદાદા મહા પરાક્રમી અને પ્રતિષ્ઠિત થઇ ગયા છે, તેથી પલંગ પર સૂવાનો મારો અધિકાર છે. ત્રીજો કહે આપણામાંથી મારા કરતાં બુધ્ધિ અને બળમાં કોઈ મોટો નથી તેથી આ પલંગ પર સૂવાનો મારો અધિકાર છે. આ રીતે પરસ્પર વાદ થયો. ત્યારે એક ડાહ્યા માણસે કહ્યું કે ભાઇઓ! આપણે બધાજ પરાક્રમી અને કુળવાન છીએ, તેથી આ વાદ છોડીને પલંગને વચ્ચે રાખીને પછી પલંગ તરફ પગ રાખીને આપણે બધા સૂઈ જઇએ. જેથી નાનો મોટો કોઈ ન કહેવાય. આ વાત બધાને ગમી ગઈ તેથી અભિમાનપૂર્વક બધા પલંગ સામે



શ્રી સિધ્ધાર્થ રાજા ત્રિશલાદેવી સહિત સભામાં બિરાજે છે.

આ પ્રમાણે આશીર્વાદ સાંભળીને સિદ્ધાર્થ રાજાએ સ્વપ્ન પાઠકોને ...
પુષ્પાદિથી પૂજ્યા અને વસ્ત્રાદિથી સત્કાર કર્યો અને સન્માન કર્યું. ત્યાર પછી સ્વપ્નલક્ષણ પાઠકો પૂર્વે ગોઠવી રાખેલ ભદ્રાસનો ઉપર બેસે છે.

સિદ્ધાર્થ રાજાની રાજસભામાં કેટલાક વિચક્ષણ પુરુષો હતા. વિચક્ષણ પુરુષ ઉપર અહીં કથા કહે છે.

પૃથ્વી ભૂષણ નગરમાં જિતારિ નામે દુષ્ટ સ્વભાવવાળો રાજા હતો. તેણે લોકોને ખોટાં આળ દઈ નિર્ધન કરી નાખ્યા હતા. ત્યાંનાં જિનદત્ત નામના શેઠ ગુનામાં આવતા નહીં. રાજાએ તેને આગ્રહથી લેવા પ્રધાન બનાવ્યો, જિનદત્ત શેઠ ન્યાયથી રાજકાર્ય સંભાળતા હતા. એક વખત રાજાની માતા મરી ગયાં એજ દિવસે રાજાને ત્યાં પુત્ર પણ જન્મ્યો. રાજાને લાગ્યું કે, પ્રધાન અને મહાજન પુત્ર જન્મની ખુશાલી બતાવવા આવશે, અથવા માતાના મૃત્યુનો શોક પ્રદર્શિત કરવા આવશે તો તેમને બન્ને રીતે દંડવાનો આ સારો અવસર આવ્યો છે. પછી બુદ્ધિશાળી તે પ્રધાને મહાજનને સાથે લઈ રાજસભામાં આવી રાજાને કહ્યું કે હે રાજન્! આપ કહો તો અમે આ શ્રીફળ આપીને આપના પુત્ર જન્મનો મહોત્સવ મનાવીએ અને આપ કહો તો આપનાં માતાજીના મૃત્યુનો શોક પ્રદર્શિત કરીએ. પ્રધાન અને મહાજનનાં આવાં વચન સાંભળી તેમને ઘણા બુદ્ધિશાળી જાણી રાજાએ ખુશી થઈને પહેલા પુત્ર જન્મનો ઉત્સવ કરીને પછી માતાનો શોક નિવાર્યો, તથા પોતાના દેશમાં દંડ કર વગેરે દૂર કરાવી ન્યાય માર્ગ પ્રવર્તાવ્યો. આ વિચક્ષણ પુરુષ પર જિનદત્ત શેઠની કથા કહી.

પછી સિદ્ધાર્થ રાજા ત્રિશલારાણીને પડદામાં બેસાડે છે, અને પોતે હાથમાં ફળફૂલ લઈને સ્વપ્ન પાઠકોને સ્વપ્નોનું ફળ પૂછે છે, કારણ કે રાજાની પાસે, દેવની પાસે, ગુરુની પાસે અને નિમિત્તિયાની પાસે ખાલી હાથે જવું ન જોઈએ. ફળ મૂકવાથી ફલ પ્રાપ્ત થાય છે, તે ઉપર મૂલદેવની કથા કહે છે.

ભિક્ષા માટે ગયો. ભિક્ષામાં મળેલ અડદના બાકળાને લઈને તે ગામ બહાર તળાવને કાંઠે આવ્યો. પછી ખાવા બેઠો ત્યારે એને એવો વિચાર આવ્યો કે, મારા ત્રણ ઉપવાસ થઈ ગયા. તેથી આ અઠ્ઠમ તપનાં પારણે કોઈ મહાપુરુષને આપીને પછી પારણું કરું તો સારું. આ સમયે એના પુણ્યથી કોઈ મુનિવર ત્યાં આવી ચડ્યા. મૂલદેવે તેમને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કરીને વિનંતિ કરી ભાવ પૂર્વક અડદના બાકળા વહોરાવ્યા. આ સમયે ત્યાં વૃક્ષ ઉપર રહેલા કોઈ દેવે અડદના બાકળા જોઈને કહ્યું કે "धन्नाणं तु नराणं कुम्मासा हुंति साधु पारणए" એમ કહ્યા પછી મૂલદેવને કહ્યું કે તારે આ શ્લોકના બીજા બે પદ કહીને તેમાં જે માંગવું હોય તે માંગી લે. પછી "गणियं च देवदत्तं, दन्तीसहस्सं च रज्जं" એ રીતે બે પદ કહી મૂલદેવે માંગી લીધું. ત્યારે દેવે કહ્યું કે આજથી સાતમે દિવસે તું દેવદત્તાને અને હજાર હાથી સહિત રાજ્યને મેળવીશ. પછી સંતુષ્ટ એવા મૂલદેવે બાકીના બાકળા ખાઈ પાણી પીને બેનાતટ નગરે પહોંચી ગામની બહાર એક દેવમંદિરમાં ઘણા માણસો સૂતા હતા ત્યાં શયન કર્યું. લગભગ રાત્રી પૂર્ણ થવા આવી ત્યારે એણે સ્વપ્નામાં પૂર્ણચંદ્રને મુખમાં પ્રવેશ કરતો જોયો. આવું જ સ્વપ્ન ત્યાં સૂતેલા કોઈ કાપડી બાવાને પણ આવ્યું. એ વાત તેણે સવારમાં બીજા કાપડી બાવાઓને કહી ત્યારે તેઓએ કહ્યું કે, આજે તું ભિક્ષા લેવા જઈશ ત્યારે ઘી, ગોળ સહિત રોટલો તને મળશે. પછી ખુશી થયેલો તે કાપડી ભિક્ષા લેવા ગયો ત્યારે તેને ઘી, ગોળ સહિત રોટલો જ મળ્યો. આ સમયે મૂલદેવ વિચારવા લાગ્યા કે, આ સ્વપ્નનું ફળ તો ઘણું જ સારું મળે પરંતુ આ કાપડી અજ્ઞાનતાથી થોડામાં તે ફળ ખોઈ બેઠો. પછી મૂલદેવે ઉદ્યાનમાંથી ફળફૂલ લઈ સ્વપ્નફળ કહેનારના ઘરે જઈ તેને પોતાના સ્વપ્નનું ફળ પૂછ્યું. જ્યોતિષીએ કહ્યું કે, જો તું મારી પુત્રીને પરણે તો હું તને સ્વપ્નફળ કહું. પછી મૂલદેવે તે કબૂલ કરવાથી જ્યોતિષીએ કહ્યું કે, આજથી સાતમે દિવસે તું રાજ્ય પામીશ. આ સાંભળી મૂલદેવ તેની પુત્રીને પરણીને રહ્યો. એક દિવસ તે ગામના તળાવની પાળે સૂતો હતો, ત્યારે તે નગરનો અપુત્રીઓ રાજા મરી જવાથી પ્રધાન આદિએ પંચ દિવ્ય

વિમાન, રત્નરાશિ, અગ્નિશિખા, દેવાંગના, દેવદર્શન, મેઘ, સુવર્ણ, બ્રહ્મા, અને કૃષ્ણ. હે દેવાનુપ્રિય! એ ત્રીશ મહાસ્વપ્નોમાંથી અરિહંત ગર્ભમાં આવે ત્યારે અરિહંતની માતાઓ, અને ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે ચક્રવર્તીની માતાઓ હાથી બળદ વગેરે ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગે છે, વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે વાસુદેવની માતાઓ એ ચૌદ મહાસ્વપ્નોમાંથી સાત મહાસ્વપ્નોને જોઇને જાગે છે, બલદેવ ગર્ભમાં આવે ત્યારે બલદેવની માતાઓ એ ચૌદ મહાસ્વપ્નોમાંથી ચાર મહાસ્વપ્નોને જોઇને જાગે છે, માંડલિક ગર્ભમાં આવે ત્યારે માંડલિક રાજાની માતાઓ એ ચૌદ મહાસ્વપ્નોમાંથી એક મહાસ્વપ્નને જોઇને જાગે છે.

સ્વપ્ન શાસ્ત્રોમાં નવ પ્રકારનાં સ્વપ્નો કહ્યાં છે તે કહેવાય છે. પ્રથમ અનુભવેલ હકીકત સ્વપ્નમાં જોવાય, સાંભળેલ હકીકત સ્વપ્નમાં જોવાય, દેખેલી હકીકત સ્વપ્નમાં દેખાય, વાત પિત્ત અને કફના વિકારથી સ્વપ્ન આવે. સહજ ભાવે અથવા મલમૂત્રાદિકની પીડાથી સ્વપ્ન આવે. ચિંતામાં પડેલને સ્વપ્ન આવે. એ છ પ્રકારનાં સ્વપ્નો નિષ્ફલ હોય છે. એવાં સ્વપ્નોનું શુભ કે અશુભ ફલ પ્રાપ્ત થતું નથી. પરંતુ દેવ આદિની સહાયથી સ્વપ્ન આવે, ધર્મકાર્યના પ્રભાવથી સ્વપ્ન આવે, કે ઉત્કૃષ્ટ પુણ્યના યોગે સ્વપ્નો આવે, પાપકાર્યના પ્રભાવે કે ઉત્કૃષ્ટ પાપના યોગે સ્વપ્ન આવે, એ ત્રણ પ્રકારનાં સ્વપ્નો આવે તેનું શુભાશુભ ફલ પ્રાપ્ત થાય છે. રાત્રીના પહેલા પહોરે સ્વપ્ન આવે તેનું ફલ બાર મહિને મળે છે, બીજે પહોરે સ્વપ્ન આવે તેનું ફલ આઠ માસે મળે છે, ત્રીજા પહોરે સ્વપ્ન આવે તેનું ફલ ત્રણ મહિને મળે છે, ચોથે પહોરે સ્વપ્ન આવે તેનું ફલ એક મહિને મળે છે, અને રાત્રીની છેલ્લી બે ઘડીના સમયે સ્વપ્ન આવે તેનું ફલ દશ દિવસમાં મળે છે, તથા સૂર્યોદય સમયે આવેલ સ્વપ્નનું ફલ પ્રાયે તેજ દિવસે મળે છે. ઉપરાઉપરી આવેલાં, દિવસે આવેલાં, માનસિક વ્યાધિ અને શારીરિક વ્યાધિથી આવેલ તથા મળમૂત્રના રોકાણથી આવેલાં સ્વપ્નો નિષ્ફળ જાણવાં. જે મનુષ્ય ધર્મરક્ત હોય, જેની રસરૂધિરાદિ–ધાતુઓ સમ હોય, જે સ્થિર ચિત્તવાળો હોય, જે ઇંદ્રિયો ઉપર સંયમ રાખનાર હોય, તથા જે દયાળુ હોય, તેનું સ્વપ્ન પ્રાયે ઇચ્છિત ફળને આપનારૂં થાય છે. ખરાબ

હાથી, વાહન, આસન, ઘર કે વસ્ત્ર, વગેરે અપહરણ થતું સ્વપ્નમાં જુએ તો રાજાને તેના પર શંકા થાય. બંધુઓમાં વિરોધ થાય, અને ધનની નુકસાની થાય. સ્વપ્નમાં સૂર્ય અને ચંદ્રના સંપૂર્ણ બિંબને ગળી જાય તો તે આખી પૃથ્વીનો રાજા થાય. સ્વપ્નમાં શસ્ત્ર, ઘરેણાં, મણિ, મોતી, સોનું, રૂપું, તેમજ બીજી ધાતુઓનું હરણ થતું દેખે તો તેના ધનનો નાશ, અપમાન તથા ભયંકર રીતે મરણ થાય છે. સ્વપ્નામાં હાથી ઉપર બેસી નદીનાં કાંઠે ભાતનું ભોજન કરે તો નીચ જાતિનો હોય તો પણ ધર્મ-ધનવાળો થઈ આખી પૃથ્વીને ભોગવનારો થાય. સ્વપ્નામાં પોતાની પત્નીનું અપહરણ દેખનારનું ધન નાશ પામે છે. પત્નીનો પરાભવ થતો દેખે તો પોતે દુઃખી થાય છે. પોતાના ગોત્રની મહિલાઓનું હરણ અથવા પરાભવ થતો દેખે તો બંધુઓનો વધ કે બંધન થાય છે. સ્વપ્નામાં પોતાની જમણી ભુજામાં ધોળા સર્પને દંશ દેતો દેખે તો પાંચ જ અહોરાતમાં એક હજાર સોનામહોરને મેળવે. સ્વપ્નામાં પોતાની શય્યા અથવા પગરખાં ગુમાવે તેની પત્ની મરણ પામે અને તે પોતે શરીરમાં પણ સખત પીડા ભોગવે છે. સ્વપ્નામાં માણસનાં મસ્તકનું ભક્ષણ કરે તો રાજ્ય મેળવે, માણસના પગનું ભક્ષણ કરે તે એક હજાર સોનામહોરો મેળવે, અને ભુજાનું માંસ—ભક્ષણ કરે તો પાંચસો સોનામહોરો મેળવે. સ્વપ્નામાં બારણાની ભૂંગળનો, પલંગનો, હિંચકાનો, પગરખાંનો તથા ઘરનો ભંગ થતો જુએ તો તેની પત્ની મરણ પામે, સ્વપ્નામાં સમુદ્ર પાણીથી ભરેલ નદી, તથા મિત્રનું મરણ દેખે તે નિમિત્ત વિના પણ ઓચિંતું ઘણું ધન મેળવે છે. સ્વપ્નામાં ઘણું તપેલ, છાણવાળું ડોળાઇ ગયેલ અને ઔષધ-વાળું પાણી પીએ તે અંતિસાર—ઝાડાના રોગથી મરણ પામે છે, સ્વપ્નામાં દેવની પ્રતિમાની યાત્રા અથવા દર્શન કરે, પ્રક્ષાલ કરે, પ્રતિમા આગળ નૈવેદ્ય ફલપુષ્પાદિ મૂકે અને પૂજા કરે તેની સર્વ પ્રકારે વૃદ્ધિ થાય છે. સ્વપ્નામાં પોતાના હૃદયરૂપ સરોવરમાં કમળો ઊગેલાં દેખે તે કોઢ રોગથી મરણ પામે છે, જે માણસ સ્વપ્નામાં ઘણું ઘી મેળવે તેનો યશ વૃદ્ધિ પામે છે. દૂધપાક અથવા ખીરનું ઘી સાથે ભોજન કરે તો સારું ફળ મેળવે, સ્વપ્નામાં હસનારા થોડા સમયમાં રડવાનું મેળવે છે. સ્વપ્નામાં નાચનારા વધ બંધનને મેળવે છે, સ્વપ્નામાં ભણનારા કલેશ પામે છે. ગાય, બળદ, ઘોડો, રાજા

દેવપૂજા જનારો વિજય પામે, સ્વપ્નમાં નદી ઉતરનાર તરત ઘેર પહોચે છે, સ્વપ્નમા કેશમા સવા દેખે કે દાંત પડયા દેખે તેના ધનનો નાશ થાય છે, અથવા તેને રોગ થાય છે. સ્વપ્નમાં શીંગડાવાળા દાઢવાળા તથા વાનર, વરાહ વગેરેને દેખે તો રાજભય થાય, સ્વપ્નમાં ચાંચડ, મચ્છર, માંકડ વગેરેથી પોતાને વીંટળાયેલો દેખે તો દશ દિવસમાં ધનનો નાશ થાય. સ્વપ્નમાં પોતાને તેલ ચોળનારો વ્યાધિ મુક્ત થાય છે. સ્વપ્નમાં આસન, શય્યા, વાહન, ઘર, વગેરેને બળતાં દેખે તો સુખકારી જાણવાં, સ્વપ્નમાં કુંકુમ યુક્ત શરીવાળો બની નૃત્ય કરતો કે ગીતગાન કરતો દેખે તો લક્ષ્મીની વૃદ્ધિ થાય, સ્વપ્નમાં ગધેડા, ઉંટ, પાડાવડે જોડેલા રથ દેખે તો મરણ પામે. સ્વપ્નમાં સિંહ, ઘોડા કે બળદથી જોડેલા રથ પર પોતાને બેઠેલો દેખે તો રાજા થાય, સ્વપ્નમાં ઘોડા, વાહન, વસ્ત્ર, ઘર, લઈ જતા જોવાય તો રાજભય થાય, શોક થાય, અને ધનની હાનિ થાય, સ્વપ્નમાં શ્વેત હાથી ઉપર બેઠેલો દેખે તો સર્વ દેશનો રાજા થાય, સ્વપ્નમાં ઘો, અક્ષત, ચંદન દેખે તો માંગલિક થાય. સ્વપ્નમાં રાજાનો હાથી, ઘોડો, બળદ, સારા વર્ણવાળી ગાય દેખાય તો કુલ વૃદ્ધિ થાય, સ્વપ્નમાં જોડા અને છત્ર મળ્યાં દેખે અથવા તલવાર દેખે તો પ્રયાણ કરવું પડે, સ્વપ્નમાં વહાણમાં બેસી જનારનું વહાણ ભાંગે. પોતે તરીને બહાર નીકળે, તો પરદેશ જવાનું થાય. સ્વપ્નમાં ભેંસ ઉપર ચડીને દક્ષિણ દિશા તરફ જનાર તરત મરણ પામે છે. સ્વપ્નમાં ઉકાળો પીનારને ઝાડાનો રોગ થાય છે. સ્વપ્નમાં દેવતા, સાધુ, બ્રાહ્મણ, રાજા, પિતૃ, વૃષભ એમાંથી કોઇ પણ આવીને આપણને કાંઈ પણ કહે તે વાત અવશ્ય સત્ય થાય છે.

હે દેવાનુપ્રિય રાજન્! આવાં અનેક સ્વપ્નોના ફલો સ્વપ્ન શાસ્ત્રમાં કહેલ છે. આગળ કહેલાં ત્રીશ ઉત્તમ સ્વપ્નોમાંથી તીર્થંકરની માતા જેવાં ચૌદ મહાસ્વપ્નો જુએ તેવાં ચૌદ મહાસ્વપ્નો ત્રિશલા મહારાણીએ જોયેલાં છે, તેમાં પ્રથમ સ્વપ્નમાં હાથી દીઠો છે, તે ચાર દંતૂશળવાળો દીઠો છે, તેથી રાણીને મહા પરાક્રમી તથા દાન, શીલ, તપ અને ભાવ રૂપ ચાર પ્રકારના ધર્મની પ્રરૂપણા કરનાર પુત્ર રત્ન થાશે. બીજે સ્વપ્ને વૃષભ જોયો છે, તેથી ધર્મધોરી પુત્ર થાશે, તે જેમ ખેડૂતો ક્ષેત્રમાં બળદથી ધાન્યનું બીજ વાવે છે તેમ આ ભરત ક્ષેત્રમાં ભવીજીવોનાં હૃદયરૂપી ક્ષેત્રમાં બોધિબીજને વાવશે. ત્રીજે સ્વપ્ને

સિંહ જોયો છે. તેથી કામદેવ આદિ દુષ્ટ હાથીઓને ભગાડી મૂકશે, ચોથે સ્વપ્ને લક્ષ્મીદેવીને જોયેલ છે, તેથી વરસીદાન આપી દીક્ષા લઇ કેવલજ્ઞાન રૂપ લક્ષ્મીને પામીને તીર્થંકર બની આઠ પ્રાતિહાર્યાદિ મહાલક્ષ્મીને ભોગવશે. પાંચમે સ્વપ્ને પુષ્પોની બે માળાઓ જોઈ છે તેથી સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ એ બે પ્રકારનો ધર્મ કહેશે, અને ત્રણ ભુવનમાં પૂજાશે. છઠ્ઠા સ્વપ્નમાં ચંદ્રમા જોયો છે તેથી મનોહર દર્શનવાળો, શાન્ત પ્રકૃતિવાળો થાશે અને ત્રણ ભુવનના જીવોને હર્ષ પમાડનાર થાશે. સાતમા સ્વપ્નમાં સૂર્ય દીઠો છે, તેથી જીવોના મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરનાર અને ભામંડલથી વિભૂષિત થાશે. આઠમા સ્વપ્નામાં ધ્વજ જોયો છે તેથી કુલમાં ધ્વજ સમાન શ્રેષ્ઠ થાશે, તથા એની આગળ ધર્મધ્વજ ચાલશે. નવમા સ્વપ્નમાં પૂર્ણકલશને જોયો છે તેથી સમગ્ર ગુણવાલો થશે, અને ધર્મરૂપ મહેલને સ્થિર કરશે. દશમાં સ્વપ્નમાં પદ્મ સરોવર જોયું છે, તેથી જગતના તાપને નાશ કરનાર થશે. તથા દેવોએ રચેલ સુવર્ણના કમલ ઉપર પગ મૂકીને ચાલનાર થાશે. અગિયારમા સ્વપ્નમાં સમુદ્ર દીઠો તેથી ગંભીર થાશે. અને કેવલ જ્ઞાન પામીને ચૌદરાજ લોકમાં રહેલા પદાર્થોના ભાવોને જાણશે. બારમા સ્વપ્નમાં દેવવિમાન જોયું છે તેથી ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને દેવલોક સુધીના વૈમાનિક દેવોને પૂજવા યોગ્ય તથા સેવા કરવા યોગ્ય થાશે, તથા નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસી દેવોને આરાધવા યોગ્ય થાશે. તેરમા સ્વપ્નમાં રત્નરાશિ જોયો છે તેથી દેવોએ રચેલ ત્રણ ગઢવાળા સમવસરણમાં વિરાજિત થાશે, અને ભવીજીવોને ધર્મોપદેશ આપશે. ચૌદમા સ્વપ્નમાં નિર્ધૂમ અગ્નિ જોયો છે તેથી તેજસ્વી અને પોતાના આત્માની શુદ્ધિ કરનાર થાશે તથા ભવિજીવોને શુદ્ધ કરનાર થાશે, ચૌદ મહાસ્વપ્નોનું એકઠું ફલતો ચૌદરાજલોકનો સ્વામી થાશે, ચૌદરાજલોકના અગ્રસ્થાનમાં રહેલ મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરશે.

હે દેવાનુપ્રિય રાજન્ ! આ પ્રમાણેના ફલને આપનારા એવા ચૌદ મહાસ્વપ્નોને ત્રિશલા મહારાણીએ જોયાં છે, તેથી તમને ધનનો લાભ થશે, સુખનો લાભ થશે, ભોગોનો લાભ થશે, પુત્રનો લાભ થાશે, રાજ્યનો લાભ થશે.

એવી રીતે નિશ્ચે ત્રિશલારાણી નવ માસ અને સાડાસાત દિવસ રાત ગયે છતે તમારા કુલમાં ધ્વજા સમાન, કુલમાં દીપક સમાન, કુલમાં મુકુટ સમાન, કુલમાં પર્વત સમાન, કુલમાં તિલક સમાન, કુલની કીર્તિ કરનાર કુલનો નિર્વાહ કરનાર, કુલમાં સૂર્ય સમાન, કુલનો આધાર, કુલના યશને વધારનાર, કુલમાં વૃક્ષ સમાન, કુલની પરંપરા વધારનાર, સુકોમલ હાથ પગવાળા, સંપૂર્ણ પંચેન્દ્રિય શરીરવાળા, લક્ષણ–વ્યંજન ગુણયુક્ત, માન અને ઉન્માન પ્રમાણથી સંપૂર્ણ સારી રીતે પ્રગટ થયેલા મનોહર સર્વ અંગોથી સુંદર શરીરવાળા, ચંદ્રસમાન શાન્ત મુદ્રાવાળા, મનોહર પ્રીતિકારી દર્શનવાળા, અને સુંદર રૂપવાળા, એવા પુત્રને જન્મ આપશે.

એ પુત્ર બાલ્યાવસ્થાને ત્યજી સર્વ કલાઓ વગેરેનો જાણકાર થાશે, યુવાન થઈ દાનાદિક આપવામાં શૂર થાશે, યુદ્ધમાં વીર થશે, અત્યંત પરાક્રમવાળો થાશે, હાથી, ઘોડા, રથ, પાયદલ વગેરેની વિસ્તારવાળી સેનાવાળો થાશે, ચારે દિશાઓના સ્વામી ચક્રવર્તી રાજ્યના સ્વામી રાજાધિરાજ થશે, અથવા ત્રણલોકના નાયક અને ચાર ગતિને નાશ કરનારા શ્રેષ્ઠ ધર્મરૂપ ચક્રને ધારણ કરનાર એવા ધર્મચક્રવર્તી તીર્થંકર થાશે, તેથી હે દેવાનુપ્રિય રાજન્! ત્રિશલારાણીએ ઘણાજ સારા સ્વપ્નો જોયાં છે, આરોગ્ય, સંતોષ દીર્ઘાયુષ્ય, કલ્યાણ અને મંગલ કરનાર સ્વપ્નો રાણીએ જોયાં છે, પછી સિદ્ધાર્થ રાજા તે સ્વપ્ન લક્ષણ પાઠકોના મુખથી સ્વપ્નોનો અર્થ સાંભળીને અને ધારીને અત્યંત ખુશી થયા, સંતોષ પામ્યા, યાવત્ હર્ષથી પૂર્ણ હૃદયવાળા થયા છતાં બે હાથથી અંજલિ કરીને તે સ્વપ્નલક્ષણ પાઠકોને આ પ્રમાણે કહેવા લાગ્યા, હે દેવાનુપ્રિય સ્વપ્ન પાઠકો! એ એમજ છે, એ તેમજ છે, એ યથાર્થ છે, એ મારી ઈચ્છા પ્રમાણે છે. તમારા મુખમાંથી પડતા એ વચનોને મેં ગ્રહણ કરેલ છે. એ વાંછિત છતાં વારંવાર વાંછેલ છે, જેવી રીતે તમો અર્થ કહો છો તેવી રીતે એ અર્થ સાચો છે. એમ કહીને સિદ્ધાર્થ રાજાએ તે સ્વપ્નોને સારી રીતે હૃદયમાં ધારણ કરીને તે સ્વપ્નલક્ષણ પાઠકોને ચોખા વગેરેના ઘણા ભોજન વડે અને જાઈ, જૂઈ, વગેરેના છૂટા ફુલો વડે તથા વસ્ત્રો વડે તેમજ વાસચૂર્ણાદિ સુગંધિ દ્રવ્યો વડે તથા ગુંથેલા પુષ્પોના હાર વડે, અને હાર, મુકુટ બાજુબંધ વગેરે આભૂષણો વડે સત્કારી સન્માનીને જીવન પર્યંત ચાલે તેટલું પ્રીતિ સહિત ઘણા દ્રવ્યનું દાન દઈને તેમને વિદાય આપી.

પછી સિધ્ધાર્થરાજા સિંહાસનથી ઉઠીને પડદામાં બેઠેલા ત્રિશલા રાણી પાસે જઈને આ પ્રમાણે કહે છે. હે દેવાનુપ્રિયેત્રિશલા ! નિશ્ચે સ્વપ્નશાસ્ત્રમાં બેંતાલીશ સામાન્ય અને ત્રીશ મહા સ્વપ્નો કહેલાં છે. એમાં જે ત્રીશ મહાસ્વપ્નો છે તેમાંથી તીર્થંકરની અને ચક્રવર્તીની માતાઓ ચૌદ મહાસ્વપ્નો દેખે છે. વાસુદેવની માતાઓ સાત મહાસ્વપ્નોને દેખે છે, બલદેવની માતાઓ ચાર મહા સ્વપ્નોને દેખે છે, અને માંડલિક રાજાની માતા એક મહાસ્વપ્નને દેખે છે, પછી જાગી જાય છે. હે દેવાનુપ્રિયેત્રિશલા ! તેં આવાં ચૌદ મહાસ્વપ્નો જોયા છે, તેથી તેં ઘણા ઉત્તમ સ્વપ્નો જોયા છે. એ સ્વપ્ન દર્શનથી શ્રેષ્ઠ ધર્મે કરીને ચાર ગતિનો અંત કરવાને સમર્થ ધર્મચક્રવર્તી એવા ત્રણલોકના અધિપતિ જિનેશ્વર તારા પુત્ર થશે. એ અર્થને સાંભળીને અને ધારીને તે ત્રિશલારાણી હર્ષ પામી, સંતોષ પામી, યાવત્ હર્ષથી પરિપૂર્ણ હૃદયવાળી થઈ છતી બે હાથ વડે અંજલિ કરીને એ સ્વપ્નોને સારી રીતે હૃદયમાં ધારી રાખીને સિદ્ધાર્થ રાજાની આજ્ઞા પામીને ત્રિશલારાણી વિવિધ પ્રકારના મણિઓ અને રત્નોથી જડેલા ચિત્રવિચિત્ર એવા ભદ્રાસનથી ઊઠે છે. પછી નહિ અતિ ચપલ, નહિં ભ્રાંતિવાળી, નહિં વિલંબવાળી, એવી રાજહંસ જેવી ગતિથી ચાલતી જ્યાં પોતાનું નિવાસ સ્થાન છે ત્યાં આવી તે ઘરમાં પ્રવેશ કરે છે.

હવે જે દિવસથી આરંભીને શ્રમણ ભગવાન શ્રી મહાવીરપ્રભુ હરિનૈગમેષિ દેવવડે સિધ્ધાર્થ રાજાનાં કુલમાં લવાયા – તે દિવસથી કુબેર ભંડારીની આજ્ઞા માનનારા અને તિર્ચ્છાલોકમાં વૈતાઢય પર્વતની મેખમાલામાં રહેનાર વ્યંતરનિકાયના ઘણા તિર્યગ્–જૃંભકદેવો ઇન્દ્રની આજ્ઞાથી હવે પછી જેનું વર્ણન કરવામાં આવે છે એવા પૂર્વે પૃથ્વીમાં દાટેલા જે મહાનિધાનો હતાં, જેવાકે, જેના માલિકો નાશ પામી ગયા હતા, જે ધનના એકઠા કરનારા નાશ પામી ગયા હતા. જેના ગોત્રીઓ અને ગોત્રીઓના ઘરો નાશ પામી ગયાં હતાં, તથા જેના સ્વામીઓ સર્વ રીતે નાશ પામી ગયાં હતાં. તથા જેને એકઠા કરનારા સર્વ રીતે નાશ પામી ગયા હતા તથા જેના ગોત્રીઓનાં ઘરો સર્વ રીતે નાશ પામી ગયાં હતાં [illegible]

તથા જેની ચારે બાજુ બે બે ગાઉ ઉપર ગામો હોય એવા મંડપો, જેનો જલમાર્ગે તથા સ્થલ માર્ગે એમ બન્ને પ્રકારનો જવા આવવાનો માર્ગ હોય એવા દ્રોણ મુખોમાં, પુરોમાં, જેનો જલમાર્ગે કે સ્થલમાર્ગે જવા આવવાનો એકજ માર્ગ હોય એવા પત્તનોમાં, તીર્થ સ્થાનોમાં, અથવા તાપસોના આશ્રમોમાં હતા એવા નિધાનો, તથા જે નિધાનો જ્યાં ખેડૂતો ખેતી કરીને રક્ષણને માટે વાડ વિગેરેના કિલ્લાવાળી જમીનમાં ધાન્ય રાખે છે તેવા સપાટ જમીનવાળા સંબાહ કહેવાય. તેવા સંબાહોમાં, સંઘ અથવા વ્યાપારીઓની વણઝાર તથા લશ્કર આદિકને ઉતરવાના સંનિવેશોમાં, તથા શીંગોડા ફલ સમાન આકારવાળા શૃંગાટકક સ્થાનોમાં, તથા જ્યાં ત્રણ માર્ગો એકત્ર થાય તેવા ત્રિવાટામાં, તથા ચાર રસ્તાઓ જ્યાં ભેળા થતા હોય એવા ચોકમાં, તેમજ જ્યાં ઘણા માર્ગ ભેળા થતા હોય એવા ચત્વરમાં, તથા ચાર બારણાવાળા દેવમંદિર અથવા છત્રી વગેરેમાં, તથા મોટા પંથવાળા રાજમાર્ગોમાં, તથા ગામડાના જૂના રહેવાના ઉજ્જડ સ્થાનોમાં, ગામની પાણી નીકળવાની ખાળમાં, નગરની પાણી નીકળવાની ખાળમાં, દુકાનોમાં, યક્ષાદિદેવોનાં મંદિરોમાં, ગામ વગેરેના માણસોને બેસવાના ચોરામાં, પાણી પીવાની પરબોમાં, તથા કેળ વગેરેના વૃક્ષોથી છવાયેલા અને યુવાન સ્ત્રી પુરુષોને રમતગમત કરવાના બગીચાઓમાં, તથા પુષ્પ ફલવાળા વૃક્ષોથી શોભિત અને મહોત્સવ વગેરેના સમયમાં ઘણા માણસોના ઉપયોગમાં આવતા એવા ઉદ્યાનોમાં, તથા એક જાતિના જ વૃક્ષોના સમૂહવાળાં વનોમાં, તથા અનેક જાતિના વૃક્ષોના સમૂહવાળા વનખંડોમાં, શ્મશાનમાં, ઉજ્જડ ઘરોમાં, પર્વતોની ગુફાઓમાં, શાન્તિ કરવાના સ્થાનોમાં, પર્વતોની ખોદેલ શિલાઓમાં, સભા મંડપોમાં, લોકોને રહેવાના ઘરોમાં, એ પ્રમાણે ઉપર કહેલા સ્થાનો વગેરેમાં કૃપણ પુરુષોએ પહેલા દાટેલાં જે જે નિધાનો હતાં, તે સર્વે ધનના નિધાનોને તિર્યગ્જૃંભકદેવો સિદ્ધાર્થ રાજાના ઘરમાં લાવીને મૂકે છે. ૪

હવે જે રાતે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ જ્ઞાતકુલમાં સંહરાયા તે રાતથી આરંભીને તે જ્ઞાત કુલ રૂપાથી અને સુવર્ણથી વૃદ્ધિ પામવા લાગ્યું, તથા ગણિમાદિ ચાર પ્રકારના દ્રવ્યથી તથા ૧૨૭

... કોદરા, ... કાંગ, સામો, તલ, મગ, અડદ, ... મસૂર, તુવર, કુલથી, ધાણા અને કલાદ, એ ... વધવા લાગ્યું. તથા સાત અંગવાળા રાજ્યથી, દેશથી, હાથી, ઘોડા, ... સેનાથી, ... વગેરે વાહનોથી, દ્રવ્યના ભંડારથી, ધાન્યના ભંડારથી, નગરથી, અંતઃપુરથી, દેશ નિવાસી લોકથી અને યશોવાદથી વૃધ્ધિ પામ્યું. તથા ઘણા ધનથી ઘડેલા ... એવા સુવર્ણથી, કર્કેતન વગેરે રત્નોથી, ચન્દ્રકાન્ત વગેરે મણિઓથી, છીપથી ઉત્પન્ન ... મોતીઓથી, દક્ષિણાવર્ત શંખોથી, સ્ફટિક અથવા કસોટી વગેરે ઉત્તમ પાષાણોથી, પ્રવા-લોથી, માણિક વિગેરે રાતારત્નોથી, રત્નકંબલ વગેરે વસ્ત્રોથી, વિદ્યમાન શ્રેષ્ઠ દ્રવ્યથી, મનની પ્રસન્નતાથી તથા સ્વજનોએ કરેલા વસ્ત્રાદિકનાં સત્કારના સમૂહથી જ્ઞાતકુલ અતિ ઘણું અતિ ઘણું વૃધ્ધિ પામ્યું. એથી શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુના માતા પિતાના મનમાં આ પ્રકારે વિચાર ચિંતવન અભિલાષરૂપ મનમાં રહેલો ભાવ ઉત્પન્ન થયો કે" જ્યારથી અમારો આ પુત્ર ગર્ભપણે આવેલ છે, ત્યારથી અમે રૂપાથી વૃધ્ધિ પામ્યાં છીએ, સોનાથી વૃધ્ધિ પામ્યાં છીએ, તથા ધનથી, ધાન્યથી, રાજ્યથી, દેશથી, બળથી, વાહનથી, ધાન્યના ભંડારથી, નગરથી, અંતઃપુરથી, દેશનિવાસી લોકોથી, રત્ન, મણિ, મુક્તાફલ, શંખ, સ્ફટિક, પ્રવાલ વગેરેથી વૃધ્ધિ પામ્યાં છીએ, તેમજ વિદ્યમાન એવા શ્રેષ્ઠ દ્રવ્યથી, તથા સ્વજનોના પ્રીતિ સત્કારથી અતિશય વૃધ્ધિ પામ્યાં છીએ. તેથી અમારો આ બાળક જન્મ પામશે, ત્યારે અમે આ બાળકનું વૃધ્ધિ પામવાને યોગ્ય ગુણવાળું "વર્ધમાન" એવું નામ રાખશું.

હવે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવ માતા તરફ પોતાની ભક્તિ બતાવવા માટે અને માતૃભક્તિનું પ્રેરક દૃષ્ટાન્ત આપવા માટે "હું જ્યારે ગર્ભમાં હાલુ ચાલું છું ત્યારે માતાને જરૂર કષ્ટ થતું હશે." એ રીતનો વિચાર કરી પ્રભુ ગર્ભમાં નિશ્ચળ થયા. હલન, ચલન, કંપન તજીને અંગોપાંગોને ગુપ્ત રાખીને રહ્યા, પ્રભુ ગર્ભમાં નિશ્ચળ થવાથી ત્રિશલારાણીને એવો વિચાર ઉત્પન્ન થયો કે શું મારો ગર્ભ ... ? અથવા શું મારો ગર્ભ મરણ પામ્યો ? શું તે ગર્ભ ચ્યવી ગયો? શું તે ગર્ભ ... ગર્ભ ફરકતો નથી.

હથેળીમાં મુખ સ્થાપીને બેઠેલી, તથા આર્તધ્યાનગ્રસ્ત બનેલી તે ત્રિશલારાણી નીચા નેત્ર રાખીને પૃથ્વી સન્મુખ જોતી છતી આ પ્રમાણે વિચારે છે, કે અરે! હું ભાગ્ય વિનાની છું. ભાગ્ય હીન એવા અમારે ત્યાં એવાં નિધાન-પ્રગટ ક્યાંથી થાય? દરિદ્રના હાથમાં ચિન્તામણિ રત્ન ક્યાંથી રહે? અરે! દૈવ તને ધિક્કાર થાઓ. તેં મારા મનોરથરૂપ કલ્પવૃક્ષને ઉખેડી નાંખેલ છે. તેં મને મેરૂપર્વત ઉપર ચડાવીને નીચે ફેંકી દીધી છે, તેં મને બે નેત્ર દઈને ખેંચી લીધાં છે. અરે દૈવ! તેં મને રત્નોનો ખજાનો આપીને ઝૂંટવી લીધો છે, ભોજનનો થાળ આપીને ખેંચી લીધો છે, મારું વહાણ ભર દરિયામાં ડુબાડી દીધું છે, હે દૈવ! તેં મારા ત્રિલોકનાથ પુત્રરત્નને હરી લીધું છે, તેથી તું અતિશય નિર્દય છે, અત્યંત નિર્લજ્જ છે. આવા દૈવને ઓલંભા આપીને વળી વિચારે છે કે દૈવને ઓલંભા આપવાથી શું? અરે જીવ! તેં પૂર્વભવોમાં તીવ્ર પાપ કર્યાં હશે, ધાવતા એવા બાળકોને અને વાછરડાંઓને માતાથી વિયોગી બનાવ્યાં હશે, વૃક્ષની ડાળીઓ ભાંગી હશે, ઉંદરોનાં દર પાણીથી પૂરી દીધા હશે, કીડીઓ વગેરેનાં દરો ઉના પાણીથી ભરી દીધા હશે, પક્ષીઓનાં ઈંડા ફોડયા હશે, અથવા બચ્ચાંઓ સહિત પક્ષિઓના માળા જમીન પર ફેંકી દીધા હશે, પક્ષીઓને બચ્ચાથી વિયોગિત કર્યા હશે. અથવા પૂર્વે બાલહત્યા કરી હશે, ગર્ભ પડાવ્યા હશે, શોકના પુત્રાદિ માટે મંત્રો ઔષધોના પ્રયોગો કર્યા હશે, કામણ કર્યાં હશે, ગર્ભના સ્તંભન કર્યા હશે, તળાવો ફોડાવ્યા હશે, અણગળ પાણી પીધા હશે, પક્ષીઓને પાંજરામાં નાખ્યાં હશે, શિકાર કીધા હશે, પ્રાણીઓની હિંસા કીધી હશે, અસત્ય બોલી બીજાને ઠગ્યા હશે, બીજાના રત્ન, સુવર્ણ ધન વગેરે લૂંટયા હશે, શીલવ્રત ભાંગ્યા હશે, કોઈના શીલ ભંગાવ્યાં હશે, કોઇને કુડાઆલ દીધાં હશે. શાપ દીધા હશે, મુનિઓને સંતાપ્યા હશે, ગામોને બાળ્યા હશે, જંગલમાં દાવાગ્નિ લગાવ્યા હશે, દેવ દ્રવ્ય ભક્ષણ કરેલ હશે. જિનમંદિર પાડયાં હશે. ગુરૂઓનાં અવર્ણવાદ બોલ્યા હશે, દેવગુરૂ ધર્મ ઉપર દ્વેષ કર્યો હશે. કોઇને દાન દેતા નિવાર્યા હશે. અભક્ષ્ય ભક્ષણ કર્યાં હશે, આવાં અનેક પાપો મારા જીવે પૂર્વ ભવમાં કર્યા હશે, તે હમણાં મને ઉદયમાં આવ્યાં છે.

[illegible] પુણ્યનો કોઈ પાર નથી. હે સખીઓ! હું [illegible] રાજલોક પૂજિત એવા પુત્ર રત્નને પામીશ. [illegible] મારા મનોરથ પૂર્ણ થવા દીધા નહીં. અરે! હવે હું [illegible] છું. આ સંસારના અસારપણાને ધિક્કાર થાઓ, અરે [illegible] મારા મસ્તક ઉપર રહેલ આ મુકુટ પણ જવાલા સમાન થયો [illegible] સળગેલા અંગારા સમાન થયા છે, હું તો ધારતી હતી કે મારો [illegible] ત્રણે ભુવનમાં પૂજવા યોગ્ય થાશે. ત્રણે લોકનો નાથ થાશે, અંતરંગ અને [illegible] પરાજિત કરનારો થાશે, પરંતુ દૈવે એ મારી ધારણાને નિષ્ફલ બનાવી દીધી છે. અરે, હું [illegible] મહાન પુત્રરત્નને જોયા વિના ક્યાંથી સુખ મેળવીશ? એ વિષયમાં શું મારે બીજાના દોષ જોવાના [illegible]? દોષ તો મારા પાપકર્મનોજ છે. દિવસે ઘુવડ ન દેખે એમાં સૂર્યનો શો દોષ? વસંત ઋતુમાં બધી વનસ્પતિઓ પત્ર પુષ્પાદિ ફૂલ સમૃદ્ધિવાળી બને છતા ત્યારે કેરડાને પત્ર ન આવે, તો વસંતનો શો દોષ? ઊંચા વૃક્ષના ફલોને ઠીંગણો માણસ ન લઇ શકે તેમાં તે ઉત્તમ એવા ઊંચાં વૃક્ષનો શો દોષ? અરે સખીઓ! ઉતાવળ કરો. કાંઇ ઉપાય કરાવો, વૈદ્યોને કે જાણકારોને બોલાવો, એમને કારણ પૂછીને એમનાં કહ્યા પ્રમાણે ઉપાય કરાવો, પહેલા મારો ગર્ભ હલન ચલન કરતો હતો. હમણાં મારા ઉદરમાં ગર્ભનું હલન, ચલન, સ્પંદન થતું નથી, એમ કહેતાં અને આક્રંદ કરતાં ત્રિશલારાણીને જોઇને સખીઓ વગેરે પરિવાર પણ આક્રંદ કરવા લાગ્યો, અરેરે, વિધાતાએ આ ઓચિંતી આફત ક્યાંથી ઉતારી, સદા મુશ્કેલીમાં સહાય કરનારી કુલદેવીઓ કેમ આ આફત નિવારતી નથી. આ વખતે વિઘ્નનાશના કાર્યમાં નિપુણ એવી કુલની વૃદ્ધસ્ત્રીઓ શાન્તિકર્મ, પુષ્ટિકર્મ, માનતા, આખડી વગેરે વિવિધ પ્રકારના વિધિ વિધાનો કરવા લાગી, અને જ્યોતિષીઓને બોલાવી તેમની સાથે આફત ટાળવા વાર્તાલાપ કરવા લાગી, [illegible] નાટકો, ગીતગાન, વાજીંત્ર વગેરેને બંધ કરાવવા લાગી, ઊંચે સ્વરે કોઈ વાત [illegible]

સમયે સિદ્ધાર્થ રાજાનું રાજપ્રાસાદ કે જ્યાં મૃદંગ વીણાઓ વગેરે અનેક જાતના વાજીંત્રો અને નૃત્યોથી ગર્જના થઇ રહી હતી અને અત્યંત આનંદનું વાતાવરણ ફેલાયેલ હતું તે રાજ ભવન સૂમસામ થઇ ગયું. શોકમગ્ન બની ગયું, અત્યંત વ્યાકુલ બની ગયું.

આ વખતે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુએ પોતાની માતાના મનમાં ઉત્પન્ન થયેલ આવા પ્રકારનો વિચાર–મનોગત ભાવ–અવધિજ્ઞાનવડે જાણીને વિચાર્યું, કે "અહો ! આ મોહરાજાની ગતિ વિચિત્ર છે. મેં માતાના સુખ માટે હલન ચલન નિવાર્યું, પરંતુ મારું એ કર્તવ્ય માતાના સુખને બદલે દુઃખરૂપ બની ગયું. હવે માતાના આ દુઃખને દૂર કરવા માટે હલન ચલન કરવું જોઇએ." એમ વિચારીને પ્રભુએ પોતાનું એક અંગ ફરકાવ્યું, ગર્ભના અંગના ચલનથી ત્રિશલારાણી રાજી રાજી થઇ ગયાં, અને અત્યંત આનંદિત થઇને કહેવા લાગ્યાં કે મારા ગર્ભનું કોઇએ હરણ કરેલ નથી. મારો ગર્ભ મરી ગયેલ નથી. ચ્યવી ગયેલ નથી. ગળી ગયેલ પણ નથી. એ મારો ગર્ભ હમણાં થોડો સમય ફરકતો બંધ થયેલો તે હમણાં વળી ફરકતો થઇ ગયેલ છે. એ રીતે કહીને અત્યંત હર્ષપૂર્ણ હૃદયવાળા થઇ ફરી કહેવા લાગ્યા કે મારા ગર્ભને તદ્દન કુશળ છે, હજી મારા ભાગ્ય જાગે છે, હું ત્રણ લોકમાં માનનીય પુત્રને પામીને ત્રણ લોકમાં માનનીય થઇશ. મારું જીવન ધન્ય અને સાર્થક બની જશે. જિનેશ્વરદેવની મારા પર કૃપા ઉતરી છે, પૂર્વ જન્મમાં આરાધેલ જૈન ધર્મરૂપ કલ્પ વૃક્ષ મારા માટે ફળ્યો છે, શાસનદેવ દેવીઓ અને ગોત્રદેવીઓ મારા પર પ્રસન્ન થયેલ છે, વગેરે બોલતાં અને અત્યંત–આનંદિત દેખાતાં ત્રિશલારાણીને જોઇને વૃદ્ધસ્ત્રીઓના મુખમાંથી જય જય નંદાના આશીર્વચન નીકળવા લાગ્યાં, કુળવાન સ્ત્રીઓએ ધવલમંગલ પ્રવર્તાવ્યા, અનેક જાતના વાજીંત્રો વાગતા થઈ ગયા, ગીત, નૃત્ય થવા લાગ્યા, રાજભવનનું વાતાવરણ દેવલોક જેવું શોભનીય બની ગયું, ગર્ભની કુશલતાની વધામણીમાં કરોડોનું ધન સિદ્ધાર્થ રાજા પાસે મુકાયું અને કરોડોનું દાન સિદ્ધાર્થ રાજાએ આનંદથી આપ્યું. આનંદમય વાતાવરણ થઈ ગયા પછી ભગવાને એવો વિચાર કર્યો કે હજી હું ગર્ભમાં જ છું છતાં

માતાને આટલો બધો સ્નેહ છે, અને એ કારણે આટલું બધું દુઃખ ધારણ કર્યું તો હું જન્મ પામ્યા પછી જ્યારે દીક્ષા લઈશ ત્યારે કેટલું દુઃખ થશે, એમ વિચારીને કર્મના ઉદયને અનુસારે એવો અભિગ્રહ લીધો કે જ્યાં સુધી મારાં માતાપિતા જીવતાં હશે, ત્યાં સુધી મારે દીક્ષા ગ્રહણ કરવી નહીં. અવધિજ્ઞાન ધરાવતા હોવાથી પોતાના દીક્ષા કાલને જાણનારા પ્રભુએ આવો અભિગ્રહ લઇને એવો સિદ્ધાન્ત નથી સ્થાપ્યો કે જ્યાં સુધી માતાપિતા જીવતાં હોય ત્યાં સુધી કોઇએ પણ દીક્ષા લેવી નહીં. કારણ કે પ્રભુએ કેવલજ્ઞાન પામીને મા, બાપ, જીવતા હોય, તેણે દીક્ષા લેવી નહીં એવું ક્યારે પણ કહેલ નથી. પરંતુ જેમના માતાપિતા જીવતાં હતાં એવા ઘણા આત્માઓને દીક્ષા આપી છે. વળી જો એવો શાસ્ત્રીય નિયમ જ હોય તો શ્રી મહાવીરદેવ સિવાયના ઘણાં તીર્થંકરોએ માતાપિતા જીવતા હોવા છતાં દીક્ષા કેમ લીધી ? આ ચોવીશીમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુએ દીક્ષા લીધી તેથી માતા મરૂદેવાએ લગભગ હજાર વર્ષ સુધી રડી રડીને આંખોનું તેજ ગુમાવ્યું. નેમિનાથ પ્રભુને માતાપિતાએ પરણવા માટે ઘણું સમજાવ્યું છતાં તેમના જીવતાં જ દીક્ષા લઈ ગયા, આવું બધું વિચારીને માતાપિતા જીવતાં હોય ત્યાં સુધી દીક્ષા લેવી ન જોઇએ, એવું બોલવું કે માનવું નહીં.

પછી તે ત્રિશલારાણી સ્નાન અને પૂજા કરી કૌતુકમાંગલ્ય કરી સર્વ પ્રકારના અલંકારોથી સુશોભિત થઇને રહેવા લાગી, તથા પોતાના તે ઉત્તમ ગર્ભને નહિ અતિ ઠંડા, નહિ અતિ ગરમ નહિ અતિ મરચા મરી સુંઠ વગેરેથી તિખા–નહિ અતિ કડવા, નહિ અતિ કષાયેલા, નહિ અતિ ખાટા, નહિ અતિ મીઠા, નહિ અતિ ચીકણા, નહિ અતિ લુખા, નહિ અતિ લીલા, નહિ અતિ સૂકા, પરંતુ સર્વ ઋતુઓમાં સેવવાથી સુખકારી એવા પ્રકારના ભોજનથી, વસ્ત્રોથી, સુગંધીપદાર્થોથી, માળાઓથી, ગર્ભનું પોષણ કરે છે. તથા રોગ, શોક, મોહ, અને પરિશ્રમથી, રહિત એવી રાણી ત્રિશલા ગર્ભને હિતકારી, પ્રમાણયુક્ત આરોગ્યકારક, પુષ્ટિકારક એવા આહારને પણ યોગ્ય અવસરે વાપરતી, તથા દોષરહિત એવી કોમલ શય્યા–આસનનો ઉપયોગ કરતી, તેમજ અત્યંત સુખ કરનારી અને મનને અનુકૂળ એવી ભૂમિમાં, ફરતી ફરતી તેની ગર્ભ પોષણ કરવા લાગી.

અહીં ત્રિશલારાણીના ગર્ભ પોષણના પ્રસંગે ગર્ભ પોષણ સંબંધી થોડું વર્ણન કરાય છે—ગર્ભવતી સ્ત્રી વાયુ કરનારા પદાર્થો ખાય તો ગર્ભ ખૂંધવાળો, આંધળો, જડબુદ્ધિવાળો, અને ઠીંગણો થાય છે. પિત્ત કરનારા પદાર્થો ખાય તો ગર્ભ ટાલવાળો તથા પીળા વર્ણવાળો થાય. કફ કરનારા પદાર્થો ખાય તો ગર્ભ સફેદ કોઢવાળો થાય, અથવા પાંડુરોગવાળો થાય. ગર્ભવતી સ્ત્રી જો અતિ ખારા પદાર્થો ખાય તો ગર્ભના નેત્રનો નાશ થાય. અતિ ઠંડો આહાર કરે તો ગર્ભને વાયુનો પ્રકોપ થાય. અતિ ગરમ પદાર્થો ગર્ભના બળને હરણ કરે છે. અતિશય વિષય સેવન ગર્ભના પ્રાણને હરે છે. વાહનમાં બેસી મુસાફરી કરવાથી ઘોડા અને ઊંટ ઉપર સવારી કરવાથી, ઘણું ચાલવાથી, ચાલતાં લચકાવાથી, પડી જવાથી, પેટ દબાવવાથી કે પેટ ચોળાવવાથી, અતિ દોડવાથી, ઊંચા નીચા બેસવા સુવાથી સાંકડા સ્થાનમાં સંકોચાઇને બેસવાથી કે ઉભડક આસને બેસવાથી, ઉપવાસ કરવાથી, અતિ લૂખો આહાર કરવાથી, અતિશય ભોજન કરવાથી, બહુ કડવા પદાર્થો, બહુ તીખા પદાર્થો ખાવાથી, અતિ રાગ કે અતિ શોક કરવાથી, અતિશય ઝાડા થવાથી, ઉલટીઓ થવાથી, જુલાબ લેવાથી, હીંચકા ખાવાથી, આવા અનેક કારણોથી ગર્ભને પીડા થાય છે, અને ગર્ભ પડી પણ જાય છે.

ગર્ભવતી સ્ત્રી દિવસે સૂવે તો ગર્ભ ઊંઘણશી થાય, અંજન કરે તો ગર્ભ આંધળો થાય, રૂદન કરે તો વાંકી નજરવાળો થાય. સ્નાન વિલેપન કરે તો દુરાચારી થાય, તેલનું મર્દન કરે તો ગર્ભ કોઢીઓ થાય. નખ કપાવે તો બાળક ખરાબ નખવાળો થાય, દોડે તો બાળક ચંચળ થાય, હસે તો બાળકના દાંત, હોઠ, તાલુ, જીભ, કાળા થાય, બહુ બોલે તો બાળક બકબકીઓ થાય, ઘણા શબ્દ સાંભળે તો બાળક બહેરો થાય, બહુ પવન ખાય તો ગર્ભ સુનો થાય, અથવા મદોન્મત્ત થાય.

ગર્ભવતી સ્ત્રીને ચોમાસામાં લૂણ અમૃત જેવું, શરદ ઋતુમાં જળ અમૃત જેવું, શિશિર ઋતુમાં ખાટો રસ અમૃત જેવો, હેમન્ત ઋતુમાં ગાયનું દૂધ અમૃત જેવું, વસંત ઋતુમાં ઘૃત અમૃત જેવું, અને ગ્રીષ્મ ઋતુમાં ગોળ અમૃત જેવો ગુણકારી છે.

ગર્ભવતીસ્ત્રીએ જે દેશમાં જે વસ્તુ પાચન થતી હોય, જે કાલમાં જે વસ્તુ ગુણકારી હોય, તેવી

વસ્તુઓને વાપરવી. બધા મીઠા પદાર્થો બુધ્ધિ દેનારા છે, બધા ખારા પદાર્થો મળનો નાશ કરનારા છે. બધા કષાયેલા પદાર્થો જુલાબ કરનારા છે, બધા ખાટા પદાર્થો ઝેર સરખા છે. કુળની વૃધ્ધ સ્ત્રીઓ ત્રિશલારાણીને શિખામણ આપવા લાગી કે હે રાણી! તમો હમણાં ધીરે ધીરે ચાલજો. બહુ ધીરેથી બોલજો, ક્રોધ કરશો નહિ, ગર્ભને પથ્ય ભોજન લેતા રહેજો. ખડખડાટ હસજો નહિ, ખુલ્લી જમીનમાં બહુ ફરશો નહિ, બને ત્યાં સુધી કોમળ પથારીમાં સૂઈ રહેજો. નીચાણવાળી જગ્યામાં ઊતરવાનું અને ઉંચાણવાળી જગ્યામાં ચડવાનો પ્રયાસ કરશો નહિ. ઘરની બહાર પગલું ભરશો નહિ, ગર્ભના ભારથી મંદ થયેલા ત્રિશલારાણી તે વૃધ્ધસ્ત્રીઓની શિખામણને માન આપીને ગર્ભ પોષણ થાય તે રીતે વર્તવા લાગ્યાં, પછી ત્રિશલારાણી ઉત્તમ ગર્ભના પ્રભાવથી વખાણવા યોગ્ય દોહલાવાળાં થયાં, જે જે દોહલા ઉત્પન્ન થયા તે તે દોહલાઓને સિધ્ધાર્થરાજાએ પૂરવાથી સંપૂર્ણ દોહલાવાળાં તેમજ સન્માનિત દોહદવાળા, તથા અપમાનિત નહિ કરેલા દોહલાવાળાં, સર્વ પ્રકારે વાંચ્છિતપૂર્ણ દોહલાવાળાં ત્રિશલારાણી થયાં. ત્રિશલારાણીને ઉત્તમ ગર્ભના પ્રભાવથી, જે પ્રશસ્ત દોહદ—મનોરથો ઉત્પન્ન થયા તે કહે છે, હું અમારી પડહ વગડાવું, ઘણું દાન આપું, સદ્ગુરૂઓની સારી રીતે સેવા ભક્તિ કરું, જિનેશ્વરદેવોની પૂજા કરું. મહોત્સવો કરી અનેક રીતે સાધર્મિકોની ભક્તિ વાત્સલ્ય કરૂં, હું સિંહાસન ઉપર બેઠી હોઉં, મારા મસ્તક ઉપર શ્રેષ્ઠ છત્ર શોભતું હોય, બન્ને બાજુ મને ચામર વીંઝાતા હોય, અને પુરેપુરી રીતે મારી આજ્ઞા સર્વત્ર પ્રવર્તતી હોય તો કેવું સારું? મારી આજુ બાજુ ધ્વજાઓ ફરકતી હોય, હું હાથી ઉપર બેઠી હોઉં, લોકો અતિશય આનંદથી જય જય શબ્દથી મારી જય પોકારતા હોય, હું પૃથ્વીને ઋણ રહિત કરું, જિનાલયો અને ધર્મશાળાઓ બંધાવું, યાચકોને દાન આપવા દાનશાળા બંધાવું, જગતના બધા જીવોને અભયદાન અપાવું તો કેવું સારું? આવા આવા ઘણા મનોરથો અને દોહલાઓ થયા ને સર્વે સિધ્ધાર્થ રાજાએ પૂરવાથી સન્માનિત દોહલાવાળાં, ત્રિશલારાણી સુખે રહેવા લાગ્યાં.

કોઈ વખતે ત્રિશલારાણીને ઇન્દ્રાણીનાં કુંડલ પહેરવાનો દોહલો મનોરથ થયો, પરંતુ તે પૂર્ણ ન થવાથી, રાણી દુર્બળ થવા લાગ્યાં, આ વાત ઇન્દ્રે અવધિજ્ઞાન વડે જાણવાથી ત્રિશલારાણીનો દોહલો

પૂર્ણ કરવાનું વિચારી ઇન્દ્ર, ઇન્દ્રાણીઓના પરિવાર સહિત ક્ષત્રિય કુંડનગરની પાસે આવી સમીપના પર્વત ઉપર ઇન્દ્રપુરી વસાવીને રહ્યો. અને ક્ષત્રિય કુંડગ્રામનગરમાં સેવકો મારફત ઉપદ્રવ કરાવવા લાગ્યો, પોતાના નગરના ઉપદ્રવોને સહન ન કરી શકવાથી સિદ્ધાર્થ રાજા સૈન્ય લઈ યુદ્ધ કરવા માટે ઇન્દ્રપુરીએ આવી યુદ્ધ કરવા લાગ્યા, ત્યારે ઇન્દ્ર પણ બલવાન છતાં યુદ્ધ કરતો ત્યાંથી નાશવા લાગ્યો, ઇન્દ્રાણીઓ પણ ઇન્દ્ર પાછળ નાશવા લાગી, આ સમયે સિદ્ધાર્થ રાજાએ ઇન્દ્રાણીઓને પકડીને તેમના કુંડલો ઉતારી લઇને નગરીને પણ લૂંટી લીધી, અને ઇન્દ્રાણીઓનાં કુંડલો ત્રિશલારાણીને આપીને તેનો દોહલો પૂર્ણ કર્યો. તેથી ત્રિશલારાણી આનંદ વિભોર બની સ્વસ્થ થઈ ગયાં. પછી તે ત્રિશલારાણી ગર્ભને પીડા ન થાય તે રીતે સુખે સુખે થાંભલા વગેરેના આશ્રય લઇને બેસે છે, ઊઠે છે, સૂએ છે, ઉભા રહે છે, શય્યામાં આળોટે છે, ભૂમિ ઉપર ફરે છે અને સુખે સુખે ગર્ભનું પોષણ કરે છે. હવે તે કાલ અને તે સમયમાં ગ્રીષ્મ ઋતુનો પ્રથમ ચૈત્ર માસ અને તેનો બીજો પક્ષ એટલે ચૈત્ર માસનો શુકલ પક્ષ ચાલતો હતો. તે પક્ષના તેરમાં દિવસે એટલે ચૈત્ર શુદિ તેરસનાં દિવશે ત્રિશલારાણીના તે ઉત્તમ ગર્ભને નવમાસ અને સાડાસાત દિવસ વીતી ગયા.

અહીં ચોવિશે તીર્થંકરોનો ગર્ભસ્થિતિ કાળ સમાન નથી તે કહેવાય છે, શ્રી ઋષભદેવપ્રભુ નવમાસ અને ચાર દિવસ ગર્ભમાં રહ્યા. શ્રી અજિતનાથ પ્રભુ આઠ માસ અને પચીસ દિવસ.

શ્રી સંભવનાથ પ્રભુ નવ માસ અને છ દિવસ,
શ્રી અભિનંદન સ્વામી આઠ માસ અઠયાવીશ દિવસ,
શ્રી સુમતિનાથપ્રભુ નવ માસ છ દિવસ,
શ્રી પદ્મપ્રભુસ્વામી નવ માસ છ દિવસ,
શ્રી સુપાર્શ્વનાથપ્રભુ નવ માસ ઓગણીશ દિવસ,
શ્રી ચંદ્રપ્રભસ્વામી નવ માસ સાત દિવસ,
શ્રી સુવિધિનાથ પ્રભુ આઠ માસ છવ્વીશ દિવસ,

૯૫.

શ્રી શીતલનાથ પ્રભુ નવ માસ છ દિવસ,
શ્રી શ્રેયાંસનાથ પ્રભુ નવ માસ છ દિવસ,
શ્રી વાસુપૂજ્ય સ્વામી આઠ માસ વીશ દિવસ,
શ્રી વિમલનાથ પ્રભુ આઠ માસ એકવીશ દિવસ,
શ્રી અનંતનાથ પ્રભુ નવ માસ છ દિવસ,
શ્રી ધર્મનાથ પ્રભુ આઠ માસ છવ્વીશ દિવસ,
શ્રી શાંતિનાથ પ્રભુ નવ માસ છ દિવસ,
શ્રી કુંથુનાથ પ્રભુ નવ માસ અને પાંચ દિવસ,
શ્રી અરનાથ પ્રભુ નવ માસ આઠ દિવસ,
શ્રી મલ્લીનાથ પ્રભુ નવ માસ સાત દિવસ,
શ્રી મુનિસુવ્રત સ્વામી નવ માસ આઠ દિવસ,
શ્રી નમિનાથ પ્રભુ નવ માસ આઠ દિવસ,
શ્રી નેમિનાથ પ્રભુ નવ માસ આઠ દિવસ,
શ્રી પાર્શ્વનાથ પ્રભુ નવ માસ છ દિવસ,
અને શ્રી મહાવીર પ્રભુ નવ માસ સાડા સાત દિવસ ગર્ભમાં રહ્યા હતા.

એ રીતે ગર્ભ સ્થિતિ જાણવી.

હવે જ્યારે ચંદ્ર, સૂર્યાદિ સર્વે ગ્રહો ઉચ્ચસ્થાનમાં વર્તતા હતા, સર્વત્ર સૌમ્યભાવ, શાંતિ અને પ્રકાશ વિકસિત થઈ રહ્યાં હતાં, અંધકાર નાશ પામી ગયો હતો, ઉલ્કાપાત, રજો વૃષ્ટિ, ધરતીકંપ અને દિગ્દાહ જેવા ઉપદ્રવોનો અત્યંત અભાવ થઈ ગયો હતો, દિશાઓના અંત ભાગ સુધી વિશુદ્ધિ અને નિર્મળતા છવાઇ ગઇ હતી સર્વ પક્ષીઓ પોતાના મીઠા મધુરા શબ્દ વડે જાણે જય જય શબ્દનો જયનાદ કરી રહ્યા હતા. દક્ષિણ દિશાનો સુગંધી અને શીતળ પવન મંદ મંદ રીતે ભૂમિને સ્પર્શ કરી

રહ્યા હતા તથા સર્વ પ્રકારના ધાન્યાદિ પાકયા પૃથ્વી [illegible] [illegible] સંજોગોથી દેશવાસી લોકોનાં હૃદયો હર્ષથી નાચી રહ્યા હતા અને વસંતોત્સવાદિની ક્રીડા દેશભરમાં ચાલતી હતી, આવો સમય પ્રવર્તતો હતો, ત્યારે મધ્યરાત્રીને વિષે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે,

અહીં ઉચ્ચ ગ્રહોના ફલ કહે છે, જો ત્રણ ગ્રહ ઉચ્ચના હોય તો રાજા થાય. પાંચગ્રહ ઉચ્ચસ્થાનમાં હોય તો વાસુદેવ થાય, છ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હોય તો ચક્રવર્તી થાય, અને સાત ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હોય તો તીર્થંકર થાય, જો ત્રણ ગ્રહ નીચ સ્થાનમાં હોય તો દાસ થાય, ત્રણ ગ્રહ સ્વસ્થાને હોય તો મંત્રી થાય, ત્રણ ગ્રહ અસ્ત થયેલ હોય તો જડ થાય.

હવે અહિ તીર્થંકરના જન્મ સમયે આઠ ગ્રહો ઉચ્ચ સ્થાનના છે, તે કહે છે.

"સૂર્ય મેષનો ઉચ્ચ, ચંદ્ર વૃષભનો ઉચ્ચ, મંગલ મકરનો ઉચ્ચ, બુધ્ધ કન્યાનો ઉચ્ચ, બૃહસ્પતિ કર્કનો ઉચ્ચ, શુક્ર મીનનો ઉચ્ચ, શનિ તુલાનો ઉચ્ચ, રાહુ મિથુનનો ઉચ્ચ, એ રીતે સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં આવ્યા, તે સમયે મધ્ય રાત્રિએ મકર લગ્નમાં ચૌદ રાજલોકમાં ઉદ્યોત થયે છતે, નારકીના જીવોને પણ અંતઃમુહૂર્ત શાતા થયે છતે, સર્વ પ્રાણીઓને સુખશાતા વર્તતે છતે, એવા અતિ ઉત્તમ અવસરે બાધા રહિત એવા ત્રિશલારાણીએ, બાધા રહિત એવા પુત્રને જન્મ આપ્યો. મહાવીર પ્રભુનો જન્મ થયો" જય મહાવીર.

ચોથું વ્યાખ્યાન સંપૂર્ણ.



[illegible]

[illegible] શકિત માણ્ા જોતા ઇન્દ્ર વગેરે દેવો
[illegible] કરવાને સ્વર્ગમાંથી પૃથ્વી ઊપર આવતાં
[illegible] આકાશમાં ચડતાં હતાં, તેથી તે દેવદેવીઓના
[illegible] તથા હર્ષને લીધે અટ્ટહાસ્યાદિકથી નહીં
[illegible] થઇ. અચેતન એવી દિશાઓ પણ હર્ષિત થઇ
[illegible] દેખાવા લાગી. વાયુ મંદમંદ રીતે વાવા લાગ્યો, ત્રણે જગત ઉદ્યોતમય
[illegible] આકાશમાં દુંદુભિના નાદ થવા લાગ્યા, પૃથ્વી પણ ઉચ્છ્વાસ લેવા લાગી, નારકીના
[illegible] પણ [illegible] દુઃખ વિના આનંદમય થયા.

આસનકંપથી આ સમયે તીર્થંકરનો જન્મ થયો જાણી છપ્પનદિક્કુમારિકાઓ હર્ષ પામી સૂતિકર્મ કરવા ત્યાં આવવા લાગી. પ્રથમ અધોલોકમાં રહેતી એવી ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, પુષ્પમાલા, અને આનંદિતા નામની આઠ દિક્કુમારિકાઓએ આવીને પ્રભુને તથા પ્રભુની માતાને નમસ્કાર કરી ઇશાનદિશામાં સૂતિકા ઘર રચીને, એ ઘરથી એક યોજન સુધીની ભૂમિ સંવર્તકવાયુથી શુદ્ધ કરી તથા મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા અને બલાહિકા નામની આઠ દિક્કુમારિકાઓએ ઉર્ધ્વલોકમાંથી આવી પ્રભુને તથા પ્રભુની માતાને નમસ્કાર કરીને સુગંધિત જલ તથા પુષ્પોની વૃષ્ટિ કરી. વળી નંદા, નંદોત્તરા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા એ નામની આઠ [illegible] આવીને મુખ જોવા માટે દર્પણ ધારણ કરી ઊભી રહી. સમાહારા, [illegible]



પ્રભુ મહાવીર દેવના જન્મકલ્યાણક વખતે છપ્પન્ દિગ્કુમારીઓનું આગમન.

આઠ દિક્કુમારીકાઓ પશ્ચિમ દિશાના રુચક પર્વતમાંથી ત્યાં આવીને પ્રભુજીને તથા પ્રભુજીના માતાન પવન કરવા માટે હાથમાં પંખા લઇને ઉભી રહી. વળી અલંબુશા, મિતકેશી, પુંડરિકા, વારુણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને હ્રીએ નામની આઠ દિક્કુમારિકાઓ ઉત્તર દિશાના રુચક પર્વતથી આવીને ચામર વીંઝતી ગીતગાન કરવા લાગી. તથા ચિત્રા, ચિત્રકનકા, શતેરા અને વસુદામિની, એ નામની ચાર દિક્કુમારીકાઓ વિદિક્ રુચકથી આવીને હાથમાં દીપક લઇ ઇશાન વગેરે વિદિશાઓમાં ઉભી રહી. વળી રૂપા, રૂપાસિકા, સુરૂપા, અને રૂપકાવતી એ નામની ચાર દિક્કુમારિકાઓએ રૂચકદ્વીપથી આવીને પ્રભુની નાડીને ચાર આંગુલ છેટેથી કાપીને ખોદેલા ખાડામાં નાંખી ખાડો વૈડુર્યરત્નોથી પૂરી તેના પર પીઠ બનાવ્યો અને તેને દુર્વાથી બાંધીને તે જન્મ ઘરથી પૂર્વ, દક્ષિણ, ઉત્તર દિશામાં કેળના ત્રણ ઘર બનાવ્યાં. પછી દક્ષિણ દિશાના કેળ ઘરમાં પ્રભુજીને અને પ્રભુજીનાં માતાજીને સિંહાસન ઉપર બેસાડીને એ બન્નેને સુગંધી તેલનું મર્દન કર્યું. પછી પૂર્વદિશાના કેળ ઘરમાં પ્રભુજીને અને પ્રભુજીની માતાજીને લઇ જઈ સ્નાન વિલેપન કરીને વસ્ત્ર આભૂષણો પહેરાવ્યાં. પછી ઉત્તર દિશાના કેળના ઘરમાં માતાજી સહિત પ્રભુજીને લઇ જઇ સિંહાસન ઉપર બેસાડીને અરણિના બે કાષ્ઠ ઘસી, તેનાથી અગ્નિ ઉત્પન્ન કરી તેમાં ઉત્તમ ચંદનનો હોમ કરી તે અગ્નિની રાખથી રક્ષા પોટલી તૈયાર કરી પ્રભુજીને અને પ્રભુજીનાં માતાજીને તે રક્ષા પોટલી બાંધીને રત્નના બે ગોળા અફળાવી, "તમો પર્વત જેવડા લાંબા આયુષ્યવાળાં થાઓ" એવાં આશિર્વચન ઉચ્ચારી પ્રભુજીને અને પ્રભુમાતાને જન્મ સ્થાને મૂકીને તે દિક્કુમારીકાઓ ગીત ગાન કરી પોતપોતાના સ્થાને ચાલી ગઇ. આ દરેક દિક્કુમારીકા સાથે ચાર હજાર સામાનિક દેવો, ચાર મહત્તરાઓ, સોળ હજાર અંગરક્ષક દેવો, સાત દેવસેનાઓ, સાત સેનાધિપતિઓ, તથા બીજા પણ મહર્દ્ધિક દેવો હોય છે. આભિયોગિક દેવોએ બનાવેલા યોજન પ્રમાણવાળા વિમાનોમાં બેસીને તેઓ પ્રભુનો જન્મ મહોત્સવ કરવા આવે છે. ૫

પ્રભુના જન્મથી નિશ્ચલ એવું પણ ઇન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું. તેથી અવધિજ્ઞાનનો ઉપયોગ


લઈને મેરુ પર્વત ઉપર પાંડુક વનમાં દક્ષિણ બાજુ આવેલ અતિ પાંડુકંબલા નામની શિલા ઉપર પ્રભુને ખોળામાં લઈ પૂર્વ દિશા સન્મુખ બેઠો.

આ સમયે વીશ ભવનપતિના, બત્રીસ વ્યંતરના, બે જ્યોતિષીના અને દશ વૈમાનિકના એમ ચોસઠ ઇન્દ્રો ત્યાં આવ્યા. પછી અચ્યુતેન્દ્રની આજ્ઞાથી આભિયોગિક દેવોએ સોનાના, રૂપાના, સોનારૂપાના, સોના રત્નના, રતન અને રૂપાના, સોના રત્ન રૂપાના, તથા માટીના એવા આઠ પ્રકારના દરેક એક હજારને આઠ આઠ કળશાઓ એક એક યોજનના મુખવાળા ત્યાં આણ્યા, તથા ભૃંગાર (કળશ) દર્પણ, રત્નકરંડક, સુપ્રતિષ્ઠ, થાળ, પાત્રી અને પુષ્પોની છાબડી વગેરે પૂજાના ઉપકરણો દરેક આઠ આઠ જાતિના અને તે દરેક પણ એક હજાર અને આઠ આઠ સંખ્યાના આણ્યા. માગધ વગેરે તીર્થોની માટી તથા પાણી, ગંગા વગેરે મહાનદીઓના કમળો અને પાણી, પદ્મહ્રદ વગેરેના કમળો અને પાણી તથા ચુલ્લહિમવંત, વર્ષધર, વૈતાઢ્ય, વિજય, અને વક્ષસ્કારાદિ પર્વતોમાંથી સરસવ, પુષ્પો, સુગંધી પદાર્થો, અને બીજી અનેક જાતિની ઔષધીઓ આણી અને સર્વ કળશાઓ ક્ષીર સમુદ્રાદિના પાણીથી ભર્યા. પછી પ્રભુજીને અભિષેક કરવા માટે દેવોએ તે ઘડા ઉપાડ્યા, દેવોના વૃક્ષસ્થળ પાસે રહેલા એ કળશા–ઘડા એવા શોભતા હતા કે જાણે દેવોએ સંસાર સાગરને તરવા માટે ઘડા ધારણ કર્યા હોય નહિ, અથવા જાણે દેવો ભાવરૂપ વૃક્ષને સિંચન કરવા તૈયાર થયા હોય નહીં, અથવા પોતાનો કર્મરૂપ મેલ ધોઈ નાખવા તૈયાર થયા હોય નહીં અથવા ધર્મપ્રાસાદ ઉપર કળશ ચડાવવા તૈયાર થયા હોય નહીં, એવા શોભતા હતા.

આ સમયે સૌધર્મેન્દ્રને એવો સંશય થયો કે આવી નાની અવસ્થામાં આવા એક યોજનના મોઢાવાળા હજારો ઘડાઓમાંથી ઉપર પડતાં પાણીના પ્રવાહને આ બાળ કેમ સહન કરશે? ઇન્દ્રના આ [illegible] થી જાણીને તે સંશય દૂર કરવા પ્રભુએ પોતાના ડાબા પગના અંગૂઠાથી મેરુ [illegible] ઊઠ્યો. ચારે બાજુએથી પર્વતનાં શિખરો પડવા લાગ્યાં, [illegible]



ઇન્દ્ર મહારાજા [સૌધર્મેન્દ્ર] પોતાના પાંચ રૂપ ધરી
વીર પ્રભુને મેરુગિરિ ઉપર લઇ જાય છે.



શ્રી ત્રિશલામાતા પુત્રને પારણે ઝુલાવે છે.

શબ્દનો અર્થ જિન પ્રતિમાઓની પૂજા જ સમજવાની છે. "યજ્ ધાતુનો અર્થ દેવ પૂજા થાય છે." આ પૂજા કરાવવા સાથે સિધ્ધાર્થરાજા દશ દિવસ સુધીના મહોત્સવમાં વિવિધ પ્રકારના દાનોને અને દેવોની માનતાઓના દ્રવ્યાદિને દેતા અને દેવરાવતા હતા. સેંકડો, હજારો, લાખો વધામણાંઓને એટલે ભેટોને સ્વીકારતા અને સ્વીકારાવતા હતા. વળી પ્રભુના માતાપિતાએ પહેલા દિવસે પુત્રજન્મને યોગ્ય એવી કુળમર્યાદા પ્રમાણે અનુષ્ઠાન કર્યું, ત્રીજા દિવસે ચંદ્ર અને સૂર્યના દર્શન કરાવવાનો ઉત્સવ કર્યો.

ચન્દ્ર–સૂર્ય દર્શન કરાવવાનો વિધિ એવો છે કે, ગૃહસ્થ ગુરુ અરિહંત પ્રભુની પ્રતિમાની આગળ સ્ફટિક અથવા રૂપાની બનાવેલ ચન્દ્રની મૂર્તિને સ્થાપિત કરવાની વિધિ કરી સ્થાપન કરીને પૂજીને પછી બાળક તથા બાળકની માતાને સ્નાન કરાવી સુંદર વસ્ત્રો અને આભૂષણો પહેરાવી ચન્દ્રોદય સમયે પ્રત્યક્ષપણે માતા અને પુત્રને ચન્દ્ર સન્મુખ બેસાડી આ રીતે મંત્ર ભણે "**"ॐ अर्हं चन्द्रोऽसि निशाकरोऽसि नक्षत्रपतिरसि सुधाकरोसि, औषधिगर्भोऽसि अस्य, कुलस्य, वृध्धि कुरु कुरु स्वाहा**" ઇત્યાદિ ચન્દ્રનો મંત્ર ઉચ્ચારતાં ગુરુ, માતા અને પુત્રને ચન્દ્ર દર્શન કરાવે. પછી પુત્ર સહિત માતા ગુરુને નમસ્કાર કરે–અને ગુરૂ પણ તેમને આ પ્રમાણે આશિર્વાદ આપે કે, "સર્વ ઔષધિ મિશ્રિત કિરણોની પંક્તિવાળો અને સમગ્ર આપત્તિઓને નાશ કરવામાં કુશળ એવો ચન્દ્ર તમારા ઉપર સદા પ્રસન્ન રહો અને તમારા સમગ્ર વંશની સર્વ પ્રકારે વૃધ્ધિ કરનારો થાઓ" એમ કહી ચન્દ્રની મૂર્તિને વિસર્જન કરે.

પછી સૂર્યનું દર્શન પણ એવીજ રીતે કરાવે, સૂર્યની મૂર્તિ સુવર્ણની અથવા તાંબાની બનાવે અને સૂર્યનો મંત્ર આ પ્રમાણે બોલે "**ॐ अर्हं सूर्योऽसि दिनकरोऽसि तमोपहोऽसि सहस्रकिरणोऽसि जगच्चक्षुरसि प्रसीद अस्य, कुलस्य, तुष्टिं, पुष्टिं प्रमोदं कुरु कुरु स्वाहा**" તથા આશિર્વાદ આ રીતે ઉચ્ચારે–સર્વ સુરાસુરોને વંદનીય, અપૂર્વ કાર્યો કરનાર, ત્રણે જગતના ચક્ષુરૂપ એવો સૂર્ય તમને તથા તમારા પુત્રને મંગળ આપનારો થાઓ. પછી સૂર્યમૂર્તિને વિસર્જિત કરે. હાલમાં ચન્દ્ર–સૂર્યના દર્શનમાં આરિસાનું દર્શન કરાવે છે. જન્મના છઠ્ઠા દિવસે માતાપિતાએ કુળની મર્યાદાથી રાત્રી જગરણ કર્યું.

થશે ત્યારે એ બાળકનું નામ ...

ભાવના પૂર્ણ થઈ છે તેથી અમારા આ બાળકનું નામ ' વર્ધમાન ' થાઓ.

શ્રી શ્રમણ ભગવાન મહાવીરદેવ કાશ્યપગોત્રવાળા હતા. તેમના ત્રણ નામ આ પ્રમાણે છે. માતાપિતાએ આપેલ ' વર્ધમાન ', તપ કરવા વગેરેની શક્તિ પ્રભુના જન્મની સાથે જ ઉત્પન્ન થયેલ હતી તેથી ' શ્રમણ ' એ બીજું નામ હતું. તથા વીજળી વગેરેના અકસ્માતથી ઉત્પન્ન થયેલ ભય, અને સિંહ વગેરેથી થયેલ ભય તે ભૈરવ એ ભય તથા ભૈરવમાં અત્યંત નિર્ભયપણે રહેનાર, અને ભૂખ, તરસ વગેરે બાવીશ પરિષહોને અને ઉપસર્ગોને સહન કરનાર, તથા ભદ્રાદિ પ્રતિમાઓને પાળનાર, બુધ્ધિવંત, અરતિરતિને સહન કરનાર, ગુણપાત્ર અને પરાક્રમવંત હોવાથી દેવોએ કહેલું શ્રમણ ભગવાન 'શ્રીમહાવીર' એવું ત્રીજું નામ હતું.


દેવોએ પ્રભુનું નામ મહાવીર રાખ્યું તેનું વર્ણન કરે છે. જન્મમહોત્સવ પછી પ્રભુ દાસદાસીઓ અને સેવકોની મધ્યે સેવાતા અને ચંદ્રમાની પેઠે અને કલ્પવૃક્ષના અંકુરની પેઠે વૃદ્ધિ પામતા, મહાતેજસ્વી, ચંદ્રસમાન મનહર મુખવાળા, સુંદર નેત્રવાળા, ભમરા સમાન શ્યામ કેશવાળા, પરવાળા સમાન લાલ ઓષ્ઠવાળા, હસ્તિ સમાન મનોહરગતિવાળા, ઉજ્જવલદંતપંક્તિવાળા, કમળ સમાન સુકોમળ હાથપગવાળા, સુગંધી શ્વાસોશ્વાસવાળા, દેવોથી પણ અધિક સ્વરૂપવાન, જાતિસ્મરણ અને મતિ શ્રુત અને અવધિજ્ઞાનવાળા, આરોગ્યવાળા, ધૈર્યગંભીરાદિ ગુણોના ખજાના, અને જગતમાં તિલક સમાન એવા પ્રભુ આઠવર્ષના થયા છતાં બાળવયની રમતગમતમાં જરાપણ રસ ધરાવતા ન હતા, છતાં સમાનવયના બાળકોના અત્યંત આગ્રહથી અને ત્રિશલા માતાએ પણ કહ્યું કે અરે વર્ધમાન કુમાર ! તમો ઘરમાંજ કેમ બેસી રહો છો? બહાર રમવા કેમ જતા નથી? એવા માતાના વચનથી પ્રભુ માતાને હર્ષ પમાડવા માટે રમવા ગયા. ત્યાં કેટલાક બાળકો રમતા હતા તેમાં એવી શરત હતી કે, જે આગળ જઈને સામેના આમલી વૃક્ષને સ્પર્શ કરે તે જીત્યો અને પાછળ રહે તે હાર્યો કહેવાય. અને હારેલ હોય તે પોતાના ખભા ઉપર જીતેલાને બેસાડીને જ્યાંથી દોડ્યા હોય ત્યાં લઈ જાય.



થશે ત્યારે એ બાળકનું નામ ...
ભાવના પૂર્ણ થઈ છે તેથી અમારા આ બાળકનું નામ 'વર્ધમાન' થાઓ.

શ્રી શ્રમણ ભગવાન મહાવીરદેવ કાશ્યપગોત્રવાળા હતા. તેમના ત્રણ નામ આ પ્રમાણે છે. માતાપિતાએ આપેલ 'વર્ધમાન', તપ કરવા વગેરેની શક્તિ પ્રભુના જન્મની સાથે જ ઉત્પન્ન થયેલ હતી તેથી 'શ્રમણ' એ બીજું નામ હતું. તથા વીજળી વગેરેના અકસ્માતથી ઉત્પન્ન થયેલ ભય, અને સિંહ વગેરેથી થયેલ ભય તે ભૈરવ એ ભય તથા ભૈરવમાં અત્યંત નિર્ભયપણે રહેનાર, અને ભૂખ, તરસ વગેરે બાવીશ પરિષહોને અને ઉપસર્ગોને સહન કરનાર, તથા ભદ્રાદિ પ્રતિમાઓને પાળનાર, બુદ્ધિવંત, અરતિરતિને સહન કરનાર, ગુણપાત્ર અને પરાક્રમવંત હોવાથી દેવોએ કહેલું શ્રમણ ભગવાન 'શ્રીમહાવીર' એવું ત્રીજું નામ હતું.

દેવોએ પ્રભુનું નામ મહાવીર રાખ્યું તેનું વર્ણન કરે છે. જન્મમહોત્સવ પછી પ્રભુ દાસદાસીઓ અને સેવકોની મધ્યે સેવાતા અને ચંદ્રમાની પેઠે અને કલ્પવૃક્ષના અંકુરની પેઠે વૃદ્ધિ પામતા, મહાતેજસ્વી, ચંદ્રસમાન મનહર મુખવાળા, સુંદર નેત્રવાળા, ભમરા સમાન શ્યામ કેશવાળા, પરવાળા સમાન લાલ ઓષ્ઠવાળા, હસ્તિ સમાન મનોહરગતિવાળા, ઉજ્જવલદંતપંક્તિવાળા, કમળ સમાન સુકોમળ હાથપગવાળા, સુગંધી શ્વાસોશ્વાસવાળા, દેવોથી પણ અધિક સ્વરૂપવાન, જાતિસ્મરણ અને મતિ શ્રુત અને અવધિજ્ઞાનવાળા, આરોગ્યવાળા, ધૈર્યગંભીરાદિ ગુણોના ખજાના, અને જગતમાં તિલક સમાન એવા પ્રભુ આઠવર્ષના થયા છતાં બાળવયની રમતગમતમાં જરાપણ રસ ધરાવતા ન હતા, છતાં સમાનવયના બાળકોના અત્યંત આગ્રહથી અને ત્રિશલા માતાએ પણ કહ્યું કે અરે વર્ધમાન કુમાર! તમો ઘરમાંજ કેમ બેસી રહો છો? બહાર રમવા કેમ જતા નથી? એવા માતાના વચનથી પ્રભુ માતાને હર્ષ પમાડવા માટે રમવા ગયા. ત્યાં કેટલાક બાળકો રમતા હતા તેમાં એવી શરત હતી કે, જે આગળ જઈને સામેના આમલી વૃક્ષને સ્પર્શ કરે તે જીત્યો અને પાછળ રહે તે હાર્યો કહેવાય. અને હારેલ હોય તે પોતાના ખભા ઉપર જીતેલાને બેસાડીને જ્યાંથી દોડ્યા હોય ત્યાં લઈ જાય.



શ્રી બાળ વર્ધમાનકુમાર ભણી રહ્યા છે. તે સમયે ઇન્દ્ર મહારાજા બ્રાહ્મણના રૂપે પંડિતજીની શંકા ટાળવા કુમારને ગહન પ્રશ્નો પૂછે છે.

બળવાન અને ધૈર્યવાન છો. [illegible] બદલ વારંવાર ક્ષમા માગું છું. બાળ 'વીર' અને આપ આપના ધૈર્ય અને પરાક્રમથી 'મહાવીર' છો એમ કહીને પ્રભુને મુકુટ તથા કુંડલને આપી દેવ સ્વર્ગમાં ચાલ્યો ગયો. અને પ્રભુએ પણ ઘરે આવીને માતા પિતાને હર્ષ ઉપજાવ્યો.

પ્રભુ આઠ વર્ષના થયા બાદ મોટથી માતાપિતાએ સામાન્યબાળકોની જેમ પાઠશાળામાં ભણવા મોકલવા માટે શુભ દિવસ, શુભ વેળાએ પાઠશાળામાં મોકલવાની મહોત્સવપૂર્વકની મોટી તૈયારી કરી. સગાસંબંધીઓનો સત્કાર, હાથી, ઘોડા વગેરે વાહનોથી, હાર, મુકુટ, કુંડલ, બાજુબંધ, કંકણ વગેરે આભૂષણોથી અને સુંદર વસ્ત્રોથી કર્યો. અભ્યાસ કરાવનાર પંડિત માટે મહામૂલ્યવાળા વસ્ત્રો અને ઘરેણાં, અનેક પ્રકારના રત્નો અને શ્રીફળ વગેરે ઉત્તમ વસ્તુઓ તૈયાર કરાવી, પાઠશાળાના વિદ્યાર્થીઓ માટે સાકર, બદામ, પીસ્તા, વિવિધ પ્રકારની મીઠાઈઓ અને અનેક જાતનાં વસ્ત્રો તૈયાર કરાવ્યાં. સુવર્ણ રત્ન અને રૂપાથી તૈયાર કરેલ પાટી, ખડીઓ, લેખણ વગેરે ભણવાના ઉપકરણો તૈયાર કરાવ્યા. સરસ્વતીદેવીની પૂજા માટે રત્નો અને મોતીઓથી જડેલું સુવર્ણનું આભૂષણ તૈયાર કરાવ્યું. અન્ય શિક્ષકોને દેવા માટે જુદી જુદી જાતના વસ્ત્રો તૈયાર કરાવ્યાં. આ સમયે કુળની વૃદ્ધસ્ત્રીઓએ તીર્થજળથી પ્રભુને નવરાવી, ચંદન, કપૂર વગેરે સુગંધી દ્રવ્યોથી, વિલેપન કરીને ઉત્તમ વસ્ત્રો અને શ્રેષ્ઠ આભૂષણોથી પ્રભુજીને અલંકૃત કર્યા અને સોનાની સાંકળથી અલંકૃત એવા ઉત્તમ હાથી ઉપર પ્રભુજીને બેસાડીને સેવકોએ પ્રભુના મસ્તક ઉપર શ્રેષ્ઠ છત્ર ધર્યું. બે બાજુ શ્વેત ચામરો વીંઝાવા લાગ્યા, ગીતગાન સહિત વિવિધ વાજિંત્રોના સુમધુર સ્વરો નીકળવા લાગ્યા. ચતુરંગી સેનાથી પરિવરેલા વીર પ્રભુને પંડિતના ઘરે ભણવા માટે મોટી ધામધૂમથી લાવવામાં આવ્યા ત્યારે પંડિત પણ તિલક કરી સુવર્ણ જનોઈ પહેરી, સ્વચ્છ વસ્ત્રો અને આભૂષણોથી અલંકૃત થઈ વર્ધમાનકુમારની વાટ જોતા બેઠા હતા.

આ વખતે શક્રેન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું, અવધિજ્ઞાનથી કારણ જાણીને ઇન્દ્રે દેવોને કહ્યું કે ત્રણ જ્ઞાનવાળા પ્રભુને પણ બાળક જાણી માતાપિતા સામાન્ય શિક્ષક પાસે ભણવા લઈ જાય ૧૫૯



શ્રી વર્ધમાનકુમાર પત્ની યશોદાદેવી સાથે.

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના પિતા કાશ્યપ ગોત્રવાળા હતા, તેમના ત્રણ નામો આ પ્રમાણે હતા સિદ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વી.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુની માતા વાસિષ્ઠ ગોત્રના હતા તેમના ત્રણ નામો આ પ્રમાણે હતા ત્રિશલા, વિદેહદિન્ના, પ્રીતિકારિણી.

શ્રમણ ભગવાન શ્રીમહાવીર પ્રભુના કાકા સુપાર્શ્વનામે હતા. નંદિવર્ધન નામે મોટા ભાઈ હતા. સુદર્શના નામે બહેન હતી અને કૌડિન્ય ગોત્રવાળી યશોદા નામે પત્ની હતી. પ્રભુની દીકરી કાશ્યપ ગોત્રની હતી તેનાં અણોજ્જા અને પ્રિયદર્શના એ બે નામ હતાં. પ્રભુની દોહિત્રી એટલે દીકરીની દીકરી કાશ્યપ ગોત્રની હતી તેનાં શેષવતી અને યશસ્વતી એ બે નામ હતાં.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ સર્વકળાઓમાં કુશળ હતા, નિપુણતા સહિતની સાચી પ્રતિજ્ઞાવાળા હતા, સુંદરરૂપવાળા, સર્વગુણવાળા સરલ સ્વભાવવાળા અને વિનયવાળા હતા. પ્રખ્યાત જ્ઞાતકુળમાં ઉત્પન્ન થયેલ સિદ્ધાર્થ રાજાના પુત્ર હતા, જ્ઞાતકુળમાં ચંદ્રસમાન હતા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા અને સમચતુરસ્ર સંસ્થાનવાળા હોવાથી ઉત્તમ સુંદર શરીરવાળા હતા, ત્રિશલાક્ષત્રિયાણીથી ઉત્પન્ન થયેલ શરીરવાળા હતા, અને ગૃહસ્થપણામાં જ અતિશય કોમળ એવા તે શ્રી વીર ભગવાન ત્રીશ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યા. પ્રભુ જ્યારે અઠ્ઠાવીસ વર્ષના થયા ત્યારે શ્રી પાર્શ્વનાથા પ્રભુના ભક્ત શ્રાવક એવા શ્રી વીરપ્રભુના માતાપિતા અનશન કરી મરણ પામી ચોથા માહેન્દ્ર દેવલોકમાં ગયા તેથી પોતાનો અભિગ્રહ પૂર્ણ થયો જાણીને પ્રભુએ પોતાના મોટાભાઈ નંદિવર્ધન રાજાને કહ્યું કે, મારો અભિગ્રહ પૂર્ણ થયેલ છે તેથી હું દીક્ષા લઉં છું. એ સાંભળી નંદિવર્ધન રાજાએ કહ્યું કે, 'અરે ભાઈ! ક્ષત ઉપર ક્ષાર ન નાખ; એકતો માતાપિતાના વિરહનું દુઃખ છે તે પર વળી તમો દીક્ષા લ્યો તો તમારા વિરહનું દુઃખ આવે તે મારાથી કેમ સહન થાય ? પ્રભુએ કહ્યું 'અરે ભાઇ ! આ જીવની સાથે સર્વે જીવોનો પિતા, માતા, ભાઈ, બહેન, પુત્ર, પુત્રી, સ્ત્રી, કાકા, કાકી, મામા, મામી, માસા, માસી,



શ્રી વર્ધમાનકુમાર વડીલબંધું નંદીવર્ધન રાજાની પાસે
દીક્ષા અંગીકાર કરવા માટે આજ્ઞા માંગે છે.



નવ લોકાંતિક દેવો આવીને હે પ્રભુ ! તીર્થ પ્રવર્તાવો ! એમ વિનંતી કરી રહ્યા છે.

અંતઃપુરને, દેશવાસી જનતાને ત્યજી દઇને, તથા ઘણા એવા રત્ન, મણિ, મુક્તાફળ, દક્ષિણાવર્તશંખ, સ્ફટિક, કસોટી આદિ પત્થર, પરવાળા વગેરે ઉત્તમ સારવસ્તુઓને ત્યજી દઇને, વળી એ બધી વસ્તુઓ અસ્થિર છે, વિનશ્વર છે, ક્ષણિક છે, દુઃખદાયી છે એમ જાણીને વિશેષે તજવા યોગ્ય છે એને તજી દે છે, વગોવે છે, તેમજ યાચકોને દાન દઇને અને ગોત્રીઓને ધનનો ભાગ વહેંચી આપીને એ વસ્તુઓને ત્યજી દે છે. પ્રભુને દીક્ષા લેવાને એક વર્ષ બાકી રહ્યું ત્યારથી પ્રભુએ દરરોજ સૂર્યોદય થયાથી આરંભીને સવાપહોર દિવસ ચડે ત્યાં સુધી વાર્ષિકદાન આપવા માંડયું. એ સમયમાં પ્રભુ દરરોજ એક ક્રોડ અને આઠ લાખ સોનૈયાનું દાન દેવા લાગ્યા, સાથે વસ્ત્રો, આભૂષણો, મણિરત્નો, મુક્તાફળો, અને મેવા મીઠાઇનું પણ દરરોજ દાન દેવા લાગ્યા. નગરના દરેક રસ્તે અને શેરીએ શેરીએ ઢંઢેરો પીટાવી "જેને જે જોઇએ તે લઈ જાવ" એવી ઉદ્‌ઘોષણા કરાવી. પ્રભુદાન આપે ત્યારે ઇન્દ્ર દેવોને આદેશ કરી ભંડારોને ભરાવી રાખે, અહીં દાન દેવાના છ અતિશ કહે છે. સૌધર્મેન્દ્ર તીર્થંકરના હાથમાં સ્થિતિકરે, ઇશાનેન્દ્ર સુવર્ણની છડી હાથમાં રાખી દેવોને દાન લેતા નિવારે, અને મનુષ્યના લલાટમાં હોય તેટલું જ તે માગે એવી પ્રવૃત્તિ રાખે, ચમરેન્દ્ર ઉભો રહી તીર્થંકરના હાથમાં ઓછી કે વધારે સોનામહોર ન આવે તેની વ્યવસ્થા કરે, ભવનપતિ દેવો અન્યક્ષેત્રના મનુષ્યોને દાન લેવા તેડી આવે, વાણવ્યંતર દેવો તે મનુષ્યોને તેમના ક્ષેત્રમાં પાછા મૂકી આવે. જ્યોતિષિ દેવો વિદ્યાધરોને દાન લેવાની ખબર આપે. જ્યારે પ્રભુએ વાર્ષિક દાન આપવાની શરૂઆત કરી ત્યારે નંદિવર્ધન રાજાએ પણ મોટી ત્રણ દાનશાળાઓ મંડાવી, એક દાનશાળાથી ભરતક્ષેત્રના માનવોને અન્નનું દાન આપવાની શરૂઆત કરી, બીજી દાનશાળાથી વસ્ત્ર વગેરે આપવાની શરૂઆત કરી અને ત્રીજી દાનશાળાથી આભૂષણો વગેરે આપવાની શરૂઆત કરી.

તીર્થંકરોએ પોતાના હાથે આપેલા દાનના પ્રભાવે ઇન્દ્રોને માંહોમાંહે બે વર્ષ સુધી કલહ ન થાય, ચક્રવર્તી વગેરે રાજાઓ તે દાનના સોનૈયા પોતાના ભંડારમાં રાખે તો એના પ્રભાવથી ચાર વર્ષ સુધી

છત્રને ધારણ કરનારી એક યુવાન સ્ત્રી પાછળ ઊભી રહી. ઈશાન દિશામાં એક સ્ત્રી જળ ભરેલ કળશ લઈને બેઠી, તથા અગ્નિખૂણામાં એક સ્ત્રી સુવર્ણની દાંડીવાળો મણિરત્નનો પંખો લઈને બેઠી હતી.

પ્રભુજીની દીક્ષાયાત્રામાં સર્વ પ્રથમ સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્યયુગલ, અને દર્પણ એ આઠ મંગળને ઉપાડીને ચાલનારા માણસો આગળ ચાલતા હતા. ત્યાર પછી જળથી ભરેલા પૂર્ણકળશ, ભૃંગાર અને ચામરવાળા માણસો ચાલતા હતા. પછી મોટી ધ્વજા, અને વૈડુર્યરત્નજડિત દંડવાળું શ્વેતછત્ર તથા પાદપીઠ સહિત મણિરત્નનું સિંહાસન ઉપાડનારા માણસો ચાલતા હતા. પછી અસવાર વિનાના એકસો આઠ ઘોડાઓ, એકસો આઠ ઉત્તમ હાથીઓ, તથા ઘંટા અને પતાકાથી સુશોભિત શસ્ત્રોથી ભરેલા એકસો આઠ ઉત્તમ રથ અને એકસો આઠ ઉત્તમ પુરુષો ચાલતા હતા. ત્યાર પછી ચતુરંગિણી સેના અને નાની નાની હજારો પતાકાઓથી શોભિત એક હજાર યોજન ઊંચો મોટો ઇન્દ્રધ્વજ ચાલતો હતો. તે પછી શસ્ત્રધારી માણસો ચાલતા હતા. પછી હાસ્ય, ખેલ, [illegible] કરનાર માણસો ચાલતા હતા. તેઓ જય જય શબ્દ બોલતા હતા. પછી ઘણા ઉગ્રકુળના, ભોગકુળના, રાજન્યકુળના, અને ક્ષત્રિયકુળના, માણસો તથા કોટવાળો, માંડલિકો, સાર્થવાહો, દેવો અને દેવીઓ શિબિકાની આગળ જય જય શબ્દ કરતા ચાલતા હતા. [illegible] પરિવાર–સમુદાય પ્રભુજીની પાલખીની પાછળ જય જય શબ્દ બોલતો ચાલતો હતો. પ્રભુ જે પાલખીમાં બેઠા હતા, તે શિબિકા—પાલખીને હજાર પુરુષો ઉપાડી શકે એવી હતી, એ પ્રભુની પાલખીને નંદિવર્ધન રાજા તથા ઇન્દ્ર વગેરે હજાર પુરુષો ઉપાડીને ચાલતા હતા. દેવતાઓ પ્રભુના મસ્તક ઉપર છત્ર ધારણ કરતા હતા. અત્યંત આનંદમાં આવી જઈને સુવાસિની સ્ત્રીઓ મધુર કંઠે ગીત ગાતી હતી. ભાટચારણો બિરુદાવલી બોલતા હતા, અનેક સ્થળે શ્રેષ્ઠ પ્રકારના અનેક જાતના વાજિંત્રો વાગતા હતા. દેવતાઓ આકાશમાં રહી પંચવર્ણના પુષ્પોની વૃષ્ટિ કરતા હતા, આવી રીતના મોટા ઉત્સવથી પ્રયાણ કરતા પ્રભુજી જ્યારે નગરના મધ્ય ભાગમાં આવ્યા ત્યારે વિવિધ વાજિંત્રોના અવાજો સાંભળીને નગરવાસી અનેક સ્ત્રીઓ




માણસને ખબર હતી છતાં મને આખી રાત જંગલમાં ભટકતા કર્યા એમ બબડતા બળદોના રાસવાળ પ્રભુજીને મારવા દોડયો. અવધિજ્ઞાનના ઉપયોગથી આ વાત જાણીને ત્યાં આવી ઇન્દ્રે ગોવાળીઆને શિક્ષા કરીને પ્રભુને કહ્યું હે પ્રભુ ! તમને બાર વર્ષ સુધી ઘણા ઉપસર્ગો થવાના છે. તેથી આપની સેવા માટે ત્યાં સુધી હું સાથે રહું, પ્રભુએ એને અનુમતિ આપી નહીં. તેથી ઇન્દ્ર મરણાંત કષ્ટ ટાળવા માટે પ્રભુની માસીનો પુત્ર સિધ્ધાર્થ જે વ્યંતર થયેલ હતો તેને આદેશ આપી પોતે સ્વર્ગમાં ગયા."

સવારમાં પ્રભુ ત્યાંથી કોલ્લાક સંનિવેશમાં ગયા, ત્યાં બહુલ બ્રાહ્મણને ઘરે મારે પાત્ર સહિત ધર્મ પ્રરુપવો એમ વિચારીને ગૃહસ્થના પાત્રમાં પરમાન્ન (ખીર)ને વહોરી પ્રથમ પારણું કર્યું. આ સમયે ત્યાં દુંદુભિનાદ, વસ્ત્રવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ, સુગંધી જલવૃષ્ટિ, સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ, અને દેવોએ કરેલ "અહોદાનં અહોદાન"ની ઉદ્ઘોષણા એમ પાંચ દિવ્ય પ્રગટ થયાં. ત્યાંથી વિચરતા પ્રભુ મોરાક સંનિવેશમાં દુઇજ્જંત તાપસના આશ્રમમાં આવ્યા. ત્યાં સિધ્ધાર્થ રાજાનો મિત્ર એવો તે કુલપતિ પ્રભુ પાસે આવ્યો ત્યારે પ્રભુએ પૂર્વના અભ્યાસથી તે કુલપતિને મળવા બે હાથ લાંબા કર્યા. પછી તે રાત રહીને પ્રભુ વિહાર કરતા હતા ત્યારે ત્યાં ચાતુર્માસ કરવા આવવા માટે તે કુલપતિએ આગ્રહ કરેલ. પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા, પછી વિચરતા વિચરતા ચાતુર્માસ કરવા એ કુલપતિના આશ્રમે આવીને રહ્યા. આ વખતે બીજાં સ્થાનોમાં ઘાસ ન મળવાથી તથા બીજા તાપસોએ પોતાની ઝૂંપડીઓથી દૂર હાંકી દેવાથી ગાયો નિઃશંકપણે પ્રભુ જે ઝૂંપડીમાં હતા તે ઝૂંપડીમાંથી ઘાસ ખાવા લાગી. આ જોઇ ઝૂંપડીના માલિકે (રખેવાડે) આ વાત કુલપતિને કહેવાથી તેણે પ્રભુને કહ્યું કે, હે વર્ધમાન ! પક્ષીઓ પણ પોતાના આશ્રયસ્થાનનું રક્ષણ કરે છે અને તું રાજકુમાર થઇને પણ તારા પોતાના આશ્રયસ્થાનને રક્ષણ કરવાની શું શકિત નથી ધરાવતો ? આ સાંભળી પ્રભુએ વિચાર્યું કે અહીં હું વધારે રહીશ તો આ તાપસોની અત્યંત અપ્રીતિ થશે માટે અહીંથી જવું સારું, એવું વિચારી ચોમાસી પુનમથી પંદર દિવસ વીત્યા હતા તો પણ પ્રભુએ ત્યાંથી વિહાર કરી અસ્થિક ગામ

કલ્પસૂત્ર વ્યાખ્યાન.-૬.

પછી ચાર જ્ઞાનવાળા પ્રભુ મહાવીરે તરત ત્યાંથી વિહાર કર્યો. જનસમુદાય પ્રભુ નજરે ચડયા ત્યાં સુધી જોઈ રહ્યો અને બોલવા લાગ્યો કે, 'હે વીર ! તમારા વિના અમને બધું શૂન્ય અરણ્ય જેવું લાગશે. હવે અમને તમારા સહવાસ વિના કેમ આનંદ થશે ? 'હે વીર !, અમારાં નેત્રોને અમૃતાંજન જેવું આપનું પ્રિયદર્શન હવે અમને ક્યારે થાશે ? 'હે વીર ! આપ તો રાગદ્વેષ રહિત છો છતાં, અમને ક્યારેક, યાદ કરી દર્શન આપવા વહેલા વહેલા પધારતા રહેજો. એવું બોલતો જનસમુદાય વિરહ દુઃખ ધરતો પોતપોતાને સ્થાને ગયો.

ઇન્દ્રાદિદેવોએ દીક્ષા પ્રસંગમાં ગોશીર્ષચંદન વગેરે સુગંધવાળી વસ્તુઓથી પ્રભુને પૂજ્યા હતા. તેની સુગંધ પ્રભુના શરીર ઊપર ચાર માસથી પણ અધિક સમય સુધી રહી હતી. એ દિવ્ય સુગંધથી આકર્ષિત થઇને દૂરદૂરથી પણ ખેંચાઈ આવતા એવા ભમરાઓ પ્રભુને ડંખ દેતા થઈ ગયા. યુવાનો આવી સુગંધ જાણીને પ્રભુ પાસેથી સુગંધી પદાર્થોની માંગણી કરવા લાગ્યા. પરંતુ મૌન ધારીને રહેલા પ્રભુ કંઈ પણ ઉત્તર આપતા નહિ તેથી ગુસ્સે થયેલ યુવાનો પ્રભુને ઊપસર્ગો કરી દુઃખ દેવા લાગ્યા. કેટલીક સ્ત્રીઓ પ્રભુનું અલૌકિકરૂપ, સૌભાગ્ય અને શરીરમાંથી બહેકતી સુગંધને જોઈને માગની પ્રાર્થનાદિ કરવારૂપ અનુકૂળ ઉપસર્ગો કરી રહી હતી. પ્રભુ તો મેરુ પર્વત જેવા અચલ રહી સમભાવે બધું સહન કરતા વિચરતા રહી બે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે કુમારગામ પાસે આવી રાતે કાયોત્સર્ગ-ધ્યાનમાં રહ્યા. એ સ્થાને કોઈ ગોવાળીઓ આખો દિવસ હળ ખેડીને બળદોને મૂકી, ગાયો દોહવા ચાલ્યો ગયો. બળદો ત્યાંથી ચરતા ચરતા વનમાં દૂર ચાલ્યા ગયા. ગાયો દોહીને આવેલા ગોવાળીઆએ પ્રભુને પૂછ્યું 'કે હે આર્ય ! મારા બળદો ક્યાં ગયા ? પ્રભુએ મૌન પાળ્યું, એટલે ગોવાળીઆએ વિચાર્યું કે આને ખબર નથી. પછી તે બળદોને શોધવા જંગલમાં ...



શ્રી પ્રભુ મહાવીરદેવને શૂલપાણી યક્ષ ઉપસર્ગ કરે છે.

જાણી ધનદેવ સમીપના વર્ધમાન ગામમા ત્યાના [illegible]
ગામલોકોને સોંપીને તે બળદના નિર્વાહને સારવાર માટે સારી રકમ આપીને ત્યાંથી ચાલ્યો ગયો. પછી
લો. એ તે બળદની કાંઈ પણ સાર [illegible] નહીં, તેથી રીબાતો રીબાતો તે બળદ ભૂખ્યો તરસ્યો
ન આવી જવાથી દેવ થયો. એ શૂલપાણિ નામે થયેલા
ગામના લોકો ઉપર ઘણો ગુસ્સો કરી તે ગામમાં
એટલા બધા માણસો મરી ગયા કે ત્યાં માણસોના
ઢગલા થઈ ગયા. એ કારણે તે ગામનું વર્ધમાનને
ગયું. પછી બાક ને [illegible] વતા રહેલા માણસોએ યક્ષની આરાધના કરી તેથી
ત્યક્ષ થઈને પોતાનું મંદિર તથા મૂર્તિ બનાવવાનું કહેવાથી ત્યાંના બચેલા લોકોએ
[illegible] મૂર્તિની સ્થાપના કરી અને લોકો તેની પૂજા કરવા લાગ્યા.
[illegible] પાણિ યક્ષને પ્રતિબોધવા પ્રથમનું ચાતુર્માસ
ત [illegible] ભુને ત્યાં રહેવાની ના કહી છતાં પ્રભુ તે રાત્રિએ તેજ મંદિરમાં
રહ્યા, યક્ષે પ્રભુને બીવરાવવા માટે પૃથ્વી પણ ફાટી જાય એવું અટ્ટહાસ્ય કર્યું. હાથી અને સર્પનાં રૂપો
કરીને અસહ્ય ઉપસર્ગો કર્યા. એથી પ્રભુ લેશ પણ ક્ષોભ પામ્યા નહીં. પછી તે યક્ષે બીજાનો તો જીવજ
જાય તેવી રીતે પ્રભુના મસ્તકમાં, કાનમાં, નાકમાં, આંખમાં, દાંતમાં, પીઠમાં તથા નખ વગેરેમાં
અને કુસ્થાનોમાં વેદના ઉપજાવી છતાં પ્રભુને નિષ્કંપ જાણી તે યક્ષ પ્રતિબોધ પામ્યો. આ વખતે પ્રગટ
થયેલા સિધ્ધાર્થ વ્યંતરે કહ્યું કે 'અરે દુષ્ટ, પાપી, શૂલપાણિ! તે ઘણુંજ દુષ્ટ કાર્ય કર્યું છે. ચોસઠ
ઇન્દ્રને પણ પૂજ્ય એવા ત્રિલોકનાથ વીરપ્રભુની મહાઆશાતના કરી છે. જો આ વાત ઇન્દ્ર જાણશે તો
તારા સ્થાનનો પણ નાશ કરશે અને આકરી શિક્ષા કરશે. સિધ્ધાર્થવ્યંતરના આવા વચન સાંભળીને તે

[illegible] માટે [illegible] જાય. આવું વિચારી તે શીઘ્રતાથી પ્રભુ પાસે આવ્યો. [illegible] વિચાર્યું કે હું અત્યંત કષ્ટ વેઠીને ફોગટજ સામુદ્રિકશાસ્ત્ર ભણ્યો. આવી [illegible] પુરુષ પણ આ રીતે વ્રતકષ્ટ કરતા દેખાય છે તો સામુદ્રિક શાસ્ત્રો બધાં [illegible] તેથી એ શાસ્ત્રને પાણીમાં જ નાંખી દઉં, સામુદ્રિક પુષ્પના આ વિચારોને [illegible] દેનારા ઇન્દ્રે જાણ્યા કે તરત ત્યાં આવીને પુષ્પને કહેવા લાગ્યા કે હે પુષ્પ ! [illegible] સામુદ્રિકશાસ્ત્રના અભ્યાસનો ખેદ ન કર. એ શાસ્ત્રો સાચાં જ છે. આ ઉત્તમ પુરુષ ત્રણ લોકના નાથ સુરાસુર નરેન્દ્ર પૂજિત છે. થોડા જ કાળમાં કેવળજ્ઞાન પામી તીર્થંકર પરમાત્મા થાશે. એમનું શરીર રોગ, મેલ અને પરસેવા રહિત છે. એમના શરીરમાં માંસ અને રૂધિર શ્વેત દૂધ સરખાં છે. એમના શ્વાસોશ્વાસ સુગંધી છે. એવા અગણિત ગુણોથી શોભતા એ પ્રભુના ગુણોને ગણવા કોણ સમર્થ છે ? એ રીતે જિનગુણોને સ્તવીને ઇન્દ્ર પુષ્પ નિમિત્તિઆને મણિ, કુંડલ, સુવર્ણાદિ આપી સમૃદ્ધ કરીને સ્વર્ગમાં ચાલ્યો ગયો. પુષ્પ સામુદ્રિક પણ આનંદિત થઇ પોતાના દેશમાં ગયો. પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા.

શ્રમણભગવાન શ્રી મહાવીર પ્રભુ સર્વવિરતિ સ્વીકાર્યા બાદ છદ્મસ્થ કાળના લગભગ સાડાબાર વર્ષ સુધી શરીર ઉપરની મમતાને ત્યજીને વિચરતા રહ્યા. એ સમયમાં પ્રભુને જે કોઈ દેવ સંબંધી, મનુષ્ય સંબંધી, અને તિર્યંચ સબંધી ભોગ, પ્રાર્થના વગેરે અનુકૂળ ઉપસર્ગો કે તાડના તર્જનાદિ પ્રતિકૂળ ઉપસર્ગો ઉત્પન્ન થયા તે ઉપસર્ગોને પ્રભુએ ક્રોધ વિના, દીનતા વિના, નિશ્ચલ રહીને નિર્ભયતાથી સહન કર્યા. દેવ, મનુષ્ય, તિર્યંચોએ કરેલા ઉપસર્ગો કેવા થયા અને પ્રભુએ તેને કેવી રીતે રહી સહન કર્યા તેનું અહીં સક્ષિપ્ત વર્ણન કરે છે.

પ્રભુ પહેલું ચાતુર્માસ મોરાક સંનિવેશથી આવીને શૂલપાણિયક્ષના મંદિરમાં રહ્યા. આ યક્ષ [illegible] ધનદેવ નામના વાણિઆનો બળદ હતો. ધનદેવ પાંચસો ગાડાઓ સાથે નદી ઉતરતો હતો [illegible]


આવીને પડિમા ધારીને રહ્યા, ત્યાં પ્રભુના સત્કાર માટે પ્રભુના શરીરમાં પ્રવેશ કરીને સિધ્ધાર્થ વ્યંતર નિમિત્તો કહેવા લાગ્યો, તેથી ત્યાં પ્રભુનો મહિમા પ્રવર્ત્યો. પ્રભુના મહિમાને વધતો જોઇ ત્યાં રહેતા અચ્છંદક નામના નિમિત્તિઆએ ગુસ્સે થઇને તૃણચ્છેદના વિષયમાં પ્રશ્ન કર્યો. સિધ્ધાર્થે કહ્યું તે નહિ છેદાય. પછી તે અચ્છંદક નિમિત્તિઆએ તે તૃણને છેદવાનો પ્રયત્ન કર્યો. આ વાત અવધિજ્ઞાનથી ઇન્દ્રે જાણી તેથી ત્યાં આવી તેની આંગળીને ઇન્દ્રે વજ્રથી છેદી નાંખી. ત્યારબાદ ક્રોધ પામેલા સિધ્ધાર્થે લોકોને કહ્યું કે એ અચ્છંદક ચોર છે. એણે વીરઘોષ નામના ખેડૂતનો દશ પલનો પ્યાલો ચોરીને ઘરની પાછળ ખજૂરીના ઝાડ નીચે દાટયો છે. બીજું ઇન્દ્રશર્માનો ઘેટો ચોરી મારીને ખાઇ ગયો છે. તે ઘેટાના હાડકાં ઘર પાસેની બોરડી નીચે દાટયાં છે. તેનું ત્રીજું દૂષણ તો તેની સ્ત્રીને પૂછવાથી તે તમને કહેશે. પછી લોકોએ તેની સ્ત્રીને જઇને પૂછ્યું. તેથી તેની સ્ત્રીએ પણ પોતાના પતિ સાથે તેજ દિવસે કલહ થયેલ હોવાથી કહી દીધું કે, અરે લોકો! એ પાપીનું મુખ પણ જોવા જેવું નથી. એ પોતાની સગી બહેનને પણ ભોગવે છે. આ રીતે લોકોમાં પોતાના પાપની વાત જાહેર થઇ જવાથી અત્યંત લજ્જા પામેલો તે અચ્છંદક એકાંતમાં પ્રભુને વિનવવા લાગ્યો કે હે પ્રભુ! વિશ્વવંદ્ય, આપ તો સર્વ સ્થાને પૂજાશો, પરંતુ મારી તો આજીવિકા અહીંજ છે. એ સાંભળી તેની અપ્રીતિ જાણીને પ્રભુ ત્યાંથી વિહાર કરીને શ્વેતાંબિકા નગરી તરફ ચાલ્યા. રસ્તામાં જતા માણસોએ કહ્યું કે આ રસ્તો ઘણા વિઘ્નવાળો છે તેથી આપ બીજે રસ્તે થઇને જાઓ. એવો લોક નિષેધ જાણીને પણ દયાળુ પ્રભુ કનકખલ તાપસના આશ્રમમાં ચંડકૌશિકને પ્રતિબોધ પમાડવા ગયા.

એ ચંડકૌશિક પૂર્વભવમાં મહાતપસ્વી સાધુ હતો. પારણાના દિવસે કોઇવાર ગોચરીએ જતાં તેમના પગ નીચે દેડકી આવી ગઇ. સાથે રહેલા સાધુએ તે વિરાધનાને પ્રતિક્રમવા માટે, ઇરિયાવહિ વખતે, ગોચરી આલોવતી વખતે અને સાંજના પ્રતિક્રમણ વખતે એમ ત્રણ વખત સંભારી આપેલ તેથી તે સાધુ ઉપર ગુસ્સે થઇ ગુસ્સાથી તેને મારવા દોડતા એવા તપસ્વી સાધુ વચ્ચે રહેલા થાંભલા


યક્ષ બહુજ ભયભીત થઇ ગયો અને પોતાના અપરાધની ક્ષમા માગી પ્રભુની પૂજા ભક્તિ કરતો પ્રભુ સમક્ષ નૃત્ય કરવા પૂર્વક ગાયન કરવા લાગ્યો. તે યક્ષનું ગાયન સાંભળીને લોકો માનવા લાગ્યા કે તે યક્ષે પ્રભુને મરવા જેવા કરી નાખ્યા હશે તેથી તે યક્ષ નૃત્યગાન કરે છે. પ્રભુને પણ રાત્રે લગભગ ચાર પહોર સુધી સહન કરેલા ભયંકર ઉપસર્ગોથી પાછલી રાતના છેલ્લા પહોરના અંતે કાઉસ્સગ્ગમાંજ ક્ષણવાર નિદ્રા આવી. તેમાં ઉભે ઉભે જ પ્રભુએ દશ સ્વપ્ન જોયાં. સવારમાં લોકો ભેળા થયા ત્યારે તેમાં અષ્ટાંગ નિમિત્તના જાણ ઉત્પલ અને ઇન્દ્રશર્મા નામના બે નિમિત્તીઆ પણ હતા. તેમણે પ્રભુને દિવ્યગંધ, ચૂર્ણ, પુષ્પ, વગેરેથી પૂજિત થયેલા જાણી, હર્ષથી પ્રણામ કરીને તે બેમાંથી ઉત્પલે કહ્યું કે હે પ્રભુ ! તમે રાત્રિના અંતે જે દશ સ્વપ્ન જોયાં છે તેનું ફળ આપ તો જાણોજ છો છતાં હું કહું કે પ્રથમના સ્વપ્નમાં આપે તાડ જેવા ઉંચા પિશાચને માર્યો તેથી આપ થોડા જ વખતમાં મોહનીય કર્મને હણી નાંખશો. બીજા સ્વપ્નમાં આપની સેવા શ્વેત પક્ષી કરતું હતું તેથી આપ શુક્લ ધ્યાન ધારણ કરશો. ત્રીજા સ્વપ્નમાં આપની સેવા કરતા વિચિત્ર કોયલ પક્ષીને જોયું તેથી તમો દ્વાદશાંગીની પ્રરૂપણા કરશો. ચોથા સ્વપ્નમાં આપની સેવા કરતો ગાયોનો સમૂહ જોયો તેથી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ આપની સેવા કરશે. પાંચમા સ્વપ્નમાં આપે સમુદ્ર તર્યો તેથી આપ સંસાર સમુદ્રને તરી જશો. છઠ્ઠા સ્વપ્ને આપે ઉગતો સૂર્ય જોયો તેથી આપ થોડાજ સમયમાં કેવળજ્ઞાન પામશો. સાતમા સ્વપ્નમાં આંતરડાઓ વડે આપે માનુષોત્તર પર્વતને વીંટયો તેથી આપની કીર્તિ ત્રણે ભુવનમાં વિસ્તરશે. આઠમા સ્વપ્નમાં આપ મેરૂ પર્વતના શિખર ઉપર ચડ્યા તેથી આપ સમવસરણમાં સિંહાસન ઉપર બેસીને દેવમનુષ્યાદિની સભામાં ધર્મ પ્રરૂપશો. નવમા સ્વપ્નમાં આપે દેવોથી શોભી રહેલ પદ્મ સરોવર દીઠું તેથી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એમ ચારે પ્રકારના દેવો આપની સેવા કરતા રહેશે. દશમા સ્વપ્નમાં આપે જે સુગંધીમય બે પુષ્પોની માળા દીઠી તેનું ફળ હું જાણતો નથી. એટલે સિદ્ધાર્થે કહ્યું તેનું ફળ સાધુધર્મ અને શ્રાવકધર્મની પ્રરૂપણા છે. પછી પ્રભુને નમસ્કાર કરીને બધા ચાલ્યા ગયા. પ્રભુએ ત્યાં

આઠ પખવાડિયાવાળું પહેલું ચાતુર્માસ પૂર્ણ કર્યું. પ્રભુ ત્યાં ચાતુર્માસ કરીને મોરાક સંનિવેશમાં આવીને પડિમા ધારીને રહ્યા, ત્યાં પ્રભુના સત્કાર માટે પ્રભુના શરીરમાં પ્રવેશ કરીને સિદ્ધાર્થ વ્યંતર નિમિત્તો કહેવા લાગ્યો, તેથી ત્યાં પ્રભુનો મહિમા પ્રવર્ત્યો. પ્રભુના મહિમાને વધતો જોઇ ત્યાં રહેતા અચ્છંદક નામના નિમિત્તિઆએ ગુસ્સે થઇને તૃણચ્છેદના વિષયમાં પ્રશ્ન કર્યો. સિદ્ધાર્થે કહ્યું તે નહિ છેદાય. પછી તે અચ્છંદક નિમિત્તિઆએ તે તૃણને છેદવાનો પ્રયત્ન કર્યો. આ વાત અવધિજ્ઞાનથી ઇન્દ્રે જાણી તેથી ત્યાં આવી તેની આંગળીને ઇન્દ્રે વજ્રથી છેદી નાંખી. ત્યારબાદ ક્રોધ પામેલા સિદ્ધાર્થે લોકોને કહ્યું કે એ અચ્છંદક ચોર છે. એણે વીરઘોષ નામના ખેડૂતનો દશ પલનો પ્યાલો ચોરીને ઘરની પાછળ ખજૂરીના ઝાડ નીચે દાટયો છે. બીજું ઇન્દ્રશર્માનો ઘેટો ચોરી મારીને ખાઇ ગયો છે. તે ઘેટાના હાડકાં ઘર પાસેની બોરડી નીચે દાટયાં છે. તેનું ત્રીજું દૂષણ તો તેની સ્ત્રીને પૂછવાથી તે તમને કહેશે. પછી લોકોએ તેની સ્ત્રીને જઇને પૂછયું. તેથી તેની સ્ત્રીએ પણ પોતાના પતિ સાથે તેજ દિવસે કલહ થયેલ હોવાથી કહી દીધું કે, અરે લોકો! એ પાપીનું મુખ પણ જોવા જેવું નથી. એ પોતાની સગી બહેનને પણ ભોગવે છે. આ રીતે લોકોમાં પોતાના પાપની વાત જાહેર થઇ જવાથી અત્યંત લજ્જા પામેલો તે અચ્છંદક એકાંતમાં પ્રભુને વિનવવા લાગ્યો કે હે પ્રભુ! વિશ્વવંદ્ય, આપ તો સર્વ સ્થાને પૂજાશો, પરંતુ મારી તો આજીવિકા અહીંજ છે. એ સાંભળી તેની અપ્રીતિ જાણીને પ્રભુ ત્યાંથી વિહાર કરીને શ્વેતાંબિકા નગરી તરફ ચાલ્યા. રસ્તામાં જતા માણસોએ કહ્યું કે આ રસ્તો ઘણા વિઘ્નવાળો છે તેથી આપ બીજે રસ્તે થઇને જાઓ. એવો લોક નિષેધ જાણીને પણ દયાળુ પ્રભુ કનકખલ તાપસના આશ્રમમાં ચંડકૌશિકને પ્રતિબોધ પમાડવા ગયા.

એ ચંડકૌશિક પૂર્વભવમાં મહાતપસ્વી સાધુ હતો. પારણાના દિવસે કોઇવાર ગોચરીએ જતાં તેમના પગ નીચે દેડકી આવી ગઇ. સાથે રહેલા સાધુએ તે વિરાધનાને પ્રતિક્રમવા માટે, ઇરિયાવહિ વખતે, ગોચરી આલોવતી વખતે અને સાંજના પ્રતિક્રમણ વખતે એમ ત્રણ વખત સંભારી આપેલ તેથી તે સાધુ ઉપર ગુસ્સે થઇ ગુસ્સાથી તેને મારવા દોડતા એવા તપસ્વી સાધુ વચ્ચે રહેલા થાંભલા



ચંડ કૌશિક પ્રભુને દંશ દઇ રહ્યો છે, ત્યારે વીરપ્રભુ
"હે ચંડ કૌશિક! બૂઝ બૂઝ" એમ કહે છે.




ચંડકૌશિક પ્રતિબોધ પામી પોતાના આત્માને વોસરાવી સમભાવમાં રહે છે.

કરવું. ત્યાર [illegible]

ગોવાળીઆઓને કહી આવ્યો. તેથી તેઓએ એ વાસણનું ઘણું રક્ષણ કર્યું. છતાં તે ભાંગી ગયું. આ જોઈ ગોશાળાએ એવો નિશ્ચય કર્યો કે જે થવાનું હોય છે તે થાય જ છે. પ્રભુ ત્યાંથી બ્રાહ્મણ ગામે આવ્યા. ત્યાં નંદ અને ઉપનંદ નામના બે ભાઈઓના બે પાડા હતા. તેમાં નંદના પાડામાં પ્રભુ ગયા અને ઉપનંદના પાડામાં ગોશાળો ગયો. પ્રભુને નંદે ખીર વહોરાવી અને ઉપનંદે ગોશાળાને વાસી અન્ન વહોરાવ્યું. તેથી ક્રોધિત થયેલ ગોશાળાએ તેને મોટી શિક્ષા કરી. પ્રભુ ત્યાંથી ચંપાનગરીમાં આવ્યા અને ત્યાં બે માસખમણ કર્યાં. એટલે બે માસનું તપ કરી ત્રીજું ચાતુર્માસ ત્યાં રહ્યા. છેલ્લા બે માસનું તપ કરીને તેનું પારણું ચંપાનગરીની બહાર કરીને પ્રભુ ત્યાંથી કોલ્લાગ સન્નિવેશમાં આવીને એક શૂન્ય ઘરમાં કાયોત્સર્ગે રહ્યા. ગોશાળો ત્યાં શૂન્ય ઘરમાં ગામધણીના પુત્રને વિદ્યુન્મતિ દાસીની સાથે ક્રીડા કરતો જોયો અને તેની હાંસી કરી તેથી તેણે ત્યાં ગોશાળાને માર્યો. પછી પ્રભુ પાતાલક નગરે આવ્યા અને શૂન્ય ઘરમાં કાયોત્સર્ગે રહ્યા. ગોશાળાએ ત્યાં પણ સ્કંદને પોતાની દાસી સાથે ક્રીડા કરતો જોયો અને તેની પણ હાંસી કરી. તેથી તેણે પણ ગોશાળાને માર્યો. ત્યાંથી વિહાર કરીને પ્રભુ કુમારક સંન્નિવેશમાં આવ્યા. ત્યાં ચંપા નામના રમણીય ઉદ્યાનમાં કાયોત્સર્ગે રહ્યા. ત્યાં શ્રી પાર્વનાથ ભગવાનના સંતાનીય શ્રી મુનિચંદ્રસૂરિ વિશાળ શિષ્ય પરિવાર સહિત કુંભારની શાળામાં ઉતર્યા હતા. તેમને જોઈને ગોશાળાએ કહ્યું કે તમે કોણ છો? તેમણે કહ્યું અમે નિર્ગ્રંથ છીએ. એ સાંભળી ગોશાળાએ કહ્યું કે તમે ક્યાં અને મારા ધર્માચાર્ય ક્યાં. તેમણે કહ્યું જેવો તું છે તેવા તારા ધર્માચાર્ય હશે. ત્યારે ગુસ્સે થયેલા ગોશાળાએ કહ્યું કે મારા ધર્માચાર્યના પ્રતાપથી તમારો આશ્રમ નાશ પામશે. સાધુઓએ કહ્યું, અમને તેનો ભય નથી. પછી ગોશાળો પ્રભુ પાસે આવ્યો. તે રાત્રે જિનકલ્પની તુલના કરતા અને શાળાની બહાર પ્રતિમા ધારીને રહેલા એવા મુનિચંદ્રસૂરિને નહીં ઓળખવાથી મદિરા પાનથી મસ્ત બનેલા અને ઘૂમતાં ત્યાં આવેલા કુંભારે સૂરિને ચોર માનીને ઘણો માર માર્યો. તેને સહન કરતા સૂરિજીને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. ઘણો માર લાગેલ તેથી

[illegible] તેમનો મહિમા કરવા આવેલા દેવોએ ઉદ્યોત કર્યો, તે ઉદ્યોતને દૂરથી [illegible] ગોશાળાએ કહ્યું કે [illegible] તેમનો આશ્રમ નાશ પામી રહેલ છે. ત્યારે સિદ્ધાર્થે ખરી વાત [illegible] સ્વભાવવાળો ગોશાળો તેમના આશ્રમે જઇને ત્યાં રહેલા સાધુઓનો તિરસ્કાર કરીને પાછો આવ્યો. પ્રભુ ત્યાંથી ચોરાગ ગામે આવ્યા. પ્રભુને અને ગોશાળાને ત્યાંના ચોકીદારોએ જાસૂસ જાણીને પહેલાં ગોશાળાને પકડીને હેડમાં નાખ્યો. પછી પ્રભુને હેડમાં નાખવાની વિચારણા કરતા હતા ત્યારે ઉત્પલ નિમિત્તિઆની સોમા અને જયંતી નામની બે બહેનો સંયમ પાળવામાં અશક્ત થવાથી પરિવ્રાજિકા બની હતી. તેમણે પ્રભુને ઓળખીને હેડમાં નાખતા ચોકીદારોને અટકાવીને ગોશાળાને પણ છોડાવી દીધો. પછી પ્રભુ ત્યાંથી પુષ્ઠ ચંપાનગરીએ આવ્યા. ત્યાં ચાર માસક્ષમણ કરી એટલે ચાર માસના ઉપવાસ કરી ચોથું ચાતુર્માસ પૂરું કર્યું. ત્યાંથી વિહાર કરી તેજ નગરીની બહાર પારણું કરી ત્યાંથી પ્રભુ શ્રાવસ્તિ નગરીમાં આવ્યા. ત્યાં નગરીની બહાર કાયોત્સર્ગે રહ્યા. ભિક્ષા લેવા જતાં ગોશાળાએ પૂછ્યું આજે મને કેવો આહાર મળશે? સિદ્ધાર્થે કહ્યું, આજે તને ભિક્ષામાં મનુષ્યનું માંસ મળશે. પછી ગોશાળો જ્યાં માંસ ન મળે એવા વાણિયાઓને ત્યાં ભિક્ષા લેવા ગયો. પરંતુ બન્યું એવું કે ત્યાં રહેતા પિતૃદત્ત વણિકની સ્ત્રી ભદ્રાને મરેલા બાળકો જન્મતા હતા તેથી તેણીએ કોઇ નિમિત્તિઆને ઉપાય પૂછતાં તેણે કહ્યું કે જો તું તારા મરેલા બાળકનું માંસ દૂધપાકમાં રાંધીને કોઇ ભિક્ષુકને આપીશ તો તારા બાળકો જીવતા રહેશે. તેથી તે સ્ત્રીએ તેજ વિધિપૂર્વક ગોશાળાને દૂધપાક આપી દીધો. પછી તેણે આપેલ ભિક્ષા લઇ ગોશાળો તેનું ભક્ષણ કરીને પ્રભુ પાસે આવ્યો, સિદ્ધાર્થે સત્ય વૃત્તાંત કહી સંભળાવ્યો. ગોશાળાએ તે વાત માની નહીં એટલે વમન કરાવીને નિશ્ચય કરાવી આપ્યો તેથી ગોશાળાને થયું કે જે થવાનું હોય તે થાય જ છે. પછી પ્રભુ હલિદ્દ સંનિવેશની બહાર હલિદ્દ વૃક્ષની નીચે પડિમા ધારીને રહ્યા. ત્યારે ત્યાં [illegible] સળગાવેલા અગ્નિથી પ્રભુના બન્ને પગો દાઝ્યા [illegible]



શ્રી પ્રભુની પૂર્વભવની અપમાનિત પત્ની કટપૂતના શીતજળ દ્વારા ઉપસર્ગ કરે છે.


ત્યાં એવા પ્રભુને કોટવાલોએ ચોર ધારીને ગોશાળા સહિત પકડ્યા. પરંતુ પ્રથમ પાર્શ્વનાથ પ્રભુની અંતેવાસિનીઓ અને પછીથી પરિવ્રાજિકા બનેલી એવી વિજયા અને પ્રગલ્ભાએ તેમને છોડાવ્યા. પછી પ્રભુ વૈશાલી નગરી તરફ ચાલ્યા ત્યારે ગોશાળો પ્રભુથી છૂટો થઈ અલગ માર્ગે ચાલ્યો. ત્યાં તેને માર્ગમાં પાંચસો ચોરો મળ્યા. તે ચોરો મામો મામો કહીને ગોશાળાના ખભા ઉપર ચડી બેસવા લાગ્યા. તેથી ગોશાળો થાકીને લોથપોથ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે પ્રભુ સાથે રહેવું જ ઠીક છે. એમ વિચારી પ્રભુ જે રસ્તે ગયા હતા તે રસ્તે પ્રભુની શોધ કરતો ચાલ્યો. પ્રભુ તો વૈશાલી નગરીએ પહોંચીને લુહારની ખાલી પડેલી જગ્યામાં તેની આજ્ઞા લઈને પડિમા ધારીને રહ્યા. એ શાળાનો સ્વામી છ માસની માંદગીમાંથી ઉઠીને તેજ દીવસે લોઢું ટીપવાનો ઘણ લઈને ત્યાં આવ્યો. પ્રભુને જોઈને અપશકુન માની પ્રભુને તેજ ઘણથી મારવા દોડ્યો. આ વાત અવધિજ્ઞાનથી ઈન્દ્રે જાણી તેથી ત્યાં આવી તે લુહારને ઈન્દ્રે આકરી શિક્ષા કરી. પ્રભુ ત્યાંથી વિહાર કરી ગ્રામાક સંન્નિવેશમાં આવ્યા ત્યાં ઉદ્યાનમાં બિભેલક યક્ષે મહિમા કર્યો, પ્રભુ ત્યાંથી શાલિશીર્ષ ગામે આવ્યા. ત્યાં અત્યંત શીત પડતી હતી. તેવા સમયે પ્રભુ કાયોત્સર્ગે રહ્યા. ત્યારે ત્રિપૃષ્ટવાસુદેવના ભવમાં અપમાનિત થયેલ વિજયવતી નામની રાણી મરીને કેટલાક ભવ ભમીને કટપૂતના નામે વ્યંતરી થઈ હતી. તેણે તાપસીનું રૂપ ધારણ કરી પોતાની જટામાંથી હિમ જેવું ઠંડુ પાણી પ્રભુ ઉપર છાંટવા માંડ્યું. કડકડતી માઘમાસની ટાઢમાં પ્રભુને આ આકરો શીત ઉપસર્ગ થયો એમ છતાં પ્રભુને ધ્યાનમાં નિશ્ચલ જાણી તે વ્યંતરી પ્રભુની ક્ષમા માગીને નમસ્કાર કરી પોતાના સ્થાને ચાલી ગઈ. એવા શીત ઉપસર્ગને સમભાવે સહન કરતા એવા વીરપ્રભુને ત્યારે લોકાવધિજ્ઞાન ઉત્પન્ન થયું. પછી પ્રભુ ભદ્રિકાનગરીએ આવ્યા. ત્યાં ચોમાસી તપ અને અનેક પ્રકારના અભિગ્રહોથી પ્રભુએ છઠ્ઠું ચાતુર્માસ કર્યું. અહીં છ માસે ગોશાળો પ્રભુ પાસે આવ્યો. ચોમાસી તપનું પારણું પ્રભુએ ભદ્રિકાનગરીની બહાર કર્યું. પછી ઉપસર્ગ રહિત એવા મગધદેશમાં પ્રભુએ કાળક્ષેપ... વિહાર કરી આલંભિકા નગરીએ

પ્રભાવથી તેજોલેશ્યા શમી ગઈ. તેથી ગોશાળો બચી ગયો. પ્રભુની અલૌકિક શક્તિ જોઈ તાપસ પ્રભુની ક્ષમા માંગી નમી પડ્યો.

આ તેજોલેશ્યા કેમ પ્રાપ્ત થાય? એવા ગોશાળાના પ્રશ્નથી અવશ્ય ભાવીભાવના યોગથી સર્પને દૂધ પાવાની પેઠે અનર્થકારી એવી તેજોલેશ્યાની વિધિ સિદ્ધાર્થે કહી કે છમાસ સુધી નિરંતર છટ્ઠતપ કરી સૂર્યની આતાપના લેતો છતો દરેક પારણે એક મૂઠી અડદના બાકડા તથા એક અંજલિ પ્રમાણ ગરમ પાણીનો ઉપયોગ કરે તેને એ છમાસના તપને અંતે તેજોલેશ્યા પ્રાપ્ત થાય.

પછી ત્યાંથી સિદ્ધાર્થપુરે જતાં માર્ગમાં તે તલના છોડનો પ્રદેશ આવવાથી ગોશાળાએ તે તલનો છોડ ઊપજ્યો નથી તો તેની એક શીંગમાં સાત તલની વાત શી કરવી? સિદ્ધાર્થે કહ્યું તેજ આ તલનો છોડ છે અને તેની શીંગમાં સાત તલ થયેલ છે. ગોશાળાએ અવિશ્વાસ રાખીને તપાસ કરતાં તેજ છોડ જણાયો. પછી તેની શીંગને ફોડી જોઈ તો તેમાં સાત તલ જોયા. તેથી તેને થયું કે જે પ્રાણીઓ મરે છે તે જીવો તેજ શરીરમાં પાછા ઉત્પન્ન થાય છે. એથી તેણે પોતાના નિયતિવાદના સિદ્ધાંતને વધારે મજબૂત બનાવ્યો. ત્યાંથી ગોશાળો પ્રભુથી અલગ પડી ગયો અને શ્રાવસ્તી નગરીમાં એક કુંભારની શાળામાં રહી છ માસના છઠ તપ વગેરે વિધિથી તેણે તેજોલેશ્યા સાધી લીધી. પછી શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય કોઇ સાધુ દીક્ષા પાળી ન શકવાથી ગૃહસ્થ થયેલ તેમની પાસેથી ગોશાળો અષ્ટાંગ નિમિત્તનો અભ્યાસ કરી અષ્ટાંગ નિમિત્ત અને તેજોલેશ્યાની પ્રાપ્તિથી પોતાને સર્વજ્ઞ તરીકે ઓળખાવવા લાગ્યો.

પ્રભુએ દશમું ચાતુર્માસ શ્રાવસ્તી નગરીએ આવીને કર્યું. તેમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરી, તેનું પારણું નગરીની બહાર કર્યું. પછી વિચરતા પ્રભુ અનાર્ય લોકોની વસ્તિવાળી દઢ ભૂમિમાં [illegible]




સંગમ પ્રભુ મહાવીરદેવને એકજ રાત્રીમાં ભયંકર વીસ ઉપસર્ગો કરે છે.

ત્યાં બેઠેલા સંગમ નામના દેવે કહ્યું કે હે દેવેન્દ્ર! તમે કરેલ આ પ્રશંસા દેવાના અપમાન સ્વરૂપ છે. આ રીતે પ્રશંસા ન કરવી જોઈએ. હું તેને ક્ષણવારમાં ચલાયમાન કરી આવું છું. એ મનુષ્યનો શો ભાર છે કે તે દેવોથી ચલિત ન થાય? એમ કહી ક્રોધથી ધમધમતો સંગમદેવ પ્રભુ પાસે આવ્યો અને તેણે પ્રથમ એવી ધૂળની વૃષ્ટિ કરી કે તેથી પ્રભુના મુખ, નાક, કાન, આંખ વગેરે શરીરના અવયવો એવા પૂરાઈ ગયા કે જેથી પ્રભુજી શ્વાસોશ્વાસ લેવા પણ અસમર્થ થઈ ગયા. પછી વજ્રમુખવાળી કીડીઓ વિકુર્વી જે કીડીઓ પ્રભુના શરીરમાં એક બાજુથી જઈ બીજી બાજુથી નીકળવા લાગી તેથી પ્રભુનું શરીર ચાલણી જેવું તે દેવે કરી નાંખ્યું. પણ પ્રભુ મનથી ચલિત ન થયા, પછી વજ્ર સમાન ડંખ દેનારા ડાંસ મચ્છરો ઉત્પન્ન કરી એવા ડંસ દેવરાવ્યા કે જેથી પ્રભુના શરીરમાંથી ગાયના દૂધ સમાન લોહી નીકળવા લાગ્યું. પછી તીક્ષ્ણ મુખવાળી ધીમેલોથી આખા શરીરે ચટકાઓ દેવરાવી દુઃખ આપવા માંડ્યું પછી વીંછીઓ વિકુર્વી પ્રભુના શરીરમાં કઠોર ડંખ મારીને આખા શરીરને ભેદી નાંખ્યું. પછી વિકુર્વેલા નોળીઆઓએ ઉગ્ર દાઢોથી પ્રભુના શરીરનું માંસ તોડી તોડીને તોડવા માંડ્યું, ત્યાર પછી વિકુર્વેલા સર્પો દાઢો ભાંગી જાય તેટલા જોરથી ડંખો મારવા લાગ્યા, પછી વિકુર્વેલા ઉંદરોએ પ્રભુના શરીરને કરડવા માંડ્યું, પછી વિકુર્વેલા હાથીઓ પ્રભુને સૂંઢથી પકડી ઉછાળી દંતૂશળથી ઝીલી દાંતોથી પ્રહાર કરી પગથી કચડવા લાગ્યા, પછી વિકુર્વેલી હાથણીઓએ પણ હાથીઓની જેમ પ્રહાર કરી પીડ્યા, પછી વિકુર્વેલા પિશાચોએ અટ્ટહાસ્યાદિ ઘોર ઉપસર્ગો કરી પ્રભુને પીડ્યા, પછી વિકુર્વેલા વાઘોએ વજ્ર જેવી દાઢોથી અને અત્યંત તીક્ષ્ણ નખોથી પ્રભુના શરીરને વિદારીને અત્યંત પીડ્યા. પછી વિકુર્વેલા સિધ્ધાર્થરાજા અને ત્રિશલારાણી વિલાપ કરતાં કહે છે કે, હે, પુત્ર! તું અમને બચાવી લે. અમે તારા વિના કોઈથી બચી શકીએ તેમ નથી. આ રાક્ષસો અમને બહુજ પીડી રહ્યા છે. અમને એમાંથી કોઈપણ રીતે છોડાવ, નહીં તો આ અમારા પ્રાણ લેશે વગેરેથી પ્રભુને પીડા આપી. પછી સેનાની વિકુર્વેલી છાવણીના માણસોએ પ્રભુના પગોને ચૂલો બનાવી અગ્નિ સળગાવી ઉપર વાસણ રાખી ભાત વગેરે રાંધવા માંડી

[illegible] ડંખ્યા. પછી વિકુર્વેલા માંસાહારી તીક્ષ્ણ ચાંચવાળાં પક્ષીઓનાં પાંજરાઓ પ્રભુનાં જંઘા, બાહુ, [illegible] લટકાવ્યાં. તેના પક્ષીઓએ પ્રભુના શરીરને તીક્ષ્ણ ચાંચ અને નખોના પ્રહારથી [illegible] પીડ્યા. પછી વિકુર્વેલા પ્રચંડ પવનથી પ્રભુને ઉછાળી ઉછાળીને નીચે પટકીને પીડ્યા. પછી વિકુર્વેલા વંટોળિયા પવનથી પ્રભુને ચક્રની પેઠે ભમાડીને પીડ્યા, પછી જેના માથે પડવાથી મેરુપર્વતની ચૂલિકાનું પણ ચૂર્ણ થઈ જાય તેવું એક હજાર ભાર પ્રમાણનું ચક્ર વિકુર્વી પ્રભુ ઉપર તેનો જોરથી પ્રહાર કર્યો. તે ચક્રના પ્રહારથી પ્રભુ ઢીંચણ જેટલા જમીનમાં ગયા. પછી પ્રભાત વિકુર્વીને હે દેવાર્ય! ક્યાં સુધી ધ્યાનમાં રહેશો? ક્યારથી પ્રભાત થઈ ગયેલ છે વગેરે કહ્યું પણ પ્રભુએ જ્ઞાનથી જાણ્યું કે હજી રાત્રિ બાકી છે એટલે સ્થિર જ રહ્યા. પછી અંતે તે સંગમદેવે દેવોની ઋદ્ધિ વિકુર્વીને કહ્યું કે હે મહર્ષિ! હું પ્રસન્ન થયો છું તમારા આ તપ ધ્યાનથી, માટે, માગી લ્યો કહો તો સ્વર્ગ આપું અને કહો તો મોક્ષ આપી દઉં. આવું સાંભળ્યા છતાં પ્રભુ કાંઇ બોલ્યા નહિ. એટલે તે સંગમદેવે વિકુર્વેલી દેવાંગનાઓ ચલિત કરવા માટે અનેક અનેક અનુકૂળ ઉપસર્ગો કરવા લાગી. પરંતુ પ્રતિકૂળ કે અનુકૂળ એવા કોઇપણ ઉપસર્ગથી પ્રભુ જરા પણ ચલાયમાન ન થયા. સંગમદેવે એકજ રાતમાં મોટા મોટા વીશ ઉપસર્ગો કરીને પ્રભુને હેરાન હેરાન કરી દીધા છતાં કરુણાવંત પ્રભુએ સંગમદેવ ઉપર કરુણા જ વર્ષાવી. અહીં કવિની કલ્પના એવી થઇ કે જેમનામાં જગતનો નાશ કરવાની અને ઉદ્ધાર કરવાની પણ શક્તિ છે તેવા અને તે બળવાળા એ વીર પ્રભુએ આવા વગર કારણે હેરાન કરનારા સંગમદેવ ઉપર પણ ક્રોધ ન કરતાં કૃપાજ વરસાવી તો પછી એમની પાસે રહેવાથી આપણી કિંમત શી? એવા વિચારથી જાણે હોય નહિ તેમ ક્રોધ પ્રભુને મૂકીને ચાલ્યો ગયો.


પ્રભુએ ત્યાંથી દિવસે વિહાર કર્યો. સંગમદેવની દુષ્ટતા હજી ગઇ ન હતી તેથી પ્રભુ જ્યાં જ્યાં જવા લાગ્યા ત્યાં ત્યાં આહારને અનેષણીય કરવા લાગ્યો, અને બીજા પણ ઘણી જાતના ઉપસર્ગો કરવાનું [illegible]




સંગમ મહાવીર પ્રભુને ભયંકર ઉપસર્ગ કરે છે.

બહાર કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. પછી તે સંગમદેવ આવી જાતના અતિ ઉગ્ર કષ્ટો મ આપ્યા છતા પ્રભુ અસ્ખલિત વિશુદ્ધ પરિણામવાળા જ રહ્યા છે એ જાણીને ઝંખવાણો પડી જઈ પ્રભુને વંદન કરી કહેવા લાગ્યો કે હે પ્રભુ! સૌધર્મેન્દ્રે આપના સત્ત્વની દેવસભામાં જે પ્રશંસા કરી હતી તે બરાબરજ છે. મેં આપના ઘણા અપરાધ કર્યા છે એની મને ક્ષમા આપો. એમ કહી ઇન્દ્રની બીક મનમાં રાખતો છતાં દેવલોક તરફ ગયો. પછી તેજ ગોકુલમાં એક વૃદ્ધાએ પ્રભુને પરમાન્ન વહોરાવી પારણું કરાવ્યું તેથી ત્યાં પાંચ દિવ્ય પ્રગટ થયાં.

પ્રભુને ચલિત કરી આવીશ એમ કહીને સંગમ, દેવલોકમાંથી ગયો ત્યારથી ત્યાંના દેવદેવીઓના ઉદ્વેગનો પાર ન હતો. ઇંદ્રે પણ સૌધર્મ સભામાં નાચ, ગાનતાન રંગરાગ, વિલાસ વગેરે બંધ કરાવ્યા. મારા નિમિત્તેજ આ દુષ્ટ સંગમે આવા આકરા ઉપસર્ગો પ્રભુને કરવા માંડયા. એ ચિંતામાં ઇન્દ્ર, મુખ ઉપરહાથ રાખીને, ચિંતાતુર થઇને, નીચું મુખ રાખીને બેઠો હતો. હવે પ્રભુને આકરા ઉપસર્ગો કરીને પણ ચલાવી ન શકનાર તેથી ભ્રષ્ટ પ્રતિજ્ઞાવાળો માટેજ શ્યામ મુખવાળો થયેલો અધમ એવો સંગમદેવ દેવલોકમાં આવતો જોવાયો ત્યારે ઇંદ્રે અવળું મુખ કરીને દેવોને કહ્યું કે 'અરે દેવો! આ કર્મચંડાળ પાપી અધમ સંગમ આવે છે એનું મુખ જોવું એ પણ મહાપાપકારી છે. એણે આપણા સ્વામી ત્રિલોકનાથને બહુજ દુઃખ આપીને સંતાપ્યા છે તેથી એણે આપણો મોટો અપરાધ કરેલ છે. પાપી આપણાથી જેમ ભય પામ્યો નથી તેમ પાપથી પણ ભય પામ્યો નથી. એ દુષ્ટને જલદી સ્વર્ગમાંથી કાઢી મૂકો. ઇન્દ્રની આજ્ઞા થવાથી દેવોએ તે દુષ્ટ સંગમને ધક્કા મુક્કા લાકડી વગેરેથી મારીને દેવલોકમાંથી કાઢી મૂકયો, તિરસ્કાર અને મારથી અપમાનિત થયેલો એવો તે સંગમદેવ નિસ્તેજ અને ઠરી ગયેલા અંગારા જેવો બની ત્યાંથી તે મેરુપર્વતની ચૂલિકામાં જઇને રહ્યો. ત્યાં તે પોતાનું બાકી રહેલ એક સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરશે. તે સંગમની અગ્રમહિષીઓ પણ ઇન્દ્રને આજીજી કરી રજા મેળવી પોતાના પતિ સંગમદેવ પાસે મેરુપર્વતની ચૂલિકામાં ગઈ.



પ્રભુ મહાવીરદેવનું ચંદનના આંગણે આવવું, પાછા જવું અને ચંદનાનું રોવું.



ચંદનાની બેડી તૂટી ઝાંઝર થયાં અને માથે સુંદર વાળ થયા.

કચડી મરણ પામી. તેથી સૈનિક વસુમતિને પોતાની પુત્રી તરીકે કહીને આશ્વાસન આપીને કૌશાંબીના બજારમાં વેચવા લઈ ગયો, ત્યાં આવેલા ધનાવહ શેઠે તે વસુમતિને વેચાતી લઈ પોતાને ઘરે લાવી પુત્રી તરીકે રાખી. વસુમતીની ચંદન જેવી શીતલ વાણી હતી તેથી ધનાવહ શેઠે તેનું ચંદનબાળા નામ રાખ્યું. એક વખતે બપોરે શેઠ ઘેર જમવા આવ્યા ત્યારે બીજી કોઈ દાસી હાજર ન હોવાથી ચંદનબાળાએ શેઠના પગ ધોઈ આપ્યા ત્યારે ચંદનબાળાનો ચોટલો પૃથ્વી પર લટકતો હતો તેને શેઠે ઉંચો કર્યો. તે દૃશ્ય જોઈને શેઠની પત્ની મૂળાશેઠાણીને થયું કે શેઠ નિશ્ચયે આ યુવાન રૂપવતી બાળાને પોતાની પત્ની બનાવશે પછી મારા ઉપર સ્નેહ રાખશે નહીં. પછી કોઈક દિવસે ખાસ કાર્ય માટે શેઠ બહાર ગયા ત્યારે મૂળા શેઠાણીએ નાપિતને તેડાવીને ચંદનબાળાનું મસ્તક મુંડાવી નાખ્યું અને એના બન્ને પગમાં બેડી નાંખી, માર મારી એક અંધારા ઓરડામાં નાંખી તાળું દઈ પોતે પોતાને માવતરે જઈને રહી. બહારથી આવ્યા પછી ચોથે દિવસે શેઠને ખબર પડી કે ચંદનબાળાની આવી દશા થઈ છે. શેઠે તરત તે ઓરડામાંથી ચંદનબાળાને બહાર ઉંબરામાં બેસાડી સૂપડાના ખૂણામાં બીજું કાંઈ ન હોવાથી રાંધેલા અડદના બાકુલા નાંખીને તે સુપડું ચંદનબાળાને આપી પોતે બેડી તોડાવવા લુહારને તેડવા ગયા. ચંદનબાળાના ત્રણ ઉપવાસ થઈ ગયા, એટલે તેને વિચાર આવ્યો કે કોઈ અતિથિને આપી પછી બાકુલા વાપરું તો સારું. આ વખતે શ્રી વીરભગવાન પોતેજ ત્યાં ભિક્ષાર્થે આવ્યા. પ્રભુને આવતા જોઈ ચંદનબાળાને અતિશય આનંદ થયો અને તે વિનંતી કરીને પ્રભુને બાકુલા વહોરાવવા તૈયાર થઈ. પરંતુ પોતાનો અભિગ્રહ હજી સંપૂર્ણ થયો નથી એમ જાણી પ્રભુ પાછા વળ્યા. એથી ચંદનબાળાને અત્યંત દુઃખ થવાથી તેની આંખમાંથી આંસુ સરવા માંડયાં અને તે રડવા લાગી. તે જાણી પ્રભુએ પોતાનો અભિગ્રહ પૂરો થયો જાણી પાછા વળીને ચંદનબાળાને હાથે અડદના બાકુલા વહોર્યા. ત્યારે ત્યાં પ્રસન્ન થયેલા દેવોએ પાંચ દિવ્યો પ્રગટ કર્યા. ઇન્દ્ર ત્યાં આવ્યો, દેવો આનંદથી નૃત્ય કરવા લાગ્યા, ચંદનબાળાના મસ્તક પર સુંદર વાળ થઈ ગયા તેના પગની બેડીને સ્થાને અત્યંત કીમતી



શ્રી પ્રભુ મહાવીરદેવને ગોવાળીયો કાનમાં ખીલા ઠોકે છે.

... ઇન્દ્રોના શિરતાજના કંપાયમાન થયાં. ... કેવળજ્ઞાનસ્થાનની વાત જાણીને ઇન્દ્રો દેવોના પરિવાર ... નગરની બહાર સમવસરણની રચના કરી પ્રભુએ ત્યાં ... દેશનામાં મનુષ્યો ન હતા, દેવો અને ઇન્દ્રો હોવાથી કોઇ વ્રત ... નિષ્ફળ ગઇ. પછી પ્રભુ ત્યાંથી વિહાર કરીને અપાપાનગરીના મહસેન ...

... ત્યાં સોમિલ નામના બ્રાહ્મણને ત્યાં યજ્ઞ કરવા માટે તે સમયના મહાન સમર્થ બ્રાહ્મણપંડિતો ... હતા. તેમાં ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, અને વાયુભૂતિ નામના ત્રણે સગાભાઇઓ ચૌદ ...ના પારગામી હતા. તેઓ પાંચસો પાંચસો શિષ્યોના પરિવાર સાથે ત્યાં આવ્યા હતા, તેમાં ...ભૂતિને જીવ છે કે નહીં? અગ્નિભૂતિને કર્મ છે કે નહીં? અને વાયુભૂતિને શરીરથી કોઇ ...લગ જીવ છે કે શરીર એ જીવ છે? એવો સંદેહ હતો. તથા વ્યક્ત અને સુધર્મા નામના બે ...ઓ વિદ્વાન હોવા છતાં વ્યક્તને પાંચભૂત છે કે નહીં? એવો અને સુધર્માને આ જીવ આ ...વમાં જેવો છે તેવો જ પરભવમાં થાય છે કે જુદી જાતનો થાય છે? એવો સંશય હતો. એ ...ે પાંચસો પાંચસો શિષ્યો સાથે ત્યાં આવ્યા હતા તથા મંડિત અને મૌર્યપુત્ર નામના બે વિદ્વાનો સાડા ...સો. સાડા ત્રણસો શિષ્યો સાથે ત્યાં આવ્યા હતા. તેમાં મંડિતને કર્મથી બંધ થાય કે નહીં? ... મૌર્યપુત્રને દેવલોક હશે કે નહીં? એવો સંશય હતો. તથા અકંપિત અને અચલભ્રાતા, મેતાર્ય ... પ્રભાસ એ ચાર વિદ્વાનો પોતાના ત્રણસો ત્રણસો શિષ્યોના પરિવાર સાથે ત્યાં આવ્યા હતા. તેમાં ...પિતને નરક છે કે નહીં? અચલભ્રાતાને પુણ્યપાપ છે કે નહીં? મેતાર્યને પરલોક છે કે નહીં? ... પ્રભાસને મોક્ષ છે કે નહીં? એવા સંશયો હતા.

વિષ્ણુ, ઈશ્વર, શિવજી, જાની—ગંગાધર, મહીધર, ભૂધર, લક્ષ્મીધર, પંડ્યા—વિષ્ણુ, મુકુંદ, ગોવિંદ, પુરૂષોત્તમ, નારાયણ દવે—શ્રીપતિ, ઉમાપતિ, વિદ્યાપતિ, ગણપતિ, જયદેવ, વ્યાસ—મહાદેવ, શિવદેવ, મૂલદેવ, સુખદેવ, ગંગાપતિ, ગૌરિપતિ, ત્રિવાડી,—શ્રી કંઠ, નીલકંઠ, હરિહર, રામજી—બાલકૃષ્ણ, યદુરામ, રામ, રામાચાર્ય, રાઉલ—મધુસુદન, નરસિંહ, કમલાકર, સોમેશ્વર, હરિશંકર, ત્રિકમ, જોશી—પૂનો, રામજી, શિવરામ, દેવરામ, ગોવિંદરામ, રઘુરામ, ઉદિરામ, વગેરે ઘણા પંડિતો આ યજ્ઞ પ્રસંગમાં આવ્યા હતા.

આ અવસરે શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવને વંદન કરવા માટે આકાશમાંથી દેવોનો સમૂહ આવવા લાગ્યો. તે જોઇને યજ્ઞ કરવા આવેલા બ્રાહ્મણ પંડિતો પરસ્પર કહેવા લાગ્યા કે 'અહો! યજ્ઞનો મહિમા કેટલો બધો મહાન છે! એમાં સાક્ષાત દેવો આવી રહ્યા છે, દેવો યજ્ઞ મંડપ ત્યજીને સમવસરણ તરફ જવા માંડયા ત્યારે બ્રાહ્મણોનો આનંદ ઉડી ગયો, એ દેવો, સર્વજ્ઞને વંદન કરવા જાય છે એવું જનતા દ્વારા જાણવા મળ્યું, ત્યારે ઇન્દ્રભૂતિ ક્રોધથી ધમધમીને બકવા લાગ્યા. આ જગતમાં હું જ સર્વજ્ઞ છું. બીજો સર્વજ્ઞ હોય જ નહીં, બીજો સર્વજ્ઞ છે આવું વચન કાનને પીડા ઉત્પન્ન કરે છે. મૂર્ખાઓને તો કોઈ બનાવી જાય પરંતુ આણે તો દેવોને પોતા તરફ લોભાવ્યા છે. તેથી એ કોઇ મહાધૂર્ત લાગે છે. નહીં તો યજ્ઞ મંડપને અને સર્વજ્ઞ એવા મને છોડીને આ દેવો ત્યાં કેમ ચાલ્યા જાય? આ તો તીર્થ જલને મૂકીને જેમ કાગડાઓ, સરોવરને મૂકી જેમ દેડકાઓ, ચંદનરસને મૂકીને જેમ માખીઓ, સારા વૃક્ષને મૂકીને જેમ ઊંટો, ખીરને મૂકીને જેમ ભૂંડો, બીજે ચાલ્યા જાય તેમ યજ્ઞને મૂકીને આ દેવો બીજે ચાલ્યા જાય છે. એથી સમજાય છે કે જેવો એ સર્વજ્ઞ હશે તેવા એ દેવો હશે, મારાથી એના સર્વજ્ઞના અભિમાનને સહન કરી શકાય તેમ નથી. એક મ્યાનમાં બે તલવાર હોય નહીં, એક ગુફામાં બે કેસરીસિંહ પણ રહી શકે નહીં, આકાશમાં બે સૂર્ય પણ પાસે રહી શકે નહીં તેમ હું અને એ એમ બે સર્વજ્ઞો અહીં રહી શકીએ નહીં. ઇન્દ્રભૂતિ આ રીતે વિચાર કરતો હતો ત્યારે પ્રભુને વંદન

પાડવા તૈયાર થયો છે. "અરે, આ તો સસલો કેસરીસિંહની કેશવાળીને કાપવાની તૈયારી કરી રહેલ છે. મારી સમીપમાં પોતાનું સર્વજ્ઞપણું પ્રસિદ્ધ કરનાર એણે શેષ નાગના મસ્તક ઉપરથી મણિ લેવાની તૈયારી કરી છે. એણે પવનની સામે રહીને દાવાનળ સળગાવ્યો છે. હું હમણાંજ ત્યાં જઇ તેને બોલતો પણ બંધ કરી દઇશ. જ્યાં સુધી સૂર્ય ઉગતો નથી ત્યાં સુધી ખદ્યોત કે ચંદ્ર પ્રકાશ કરી શકે છે, જ્યાં સુધી કેસરીસિંહની ગર્જનાઓ કાને ન આવે ત્યાં સુધીજ મદોન્મત્ત હાથીઓ, ઘોડાઓ, હરણીયાઓ વગેરે આનંદ અનુભવી શકે છે. મારા ભાગ્યથીજ આવો વાદી મને પ્રાપ્ત થયેલ છે, તેની સાથે વાદ કરી મારી જીભની ખરજને આજે હું દૂર કરીશ. લક્ષણ શાસ્ત્રમાં હું નિપુણ છું, સાહિત્યમાં મારી ગતિ અસ્ખલિત છે, તર્કશાસ્ત્રમાં મને કોઇ ઓળંગી શકે તેમ નથી, મેં કયાં શાસ્ત્રોમાં પરિશ્રમ નથી કરેલ? યમને માલવ દેશ કયાં દૂર છે? વચન સિદ્ધને શું સિદ્ધ નથી? રસ શાસ્ત્રના જાણકારને કયો રસ અજાણ્યો હોય? ચક્રવર્તીને શું અજેય હોય? વજ્રને ન ભેદાય એવું શું હોય? મહાત્માને ન સહાય એવું શું હોય? ભૂખ્યાને ન ખવાય એવું શું હોય? ખલ પુરુષને ન બોલવા યોગ્ય એવું શું હોય? કલ્પવૃક્ષને ન દેવા યોગ્ય શું હોય? વૈરાગીને ન ત્યજવા યોગ્ય શું હોય? અને મને ન જીતવા જેવું શું છે? તો પછી હું ત્યાં જાઉં, એનું પરાક્રમ જોઉં અને એને પરાજિત કરૂં, એમ કરવાથી હું ત્રિલોક વિજેતા કહેવાઇશ.

એ રીતે વિચાર કરતો ઇન્દ્રભૂતિ પ્રભુ જ્યાં બિરાજમાન હતા ત્યાં આવીને સમવસરણના પગથિયાં ચઢતો છતો વીરપ્રભુને ચોત્રીશ અતિશયોથી શોભતા, સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા, દેવમનુષ્યોથી પરિવરેલ., અમૃત જેવી વાણીથી ઉપદેશ આપતા જોઇને સ્તબ્ધ થઇ જાય છે, અને વિચારે છે "શું આ બ્રહ્મા છે કે વિષ્ણુ છે કે શંકર છે?" અથવા તો ચંદ્ર છે! ના એ ચંદ્ર તો નથી ચંદ્રમાં તો કલંક છે, તેમ સૂર્ય પણ નથી સૂર્ય તો તીવ્ર તેજવાળો હોવાથી તેની સામે જોઇ પણ શકાતું નથી, તેમ આ મેરુ પણ નથી મેરુ તો અતિશય કઠણ છે, વળી આ કૃષ્ણ નથી કૃષ્ણ તો શ્યામ વર્ણના છે. તો એ બ્રહ્મા [illegible]

સકલ દોષરહિત સર્વ ગુણસંપન્ન એવા વીર કરે છે. ... મેં મેળવેલી કીર્તિ હવે શી રીતે રહેશે? એક ખીલીને માટે આખા મહેલને તોડવા જેવી મેં મૂર્ખાઈ કરી છે, એકને ન જીત્યો તો તેથી મારૂં શું બગડવાનું હતું? હવે જગત વિજેતા તરીકેનું મારૂં બિરૂદ કેમ રહેશે? અરે, મેં અવિચાર્યું કાર્ય કરેલ છે જે હું વિશ્વના ઈશને જીતવા અહીં આવેલ છું. હવે એમની સમક્ષ હું કેમ બોલી શકીશ? એમની પાસે કેવી રીતે જઈને ઉભો રહીશ? અરે, હું સંકટમાં આવી ગયો છું, મારા યશનું હવે શંકર રક્ષણ કરો. જો હું કોઇ ભાગ્યયોગથી આમને પણ જીતી જાઉં તો હું ત્રણે જગતમાં અદ્વિતીય વિદ્વાન ગણાઉં, આવું ચિંતવતા ઇન્દ્રભૂતિને અમૃત જેવી મધુર વાણીથી પ્રભુએ હે ગૌતમ ઇન્દ્રભૂતિ! તું ભલે આવ્યો, કુશળતાથી તો આવ્યો છે ને? એ રીતે બોલાવ્યો. તે સાંભળી પોતાના ગોત્રસહિત નામથી બોલાવે છે તેથી શું એ મારૂં નામ અને ગોત્ર પણ જાણે છે? વળી એને થયું કે અરે, ત્રણ જગતમાં પ્રસિદ્ધ એવા મારા નામને કોણ ન જાણે? સૂર્યને બધા ઓળખે એમાં નવાઈ શી? પરંતુ જો આ મારા મનના સંદેહને જાણે તો હું એમને ખરા સર્વજ્ઞ માનું.

ઇન્દ્રભૂતિ વિચારે છે એટલામાં વીરપ્રભુએ કહ્યું કે હે ઇન્દ્રભૂતિ! તને શું જીવનો સંશય છે? તું શું વેદના પદનો અર્થ નથી જાણતો? એમ કહીને જાણે સમુદ્રમંથનનો કે ગંગાનદીના પૂરનો ગંભીર ધ્વનિ થતો હોય એવા ગંભીર ધ્વનિવાળા સ્વરથી પ્રભુએ કહ્યું કે "વિજ્ઞાનઘન એવૈતેભ્યો ભૂતેભ્યઃ સમુત્થાય તાન્યેવાનુ વિનશ્યતિ ન પ્રેત્ય સંજ્ઞાઽસ્તિઇતિ" હે ઇન્દ્રભૂતિ! તું પ્રથમ આ વેદ પદોનો એવો અર્થ કરે છે કે, "વિજ્ઞાનઘન એટલે ગમનાગમન ચેષ્ટાવાળો આત્મા, જેમ મદિરાને યોગ્ય વસ્તુઓને ભેગી થતાં મદિરા બની જાય છે અને તેમાં મદ (નશો) પેદા થાય છે તેમ આત્મા, પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશરૂપ પાંચ ભૂતથી ઉત્પન્ન થઇને પાણીમાંથી ઉત્પન્ન થયેલ પરપોટો ફૂટીને એ પાણીમાં જ વિલય પામે છે તેમ તે આત્મા એ પાંચ ભૂતોમાંજ નાશ પામે છે. તેથી પાંચ ભૂતથી આત્મા જુદો ન હોવાથી મરીને કોઇપણ ફરી જન્મ લેતો નથી. એટલે પરલોક નથી એવો તું અર્થ કરે છે તે અર્થ બરાબર

૧૯૫. અને શ્રી વીરપ્રભુને કેવલજ્ઞાન [illegible]
કેવલજ્ઞાન પ્રાપ્તિ પછી ચાર વર્ષે મુક્તિમાં જવાનો પ્રારંભ થયો એ પર્યાયાંતકૃત ભૂમિ જાણવી.

તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ ત્રીશ વર્ષ સુધી ગૃહવાસમાં રહી તથા બારવર્ષથી કાંઇક અધિક સમય છદ્મસ્થ મુનિપણે રહીને કાંઇક ઓછા એટલે છમાસ ઓછા ત્રીશવર્ષ સુધી કેવલી પર્યાય પાળીને એટલે બેંતાલીશ વર્ષ સુધી ચારિત્ર પર્યાય પાળીને, સર્વ મળીને બોંતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને ભવોપગ્રાહી એવા વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિકર્મોનો ક્ષય કરીને આ અવસર્પિણી કાળનો દુષમસુષમ નામનો ચોથો આરો ઘણો વીતી ગયો એટલે ત્રણવર્ષ અને સાડાઆઠ માસ બાકી રહ્યા છે ત્યારે મધ્યમ અપાપા નગરીમાં હસ્તિપાલ રાજાના કારકુનની સભામાં બીજો કોઈ મોક્ષે જનાર સાથે ન હોવાથી એકલાજ છઠ્ઠભક્ત એટલે છ ટંકના ભોજન પાણી ત્યાગ કરીને એટલે છઠ્ઠતપ કરીને સ્વાતિનક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થયે છતે ચાર ઘડી રાત્રિ બાકી રહી હતી ત્યારે પદ્માસને બેઠેલા ભગવાન કલ્યાણફલ વિપાકના પંચાવન અધ્યયનોને તથા પાપ ફળ વિપાકના પંચાવન અધ્યયનોને અને છત્રીસ નહીં પૂછાયેલા એટલે અપૃષ્ટવ્યાકરણ એવા અધ્યયનો કહીને પ્રધાન નામના એક મરૂદેવા અધ્યયનને ભાવતા ભાવતા મોક્ષને પામ્યા. સંસારથી છૂટયા, સમ્યક્પ્રકારે ઉપર ઉર્ધ્વગતિને પામ્યા. જન્મ, જરા, અને મરણનાં બંધનો છેદી સિધ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, સર્વકર્મનો અંત કરનાર થયા અને સર્વ સંતાપથી રહિત થયા, સર્વ દુઃખોથી મુક્ત થયા.

સર્વ દુઃખોથી મુક્ત થયેલા એવા શ્રી મહાવીર પ્રભુને મોક્ષમાં ગયે નવસો વર્ષ થયા અને દશમા સેંકડાનો આ એંસીમો સંવત્સર જાય છે. એટલે નવસો એંસીમા વર્ષે કલ્પસૂત્રાદિ સર્વ શાસ્ત્રો દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે લખાવ્યાં છે અને આ કલ્પસૂત્રનું સભામાં વાંચન નવસોત્ર્યાણુમા વર્ષે થયું છે.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુનું ચરિત્ર સમાપ્ત.

ઇતિ કલ્પસૂત્રનું છઠ્ઠુ વ્યાખ્યાન સમાપ્ત.



પોતાના ભાઇ તાપસને

એ મારથી મરુભૂતિ જે પાર્શ્વનાથનો જીવ તે મૃત્યુ પામ્યો. ઇતિ પ્રથમ ભવ.

બીજે ભવે મરુભૂતિ વિંધ્યાચળની અટવીમાં સુજાતક નામે હાથી થયો. અને કમઠ મરીને પક્ષીની જેમ ઉડતો એવો કુર્કુટ નામે સર્પ થયો, કોઇ વખતે અરવિંદ રાજર્ષિ વિંધ્યાચળની અટવીમાં આવ્યા. તેમણે મરુભૂતિને હાથી થયેલ જાણી ધર્મોપદેશ દીધો તેથી પ્રતિબોધ પામી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી પૂર્વભવ જોયો અને બારવ્રત સ્વીકાર્યા પછી તે હાથી મુનિને પગે લાગી ચાલ્યો ગયો. કુર્કુટ સર્પે હાથીને જોયો અને વેરભાવ ઉત્પન્ન થવાથી હાથીના મસ્તક ઉપર ડંખ માર્યો તેથી હાથી શુભ ધ્યાનથી મરણ પામ્યો ઇતિ બીજો ભવ.

મરુભૂતિનો જીવ ત્રીજે ભવે આઠમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો અને કુર્કુટ સર્પ મરીને પાંચમી નરકે નારકી થયો. ઇતિ ત્રીજો ભવ.

ચોથા ભવે મરુભૂતિનો જીવ દેવલોકથી ચ્યવી આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં સુકચ્છવિજયમાં વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણીમાં તિલવતી નગરીમાં કિરણવેગ નામે રાજા થયો, વૈરાગ્ય પામી એ રાજાએ દીક્ષા લઇ અનુક્રમે વિચરતાં વૈતાઢ્યપર્વતના હેમશૈલ શિખર ઉપર કાયોત્સર્ગ કર્યો. ત્યાં કમઠનો જીવ પાંચમી નરકનાં અસહ્ય દુઃખ ભોગવી ત્યાંથી નીકળી એ જ વૈતાઢ્ય પર્વત ઉપર સર્પ થયો હતો તે ત્યાં આવ્યો, એ સર્પે મુનિને જોઇ પૂર્વના વેરથી મુનિના પગમાં ડંખ માર્યો. મુનિ તેથી શુભધ્યાને મરણ પામ્યા. ઇતિ ચોથો ભવ.

પાંચમે ભવે મરુભૂતિનો જીવ બારમા અચ્યુત દેવલોકમાં દેવ થયો અને તે કમઠનો જીવ સર્પ, મુનિનો ઘાત કરી પાંચમી નરકે ગયો. ઇતિ પાંચમો ભવ.

છઠ્ઠે ભવે મરુભૂતિનો જીવ બારમા અચ્યુત દેવલોકથી ચ્યવીને આ જંબૂદ્વિપના પશ્ચિમ મહાવિદેહમાં ગંધિલાવતી વિજયમાં શુભંકરા નગરીમાં વજ્રનાભ નામનો રાજા થયો. ત્યાં શ્રી ક્ષેમંકર તીર્થંકર પ્રભુ પધાર્યા, રાજા તેમની પાસે જઇ વંદના કરી દેશના સાંભળીને પ્રતિબોધ પામી દીક્ષિત થયો. પછી

કરતો છતો લોકમાં પ્રસિદ્ધિને પામ્યો.

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુ માતાના ગર્ભમાં પણ ત્રણજ્ઞાન સહિત હતા, હું સ્વર્ગથી ચ્યવીશ એમ પ્રભુ જાણતા હતા. પરંતુ ત્યાંથી ચ્યવતાં પ્રભુ નથી જાણતા અને હું સ્વર્ગથી ચ્યવી ગયો છું એમ જાણે છે. અહીં પ્રથમ મહાવીર પ્રભુના વૃત્તાંતમાં જણાવ્યા પ્રમાણેજ સ્વપ્નદર્શન સ્વપ્નફળ, પ્રશ્ન વગેરે યાવત્ ત્રિશલાદેવીના સ્થાને વામાદેવી પોતાના વાસઘરમાં આવી, સુખપૂર્વક તે ગર્ભનું પાલન કરે છે. એ બધું જાણવું.

તે કાળ અને તે સમયમાં પુરુષાદાનીય શ્રીપાર્શ્વનાથ અરિહંત જે આ શિયાળાનો બીજો માસ અને ત્રીજો પક્ષ એટલે પોષકૃષ્ણપક્ષ. તે પોષકૃષ્ણ પક્ષની દશમીને દિવસે નવ માસ બરાબર પૂર્ણ થયા અને ઉપર સાડાસાત રાત્રિ દિવસ ગયા ત્યારે મધ્યરાત્રિએ વિશાખા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે જન્મ્યા અર્થાત એ સમયે આરોગ્યવાળી એવી વામાદેવીએ આરોગ્યવાન એવા પુત્રને જન્મ આપ્યો. જે રાત્રિએ પુરુષાદાનીય શ્રીપાર્શ્વનાથ પ્રભુ જન્મ્યા તે રાત્રિ ઘણા દેવદેવીઓ વડે જાણે અત્યંત વ્યાકુળ થઇ હોય એવી તથા શબ્દો વડે કોલાહલવાળી થઇ હોય તેમ પ્રકાશમય થઈ.

શ્રી પાર્શ્વનાથનો જન્માભિષેક, જન્મમહોત્સવ વગેરે પ્રથમ શ્રી મહાવીરદેવના એ પ્રસંગમાં જણાવી ગયા તે પ્રમાણે જાણવું. પરંતુ મહાવીરદેવને સ્થાને પાર્શ્વનાથનું નામ જાણવું. આ કુમારનું પાર્શ્વનાથ નામ થાઓ ત્યાં સુધી જાણવું. વામાદેવીએ પાર્શ્વનાથ ગર્ભમાં આવ્યા બાદ એક વખત શય્યામાં સુતી વખતે પોતાની પાસેથી કાળો નાગ જતો જોયો હતો તેથી પ્રભુનું નામ પાર્શ્વ રાખ્યું.

પુરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુ દક્ષ, દક્ષપ્રતિજ્ઞાવાળા, ઉત્તમરૂપવાળા, સર્વગુણયુક્ત, ભદ્ર, અને વિનયવાળા હતા. પાંચધાવમાતાઓથી પાલન કરાઇ, બીજના ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામી માતાપિતાને આનંદ ઉપજાવી પ્રભુ યૌવનવયને પામ્યા. એ વખતે કુશસ્થળ નગરના પ્રસેનજિત રાજા ઉપર મલેચ્છલોકો ચઢી આવ્યા હતા એ રાજાની સહાય માટે વિનંતિ આવતાં અશ્વસેન રાજા ત્યાં જવાની

[illegible] કરવા જવા તૈયાર થયા. એ જાણી ઇન્દ્રે [illegible] ઉપર બેસીને પાર્શ્વકુમાર આકાશમાર્ગે જઇ [illegible] પ્રભુને જોઇને ભાગી ગયા. પછી પ્રસેનજિત [illegible] અને ઉત્સવપૂર્વક નગર પ્રવેશ કરાવીને તેમની ઘણી [illegible] નવ હાથ પ્રમાણ, નીલવર્ણ કાન્તિથી ચમકતા શરીરવાળા, [illegible] લક્ષણને ધારણ કરનારા, મહાસૌંદર્ય યુક્ત કાંતિને ધારણ કરનારા [illegible] ઉપર રાગ ઉત્પન્ન થયો. તે જાણી પ્રસેનજીત રાજાએ પાર્શ્વકુમારને [illegible] સાથે લગ્ન કરવાનો અતિશય આગ્રહ કર્યો, જો કે પાર્શ્વકુમારને ઇચ્છા ન હતી [illegible] જાણીને આગ્રહવશ બની પાર્શ્વકુમાર પ્રભાવતીને પરણીને વારાણસી નગરીએ [illegible] વખતે કમઠ નામે તાપસ એ નગરીની બહાર ગંગા નદીને કાંઠે અગ્નિકુંડ કરી તપ કરતો [illegible] તે જાણીને નગરજનો તાપસના દર્શન કરવા જવા લાગ્યાં. મહેલના ઝરૂખામાં બેઠેલા પાર્શ્વકુમારે [illegible] કરી કમઠનો વૃત્તાંત જાણ્યો અને પોતે પણ ત્યાં જઇ અવધિજ્ઞાનથી જોયું તો તાપસે સળગાવેલ [illegible]માં બળતા નાગને જોઇને કહ્યું, "આ અજ્ઞાનકષ્ટ છે. આમાં તત્ત્વ કાંઇ નથી તેથી "હે તાપસ! તું [illegible] આત્માને સંતાપે છે." તે સાંભળી ક્રોધિત થયેલા તાપસે કહ્યું, "રાજપુત્રને તપજપની શી [illegible] હોય? એ તો હાથીઘોડાઓને દોડાવે, જપતપની વાતો તો યોગીઓ જાણી શકે કે જીવદયા પણ [illegible]." યોગીનાં આવાં વચનો સાંભળી અગ્નિકુંડમાંથી અર્ધબળતું લાકડું કઢાવી તેને ફોડાવી [illegible] નાગ તેમાંથી કઢાવી ને સર્પને સેવકના મુખથી નવકાર મંત્ર સંભળાવ્યો. પછી સર્પ શુભ [illegible] મરીને ધરણેન્દ્રનામનો ભવનપતિ દેવોમાં નાગેન્દ્ર થયો. અગ્નિકુંડમાંથી સર્પ નીકળેલો જોઇને [illegible] નિંદા અને પાર્શ્વકુમારની પ્રશંસા કરતા તાપસને મૂકીને ચાલ્યા ગયા. માનભ્રષ્ટ [illegible] ભવનપતિ દેવોમાં [illegible]



કમઠ પંચાગ્નિ તપ કરે છે, ત્યાં પાર્શ્વનાથનું આવવું

૭


પ્રભુનું, જાનનું અને પરણ્યા વિના રાજીમતીના ત્યાગનું તેમજ દીક્ષા ગ્રહણ કરવાનું મન થયું. [illegible]
વૈરાગ્ય વિશેષ જાગૃત થયો તે સમયે લોકાંતિક દેવોએ પ્રભુ પાસે આવી પૂર્વે કહેલ પૂર્ણ વિશેષગુણોવાળી વાણીથી કહ્યું કે "હે ભગવાન્! તમો જયવંતા વર્તો, "હે સમૃદ્ધિમાન! તમો જયવંતા વર્તો, "હે કલ્યાણ કરનારા! તમો જયવંતા વર્તો. એમ કહી જય જય શબ્દ કર્યો અને ધર્મતીર્થ પ્રવર્તાવવાની વિનંતિ કરી. પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુને મનુષ્ય યોગ્ય ગૃહસ્થધર્મની પહેલાં પણ અનુપમ અને ઉપયોગ હોવાથી જાણી શકાય એવું અવધિજ્ઞાન હતું. તે જ્ઞાનનો ઉપયોગ દઈ પ્રભુએ પોતાની દીક્ષાનો અવસર જાણીને સાંવત્સરિક દાન આપ્યું. વગેરે પહેલાં કહેવાઇ ગયેલ શ્રી મહાવીર પ્રભુના ચરિત્રમાં આવેલ વર્ણન પ્રમાણે દ્રવ્ય ગોત્રીઓને વહેંચી આપ્યું ત્યાં સુધી સમજવું.

પછી જે આ શિયાળાનો બીજો માસ અને ત્રીજું પખવાડિયું એટલે પોષ કૃષ્ણ પક્ષ તેની અગીઆરસના દિવસે પહેલા પહોરે વિશાળાનામે શિબિકામાં બેસીને માનવ, દેવ તેમજ અસુરોનો સમૂહ માર્ગમાં જેમની આગળ ચાલી રહેલ છે, તેવા પ્રભુનો દીક્ષા નિષ્ક્રમણ મહોત્સવ, દીક્ષા પ્રયાણ વગેરે મહાવીરદેવના વૃત્તાંતની જેમ જાણવું. પરંતુ વારાણસી નગરીની મધ્ય ભાગથી નીકળીને આશ્રમપદ નામે ઉદ્યાનમાં આવ્યા એમ સમજવું. ત્યાં અશોકવૃક્ષ નીચે પાલખીમાંથી ઊતરી પોતાની મેળેજ આભૂષણોને ઉતારીને પોતાના હાથે પંચમુષ્ટિ લોચ કરી જલપાન વિનાનું અઠ્ઠમતપ કરી વિશાખા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે ઈન્દ્રે ખભા ઉપર રાખેલ એક દેવદૂષ્ય વસ્ત્ર લઇ ત્રણસો પુરુષોની સાથે દીક્ષા લઇ શ્રી પાર્શ્વનાથ પ્રભુ સાધુપણાને પામ્યા.

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચ્યાશી દિવસ સુધી પોતાના શરીરને વોસિરાવી એટલે શરીર ઉપરની મમતા ત્યજીને રહ્યા અને જે કોઈ દેવકૃત, મનુષ્યકૃત કે તિર્યંચકૃત અનુકૂળ કે, પ્રતિકૂળ ઉપસર્ગો થયા તેને સારી રીતે સહન કર્યા, ભોગવ્યા, ખમ્યા અને નિર્ભય પણે સહયા, તેમાં કમઠ મરીને મેઘમાલીદેવ થયો હતો તે દેવે કરેલ ઉપસર્ગો આ પ્રમાણે છે. ચારિત્ર લીધા પછી વિહાર કરતા પ્રભુ

કોઈ તાપસના આશ્રમ પાસે આવ્યા, ત્યાં રાત્રે એક કૂવાની સમીપમાં વડ વૃક્ષ નીચે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા, આ વખતે મેઘમાલી દેવે અવધિજ્ઞાનથી જોયું તો પાર્શ્વપ્રભુને ત્યાં જોયા. પૂર્વવૈરથી ત્યાં આવી એ દેવે વેતાલના, વીંછીના, સર્પના, સિંહના, હાથીના અને બીજા પણ અનેક જાતના રૂપો વિકુર્વીને ઉપસર્ગો કરવા માંડ્યા. તે ઉપસર્ગોથી પ્રભુ જરાપણ ધ્યાનથી ડગ્યા નહીં એટલે તે દેવે ગર્જના કરી કલ્પાંત કાળ જેવો વાયુ વિકુર્વી ધૂળ વૃષ્ટિ કરીને પાર્શ્વપ્રભુના આંખ, કાન, નાક પૂરીને શ્વાસ રૂંધી નાંખ્યો, પછી મેઘ વિકુર્વીને મુશળધારાથી વરસાદ વરસાવ્યો તથા બ્રહ્માંડ તૂટી જાય તેવી ગર્જના કરવા લાગ્યો. ક્ષણવારમાં તે વરસાદનું પાણી પ્રભુના કંઠ સુધી પહોંચી આવ્યું, અને દેવના પ્રભાવથી તે પાણી ચારેબાજુ વધારે પ્રસર્યું નહીં, ત્યાં જ વધવા માંડ્યું, આ સમયે ધરણેન્દ્રનું આસન કંપ્યું તેથી અવધિજ્ઞાનનો ઉપયોગ દેવાથી ઈન્દ્રે પાર્શ્વપ્રભુનો ઉપસર્ગ જાણ્યો. અને સપરિવાર તરત પ્રભુ પાસે આવીને પ્રભુના મસ્તક ઉપર ફણાછત્ર ધારી રહ્યો તથા પદ્માવતી દેવીએ પ્રભુના પગની નીચે પદ્મકમળની રચના કરી. એ રીતે ત્રણ દિવસ સુધી અખંડ જુગ મુશળ-ધારાએ મેઘને વરસતો જોઈ અવધિજ્ઞાનથી તેનું કારણ ઈન્દ્રે જોયું તો મેઘમાલી દેવને વરસાદ વરસાવતો જોયો, ત્યારે ધરણેંદ્રે કહ્યું કે, "અરે દુષ્ટ ! આ પ્રભુ ઉપર આટલો ક્રોધ? ક્ષમાસાગર એ પ્રભુ તો સહન કરશે પણ હું સહન નહીં કરૂં, એમ કહી ધરણેંદ્રે મેઘમાલી પર વજ્ર ફેંક્યું. તેથી અત્યંત ભયભીત થઈ પ્રભુ પાસે આવી પોતાનો અપરાધ વારંવાર ખમાવીને તે મેઘમાલી પ્રભુના ચરણનું શરણું લઇને રહ્યો, ત્યારે ધરણેન્દ્રે તેને કહ્યું "અરે દુષ્ટ તેં પ્રભુનું શરણ લીધું છે એટલે તને મૂકું છું, એમ કહીને વજ્ર લઈ તેને છોડી દીધો. ધરણેન્દ્ર વંદના કરી પોતાના સ્થાને ગયો, મેઘમાલી પણ પોતાના દશ ભવના વૈરને ખમાવી પ્રભુ આગળ ભક્તિ નૃત્ય કરી પોતાને સ્થાને ચાલ્યો ગયો.

આ રીતે દેવ, મનુષ્ય અને તિર્યંચોએ કરેલા ઉપસર્ગો ...



કમઠ પાર્શ્વનાથ ભગવાનને જલ વડે ઉપસર્ગ કરે છે.



ધરણેન્દ્ર તથા પદ્માવતી આવીને પ્રભુ પાર્શ્વનાથનો ઉપસર્ગ નિવારે છે.

સહિત વિશાખા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે [illegible]
અવિનાશી અનુપમ એવા ઉત્તમ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયાં.

પછી સર્વ જીવોને બચાવતા અને નેતા એવા શ્રી પાર્શ્વપ્રભુ [illegible] ઉપદેશથી ઉપકાર કરતા પૃથ્વીને પાવન કરતા વિચરવા લાગ્યા. પુરુષાદાનીય શ્રીપાર્શ્વનાથ અરિહંતને આઠ ગણો અને આઠ ગણધરો હતા. તે ગણધરો શુભ, આર્યઘોષ, વશિષ્ઠ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીરભદ્ર અને યશસ્વી એ નામના હતા.

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ અરિહંતને આર્યદિન્ન વગેરે સોળ હજાર સાધુઓની–ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા હતી. પુષ્પચૂલા વગેરે આડત્રીસ હજાર સાધ્વીઓની ઉત્કૃષ્ટ સાધ્વી સંપદા હતી. સુવ્રત વગેરે એક લાખ અને ચોસઠ હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રાવક સંપદા હતી અને સુનંદા વગેરે ત્રણ લાખ સત્તાવીસ હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રાવિકાસંપદા હતી. તથા કેવલી નહીં પણ કેવલીની જેમ સર્વાક્ષરસન્નિપાતી સાડાત્રણસો ચૌદપૂર્વધારી મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. વળી ચૌદસો અવધિજ્ઞાની-ઓની, એક હજાર કેવળજ્ઞાનીઓની, અગીયારસો વૈક્રિયલબ્ધિવાળા મુનિઓની, છસો મનઃપર્યવ-જ્ઞાનીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. તથા એક હજાર સાધુઓ સિદ્ધિપદને પામેલા અને બે હજાર સાધ્વીઓ સિદ્ધિપદને પામી હતી. વળી આઠસો વિપુલમતિઓની, છસો વાદીઓની અને બારસો અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા મુનિઓની સંપદા હતી.

પુરુષાદાનીય શ્રીપાર્શ્વનાથ અરિહંતની બે પ્રકારની અંતકૃતભૂમિ, એટલે મુક્તિમાં જનારાઓની મર્યાદા હતી, એક યુગાન્તકૃત ભૂમિ અને બીજી પર્યાયાન્તકૃત ભૂમિ. તેમાં શ્રીપાર્શ્વનાથ પ્રભુથી માંડીને ચોથા પટ્ટધર પુરુષ સુધી મુક્તિ માર્ગ ચાલ્યો તે યુગાન્તકૃત ભૂમિ અને શ્રી પાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન થયા પછી ત્રણ વર્ષે કોઈ મુનિ મોક્ષે ગયા તે પર્યાયાંતકૃતભૂમિ જાણવી.

૩૯૫. પુરુષાદાનીય શ્રીપાર્શ્વનાથ અરિહંત ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહી વ્યાશી રાત્રિ દિવસ છદ્મસ્થ અવસ્થામાં રહી તથા વ્યાશી દિવસ ઓછા સિત્તેર વર્ષ સુધી કેવલી પર્યાય પાળીને એમ પૂર્ણ સિત્તેર વર્ષ સુધી ચારિત્રપર્યાય પાળીને એ રીતે સંપૂર્ણ એકસો વર્ષનું આયુષ્ય પાળીને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ એમ ચારે અઘાતિકર્મોનો ક્ષય કરી આ અવસર્પિણીનો દુષમસુષમ નામનો ચોથો આરો ઘણો વ્યતીત થયે છતે જે આ ચોમાસાનો પહેલો માસ અને બીજો પક્ષ એટલે શ્રાવણ શુક્લ પક્ષ, એ પક્ષની અષ્ટમીના દિવસે શ્રીસમેતશિખર નામના તીર્થરૂપ પર્વતના શિખર ઉપર પોતાના સહિત ચોત્રિશ એટલે બીજા તેત્રીશ શ્રમણોની સાથે પાણી વગરના [illegible] વિશાખા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે સવારના સમયે બન્ને [illegible] ધ્યાનથી મોક્ષે ગયા. સંસારથી નિવૃત્ત થયા. સર્વ દુઃખોથી મુક્ત થયા. એ પ્રભુના [illegible] અને પદ્માવતી યક્ષિણી હતાં.

પુરુષાદાનીય શ્રીપાર્શ્વનાથ અરિહંતને મોક્ષે ગયાને બારસો વર્ષ ગયાં અને [illegible] ત્રીશમું વર્ષ જાય છે. ત્યારે આ સૂત્રપુસ્તકો લખાયાં છે ઇતિ. પાર્શ્વનાથ ચરિત્ર [illegible]

હવે શ્રી નેમીનાથ પ્રભુનું ચરિત્ર કહેવાય છે.

તે કાળ અને તે સમયને વિષે શ્રી નેમિનાથ પ્રભુનાં પાંચ કલ્યાણક [illegible] ચિત્રા–નક્ષત્રમાં દેવલોકથી ચ્યવીનેગર્ભમાં આવ્યા, ચિત્રાનક્ષત્રમાં જન્મ્યા, ચિત્રા નક્ષત્રમાં [illegible] ચિત્રા નક્ષત્રમાં કેવલજ્ઞાન પામ્યા અને મોક્ષ પણ ચિત્રા નક્ષત્રમાંજ પામ્યા.

શ્રી નેમિનાથ પ્રભુ તે કાલ અને તે સમયે જે આ ચોમાસાનો ચોથો માસ અને [illegible] એટલે કાર્તિક માસ (ગુજરાતી આસો માસ) કૃષ્ણપક્ષ તેની બારસે બત્રીસ સાગરોપમની સ્થિતિવાળા અપરાજિત વિમાનમાંથી અંતરરહિત ચ્યવીને આ જંબૂદ્વિપના ભરત ક્ષેત્રમાં શૌર્યપુરનગરમાં સમુદ્ર- વિજય રાજાની શિવાદેવી નામે રાણીના ઉદરમાં મધ્યરાત્રિના સમયે ચિત્રાનક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત

[illegible]



શ્રી તીર્થંકર નેમનાથ ભગવાન

શ્રાવણ શુક્લપક્ષ તેની પંચમીના દિવસે નવ માસ પરિપૂર્ણ થયે ચિત્રા નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયે છતે આરોગ્યવાળાં એવાં શિવાદેવીએ આરોગ્યવાળા એવા પુત્રને જન્મ આપ્યો. અહીં જન્મમહોત્સવ અને જન્માભિષેક મહાવીર પ્રભુના જન્મવૃત્તાંતમાં કહેલ છે તે રીતે અહીં જાણવું. જન્મમહોત્સવ સમુદ્રવિજય રાજાએ કર્યો અને આ બાળક કુમારનું નામ અરિષ્ટનેમિ પાડ્યું ત્યાં સુધી અહીં જાણવું.

શ્રી નેમિપ્રભુ ગર્ભમાં હતા ત્યારે શિવાદેવીએ સ્વપ્નમાં [illegible] જોઈ હતી તે કારણથી પિતાએ તે બાળકનું નામ અરિષ્ટનેમિ રાખ્યું. [illegible] છે. કોઈ વખતે યુવાન અવસ્થામાં આવેલા શ્રીનેમિકુમારને શિવાદેવી માતાએ કહ્યું કે, હે પુત્ર ! તું પરણીને અમારા મનોરથોને પૂર્ણ કર.

એક વખત નેમિકુમાર મિત્રોની પ્રેરણાથી ફરતા ફરતા શ્રીકૃષ્ણવાસુદેવની આયુધશાળામાં આવ્યા. ત્યાં તેમણે મિત્રના કહેવાથી આંગળીના અગ્રભાગ વડે કુંભારના ચાકની જેમ ચક્રને ફેરવ્યું, કમળના નાળની જેમ શાર્ઙ્ગ ધનુષ્યને વાળ્યું, લાકડીની જેમ કૌમુદીગદાને ઉપાડી અને પાંચજન્ય શંખ લઈને વગાડ્યો, જ્યારે પ્રભુએ શંખ વગાડ્યો ત્યારે હાથીઓ આલાન સ્તંભોને ઉખેડી નાખીને ભાગવા લાગ્યા. તેમજ ઘોડાઓ બંધન તોડી અશ્વશાળામાંથી ભાગવા લાગ્યા. સકળ નગર વ્યાકુળ થવાની સાથે બહેરાશને અનુભવતું થયું. આવો શંખનો ભયંકર શબ્દ સાંભળી શત્રુ ઉત્પન્ન થયો શું ? એવી શંકાથી શ્રીકૃષ્ણ આયુધશાળામાં દોડી આવ્યા, ત્યાં નેમિકુમારને જોવાથી શ્રીકૃષ્ણે કહ્યું, આપણે બન્ને જણ આપણા બાહુબળની પરીક્ષા કરીએ. પછી મલ્લકુસ્તીશાળામાં શ્રીકૃષ્ણ નેમિકુમારને તેડી ગયા. ત્યાં નેમિકુમારે શ્રીકૃષ્ણને કહ્યું આપણે મલ્લોની જેમ જમીન પર આળોટીએ તે બરાબર નથી. તેથી આપણે બન્ને એકબીજાની લાંબી કરેલ ભુજાને વાળીએ, કૃષ્ણે તેનો સ્વીકાર કરી પોતાની ભુજા લાંબી કરી. નેમિકુમારે તે ભુજાને કમળના નાળની જેમ તરત વાળી દીધી. પછી શ્રીનેમિકુમારે પોતાની ભુજા લાંબી કરી. શ્રીકૃષ્ણે તેને વાળવા ઘણા પ્રયત્ન કર્યા, ખૂબ બળ વાપર્યું પરંતુ લોઢાની જેમ તે વાળી

શકાઇ નહીં એથી ખેદ પામેલા શ્રીકૃષ્ણે વિચાર્યું કે, બળવાન એવા શ્રી નેમિકુમાર મારૂં રાજ્ય લઈ લેશે. પછી શ્રી કૃષ્ણ, બળભદ્ર સાથે એકાંતમાં ચર્ચા કરવા લાગ્યા. કે આપણે હવે શું કરવું ? નેમિકુમાર બળવાન છે. ત્યારે આકાશવાણી થઇ કે, "હે કૃષ્ણ ! પૂર્વે શ્રી નમિનાથ પ્રભુએ કહેલ છે કે અરિષ્ટનેમિ કુમાર અવસ્થામાંજ દીક્ષા લઈ બાવીશમા તિર્થંકર થશે. તે સાંભળી નિશ્ચિત બનેલા શ્રી કૃષ્ણે નેમિકુમારને સાથે લઇ અને અંતઃપુરની રાણીઓ સહિત જલક્રીડા કરવા માટે તળાવમાં પ્રવેશ કર્યો. ત્યાં શ્રીકૃષ્ણે નેમિકુમારને જલસિંચનાદિ કરીને પોતાની રાણીઓને પણ તેમ કરવાનું કહ્યું, અને નેમિકુમાર સાથે નિઃસંકોચપણે જલક્રીડા કરી વિવાહની ભાવના કરાવવી એમ કહ્યું. એ સાંભળી કેટલીક સ્ત્રીઓ તેમને પરાગના પાણી છાંટવા લાગી, કેટલીક પુષ્પના દડાઓ છાતીમાં મારવા લાગી, કેટલીક તીક્ષ્ણ કટાક્ષથી જોઈ મર્મભેદિ વચનો કહેવા લાગી, કેટલીક કામકલાના વિલાસો બતાવી આનંદ અનુભવવા લાગી. પછી તે બધી સ્ત્રીઓ એકી સાથે જલ સિંચનથી પ્રભુને વ્યાકુળ કરવા લાગી, ત્યારે આકાશવાણી થઇ કે, "અરે સ્ત્રીઓ ! મેરૂપર્વત ઉપર ચોસઠ ઇન્દ્રોએ દેવો સહિત ભેગા મળીને એક યોજનના મુખવાળા હજારો ઘડાઓ વડે બાલ્યાવસ્થાવાળા નેમિકુમારનો અભિષેક કર્યો હતો ત્યારે એ તદ્દન બાળક અવસ્થામાં પણ વ્યાકુળ થયા ન હતા તો હમણાં આ યુવાનીમાં શું તમારા જલ-સિંચનની ક્રીડાઓથી વ્યાકુળ થશે ? એ માટે તમારો પ્રયાસ નિષ્ફળ સમજશો. એ સાંભળી વિસ્તારથી જલક્રીડા કરી તળાવને કાંઠે સુવર્ણ સિંહાસન ઉપર શ્રી નેમિકુમારને બીરાજમાન કરી બધી સ્ત્રીઓ તેમની ચારે બાજુ બેસી ગઇ. ત્યાર બાદ રુક્મિણીએ કહ્યું કે હે નેમિકુમાર ! તમો આજીવિકાના કાયરપણાથી વિવાહ કરતા નથી તે બરાબર નથી, તમારા ભાઈ બત્રીસ હજાર સ્ત્રીઓને પરણીને પણ પાળે છે તો તમારી પણ આજીવિકા ચલાવશે. પછી સત્યભામાએ કહ્યું કે, ઋષભદેવાદિ તીર્થંકરોએ વિવાહ કરેલ, રાજ્ય પણ કરેલ અને દીક્ષા પણ લીધી તથા મોક્ષે પણ ગયા છે તો તમો તો તેમનાથી જુદી જાતનાજ [illegible] અરિષ્ટનેમિ ! વિવાહ કરી [illegible] તમારા બંધુઓના



શ્રીકૃષ્ણ વાસુદેવ શંખનાદ સાંભળી આશ્ચર્ય અનુભવે છે અને શંખનાદ કોણે કર્યો તેની તપાસ કરાવે છે.

મોક્ષે પણ ગયા છે. પછી પદ્માવતીએ કહ્યું કે, પત્ની વિના પુરૂષની શોભા નથી અને પત્ની વિનાના પુરૂષનો કોઈ વિશ્વાસ કરતું નથી તેમ પત્ની વિનાનો પુરૂષ અપમાનિત પણ થાય છે. ગાંધારીએ કહ્યું, પત્ની વિના યાત્રા, ઉત્સવ, ઉજાણી, સંઘ, પર્વ, અને વિવાહ વગેરે પણ શોભતાં નથી. પછી ગૌરીએ કહ્યું, તિર્યંચ જાતિના પક્ષીઓ પણ આખો દિવસ બહાર ફરી સાંજે પોતાના માળામાં પત્નીઓ સાથે સુખે નિવાસ કરે છે. માટે "હે દિયર! તમો તો તે પશુઓથી પણ શું હીન બુદ્ધિવાળા છો? પછી લક્ષ્મણાએ કહ્યું કે, સ્નાનાદિક સકલ અંગ સેવામાં સહાય કરનાર પત્ની વિના પુરૂષની શી દશા થાય? પછી સુસીમાએ કહ્યું કે પત્ની વિના ઘરે આવેલા મિજમાન, અતિથિ, મુનિરાજ વગેરેની કોણ સેવા ભક્તિ કરે? એવી રીતે બીજી પણ સ્ત્રીઓની વચનયુક્તિથી તથા યાદવોના આગ્રહથી મૌન સેવતા હાસ્યયુક્ત મુખવાળા નેમિકુમારને જોઇને, ના નથી પાડતા માટે માન્ય કરેલ છે. એવા ન્યાયથી નેમિકુમારે વિવાહની હા કહી છે એમ બધી સ્ત્રીઓ બોલવા લાગી. પછી ઉગ્રસેન રાજાની દીકરી અને કંસની બહેન જે કુમારી રાજીમતી હતી તેની માગણી કરી. શ્રી કૃષ્ણે એ માન્ય કરાવીને ક્રોષ્ટિક નામના નિમિત્તિયાને નેમિકુમાર અને રાજીમતીના લગ્નનું મુહૂર્ત પૂછ્યું, નિમિત્તિઆએ કહ્યું કે ચાતુર્માસમાં બીજા પણ કેટલાક કાર્યોની ના કહેલ છે તો વિવાહ કેમ થાય? ત્યારે રાજા સમુદ્રવિજયે કહ્યું કે, શ્રીકૃષ્ણે મહામહેનતે નેમિકુમારને પરણવાની હા કરાવી છે તો એ કામમાં હવે વિલંબ ન જોઇએ. વિઘ્ન ન થાય તેવો સમીપનો દિવસ કહો, ત્યારે નિમિત્તિઆએ શ્રાવણ શુદ ૬ નું મુહૂર્ત આપ્યું, પછી વિવાહને યોગ્ય વસ્ત્રાલંકારોથી અલંકૃત અને રથમાં બેઠેલા, જનતાને આનંદ આપનારા છત્રથી શોભતાં, સમુદ્રવિજય વગેરે દશાર્હ તથા કૃષ્ણ બલભદ્ર વગેરે પરિવારથી પરિવરેલા શ્રી નેમિકુમાર શિવાદેવી વગેરે ઉત્તમ સ્ત્રીઓ ધવલમંગલ ગીતો ગાતે છતે પરણવા ચાલ્યા, આગળ ચાલતાં તેમણે સારથિને પૂછ્યું આ મહાન મહેલ કોનો છે? સારથિએ કહ્યું એ મહેલ ઉગ્રસેન રાજાનો છે અને સામે દેખાતી બે સ્ત્રીઓ રાજીમતીની સખીઓ છે. આ વખતે એ સખીઓમાંની મૃગલોચનાએ ચંદ્રાનનાને કહ્યું, સ્ત્રી વર્ગમાં

સારથિએ કહ્યુ, તમારા વિવાહના પ્રસંગ એકત્ર થયેલ માણસોની ભોજનવિધિ માટે આણેલા આ પશુઓનો આ શબ્દ સંભળાય છે. આ સાંભળીને નેમિકુમારને થયું કે, "આ વિવાહનો મહોત્સવ ધિક્કાર પાત્ર છે." જે આ પશુઓ માટે અનુત્સવ શોકરૂપ છે. આ સમયે રાજીમતીનું જમણું નેત્ર ફરકતું થયું. એ વાત તેણે સખીઓને કહી, ત્યારે સખીઓએ કહ્યું કે, તારું અપમંગલ નાશ પામો, એમ કહી થુથુ કરવા લાગી, આ સમયે નેમિકુમારે સારથિને કહ્યું, રથને પાછો વાળ મારે વિવાહ કરવો નથી અને પશુ રક્ષકોને કહ્યું કે, આ બધા પશુઓને છોડી મૂકો, એટલે તેમણે પશુઓને છોડી દીધા. સારથિએ રથ પાછો વાળ્યો. ત્યારે સમુદ્રવિજય રાજાએ અને શિવાદેવી વગેરે સ્વજનોએ રથને અટકાવીને શિવાદેવીએ કહ્યું "હે પુત્ર તું એકવાર વિવાહ કરીને તારી વહુનું મુખ મને બતાવ. ત્યારે નેમિકુમારે કહ્યું, હે મા ! તમો એ આગ્રહ ન કરો, મને માનુષી સ્ત્રી ઉપર પ્રેમ નથી, મને મુક્તિ સ્ત્રી ઉપર પ્રેમ થયો છે તેથી તેને મેળવવા પ્રયત્ન કરીશ. આ સમયે રાજીમતી પણ "હા દૈવ," આ શું થયું ? આ શું થયું ? એમ કહેતી મૂર્ચ્છા ખાઇ જમીન ઉપર પડી ગઇ, સખીઓએ ચંદનરસ વગેરે શીત ઉપચારોથી સચેતન કરેલી રાજીમતી વિલાપ કરતી કહેવા લાગી કે, "હે નિરૂપમનાથ ! હે જગશરણ! હે કરૂણા સમુદ્ર ! તમે મને ત્યજીને ક્યાં જાઓ છો? હે જાદવકુળકમલ સૂર્ય ! તમે આ શું કર્યું ? વળી તે આક્રોશ કરતી કહે છે કે "હે ધૂર્ત ! અનંતા સિધ્ધજીવોએ સેવેલી એવી મુક્તિરૂપ વેશ્યાપરજ તમને પ્રીતી હતી તો મને શા માટે હેરાન કરી ?

આ સાંભળી સખીઓએ કહ્યું "અરે બહેન ! આવા કાળા કુબડા અને વૈરાગી વર ઉપર આટલો બધો રાગ શા માટે રાખે છે. દુનીયામાં શું સારા વર નથી મળતા ? જરૂર મળે છે તો એનો મોહ તજી દે. આ સાંભળી રાજીમતીએ કહ્યું, જો પશ્ચિમમાં સૂર્યનો ઉદય થાય, અને પૂર્વમાં સૂર્યનો અસ્ત થાય તો પણ હું એ નેમિકુમાર વિના અન્ય વર નહીં કરૂં. વળી નેમિકુમારને સંબોધિને કહે છે. "હે રાજપુત્ર ! તમે ઘરે આવેલા યાચકોને માગ્યાથી વધારે આપો છો અને હું યાચના કરૂં છું છતાં મારા હાથને હાથ

આપ્યા નહીં. અર્થાત્ મારા હાથને ગ્રહણ ન કર્યો. પરંતુ એ હાથે દીક્ષા ગ્રહણ કરતી વખતે મારા મસ્તક ઉપર વાસક્ષેપ કરાવીશ. હવે નેમિકુમારને વિવિધ પ્રકારે કહેતા રાજા સમુદ્રવિજય અંતે કહે છે કે, ઋષભદેવ આદિ જિનેશ્વરો વિવાહ કરી રાજ્ય ચલાવ્યા પછી દીક્ષા લઈ મોક્ષે ગયા છે અને બાલ બ્રહ્મચારી એવા તમે તેમનાથી અધિક થાઓ.


હવે શ્રી નેમિકુમારને ગૃહસ્થાવાસમાં કુમારપણે ત્રણસો વર્ષ થયાં ત્યારે જીતકલ્પિક લોકાંતિક દેવોએ આવીને "હે લોકનાથ! જગતહિતકારી, સુખકારી એવું ધર્મતીર્થ પ્રવર્તાવો વગેરે કહ્યું. આ વગેરે વર્ણન પૂર્વે શ્રી મહાવીર પ્રભુના વૃત્તાંતમાં આવી ગયેલ છે તે પ્રમાણે અહીં પણ સર્વ દ્રવ્ય, ગોત્રીઓને વહેંચી આપ્યું ત્યાં સુધીનું જાણવું.

પછી જે આ ચોમાસાનો પહેલો માસ અને બીજો પક્ષ એટલે શ્રાવણ શુક્લપક્ષ તેની છઠના દિવસે પહેલા પહોરે ઉત્તરકુરુનામે શિબિકામાં બેઠેલા શ્રી નેમિનાથ પ્રભુ મનુષ્ય, દેવ અને અસુરોથી પરિવર્યા છતાં, દ્વારિકા નગરીના મધ્ય મધ્ય ભાગમાંથી નીકળીને નગરીની બહાર જ્યાં રૈવતક નામે ઉદ્યાન છે અને જ્યાં અશોકવૃક્ષ છે ત્યાં આવી પાલખીમાંથી ઉતરીને પોતાની મેળેજ કેશોનો પંચમુષ્ટિ લોચ કર્યો, અને છઠ્ઠના પાણી વિનાના તપથી ચિત્રા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે ઇન્દ્રે આપેલા એક દેવદૂષ્ય વસ્ત્રને લઈને એક હજાર પુરુષોની સાથે દીક્ષા ગ્રહણ કરી ઘરમાંથી નીકળેલા પ્રભુ સાધુપણાને પામ્યા.

શ્રી અરિષ્ટનેમિ અરિહંત ચોપન રાત્રિ દિવસ નિરંતર પોતાના શરીરને વોસિરાવીને રહ્યા. અહીં પૂર્વે શ્રી મહાવીર પ્રભુના ચરિત્રમાં કહેલ સર્વે અધિકાર જાણવો, તે યાવત્ પંચાવનમા રાત્રિ દિવસમાં રહેલા એ પ્રભુને જે આ ચોમાસાનો ત્રીજો માસ અને પાંચમો પક્ષ એટલે આસો માસનો કૃષ્ણ પક્ષ, તેના પંદરમા દિવસે એટલે અમાવાસ્યાના દિવસે દિવસના પાછલા પહોરે ગિરનારપર્વતના શિખર ઉપર [illegible] ચિત્રા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે શુક્લ ધ્યાનના



શ્રી સતી રાજેમતી ગુફામાં પોતાના ભીંજાયેલા વસ્ત્રો સૂકવે છે.



શ્રી ચૌવીશ તીર્થંકરો

...કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી બે વર્ષે કોઈક સાધુ મોક્ષ ગયા ત્યારથી તેમના શાસનમાં મોક્ષ માર્ગ ચાલ્યો તે પર્યાયાંતકૃત ભૂમિ જાણવી.

અરિહંત અરિષ્ટનેમિ પ્રભુ ત્રણસો વર્ષ સુધી કુમાર અવસ્થામાં રહ્યા, ચોપન્ન રાત્રિદિવસ છદ્મસ્થ અવસ્થામાં રહ્યા, અને ચોપન રાત્રિદિવસ ઓછા એવા સાતસો વર્ષ સુધી કેવળી પર્યાય પાળીને તથા સાતસો વર્ષ સુધી ચારિત્ર પર્યાય પાળીને એ રીતે સંપૂર્ણ એકહજાર વર્ષનું આયુષ્યભોગવીને વેદનીય, આયુ, નામ અને ગોત્ર કર્મ એમ ચારે અઘાતિકર્મોનો ક્ષય કરીને આ અવસર્પિણિ કાળનો દુષમ સુષમ નામનો ચોથો આરો બહુ ગયે છતે જે આ ઉનાળાનો ચોથો માસ અને આઠમો પક્ષ એટલે અષાઢ શુક્લ પક્ષ તેની અષ્ટમીના દિવસે તીર્થસ્વરૂપ ગિરનાર પર્વતના શિખર ઉપર પાંચસો છત્રીસ સાધુઓ સહિત ચોવિહાર એક માસના ઉપવાસ તપથી અનશન પૂર્વક ચિત્રાનક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્તિ થયે છતે મધ્ય રાત્રિના સમયે પદ્માસને બેઠેલા શ્રી અરિહંત અરિષ્ટ નેમિનાથ પ્રભુ નિર્વાણ પામ્યા, યાવત્ સર્વદુઃખોથી મુક્ત થયા એ પ્રભુના શાસન રક્ષક ગોમેદ યક્ષ અને અંબિકા યક્ષિણી હતાં.


નિર્વાણ પામેલા યાવત્ સર્વદુઃખોથી મુક્ત થયેલા નેમિનાથ પ્રભુને ચોર્યાસી હજાર વર્ષ વ્યતીત થયાં અને પચ્ચાશીમા હજાર વર્ષમાંથી પણ નવસો વર્ષ વ્યતીત થયા પછી, દશમા સૈકાનું આ એંશીમું વર્ષ જાય છે અર્થાત નેમિનાથ પ્રભુના નિર્વાણ પછી ચોર્યાશી હજાર વર્ષે શ્રી મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા. તેથી શ્રી નેમિપ્રભુના નિર્વાણ પછી ચોર્યાશી હજાર નવસો એંશી વર્ષે આગમ-શાસ્ત્રો લખાયાં છે. આ પ્રભુના શાસનમાં બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી, નવમા પ્રતિવાસુદેવ જરાસંઘ, વાસુદેવકૃષ્ણ અને બળદેવ બલભદ્ર થયા છે. ઇતિશ્રી નેમિનાથ ચરિત્ર સમાપ્ત.

શ્રી નેમિનાથપ્રભુ આગલા ત્રીજાભવે આ જંબૂદ્વીપના મહાવિદેહના ભરતવિજયની કૌશાંબી નગરીમાં સિદ્ધાર્થ નામે રાજા હતા. તેમણે સમ્યક્ત્વ પામી દીક્ષા લઈ વીશસ્થાનક તપ આરાધી તીર્થંકર નામ કર્મ બાંધ્યું. ત્યાંથી અપરાજિત વિમાનમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી મિથિલા નગરીના

છત્રીશ હજાર સાધ્વીઓ, બે લાખ ત્યાણું હજાર શ્રાવકો અને છ લાખ છવ્વીસ હજાર શ્રાવિકાઓ, એટલો પરિવાર હતો. શાસન રક્ષક ત્રિમુખયક્ષ અને દુરિતારિ યક્ષિણી હતાં. એ પ્રભુને મોક્ષ ગયે બેતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડાઆઠ માસ ઓછા એવા વીશ લાખ ક્રોડ સાગરોપમ અને નવસો એંશી વર્ષ ગયાં ત્યારે શાસ્ત્રો લખાયાં છે.

શ્રી અજીતનાથ પ્રભુ આગલા ત્રીજા ભવમાં જંબૂમહાવિદેહમાં વિમલવાહન રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામી સયંમ લઇ, વીશસ્થાનક તપ આરાધી, તીર્થંકર નામકર્મ બાંધી, વિજય વિમાનમાં દેવ થયા. ત્યાંથી અયોધ્યાપુરીમાં જિતશત્રુ રાજાની વિજયારાણીના ઉદરમાં મહા શુદિ તેરસે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ મહા શુદિ આઠમે જન્મ્યા. હસ્તિ લાંછનવાળા, સૂવર્ણ કાંતિવાળા, ચારસો પચાસ ધનુષ્યની ઉંચાઇવાળા પ્રભુ અઢાર લાખ પૂર્વ કુમારપણે રહી, એક પૂર્વાંગ સહિત ત્રેપન લાખ પૂર્વ રાજ્ય પાળી, સાંવત્સરિક દાન દઇ, મહા શુદિ નવમીએ એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, બાર વર્ષ છદ્મસ્થ રહી, અયોધ્યામાં પોષ વદિ અગીઆરસે કેવળજ્ઞાન પામ્યા. ઘણા ભવ્યાત્માઓને તારી, એક પૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષા પાળી, સંપૂર્ણ બોંતેર લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી સમેતશિખર ઉપર માસિક અનશન કરી ચૈત્ર સુદિ પાંચમે એક હજાર મુનિવરો સાથે મોક્ષે ગયા. એ પ્રભુને સિંહસેન આદિ પંચાણુ ગણધરો સહિત એક લાખ સાધુઓ, ફાલ્ગુ આદિ ત્રણ લાખ ત્રીશ હજાર સાધ્વીઓ, બે લાખ અઠાણું હજાર શ્રાવકો અને પાંચ લાખ પિસ્તાલીશ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસન રક્ષક મહાયક્ષ યક્ષ અને અજિતબલા યક્ષિણી હતાં. પ્રભુને મોક્ષે ગયે બેંતાલીશ હજાર ત્રણ વર્ષ સાડાઆઠ માસ ઓછા એવા પચાસ લાખ ક્રોડ સાગરોપમ અને નવસો એંશી વર્ષ ગયાં ત્યારે શાસ્ત્રો લખાયાં છે.

સાતમું વ્યાખ્યાન સંપૂર્ણ



ના. ત્યાંથી અયોધ્યામાં સંવરરાજાની સિદ્ધાર્થારાણીના ઉદરમાં વૈશાખ શુદિ ચોથે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ મહા શુદિ બીજે જન્મ્યા. કપિલાંછનવાળા, સુવર્ણ કાંતિવાળા, સાડા ત્રણસો ધનુષ ઊંચાઈવાળા પ્રભુ સાડાબાર લાખ પૂર્વ કુમારપણે રહી, સાડાછત્રીશ લાખ પૂર્વ અને આઠ પૂર્વાંગ રાજ્ય પાળી. સાંવત્સરિક દાન આપી, મહા શુદિ બારસે એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, અઢાર વર્ષ છદ્મસ્થ રહી અયોધ્યામાં પોસ સુદિ ચૌદસે કેવળજ્ઞાન પામ્યા. ઘણા ભવ્યાત્માઓને તારી, આઠપૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષા પાળી, એક હજાર મુનિવરો સાથે એક માસનું અનશન કરી સમેતશિખર ઉપર પચાસલાખ પૂર્વ સર્વ આયુષ્યવાળા પ્રભુ વૈશાખ શુદિ આઠમે મોક્ષે ગયા. એ પ્રભુને વજ્રનાભ આદિ એકસોસોળ ગણધરો સહિત ત્રણ લાખ સાધુઓ, અજિતા આદિ છ લાખ છત્રીશ હજાર સાધ્વીઓ, બે લાખ અઠયાવીશ હજાર શ્રાવકો, અને પાંચ લાખ સત્યાવીશ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસનરક્ષક યક્ષેશ્વરયક્ષ અને કાલી યક્ષિણી હતાં. એ પ્રભુને મોક્ષે ગયે બેંતાલીશ હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ઓછા એવા દશ લાખ ક્રોડ સાગરોપમ અને નવસો એંશી વર્ષ ગયાં ત્યારે શાસ્ત્રો લખાયાં છે.


શ્રી સંભવનાથ પ્રભુ આગલા ત્રીજા ભવે ધાતકી ખંડના ઐરવત ક્ષેત્રમાં વિપુલવાહન રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામ્યા. સંઘ ભક્તિ કરી વીશસ્થાનક આરાધી, તીર્થંકર નામકર્મ બાંધી, નવમા દેવલોકમાં દેવ થયા. ત્યાંથી શ્રાવસ્તી નગરીમાં જિતારી રાજાની સેનાદેવી રાણીના ઉદરમાં ફાગણ શુદિ આઠમે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ માગસર સુદિ ચૌદસે જન્મ્યા. અશ્વ લાંછનવાળા, સુવર્ણ કાંતિવાળા, ચારસો ધનુષ્યની ઉંચાઈવાળા પ્રભુ પંદર લાખ પૂર્વ કુમારપણે રહી, ચાર પૂર્વાંગ સહિત ચુમ્માલીશ લાખ પૂર્વ રાજ્ય કરી, સાંવત્સરિક દાન આપી, એક હજાર રાજાઓ સાથે માગસર સુદિ પુનમે દીક્ષા લઇ. ચૌદ વર્ષ છદ્મસ્થ રહી, કાર્તિક વદિ પાંચમે શ્રાવસ્તીમાં કેવળજ્ઞાન પામ્યા. ઘણા [illegible] આઠ પૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષા પાળી, સાઠ લાખ પૂર્વ સર્વ આયુષ્ય [illegible]

ગયા. એ પ્રભુને ...

છત્રીશ હજાર સાધ્વીઓ, બે લાખ ત્ર્યાણું હજાર શ્રાવકો અને છ લાખ છવ્વીસ હજાર શ્રાવિકાઓ, એટલો પરિવાર હતો. શાસન રક્ષક ત્રિમુખયક્ષ અને દુરિતારિ યક્ષિણી હતાં. એ પ્રભુને મોક્ષ ગયે બેતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડાઆઠ માસ ઓછા એવા વીશ લાખ ક્રોડ સાગરોપમ અને નવસો એંશી વર્ષ ગયાં ત્યારે શાસ્ત્રો લખાયાં છે.

શ્રી અજીતનાથ પ્રભુ આગલા ત્રીજા ભવમાં જંબૂમહાવિદેહમાં વિમલવાહન રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામી સંયમ લઇ, વીશસ્થાનક તપ આરાધી, તીર્થંકર નામકર્મ બાંધી, વિજય વિમાનમાં દેવ થયા. ત્યાંથી અયોધ્યાપુરીમાં જિતશત્રુ રાજાની વિજયારાણીના ઉદરમાં મહા શુદિ તેરસે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ મહા શુદિ આઠમે જન્મ્યા. હસ્તિ લાંછનવાળા, સૂવર્ણ કાંતિવાળા, ચારસો પચાસ ધનુષ્યની ઉંચાઇવાળા પ્રભુ અઢાર લાખ પૂર્વ કુમારપણે રહી, એક પૂર્વાંગ સહિત ત્રેપન લાખ પૂર્વ રાજ્ય પાળી, સાંવત્સરિક દાન દઇ, મહા શુદિ નવમીએ એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, બાર વર્ષ છદ્મસ્થ રહી, અયોધ્યામાં પોષ વદિ અગીઆરસે કેવળજ્ઞાન પામ્યા. ઘણા ભવ્યાત્મા-ઓને તારી, એક પૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષા પાળી, સંપૂર્ણ બોંતેર લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી સમેતશિખર ઉપર માસિક અનશન કરી ચૈત્ર સુદિ પાંચમે એક હજાર મુનિવરો સાથે મોક્ષે ગયા. એ પ્રભુને સિંહસેન આદિ પંચાણુ ગણધરો સહિત એક લાખ સાધુઓ, ફાલ્ગુ આદિ ત્રણ લાખ ત્રીશ હજાર સાધ્વીઓ, બે લાખ અઠાણું હજાર શ્રાવકો અને પાંચ લાખ પિસ્તાલીશ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસન રક્ષક મહાયક્ષ યક્ષ અને અજિતબલા યક્ષિણી હતાં. પ્રભુને મોક્ષે ગયે બેંતાલીશ હજાર ત્રણ વર્ષ સાડાઆઠ માસ ઓછા એવા પચાસ લાખ ક્રોડ સાગરોપમ અને નવસો એંશી વર્ષ ગયાં ત્યારે શાસ્ત્રો લખાયાં છે.

સાતમું વ્યાખ્યાન સંપૂર્ણ



[illegible] વ્યાખ્યાન.-૮.

[illegible] પ્રકારે આનંદ ઉપકારી પ્રભુ શ્રી ઋષભદેવનું ચરિત્ર [illegible] સમ્યક્ત્વ પામ્યા પછીના પ્રભુ શ્રી ઋષભદેવના તેર ભવનું [illegible]

[illegible] જંબૂદ્વીપના વિદેહ ક્ષેત્રના ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ધન નામે સાર્થવાહ [illegible] માં રહેલ આચાર્ય ધર્મઘોષસૂરિના સાધુઓને દાન આપ્યું અને ધર્મઘોષસૂરિ [illegible] સમ્યક્ત્વ મેળવ્યું. એટલે એ ભવથી એમના ભવોની ગણત્રી થઇ. બીજે ભવે [illegible] યુગલીયા થયા. ત્રીજે ભવે પ્રથમ દેવલોકમાં દેવ થયા. ચોથે ભવે આ જંબૂદ્વીપના પશ્ચિમ [illegible] ક્ષેત્રમાં ગંધિલાવતી વિજયમાં મહાબલ નામના રાજા થયા. પાંચમે ભવે બીજા દેવલોકમાં [illegible] નામે દેવ થયા. છઠ્ઠે ભવે આ જંબૂદ્વીપના પૂર્વમહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં [illegible] નગરમાં રાજા થયા. સાતમે ભવે ઉત્તર કુરુ ક્ષેત્રમાં યુગલીયા થયા. આઠમે ભવે પ્રથમ દેવલોકમાં દેવ થયા. નવમે ભવે આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં જીવાનંદ [illegible] થયા. દશમે ભવે મિત્રો સહિત બારમા દેવલોકમાં ગયા. અગીઆરમે ભવે જંબૂદ્વીપના [illegible] ક્ષેત્રના પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં પૂર્વમિત્રો સહિત બંધુપણે ઉત્પન્ન થયા. [illegible] પ્રભુનો જીવ વજ્રનાભ નામે ચક્રવર્તી થયો. તેમણે છયે ભાઇઓ સહિત દીક્ષા લીધી. તેમાં પ્રભુના [illegible] મુનિએ વીસસ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. બારમે [illegible] મુનિઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. અને તેરમે ભવે પ્રભુ શ્રી ઋષભદેવ [illegible]



શ્રી તીર્થંકર આદિનાથ ભગવાન

નક્ષત્રમાં દીક્ષા લેનારા થયા અને ઉત્તરાષાઢા નક્ષત્રમાં કેવળજ્ઞાન પામ્યા તથા અભિજિત નક્ષત્રમાં મોક્ષમાં ગયા.


કૌશલિક અરિહંત શ્રી ઋષભદેવ તે કાલે અને તે સમયે જે આ ઉનાળાનો ચોથો માસ અને સાતમો પક્ષ એટલે આષાઢ (ગુજરાતી જેઠ) માસનો કૃષ્ણ પક્ષ, તેની ચોથના દિવસે તેત્રીશ સાગરોપમનું દેવાયુષ્ય પૂરૂં કરી સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાંથી ચ્યવીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રની ઇક્ષ્વાકુભૂમિમાં નાભિ કુલકરની પત્ની મરુદેવાના ઉદરમાં મધ્યરાતના સમયે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થયે છતે ગર્ભપણે ઉત્પન્ન થયા. નાભિકુલકરના પ્રસંગથી અહીં કુલકરોથી ઉત્પત્તિ કહે છે.

આ અવસર્પિણીના ત્રીજા આરાને પૂર્ણ થવાને હજી પલ્યોપમનો આઠમો ભાગ બાકી હતો ત્યારે ક્રમથી સાત કુલકર થયા છે. પશ્ચિમ મહાવિદેહમાં બે મિત્ર વાણીયા રહેતા હતા તેમાં એક સરળ હતો અને બીજો કપટી હતો. તેઓ બન્ને સાથે વ્યાપાર કરતા હતા. જ્યારે જ્યારે આવકનો ભાગ કરતા ત્યારે કપટી સરલને ઠગીને વધારે ભાગ લઇ લેતો. કોઇક વખતે સરલ મિત્રની પત્નીને જોઇને કપટીએ તેને વિષય માટે પ્રાર્થી, પરંતુ પવિત્ર એવી તે સ્ત્રીએ એ વાતને સ્વીકારી નહિ, તેથી શ્યામ મુખવાળા એવા તેણે સરલ મિત્રને કહ્યું કે, તારી પત્નીએ મારી પાસે વિષયની માંગણી કરી, મેં એ વાત સ્વીકારી નહિ, પછી સરલ સ્વભાવી મિત્ર ઘરે ગયો ત્યારે તેની પત્નીએ જે વાત બની હતી તે કહી. એટલે સંસારના આવા સ્વરૂપને વિચારી વૈરાગ્ય પામેલા તે બન્ને જાણા ધર્મ કાર્ય કરી કાળ કરીને ઇક્ષ્વાકુભૂમિમાં યુગલીઆ થયાં. કપટી મરીને ત્યાં હાથી થયો. તેણે પોતાના પૂર્વ ભવના મિત્ર યુગલીયાને જોયા, તેથી તે હાથીને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે પૂર્વ ભવ દીઠો એટલે પ્રસન્ન થઇ તે યુગલને સુંઢથી પોતાની પીઠ પર બેસાડી ચાલવા માંડયો. તે હાથીનો વર્ણ શ્વેત હતો તેથી તે યુગલીયાને વિમલવાહન કહીને બીજા યુગલીયાઓ બોલાવવા લાગ્યા. કાળના પ્રભાવે કલ્પવૃક્ષો ઓછાં થવા લાગ્યાં. તેથી એ યુગલીયાઓને પરસ્પર કલહ

થવા લાગ્યો, ત્યારે તે વિમલવાહને કલ્પવૃક્ષો વહેંચી આપ્યાં. તેથી તેઓ પોતપોતાની માલિકીના કલ્પવૃક્ષો સાચવીને રહેવા લાગ્યા, તે છતાં ક્યારેક વાંધો થતો તો તેમના માટે હાકાર દંડનીતિ વિમલવાહન કુલકરે પ્રવર્તાવી, એ વિમલવાહનને ચંદ્રયશા પત્ની હતી, તેમનું ઉચ્ચત્વ નવસો ધનુષ્યનું હતું. એ પ્રથમ કુલકર વિમલવાહનને ચક્ષુષ્માન પુત્ર થયો. તેને ચંદ્રકાંતા ભાર્યા હતી. તેમની ઉંચાઈ આઠસો ધનુષ્યની હતી. તે બીજા કુલકર ચક્ષુષ્માનને યશસ્વાન પુત્ર થયો. તેને સુરૂપા પત્ની હતી. એમની ઉંચાઈ સાતસો ધનુષ્યની હતી. એ ત્રીજા કુલકરના વખતમાં કોઈ "હાકાર" નીતિને ન માનતો તેના માટે એ કુલકરે "માકારદંડ" નીતિ પ્રવર્તાવી. એ યશસ્વાનને અભિચંદ્ર પુત્ર થયો. તેને પ્રીતિરૂપા પત્ની હતી. તેમના શરીરની ઉંચાઇ છસો પચાસ ધનુષ્યની હતી, એ ચોથા કુલકર અભિચંદ્રને પ્રસેનજિત પુત્ર થયો તેને ચક્ષુષ્મતી નામે પત્ની થઈ. એમના શરીરની ઉંચાઇ છસો ધનુષ્યની હતી. એ કુલકરે "હાકાર, માકાર" નામની બે નીતિને ન માનનાર માટે "ધિક્કાર"ની નીતિ પ્રવર્તાવી, એ ધિક્કારની નીતિથી તે વખતના યુગલીયા ઘણા જ શરમાઇને શ્યામ મુખવાળા થઈ જતા હતા. એ પાંચમા કુલકર પ્રસેનજિતનો મરુદેવ પુત્ર થયો તેને કાંતા નામે પત્ની થઈ. એમની ઉંચાઈ પાંચસો પચાસ ધનુષ્યની હતી. એમના સમયમાં ત્રણે દંડનીતિઓ હતી. એ છઠ્ઠા મરુદેવ કુલકરને નાભિ નામે પુત્ર થયો તેને મરુદેવા નામે પત્ની હતી. એમનું શરીર માન પાંચસો પચ્ચીસ ધનુષ્યનું હતું. એ સાતમા કુલકર. ઇતિ કુલકર વર્ણન.

શ્રી નાભિ કુલકરનાં પત્ની મરુદેવાના ઉદરમાં પ્રભુ ગર્ભપણે આવ્યા ત્યારે પ્રભુ ત્રણ જ્ઞાનયુક્ત હતા. હું દેવલોકથી ચ્યવીશ એમ પ્રભુ જાણે છે, ચ્યવતા પ્રભુ નથી જાણતા, અને હું ચ્યવી ગયો છું એમ પ્રભુ જાણે છે વગેરે સર્વ અધિકાર શ્રી મહાવીર પ્રભુના વૃત્તાંત પ્રમાણે જાણવો.

તે મરુદેવાએ ચૌદ સ્વપ્નો જોયાં ત્યાં સુધી જાણવો. સ્વપ્નો પૂર્વે જાણાવ્યા પ્રમાણે ચૌદ જાણવા પરંતુ મરુદેવા માતા પ્રથમ સ્વપ્નામાં વૃષભને મુખમાં પ્રવેશ કરતો જુએ છે. બીજા બધા



શ્રી ઋષભદેવ પ્રભુના ઇક્ષ્વાકુવંશની સ્થાપના ઇન્દ્ર કરે છે.



નાભિકુલકરને કહી. તે વખતે સ્વપ્ન પાઠકો ન હતા તેથી સ્વપ્ન ફળ નાભિકુલકરે જ કહી સંભળાવ્યું.

કૌશલિક શ્રી ઋષભદેવ અરિહંત તે કાલ અને તે સમયને વિષે જે આ ઉનાળાનો પહેલો માસ અને પહેલો પક્ષ એટલે ચૈત્ર માસનો કૃષ્ણ પક્ષ તેની અષ્ટમીના દિવસે નવમાસ પૂર્ણ થયે છતે તેમજ ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે આરોગ્યવાળાં મરુદેવાએ આરોગ્યવાન એવા પુત્રને જન્મ આપ્યો.

અહીં બીજો બધો અધિકાર શ્રી મહાવીરસ્વામીના જીવનવૃત્તાંતમાં કહેલ છે તે રીતે જાણવો. એમાં એટલો વિશેષ છે કે, કેદીઓને છોડી મુકવાનું. તોલ માપ વગેરે માનોન્માનને વધારવાનું, દાણ માફ કરવાનું અને કુળમર્યાદા વગેરેનો અધિકાર સમજવો નહીં. એ સમયે એ કાંઈ પણ હતું નહિ.

દેવલોકમાંથી આવેલા, અદ્ભુત રૂપવાળા, સૌમ્ય આકારવાળા, ચંદ્ર જેવા શીતળ મુખવાળા, સૌભાગ્યયુક્ત શરીરવાળા, અનેક દેવદેવીઓથી વીંટળાયેલા, સર્વ ગુણો યુક્ત યુગલિક મનુષ્યોમાં બધાથી અધિક શોભતા, એવા ઋષભદેવ, પ્રભુ વૃદ્ધિ પામતા છતા જ્યારે ભોજનની ઈચ્છા થતી ત્યારે દેવોએ અમૃતથી સિંચેલ અંગૂઠાને મુખમાં નાંખી ચૂસતા. બીજા તીર્થંકરો પણ એજ રીતે બાલ્યાવસ્થામાં અમૃતસિંચિત અંગૂઠાને ચૂસે છે અને પછી અગ્નિથી પકાવેલા આહારનું ભોજન કરતા, જ્યારે શ્રી ઋષભદેવે તો દીક્ષા લીધી ત્યાં સુધી એટલે વ્યાશીલાખ પૂર્વ સુધી દેવોએ આણેલા દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રનાં કલ્પવૃક્ષોના ફળોનો જ આહાર કરેલ છે. શ્રી ઋષભદેવ જ્યારે લગભગ એક વર્ષના થયા ત્યારે પ્રભુના વંશની સ્થાપના કરવી એવો ઇન્દ્રનો આચાર છે એમ વિચારી અને ખાલી હાથે પ્રભુ પાસે ન જવાય, એમ વિચારી શેરડીનો એક સાંઠો લઈ ઇન્દ્ર નાભિકુલકરના ખોળામાં બેઠેલા પ્રભુ પાસે આવ્યા. ત્યારે શેરડીનો સાંઠો જોઈ તે લેવા બાળ પ્રભુએ હાથને લંબાવ્યો. એટલે આપ શેરડી ખાશો ? એમ કહી ઇન્દ્રે પ્રભુના હાથમાં તે સાંઠો આપીને પ્રભુને ઇક્ષુનો અભિલાપ થયો છે તેથી પ્રભુનો વંશ ઇક્ષ્વાકુ નામનો થાઓ એમ કહી ઇન્દ્રે વંશ સ્થાપના કરી. પ્રભુનું ગોત્ર તો કાશ્યપ હતું.

કોઇક યુગલને માતાપિતા તાલવૃક્ષની નીચે મૂકીને કોઇ કામ માટે ગયેલ હતા, ત્યારે દૈવયોગે તાડનું એક ફળ તૂટીને છોકરા ઉપર પડ્યું. તેથી બાળક તરત જ મરણ પામ્યો. એ પહેલું અકાળ મૃત્યુ આ અવસર્પિણીમાં થયું. હવે માતાપિતા સ્વર્ગે ગયા પછી તે એકલી પડેલી કન્યા જંગલમાં અહીં તહીં ફરતી યુવાનીને પામી, યુગલીયાઓ સુંદર યુવતીને નાભિ કુલકર પાસે લાવ્યા. આ સુંદર સ્વરૂપવાન કન્યા ઋષભની પત્ની થાશે એમ કહી નાભિ કુલકરે યુગલીઆઓને વિદાય કર્યા. પછી સુનંદા અને સુમંગલાની સાથે વૃદ્ધિ પામતા પ્રભુ યુવાનીને પામ્યા. ત્યારે ઇન્દ્રે વિચાર કર્યો કે, પ્રથમ જિનનો વિવાહ કરવાનો અમારો આચાર છે. એમ વિચારી ઘણા દેવદેવીઓના પરિવાર સાથે [illegible] આવી વર સંબંધી કર્તવ્ય પોતે કર્યું. અને કન્યાઓ સંબંધી કૃત્ય દેવીઓએ કર્યું. [illegible] થયો. પછી સુનંદા અને સુમંગલાની સાથે સમય પસાર કરતા પ્રભુને સુમંગલાથી ભરત અને [illegible] રૂપ યુગલ ઉત્પન્ન થયું અને સુનંદાથી બાહુબલી અને સુંદરી રૂપ યુગલ ઉત્પન્ન થયું. [illegible] અનુક્રમે સુમંગલાથી બીજા ઓગણપચાશ પુત્રરૂપ યુગલો ઉત્પન્ન થયાં.

કાળના પ્રભાવથી ક્રોધાદિ કષાયો વધતા જવાથી હાકાર, માકાર અને ધિક્કાર [illegible] પણ ઉલ્લંઘન થતાં જ્ઞાનાદિ ગુણોથી અધિક એવા પ્રભુ પાસે આવી યુગલીઆઓએ [illegible] ત્યારે પ્રભુએ કહ્યું કે, નીતિ મર્યાદાઓના ઉલ્લંઘન કરનારને રાજા દંડ કરે છે. [illegible] થવો જોઇએ, અને રાજા પ્રધાનાદિ સહિત અખંડ શાસનવાળો હોવો જોઇએ. યુગલીઆઓએ [illegible] અમને પણ એવોજ રાજા જોઇએ. પ્રભુએ કહ્યું તમો એવા રાજા માટે નાભિ કુલકર પાસે [illegible] કરો. એટલે યુગલીયાઓએ નાભિ કુલકર પાસે રાજાની માગણી કરી. નાભિ કુલકરે કહ્યું. [illegible] ઋષભજ થાઓ, પછી યુગલીઆઓ રાજ્યાભિષેક માટે જળ લેવા સરોવરે ગયા. એ સમયે [illegible] [illegible] અવધિજ્ઞાનના ઉપયોગથી પ્રભુના રાજ્યાભિષેકનો અવસર જાણી [illegible] દેવોએ આણેલા તીર્થ જળથી [illegible]

કલ્પ. કર્યો, આ વખતે યુગલીયાઓ કમળના પાંદડાંમાં પાણી ...

અલંકૃત થયેલા જોઇ વિચાર્યું કે આવા અલંકૃત એવા ઋષભના મસ્તક ઉપર પાણી રેડવું ઉચિત નથી. એમ વિચારી પ્રભુના ચરણો પર પાણી રેડી દીધું. આ જોઇ ઇન્દ્રે સંતુષ્ટ થઈ આ લોકો વિનીત છે, એમ વિચારી કુબેરને આજ્ઞા કરી કે બાર યોજન લાંબી, નવ યોજન પહોળી, એવી વિનીતા નામે નગરી બનાવો અને વસાવો. કુબેરે તરત ઇન્દ્રની આજ્ઞા પ્રમાણે સુવર્ણ અને રત્નાદિનાં ઘરો, અને કિલ્લાવાળી વિનીતા નગરી બનાવી અને વસાવી. હાથી, ઘોડા, ગાયો, બળદો વગેરેનો સંગ્રહ કરાવ્યો, રાજ્ય વ્યવસ્થા માટે ઉગ્ર ભોગ, રાજન્ય અને ક્ષત્રિય કુળોની સ્થાપના પ્રભુએ કરી, જેઓ ઉગ્ર દંડ કરનારા હતા તેમને ઉગ્ર કુળના કહી આરક્ષક–કોટવાળ બનાવવામાં આવ્યા, જેઓ ભોગને યોગ્ય હતા તેમને ભોગકુળના કહ્યા. તે ગુરુ સ્થાનના ગણાવા લાગ્યા. જેઓ સમાન વયના હતા તેમને રાજન્ય કુળના કહ્યા, એ મિત્ર સ્થાનીય ગણાવા લાગ્યા, અને બાકીનાને ક્ષત્રિય કહી પ્રજાજન તરીકે ગણાવ્યા. એ કાળે કલ્પવૃક્ષનાં ફળો મળવાં દુર્લભ થયાં. ત્યારે ઇક્ષ્વાકુવંશના માણસો શેરડી ખાઈ જીવન નભાવતા અને બીજા બધા પ્રાય : વૃક્ષનાં પાંદડાં, તથા ફળફૂલ ખાઇને જીવન વિતાવવા લાગ્યા. અગ્નિ ન હોવાથી લોકો અનાજ પણ કાચું જ ખાતા. કાળ પ્રભાવે તેની પાચનક્રિયા ન થતાં, થોડું થોડું ખાવાનું ચાલુ કર્યું. તે પણ ન પચવાથી પ્રભુના કહેવાથી ધાન્યને મસળી ફોતરા કાઢીને ખાતા, તેનું પણ અજીર્ણ થવાથી ધાન્યને પાણીમાં ભીંજાવી રાખીને ખાવા લાગ્યા. એમ તેઓ અનેક પ્રકારે પાચન થાય તે રીતે ખાવાનું કરવા લાગ્યા. હવે કોઇક વખતે વૃક્ષોના પરસ્પર ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થયો. તેને જોઇને યુગલીયાઓને થયું કે આ કોઇક નવીન રત્ન ઉત્પન્ન થયેલ છે. પછી તેઓ હાથ લાંબો કરી તે રત્નને લેવા ગયા પરંતુ તેમના હાથ બળવા લાગ્યા, એટલે ભયભીત થયેલા એવા તેમણે પ્રભુ પાસે એ વાત જણાવી. તેથી પ્રભુએ અગ્નિ ઉત્પન્ન થયેલ જાણીને કહ્યું કે, તમે એ ઉત્પન્ન થયેલા અગ્નિમાં ચોખા વગેરે ઔષધિઓ પકાવીને પછી ખાઓ, તો તે સુખે પચશે. પછી યુગલીયા આ ઉપાયને બરાબર જાણતા ન હોવાથી ઔષધિઓ અગ્નિમાં નાંખીને કલ્પવૃક્ષ પાસેથી માગે તેમ માગવા લાગ્યા. પરંતુ અગ્નિમાં ૮

સ્થાપ્યા. ભરતને વિનીતાનું મુખ્ય રાજ્ય આપ્યું. તથા બાહુબલીને બહલી દેશમાં તક્ષશિલાનું રાજ્ય આપ્યું. બાકીના અઠ્ઠાણુ પુત્રોને પણ જુદાંજુદાં રાજ્ય આપ્યાં, પ્રભુના "સો પુત્રોના નામ કહેવાય છે. "ભરત, બાહુબલી, શંખ, વિશ્વકર્મા, વિમલ, સુલક્ષણ, અમલ, ચિત્રાંગ, ખ્યાતકીર્તિ, વરદત્ત, સાગર, યશોધર, અમર, રથપર, કામદેવ, ધ્રુવ, વત્સ, નંદ, સૂર, સુનંદ, કુરુ, અંગ, વંગ, કોશલ, વીર, કલિંગ, મગધ, વિદેહ, સંગમ, દશાર્ણ, ગંભીર, વસુવર્મા, સુવર્મા, રાષ્ટ્ર, સુરાષ્ટ્ર, બુદ્ધિકર, વિવિધકર, સુયશા, યશઃ કીર્તિ, યશસ્કર, કીર્તિકર, સૂરણ, બ્રહ્મસેન, વિક્રાંત, નરોત્તમ, પુરુષોત્તમ, ચંદ્રસેન, મહાસેન, નભઃસેન, ભાનુ, સુકાંત, પુષ્પયુત, શ્રીધર, દુર્ધર્ષ, સુસુમાર, દુર્જય, અજેયમાન, સુધર્મા, ધર્મસેન, આનંદન, આનંદ, નંદ, અપરાજિત, વિશ્વસેન, હરિષેણ, જય, વિજય, વિજયંત, પ્રભાકર, અરિંદમન, માન, મહાબાહુ, દીર્ઘબાહુ, મેઘ, સુઘોષ, વિશ્વ, વરાહ, સુસેન, સેનાપતિ, કપિલ, શૈલવિચારી, અરિંજય, કુંજરબલ, જયદેવ, નાગદત્ત, કાશ્યપ, બલ, ધીર, શુભમતિ, સુમતિ, પદ્મનાભ, સિંહ, સુજાતિ, સંજય, સુનાભ, નરદેવ, ચિત્ત, સુરવર, દૃઢરથ, અને પ્રભંજન" એ પ્રભુના સો પુત્રોના નામો જાણવાં.

પ્રભુના રાજ્યના દેશોના નામ આ પ્રમાણે છે—"અંગ, વંગ, કલિંગ, ગૌડ, ચૌડ, કર્ણાટ, લાટ, સૌરાષ્ટ્ર, કાશ્મીર, સૌવીર, આભીર, ચીણ, મહાચીણ, ગુર્જર, બંગાળ, શ્રીમાલ, નેપાળ, જાહાલ, કૌશલ, માલવ, સિંહલ અને મરુસ્થળ" વગેરે દેશોના નામ જાણવાં. એ દેશોનાં રાજ્યો પ્રભુએ પોતાના સો પુત્રોને આપ્યાં.

એ પછી વિજ્ઞપ્તિ કરવાના આચારવાળા એટલે જિતકલ્પિક એવા લોકાંતિક દેવોએ પ્રભુ પાસે આવીને અત્યંત ઇષ્ટ એવી વાણી વડે પ્રભુને કહ્યું કે, "હે સમૃદ્ધિમંત! હે કલ્યાણકર દેવ! આપ જય પામો. વિજય પામો વગેરે કહી, આપ જગતના કલ્યાણને કરનારું એવું ધર્મતીર્થ પ્રવર્તાવો. વગે[...] સાંવત્સરિક દાન આપ્યું ત્યાં સુધીનો વૃત્તાંત શ્રી મહાવીર [...] પહેલા પક્ષ

નગરીના મધ્ય મધ્ય ભાગથી પ્રયાણ કરતા નગરીની બહાર નીકળીને જ્યાં સિદ્ધાર્થ નામે ઉદ્યાનમાં અશોક નામે શ્રેષ્ઠ વૃક્ષ હતું ત્યાં પ્રભુ આવ્યા અને ત્યાં શિબિકામાંથી ઊતરી વસ્ત્રાલંકારો ઉતારી પોતેજ ચાર મુષ્ટિ લોચ કરેલ ત્યારે બાકી રહેલ એક મુષ્ટિ લોચના કેશની લટ પ્રભુની સુવર્ણ સમાન વર્ણવાળા ખભા ઉપર સુવર્ણ કળશ ઉપર નીલકમળની માળા શોભે તેમ શોભવા લાગી. એ જોઇ આનંદ પામેલા ઇન્દ્રે વિનંતિ કરી કે કૃપા કરીને 'પ્રભુ' હવે આટલા કેશ રહેવા દ્યો તો સારૂં, ઇન્દ્રની વિનંતીથી પ્રભુએ પાંચમી મુષ્ટિ લોચના કેશ લોચ કર્યા વિના મૂકી દીધા, એટલે ચાર મુષ્ટિ લોચ કરી જળપાન વિનાના છઠ્ઠ તપથી ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થયે છતે ઉગ્ર કુળના, ભોગ કુળના, રાજન્ય કુળના અને ક્ષત્રિય કુળના ચાર હજાર પુરૂષોની સાથે ઇન્દ્રે આપેલ એક દેવદૂષ્ય વસ્ત્ર લઇને દ્રવ્ય તથા ભાવ લોચ કરીને ગૃહવાસથી નીકળેલા પ્રભુએ સાધુપણું સ્વીકાર્યું.

સાધુપણું સ્વીકારીને ઘોર અભિગ્રહ ધારણ કરી પ્રભુ ગામેગામ વિહાર કરવા લાગ્યા, તે સમયે લોકો બહુ સમૃધ્ધિવાળા હતા, પરંતુ તેઓ ભિક્ષા કોને કહેવાય તે જાણતા ન હતા.

કેવા ભિક્ષાચરો હોય, અને તેઓ કેવી રીતે ભિક્ષા લે તે જાણતા ન હતા, તેથી વિધિ પ્રમાણેની ભિક્ષા ન મળવાથી ભગવાન આહાર પાણી લીધા વિનાજ વિચરતા હતા. પરંતુ તેમની સાથે જે ચાર હજાર પુરુષોએ દીક્ષા લીધી હતી તેઓથી આહાર પાણી વિના રહી શકાતુ ન હતું. તેથી તેમણે પ્રભુને આહાર પાણી લેવાનો વિધિ પૂછ્યો, પરંતુ પ્રભુ તો દીક્ષા લીધી ત્યારથી મૌનવ્રતવાળા હતા તેથી મૌનજ રહ્યા. પછી તે સાધુઓ બધા કચ્છ અને મહાકચ્છને આહાર વિધિ પૂછવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું, અમે પણ તમારી જેમ જાણતા નથી. આપણે દીક્ષા પહેલાં પ્રભુને પૂછી રાખેલ નથી અને આહાર પાણી વિના આપણે રહી શકીયે તેમ નથી. તથા ભરતની પાસે દીક્ષા મૂકીને જતાં આપણને ભય લાગે છે. તો હવે આપણે વનવાસ સેવવો યોગ્ય છે. એમ વિચાર કરી તેઓ પ્રભુનુંજ સ્મરણ કરતા છતા ગંગા નદીના કિનારે વનમાંજ રહેવા લાગ્યા અને ત્યાં ખરી પડેલા વૃક્ષાદિના પાંદડા તથા પુષ્પ, ફૂલ અને કંદ ખાનારા જટાધારી તાપસો થયા.

સ્થાપ્યા. ભરતને વિનીતાનું મુખ્ય રાજ્ય આપ્યું. તથા બાહુબલીને બહલી દેશમાં તક્ષશિલાનું રાજ્ય આપ્યું. બાકીના અઠ્ઠાણુ પુત્રોને પણ જુદાંજુદાં રાજ્ય આપ્યાં, પ્રભુના "સો પુત્રોના નામ કહેવાય છે. "ભરત, બાહુબલી, શંખ, વિશ્વકર્મા, વિમલ, સુલક્ષણ, અમલ, ચિત્રાંગ, ખ્યાતકીર્તિ, વરદત્ત, સાગર, યશોધર, અમર, રથપર, કામદેવ, ધ્રુવ, વત્સ, નંદ, સૂર, સુનંદ, કુરુ, અંગ, વંગ, કોશલ, વીર, કલિંગ, મગધ, વિદેહ, સંગમ, દશાર્ણ, ગંભીર, વસુવર્મા, સુવર્મા, રાષ્ટ્ર, સુરાષ્ટ્ર, બુદ્ધિકર, વિવિધકર, સુયશા, યશઃ કીર્તિ, યશસ્કર, કીર્તિકર, સૂરણ, બ્રહ્મસેન, વિક્રાંત, નરોત્તમ, પુરુષોત્તમ, ચંદ્રસેન, મહાસેન, નભઃસેન, ભાનુ, સુકાંત, પુષ્પયુત, શ્રીધર, દુર્ધર્ષ, સુસુમાર, દુર્જય, અજેયમાન, સુધર્મા, ધર્મસેન, આનંદન, આનંદ, નંદ, અપરાજિત, વિશ્વસેન, હરિષેણ, જય, વિજય, વિજયંત, પ્રભાકર, અરિદમન, માન, મહાબાહુ, દીર્ઘબાહુ, મેઘ, સુઘોષ, વિશ્વ, વરાહ, સુસેન, સેનાપતિ, કપિલ, શૈલવિચારી, અરિ[illegible], કુંજરબલ, જયદેવ, નાગદત્ત, કાશ્યપ, બલ, ધીર, શુભમતિ, સુમતિ, પદ્મનાભ, સિંહ, સુજાતિ, સંજય, સુનાભ, નરદેવ, ચિત્ત, સુરવર, દૃઢરથ, અને પ્રભંજન" એ પ્રભુના સો પુત્રોના નામો જાણવાં.

પ્રભુના રાજ્યના દેશોના નામ આ પ્રમાણે છે—"અંગ, વંગ, કલિંગ, ગૌડ, ચૌડ, કર્ણાટ, લાટ, સૌરાષ્ટ્ર, કાશ્મીર, સૌવીર, આભીર, ચીણ, મહાચીણ, ગુર્જર, બંગાળ, શ્રીમાલ, નેપાળ, [illegible], કૌશલ, માલવ, સિંહલ અને મરુસ્થળ" વગેરે દેશોના નામ જાણવાં. એ દેશોનાં રાજ્યો પ્રભુએ પોતાના સો પુત્રોને આપ્યાં.


એ પછી વિજ્ઞપ્તિ કરવાના આચારવાળા એટલે જિતકલ્પિક એવા લોકાંતિક દેવોએ પ્રભુ પાસે આવીને અત્યંત ઇષ્ટ એવી વાણી વડે પ્રભુને કહ્યું કે, "હે સમૃદ્ધિમંત! હે કલ્યાણકર દેવ! આપ જય પામો, વિજય પામો વગેરે કહી, આપ જગતના કલ્યાણને કરનારું એવું ધર્મતીર્થ પ્રવર્તાવો. [illegible] ત્યાં સુધીનો વૃત્તાંત શ્રી મહાવીર

નગરાના મધ્ય મધ્ય ભાગથી પ્રયાણ કરતા નગરાના બહાર નીકળીને જ્યાં સિદ્ધાર્થ નામ ઉદ્યાનમાં અશોક નામે શ્રેષ્ઠ વૃક્ષ હતું ત્યાં પ્રભુ આવ્યા અને ત્યાં શિબિકામાંથી ઊતરી વસ્ત્રાલંકારો ઉતારી પોતેજ ચાર મુષ્ટિ લોચ કરેલ ત્યારે બાકી રહેલ એક મુષ્ટિ લોચના કેશની લટ પ્રભુની સુવર્ણ સમાન વર્ણવાળા ખભા ઉપર સુવર્ણ કળશ ઉપર નીલકમળની માળા શોભે તેમ શોભવા લાગી. એ જોઇ આનંદ પામેલા ઈન્દ્રે વિનંતિ કરી કે કૃપા કરીને 'પ્રભુ' હવે આટલા કેશ રહેવા દ્યો તો સારૂં, ઈન્દ્રની વિનંતીથી પ્રભુએ પાંચમી મુષ્ટિ લોચના કેશ લોચ કર્યા વિના મૂકી દીધા, એટલે ચાર મુષ્ટિ લોચ કરી જળપાન વિનાના છઠ્ઠ તપથી ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થયે છતે ઉગ્ર કુળના, ભોગ કુળના, રાજન્ય કુળના અને ક્ષત્રિય કુળના ચાર હજાર પુરૂષોની સાથે ઈન્દ્રે આપેલ એક દેવદૂષ્ય વસ્ત્ર લઇને દ્રવ્ય તથા ભાવ લોચ કરીને ગૃહવાસથી નીકળેલા પ્રભુએ સાધુપણું સ્વીકાર્યું.

સાધુપણું સ્વીકારીને ઘોર અભિગ્રહ ધારણ કરી પ્રભુ ગામેગામ વિહાર કરવા લાગ્યા, તે સમયે લોકો બહુ સમૃદ્ધિવાળા હતા, પરંતુ તેઓ ભિક્ષા કોને કહેવાય તે જાણતા ન હતા.

કેવા ભિક્ષાચરો હોય, અને તેઓ કેવી રીતે ભિક્ષા લે તે જાણતા ન હતા, તેથી વિધિ પ્રમાણેની ભિક્ષા ન મળવાથી ભગવાન આહાર પાણી લીધા વિનાજ વિચરતા હતા. પરંતુ તેમની સાથે જે ચાર હજાર પુરુષોએ દીક્ષા લીધી હતી તેઓથી આહાર પાણી વિના રહી શકાતુ ન હતું. તેથી તેમણે પ્રભુને આહાર પાણી લેવાનો વિધિ પૂછયો, પરંતુ પ્રભુ તો દીક્ષા લીધી ત્યારથી મૌનવ્રતવાળા હતા તેથી મૌનજ રહ્યા. પછી તે સાધુઓ બધા કચ્છ અને મહાકચ્છને આહાર વિધિ પૂછવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું, અમે પણ તમારી જેમ જાણતા નથી. આપણે દીક્ષા પહેલાં પ્રભુને પૂછી રાખેલ નથી અને આહાર પાણી વિના આપણે રહી શકીયે તેમ નથી. તથા ભરતની પાસે દીક્ષા મૂકીને જતાં આપણને ભય લાગે છે. તો હવે આપણે વનવાસ સેવવો યોગ્ય છે. એમ વિચાર કરી તેઓ પ્રભુનુંજ સ્મરણ કરતા છતા ગંગા નદીના કિનારે વનમાંજ રહેવા લાગ્યા અને ત્યાં ખરી પડેલા વૃક્ષાદિના પાંદડા તથા પુષ્પ, ફૂલ અને કંદ ખાનારા જટાધારી તાપસો થયા.

